Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Jani, Pareshkumar K., 2008, *ગુજરાતી બાળવાર્તાક્ષેત્રે જીવરામ જોષીનું પ્રદાન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/233

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી*
*વિષયમાં પીએચ.ડી. (Ph.D.)ની પદવી માટે પ્રસ્તુત*
**મહાનિબંધ**

❁❁❁

# ગુજરાતી બાળવાર્તાક્ષેત્રે જીવરામ જોશીનું પ્રદાન

✰✰

✰ *પ્રસ્તુતકર્તા* ✰
**જાની પરેશકુમાર કનૈયાલાલ**
*એમ.એ.; એમ.ફિલ.*

❁❁❁

✰ *માર્ગદર્શકશ્રી* ✰
**ડૉ. બિપિનભાઈ આશર**
*પ્રોફેસર,*
*ગુજરાતી ભાષા સાહિત્ય ભવન,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ – ૩૬૦ ૦૦૫*

✰✰

૨૦૦૮

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે *શ્રી જાની પરેશકુમાર કનૈયાલાલે* મારા માર્ગદર્શન હેઠળ *"ગુજરાતી બાળવાર્તાક્ષેત્રે જીવરામ જોશીનું પ્રદાન"* નામનો મહાનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે.

પ્રસ્તુત મહાનિબંધમાં તેમણે આ વિષય પર અધ્યયન–સંશોધન કરી તેમાં મૌલિક નિરૂપણ કર્યું છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કરાયો નથી.

માર્ગદર્શકશ્રી

સ્થળ : રાજકોટ

તારીખ : .../.../૨૦૦૮

*ડૉ. બિપિનભાઈ આશર*
પ્રોફેસર,
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ–૩૬૦ ૦૦૫.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# ઋણ સ્વીકાર

સૌ પ્રથમ મારાં માતા–પિતાને વંદન કરું છું. તેઓએ મારામાં સંસ્કારોનું સિંચન કર્યું અને મને કોઠાસૂઝ આપી તથા મને અહીં સુધી પહોંચાડવામાં અથાગ મહેનત કરીને જગતમાં ઊડતા શીખવ્યું.

મારા આ શોધનિબંધના માર્ગદર્શક શ્રી ડૉ. બિપિન આશર સાહેબનો આભારી છું. મને તેમના માર્ગદર્શન હેઠળ થિસિસ લખવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જયારે પણ હું ડૉ. બિપિન આશર સાહેબને મળવા ગયો છું ત્યારે જાણે મારી જ રાહ જોતા હોય તેવું મને લાગ્યું છે. મારા આ સંશોધન પરત્વે ઘણા બધા પ્રશ્નો, મુદ્દાઓ મને ઊઠતા હતા. તેનું તેઓએ સમાધાન કર્યું છે. તે ભુલી શકાય તેમ નથી.

આ સમયે મારા ગુરુ સ્વ. શ્રી ડૉ. ડી.એલ.સાવલિયા સાહેબ (ભૂતપૂર્વ પ્રોફેસર, શ્રી એમ.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગોંડલ) ને યાદ કરું છું તેઓએ મને સેવ્યો છે. આજે તેનો આત્મા રાજીપો અનુભવતો હશે. મેં જયારે ૧૯૯૮ માં M.A. ના બીજા વર્ષની પરીક્ષા આપી ત્યારે તેણે સામેથી મને પોતાના માર્ગદર્શનમાં Ph.D. કરવાનું કહ્યું હતું. પણ ત્યારબાદ તુરંત તેઓનું દેહાવસાન થયું. આજે મારું અને તેમનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. તેથી તેના સ્મરણ સાથે આભાર માનું છું.

મારા આ સંશોધન દરમ્યાન લેખક શ્રી જીવરામ જોશીનો અંતઃકરણપૂર્વકનો આભાર માનું છું. તા. ૪–૧–૨૦૦૪ના રોજ રૂબરૂ મુલાકાત વખતે જાણે કે તે ૯૮ વર્ષની ઉંમરે ખિલતા હતા અને મારા પ્રશ્નોના સમાધાન અને ઉત્તરો ખૂબ જ આનંદથી આપતા હતા. તેઓના પુત્રશ્રી ભાર્ગવભાઈ જોશીનો પણ આભારી છું. જેઓએ પુસ્તકો, માહિતી,

ફોટોગ્રાફ વગેરે જે કાંઈ મારે જોઈતું હતું તે તેઓએ આનંદપૂર્વક આપ્યું છે. તેઓને મારાં વંદન.

ડૉ. મનોજ જોશી જે મારા એમ.ફીલના માર્ગદર્શક હતા. તેનો પણ આ તકે આભારી છું. ખૂબ જ ઉપયોગી થાય તેવો આ આત્મા છે. તે ઉપરાંત ગુજરાતી ભવનના મારા ગુરુજનો સર્વશ્રી ડૉ. બળવંત જાની સાહેબ, શ્રી ડૉ. નીતિન વડગામા સાહેબ, શ્રી ડૉ. અંબાદાન રોહડિયા સાહેબ, ડૉ. દીપક પટેલ સાહેબ, ડૉ રક્ષાબહેન માંકડ તથા સમગ્ર સ્ટાફ મને મદદરૂપ થયા છે તેનો આભાર માનું છું.

શ્રી એન.એ.હરિયાણી સાહેબ (પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ) નો આભારી છું. તેઓએ મને જોઈતાં પુસ્તકો પ્રેમપૂર્વક આપ્યાં છે અને ઘટતાં પુસ્તકોની પણ વ્યવસ્થા તેઓએ કરી આપી હતી. તેનો હું ઋણી છું. તે ઉપરાંત શ્રી નીલેશ સોની સાહેબ (ગ્રંથપાલ) તથા યુનિવર્સિટીની લાઈબ્રેરીનો પણ આભારી છું.

ડૉ. વિનોદ જોશી સાહેબ (અધ્યક્ષ, ગુજરાતી ભવન, ભાવનગર યુનિવર્સિટી) નો પણ ઋણ સ્વીકાર કરું છું. જેઓએ મારા Ph.D.ના ગાઈડ થવાની પણ તૈયારી દાખવીને મને પ્રેમપૂર્વક ભાવનગર પોતાના ઘેર બોલાવ્યો હતો. તે મારા અહોભાગ્ય ગણાય.

સંતસાહિત્ય સંશોધનનો વડલો ગણાય તેવા, મારા પાડોશી ગામ ઘોઘાવદરના શ્રી ડૉ. નિરંજનભાઈ રાજયગુરુનો પણ આભારી છું. તેઓએ મને ઘણું જ માર્ગદર્શન પૂરું પાડયું છે.

અને ઋણ સ્વીકારના સમાપને મારાં ધર્મપત્ની ચિ. ક્રિષ્નાનો પણ ઋણી છું. તેમણે મારા આ સંશોધન કાર્ય દરમ્યાન મારી અનુકૂળતા જાળવી છે અને મને હરપલ મદદરૂપ થયા છે.

ડૉ. શ્રદ્ધા ત્રિવેદી (અમદાવાદ) નો પણ આ તકે ઋણી છું. તેઓએ મને જોઈતાં પુસ્તકોની વ્યવસ્થા કરી આપેલ અને આ કાર્યમાં આગળ વધવાનો ઉત્સાહ પૂરો પાડયો હતો, તે કેમ ભૂલી શકાય.

અંતે મારાં આ કાર્યમાં સૌ ગુરુજનો, મિત્રો, શુભેચ્છકો, નામી અનામી લોકો મને મદદરૂપ થયા છે તે સૌનો ઋણ સ્વીકાર કરીને વિરમું છું.

જાની પરેશકુમાર કનૈયાલાલ
મુ. રામોદ, વાયા ગોંડલ
જિ. રાજકોટ પીન ૩૬૦૩૧૧
ફોન : ૯૪૨૬૭ ૮૩૨૪૩

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક

પ્રકરણ-૧ ૦૦૧-૦૧૦
**પ્રસ્તાવના**

પ્રકરણ - ૨ ૦૧૧-૦૫૩
**બાળસાહિત્યઃ સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારો**

પ્રકરણ - ૩ ૦૫૪-૧૨૯
**ગુજરાતી ભાષામાં બાળસાહિત્યની ગતિવિધિ**

પ્રકરણ - ૪ ૧૩૦-૧૮૧
**જીવરામ જોશી : વ્યકિતત્વ અને વાઙ્મય**

પ્રકરણ - ૫ ૧૮૨-૨૫૫
**જીવરામ જોશીનું બાળવાર્તા ક્ષેત્રે પ્રદાન**

પ્રકરણ-૬ ૨૫૬-૨૮૩
**ઉપસંહાર**

**સંદર્ભ ગ્રંથ સૂચિ** ૨૮૪-૨૯૦

**પરિશિષ્ટ** ૨૯૧-૨૯૮

❀❀❀

# પ્રકરણ-૧
# પ્રસ્તાવના

- પ્રાસ્તાવિક
- આપણી સંસ્કૃતિના વિકાસમાં બાળકનું મહત્ત્વ
- બાળસાહિત્યનું જગત

# પ્રકરણ-૧
# પ્રસ્તાવના

## ✰ પ્રાસ્તાવિક :

ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્યના પ્રમાણમાં અન્ય સાહિત્ય સ્વરૂપ વિશે વધારે સંશોધન વિવેચન થયું છે. મને બાળપણથી જ બાળવાર્તાઓ પ્રત્યે વિશેષ રસ અને રૂચિ રહ્યાં છે. તેથી મને થયું કે Ph.D.નું સંશોધન બાળસાહિત્ય અને ખાસ કરીને જીવરામ જોશીના સાહિત્ય સર્જન વિશે સંશોધન થઈ શકે ? માટે આ દિશામાં વિચાર અને પ્રયત્ન કરવાનું શરૂ કર્યું.

બાળ સાહિત્યના અનેક પ્રકારો છે. તેમાં ત્રણ પ્રકારો સહેજેય અગત્યના ઠરે છે, બાળકથા, બાળકાવ્ય અને બાળનાટક, આમાંય પહેલા બે પ્રકારોનું વર્ચસ્વ વધારે પ્રમાણે દૃષ્ટિગોચર થાય છે. બાળક 'મા' બોલતું થાય છે તે પછી એની બીજી અપેક્ષા 'મા વાત કહેને?' એવી હોય છે. એવું કોઈ બાળક નહી હોય જેનું બાળપણ કથા વાર્તા વગર વીત્યું હોય. કદાચ મા જેટલી જ કથા બાળકને વહાલી લાગતી હોય છે. બાળકના કાન આસપાસના વાતાવરણમાંથી સૂર અને શબ્દ દ્વારા શકય એટલો આનંદ શોધતો હોય છે.

બાળકથાઓની અગત્ય બાળકોના ઘડતરમાં પ્રાચીન કાળથી સ્વીકારાઈ છે. ધર્મ અને નીતિના પ્રચારકો બાલકથાઓનો સતત ઉપયોગ કરતા રહેતા હતા. એટલું જ નહીં, જેમની પાસે લેખનકળા નહોતી એવા આદિમ સમાજો પણ બાળકથાઓનો ઉપયોગ કરતા રહેતા હતા. વાર્તાએ તો મનુષ્યની સાંસ્કૃતિક મૂડી છે. તે જેમ જેમ વપરાય તેમ તેમ વધે છે, લૂંટાય છે તેમ ફેલાય છે. તે કદી જૂની થતી નથી. આપણાં બાળકોને આપણે કોઈ ભૌતિક મૂડી આપી શકીએ કે નહીં તે મહત્ત્વની વસ્તુ નથી, પણ આપણી આ સાંસ્કૃતિક મૂડી જો વપરાયા વગર પડી રહે તો તે એક મોટી આફત ગણાશે.

તેથી વાર્તાની આ બહુમૂલ્ય મૂડી અંગે આપણે બે રીતે વિચાર કરવાનો અને તદનુસાર સાવધાન થવાનું રહે છે. એક બાજુથી બાળકને તરંગો કે કલ્પનાની માયાનગરીમાં જ ધકેલી દઈ ભૂલો પાડવાનો નથી, તો બીજી બાજુએ બોધના ભાર તળે કચડાઈને જિંદગીનો મુક્ત આનંદ માણવાની શક્તિયે ખોઈ બેસે તેવો તેને નિર્માલ્ય બનવા દેવાનો નથી. બાળકનું પોતાનું ખમીર જળવાઈ રહે ને તે સાથે તે વિકસતા જગત સાથે કદમ પણ મિલાવી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પ્રોત્સાહન લીલામયતાથી પૂરું પાડે તેવું તેમના ગજાને અનુકૂળ સાહિત્ય તેમની આગળ પીરસાવું જોઈએ.

ગુજરાતી ભાષામાં રચાયેલા બાળસાહિત્યમાં એવું અને એટલું કામ જરૂર થયું છે કે હવે એ એક સ્વતંત્ર અધ્યયનનો વિષય બની ગયું છે. એક અલગ સાહિત્યવિભાગ તરીકે એની સમાલોચના થઈ શકે એવું મજબૂત બન્યું છે. છતા પણ આજ સુધી બાળસાહિત્યનો સિલસિલાબંધ ઈતિહાસ મળતો નથી. અનેક પ્રયત્નો થયા છતા પણ બાલસાહિત્યની સંપૂર્ણ સૂચી કરવી મુશ્કેલ લાગી છે. છતાં પણ જે કાંઈ પ્રયત્નોથી માહિતી સામગ્રી ઉપલબ્ધ થઈ છે તેના આધારે આગળ વધવાનો એક પ્રયાસ માત્ર છે.

સમગ્ર માનવસંસ્કૃતિના કેન્દ્રમાં મનુષ્ય છે અને મનુષ્યની સંસ્કારિતાના પાયામાં એનું બાળપણ છે. કોઈપણ સંસ્કારી, સંસ્કૃતિપ્રેમી સમાજમાં બાળકનું મહત્ત્વ સ્વીકારાતું આવ્યું છે.

આપણી ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં 'શિશુદેવો ભવ' ની ભાવના રહેલી જ છે. શ્રીકૃષ્ણનું ચરિત્ર પણ બાલદેવતાના રસાત્મક ચમત્કારનું હૃદયંગમ દર્શન કરાવી રહે છે. બાલ વામન, બાલરામ આદિનાં ચરિત્રો આ સંદર્ભમાં સ્મરણીય છે. આપણા એક ઋષિ દ્રષ્ટાએ 'દેવો ભૂત્વા દેવમ યજેત' એમ કહ્યું છે. આપણે એમ કહી શકીએ કે 'બાલો ભૂત્વા બાલમ યજેત બાળ સાહિત્યના સમગ્ર અધ્યયનને અંતે કદાચ આ જ ભાવના આપણે વ્યકત કરવાની રહે.

## ✩ આપણી સંસ્કૃતિના વિકાસમાં બાળકનું મહત્ત્વ :

બાલ્યાવસ્થામાં પડતા સંસ્કારની અસરનું પરિણામ કેવું હોઈ શકે તે સમજવા શ્રીમદ્ ભાગવતમાં આવતી મદાલસાની વાત ધ્યાનમાં રાખવા જેવી છે. મદાલસાને એક પુત્ર અવતરે છે. તેણે વિચાર્યું, મારા બાળકને બીજો જન્મ જ ના મળે તેમ મારે કરવું ને બાળકને પારણામાં હતો ત્યારથી જ 'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરજનોઽસિ' એમ સંભળાવવા માંડયું, પરિણામ એ આવ્યું કે પુત્ર મોટો થતાં મહાન શુદ્ધ જ્ઞાની, વૈરાગી ને ત્યાગી થયો. એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ કે બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કાર મનુષ્યના ઘડતર વિકાસમાં નિર્ણાયક અસર કરતા હોય છે. આમ તો મનુષ્યમાત્રમાં બાળકમાત્રમાં સદ્ગુણ–દુર્ગુણ બેય હોય જ. તેના દુર્ગુણને આપણે કદાચ સદંતર દૂર ન કરી શકીએ, પણ તે દુર્ગુણ પોષાય એવું તો જરા પણ ન જ કરવું જોઈએ. બાળકમાં બીજરૂપે રહેલા સદ્ગુણોને કુશળતાપૂર્વક ઉછેરવા અને વિકસાવવાનું કાર્ય અનેક રીતે થઈ શકે, જેમાનો એક માર્ગ છે તેને સારું ઉત્તમ પથ્ય બાળસાહિત્ય વાંચતો કરવો. બાળકને માહિતી આપી ભણાવવો એ સહેલું છે, પણ સદ્ગુણોને પોષી કેળવવો એ અઘરું છે. સારા બાળસાહિત્ય પાસે આ કાર્યની હંમેશા અપેક્ષા રહે છે. શ્રી રવિશંકર મહારાજની શીખ આ સંદર્ભમાં આપણે યાદ કરી શકીએ. તેઓ કહેતા : 'તમે તમારાં બાળકોને ભણાવશો નહીં પણ ઉછેરજો. એટલે કે અક્ષરજ્ઞાન જરૂરી હોવા છતાં ખરું કામ બાળકમાં પડેલ સુસંસ્કારો અને સદ્ગુણોને વિકસાવવાનું છે.'[૧]

બાળક કુટુમ્બમાં જો કેન્દ્રસ્થાને છે તો સમાજમાં પણ કેન્દ્રસ્થાને રહેવું જોઈએ. તેની લાગણીઓની યોગ્ય માવજત થતી રહેવી જોઈએ. એમ ન થાય તો વકરેલું બાળક કુટુમ્બ માટે જ નહીં સમાજ માટે પણ અનેક સમસ્યાઓ સર્જે. બાળકના વિકાસમાં જ કુટુમ્બ અને સમાજના વિકાસનું મૂળ રહેલું છે. બાળકના ભાવિમાં જ માનવજાતનું ભાવિ રહેલું છે. ફિલિપ્સ બુકસ યોગ્ય રીતે કહે છે કે : 'માનવજાતનું ભાવિ બાળકોને પગલે પગલે પ્રગતિ કરી રહ્યું છે. બાળકો નાનાં છે, તેમના પગ નાના છે પણ તેમના ઉપર ભવિષ્યનો કાળ આગળ ધપે છે.'[૨]

આથી શ્રી મોહનભાઈ શં. પટેલ કહે છે તેમ ''બાળકને ઓળખવું એ આપણું પહેલું કાર્ય છે. બાળક એકાએક 'પુખ્ત' બની જાય તેમ આપણે ઈચ્છતા નથી.. એનું બાળપણ પૂરેપૂરું એ માણે ને એમ કરતાં કરતાં જ એ પુખ્તત્વ તરફ જાય એની કાળજી પણ રાખવી જોઈએ. તેથી બાળકની તેમજ એના બાળપણની પણ આપણે માવજત કરવાની છે.''[3]

## ✰ બાળસાહિત્યનું જગત :

બાળસાહિત્યનું જગત અનેક રીતે રસવૈવિધ્યવાળું અને રંગીન છે. બાળકો જયારે બાળસાહિત્યના જગતમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને એ સાહિત્યના રમણીય અને રોમાંચક પ્રદેશોનું દર્શન થાય છે. CHARLOTTE S. HUCK અને DORIS YOUNG KUHN નામના લેખકોએ આ સંદર્ભમાં એક સુંદર બયાન આપ્યું છે. તેઓ કહે છે કે : ''જયારે બાળકો 'પુસ્તકોના જગત' માં પ્રવેશ કરે છે ત્યારે મા બાપો અને શિક્ષકો પ્રસન્ન થાય છે. જો કોઈ નકશાનવીસે પુસ્તકોના આ માયાવી જગતનો નકશો દોરવાનો પ્રયત્ન કર્યો હોત તો તેણે સાહસનાં શૈલશૃંગો અને ભય અને ભેદભરમોથી છવાયેલી ખીણોનો એમા સમાવેશ કર્યો હોત. એમાં માહિતીનાં વિશાળ મેદાનો, હાસ્યથી ચમકારા મારતી સરિતાઓ અને રહસ્યની કંદરાઓ હોત. (એમાં આવેલાં) રમણીય બંદરો સુખસગવડ અને સલામતીનો નિર્દેશ કરતાં હોત. વળી એ જગતમાંના સમુદ્રોના તળિયે ખોજ ચલાવતાં અવનવા રસોને સંચારિત થવા માટેનો હલ્લેસાઈ ધક્કો પ્રાપ્ત થયો હોત. આ વિશ્વ વિસ્તરે છે એ અજ્ઞાત સીમાડાઓ સુધી, જયાં અજાણ્યાં સ્થળો અને જાતજાતના લોકોનો ભેટો થાય છે. 'સાહિત્ય જગત' સતત વિસ્તરતું જગત છે, (જયાં) શિક્ષકો એક એક માર્ગને પદ્યાંકિત કરી શકતા નથી. તો એક એક બાળક એ જગતના એક એક ખૂણામાં ફરી વળી શકતું નથી. જો કે શિક્ષકો પુસ્તકોનું જગત બાળક સમક્ષ ખુલ્લું મૂકી દઈ શકે છે, તેઓ તેનો (એ જગતનો) નકશો તો દર્શાવી શકે છે અને તેને એની જીવનભરની ખોજનો પ્રારંભ કરવામાં સહાયભૂત પણ થઈ શકે છે.''[૪]

બાળસાહિત્યનું જગત કેવું વિસ્તરતું અને વિસ્મયપૂર્ણ જગત છે તેનો યથાર્થ સંકેત આપણને ઉપર્યુકત પરિચ્છેદમાંથી સાંપડે છે. બાળકનું મનોજગત અને શબ્દજગત

દેશકાળના પ્રવાહ સાથે સતત ગતિમાં રહેતું અને પરિવર્તન પામતું જગત છે. સમયે સમયે બાળકોની અપેક્ષાઓ બદલાતી રહે છે અને એ અપેક્ષાઓના સંદર્ભમાં બાલસાહિત્યના સર્જનનાં પ્રયોજનો પણ બદલાતાં રહે એ ઈષ્ટ છે. છતાંય ન બદલાય તેવાં પણ કેટલાંક પ્રયોજનો હોવાનાં રહેવાનાં બાળકનું ભાષાઘડતર, માનસઘડતર, સંસ્કારઘડતર કરવાનું અને સાહિત્યમાત્રનું જે પરમ લક્ષ્ય છે તે આનંદ આપવાનું – આટલાં તો તેનાં તેને સતત વળગેલાં, કહો કે તેના અંગરૂપ તેની સાથે જ જન્મેલાં તેનાં પ્રયોજનો છે અને તે મુખ્ય પ્રયોજનો છે. તેમાંય આનંદતો મુખ્યમાં પણ મુખ્ય !

અહીંજ બાળસાહિત્યનું કાર્ય શું તેનો વિચાર પણ કરી લેવો રહ્યો. એક રીતે જોતાં એમ લાગે છે કે બાળસાહિત્ય બાળકને પાંખ આપવાનું કાર્ય કરે છે અને બીજું તેને માટે દીવાદાંડી બને તેનું પથદર્શક પણ બની રહે છે. અન્ય સાહિત્ય પ્રકારોની જેમ જ બાળસાહિત્ય બાળકની આંતરિક શ્રદ્ધાને ડગમગતી અટકાવી, તેની વિવેકવૃત્તિને સજાગ રાખી તેને આનંદમય રીતે જીવન જગતમાં પ્રવેશ કરાવવામાં આંગળી પકડવાનું કાર્ય કરે છે તેનામાં રહેલા સદ્‌ગુણોનું તે પોષણ સંવર્ધન કરે છે. નીતિબોધને પ્રાધાન્ય આપવાની ભૂલભરેલી પરંપરામાંથી મુક્ત થઈ, કલા દ્વારા જ આનંદ અને એની સાથે જ્ઞાન આપવાનું તે કાર્ય કરે છે. આ માટે બાળસાહિત્યને સંસ્કાર ઘડતર કે શિક્ષણના માત્ર સાધન તરીકે જ નહીં પણ વિશુદ્ધ નરવા આનંદના ઉપકરણ તરીકે, સાહિત્યિક ધોરણે મૂલવવું જોઈએ. એ રીતની મુલવણી જ સૌથી વધુ મહત્ત્વની છે.

બાળકનું પોતાનું આગવું, સ્વતંત્ર, સ્વતઃસંપૂર્ણ વ્યક્તિત્વ છે. બાળક પુખ્ત વયના માણસની સંક્ષિપ્ત આવૃત્તિ નથી. તેથી મોટેરાંઓને જે અપાય તે નાનું કરીને બાળકોને આપવાની વાત સર્વથા બરોબર નથી, એવું બને કે બાળકો મોટેરાં માટેનાં પુસ્તકો વાંચે અને તેમાંથી રસ લે, પરંતુ મોટેરાં માટેનાં બધાંજ પુસ્તકોમાંથી બાળકો રસ લે એવું બનતું હોતું નથી. બાળકોનું પોતાનું આગવું અનુભવ જગત છે. એમની પોતાની આગવી સંવેદનાઓ છે અને તેની સાથે સંકળાયેલા સાહિત્ય સાથે જ બાળકની સ્વાભાવિક તાદાત્યતા હોય છે. બાળક જે પુસ્તક સાથે જે સાહિત્ય સાથેસ લીલયા તાદાત્મ્ય સાધી શકે

તેને 'બાલસાહિત્ય'ના વર્ગમાં મૂકી શકાય. એ રીતે 'બાળક જે પુસ્તક વાંચે તે બાલપુસ્તક' એવી એક સાદી સરળ વ્યાખ્યા આપણને બાળસાહિત્યના સંદર્ભમાં મળે છે.

બાળકોની દુનિયા એવી રસભરી, વૈવિધ્યસભર અને રહસ્યપૂર્ણ છે કે બાળસાહિત્ય સર્જકને એનું નિરૂપણ કરવામાં ખૂબ રસ પડતો હોય છે, આનંદ આવતો હોય છે. માત્ર કાલીઘેલી ભાષામાં કલ્પનાઓના ગુબ્બારાઓ ઉડાડી બાલસાહિત્ય સર્જન કર્યાનો સંતોષ સાચો બાળસાહિત્યકાર લઈ નહીં શકે. બાળકોને સ્પર્શે, એમના હૃદયને વશ કરી શકે એવી શબ્દસૃષ્ટિનું નિર્માણ કરવામાં સાચા બાળસાહિત્યસર્જકની પ્રતિભા રાચતી હોય છે. જે શક્તિ પુખ્ત લોકોના સાહિત્યના સર્જનમાં જરૂરી છે એ જ સર્જનશક્તિ બાળકોના સાહિત્યસર્જનમાં પણ જરૂરી છે. કિંડરગાર્ટનનો પ્રણેતા ફ્રોબેલ કહેતા હતા કે 'ચાલો બાળકો માટે આપણે જિંદગી યોજીએ, આમ આ બાળસાહિત્યનું સર્જન તત્ત્વતઃ તો બાળકો માટેની જિંદગી યોજવારૂપ જ આહલાદક કર્મ છે. ઉત્તમ ગણાતી ફ્રોબેલની પદ્ધતિમાં બાળવિકાસમાં ક્રિયા અને વિચાર બન્નેનું મહત્ત્વ સ્વીકારાયું છે. બાળસાહિત્યકારે બાળકને ક્રિયાશીલ કરવાનો છે રસપૂર્વક, પ્રેમથી રીઝટર કહે છે તેમ :

"બાળકોની જિંદગીનો સૌથી અગત્યનો કાળ બચપણ છે, કેમ કે એ સમયે જેની સોબતમાં તે હોય, તેનો તેને પાસ બેસી જાય છે, અને તે મુજબ તેનો ઘાટ ઘડાય છે. બચપણમાં નજરના દાખલાથી કેટલી અસર થાય છે અને બાળમગજમાં જે વિચારો મૂકવામાં આવે છે, તે કેવાં ઊંડા મૂળ નાખીને અંદરથી ઉગી નીકળે છે, તેનો મુકાબલો, નાના ઝાડની છાલમાં કોતરેલા અક્ષરો, જેમ ઝાડ મોટું થતા લાંબા પહોળા વિસ્તારમાં ખીલી નીકળે છે, તેની સાથે થઈ શકે છે."[૫]

મીણ જેવું મન ધરાવતા બાળકના ઉપર તો જેવી છાપ પાડવી હોય તેવી પાડી શકાય. કારણ બાળપણમાં પડેલાં બીજ ક્યારેક તો ફળ રૂપે બહાર પ્રગટે જ છે. અને આથી બાલ્યકાળના સંસ્કારનું મહત્ત્વ ખૂબ છે. ને તેથી બાળક પાસે સૌથી નજીક ગાઢ રીતે સંકળાઈને રહેતી તેની માતા પણ કેળવાયેલી હોય એ અપેક્ષિત છે. કેળવણીની નવી દૃષ્ટિની રજૂઆત, જૂની રૂઢિના ધિક્કાર સાથે પેસ્ટ્રોલોજી (૧૭૪૬–૧૮૨૭) એ કરી અને ઈ..સ. ૧૭૮૨માં જન્મેલ ફ્રોબેલે તેને સુધારા વધારા સાથે યોગ્ય કાર્યપદ્ધતિમાં મૂકી

આપી. જર્મનીમાં ઉત્પન્ન થયેલી આ કિન્ડરગાર્ટનની નવી રૂઢિને મુંબઈમાં સૌ પ્રથમ લાવ્યા. શેઠ દારાશાહ રતનજી ચીજગર આ માટે ઈ.સ. ૧૮૮૫માં તે ખાસ ઈંગ્લેન્ડ ગયા. નવી રૂઢિનો અભ્યાસ કરી તેને ગુજરાતી શિક્ષણ પદ્ધતિમાં બેસાડવા ફેરફાર પણ વિચાર્યા. મૂળ તો આ પદ્ધતિમાં આંખ અને હાથને કેળવવાનું મહત્ત્વ સ્વીકારાયું છે અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય નજરે દેખાડીને શિક્ષણ આપવાનો છે. એ રીતે તેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળમન પર સાચી અસર પાડી જિંદગી યોજવાનો જ છે. જિંદગીને માણવાનો માર્ગ બતાવવાનો છે.

આ રીતે બાળમાનસ, બાળવિકાસ, બાળઉછેર, બાળઘડતર, વગેરેની સમયે સમયે વિભાવનાઓ થતી રહે છે અને બાળકોને બાળવાર્તાઓ મળતી રહે છે. સમયની અસર પણ તેની ઉપર પડે છે અને તે દ્વારા બાળ કેળવણીનો વિકાસ થાય છે.

આ સમયગાળા દરમ્યાન જેમ કેળવણીનો વિકાસ થાય છે, સાથે સાથે બાળકોના અભ્યાસક્રમમાં પૂરક થાય એવી વાચન સામગ્રીની માંગ વધી તેમ એમને નવરાશના સમયે વાંચતા આનંદ મળે એ કથાઓની માંગ પણ વધી. એ રીતે એ સમયગાળાનું બાળકથા સાહિત્ય વિકસતું વિસ્તરતું રહ્યું. વળી પત્રકારત્વનો વિકાસ પણ ઝડપથી થઈ રહ્યો હતો. 'જામે જમશેદ' અને બીજાં પત્રોએ બાળકો માટેના ખાસ વિભાગો પણ શરૂ કરેલા. બાળકોના ઘડતરને ખ્યાલમાં રાખીને કેટલાંક સામયિકો પણ બાળસાહિત્યને પોતપોતાની રીતે ઉત્તેજન આપતાં હતાં.

આ બધાને કારણે બાળસાહિત્યનો વિકાસ ઝડપીને વ્યાપક બન્યો. પાછળથી તો કેવળ બાળસાહિત્યને અનુલક્ષીને જ સામયિકો નીકળવા લાગ્યાં અને એથી બાળસાહિત્ય સારું એવું વિકસ્યું અને પ્રચાર પામ્યું. શરૂઆતના ગાળામાં બાળસાહિત્યના વિકાસમાં જેટલાં ઉત્સાહ અને ધગશ દેખાય છે એટલી સજ્જતા ન હતી. અલબત્ત, સામાન્યતઃ બાળકેળવણીનું બળવાન માધ્યમ તો બાળકથા જ રહ્યું હતું. ઘરમાં મોટેરાં વડીલો, નિશાળમાં શિક્ષકો, ચોરેચૌટે બેસતા ભાટ ચારણો, તેમજ ધર્માચાર્યો વગેરેએ કથાના માધ્યમ દ્વારા સંસ્કાર ઘડતર અને નીતિઘડતરનું લક્ષ્ય સિદ્ધ કરવામાં પ્રવૃત હતાં જ. આ વસ્તુ આ ગાળાના બાળસાહિત્યના નિર્માણમાં સ્પષ્ટ રીતે ઉપર તરી આવે છે. બાળવાર્તા શિક્ષણના સાધન તરીકે પરંપરાથી જ લોકજીવનમાં લોકસાહિત્યમાં લોકકથાઓમાં

પ્રતિષ્ઠિત હતી. નવી કેળવણીએ એને એ પદથી હટાવવાનું કાર્ય કર્યું નથી. બલકે એ વધુ અસરકારક કેમ થાય એ માટે વધુ અનુકૂળતા સામગ્રી તેને પૂરાં પાડયાં છે. ક્રમશઃ બાળકથા સાંભળવા સાથે વાંચવાનો યે વિષય બની, અને એ રીતે તેનો પ્રચાર પ્રભાવ વધ્યો.

ગિજુભાઈ આવતા પહેલાં બાળકથાના ક્ષેત્રમાં સુધારકો અને સાક્ષરોએ જે કાર્ય કર્યું તેમાં બાળપ્રીતિ સાથે સંસ્કારપ્રીતિ, સંસ્કાર ઘડતર માટેની કર્તવ્યબુદ્ધિ તેમજ સમાજ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા આ બધું જોવા મળે છે. ગિજુભાઈ પહેલા 'બાળકમાં પયગમ્બર' જોવાનું ન્હાનાલાલને સૂઝયું હતું. અને 'શિશુદેવો ભવઃ' ની ભાવનાનો પરિતોષ થાય એ અંગેની સંભાવના જાણ્યે અજાણ્યે આપણા સાક્ષર વર્ગમાં સંચારિત થઈ રહી હતી. શિશુ કે બાળમહિમાનું વિવિધ પ્રકારનું સાહિત્ય પણ આ ગાળામાં બાળક પ્રત્યે જે આદર સન્માનની ભાવના ખીલતી હતી તેની મધુર સાક્ષી પૂરતું હતું.

અર્વાચીન કેળવણીના પ્રચાર પ્રસાર સાથે અને પશ્ચિમના બાળકથાસાહિત્યના સંપર્કને પ્રતાપે ગુજરાતીમાં બાળકથાસાહિત્યમાં વિકાસ વિસ્તાર થતો ગયો. વળી આ વિકાસ સાથે સંસ્કૃત કથાસાહિત્ય જેવા કે પંચતંત્ર હિતોપદેશ, કથાસરિતસાગર પણ ખૂબ જ ગાઢ રીતે સંકળાયેલુ રહ્યું. મુદ્રણકલાની શોધ થાય છે અને આ સાહિત્યને પાંખ મળે છે. અંગ્રેજી ભાષાના સંપર્કને લીધે ઘણા બધા અનુવાદો પણ આપણને મળે છે. આ રીતે ગુજરાતી બાળવાર્તાઓને ધીરે ધીરે વેગ મળે છે અને આગળ વધતી રહે છે. તેમાં અલગ અલગ ઘણાં બધાં બાળકોને પ્રેમકરનારાઓ પોતાનું યોગદાન આપે છે અને ગુજરાતી બાળવાર્તા ક્ષેત્રને બળવતર બનાવે છે.

### પાદટીપ

૧. સર્વોદયની સરવાણી, સં. મગનભાઈ જો. પટેલ, પૃ. ૭૫ ઈ.સ. ૧૯૬૩ (બીજી આવૃત્તિ)

૨. હાલતા ચાલતાં, ગિજુભાઈ, પૃ. ૮૭ ઈ.સ. ૧૯૩૬

૩. ગુજરાતીમાં બાલસાહિત્ય, મોહનભાઈ શં. પટેલ, પૃ. ૩૮ ઈ.સ. ૧૯૮૫

૪. Children's Literature in the Elementary School, Second edition, Charlottle S. Huck and Doris Young Kuhn, Page-1.

૫. કિન્ડરગાર્ટન અથવા બાળશિક્ષણ, ગોપાળજી ક. દેલવાડકર, પૃ.૧૩, ઈ.સ. ૧૮૯૮.

✰✰✰

# પ્રકરણ-૨
# બાળસાહિત્ય: સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારો

- ✩ બાળસાહિત્યની સંજ્ઞા
- ✩ બાળસાહિત્ય એટલે શું ?
- ✩ બાળસાહિત્યનું સ્વરૂપ
- ✩ બાળવાર્તામાં ભાવતત્ત્વ
- ✩ બાળવાર્તામાં વિસ્મય અને વિનોદ
- ✩ બાળવાર્તામાં કલ્પનાતત્ત્વ
- ✩ બાળવાર્તામાં વિચાર અને ચિંતનતત્ત્વ
- ✩ બાળવાર્તાની વસ્તુસામગ્રી
- ✩ બાળવાર્તાની પાત્રસૃષ્ટિ
- ✩ બાળવાર્તામાં વાતાવરણ પરિવેશ
- ✩ બાળવાર્તામાં રસતત્ત્વ
- ✩ બાળવાર્તામાં નિરૂપણરીતિ ભાષાશૈલી
- ✩ બાળવાર્તામાં 'મોટિફ'
- ✩ બાળસાહિત્યના પ્રકારો
- ✩ બાળવાર્તાના પ્રકારો

# પ્રકરણ-૨
# બાળસાહિત્યઃ સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારો

બાળકોનું જગત અલૌકિક હોય છે, અને તેનામાં આશ્ચર્યનું તત્ત્વ અને વિસ્મય વધારે હોય છે. તેને ધીરે ધીરે જગતનું જ્ઞાન લેવાનું હોય છે. એટલે સહજ વાત દ્વારા, બોધ દ્વારા તેનું જ્ઞાન વધે અને તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ ઉજાગર થાય, બૌદ્ધિક રીતે સજાગ થાય તેવા સાહિત્યને બાળસાહિત્ય કહેવામાં આવે છે.

## ✰ બાળસાહિત્યની સંજ્ઞા :

ગુજરાતી બાળવાર્તાના મૂળસુધી જઈએ તો પંચતંત્ર હિતોપદેશની વાતો, રામાયણ મહાભારત ભાગવત કે અન્ય પુરાણો પર આધારિત વાતો તેમજ મધ્યકાળની દૃષ્ટાંત કથાઓ કે શામળ જેવા પદ્યવાર્તાકારોની રચનાઓ અને લોકસાહિત્યની કથ્ય વાર્તાઓ સુધી જવું પડે.

આપણે ત્યાં બાળસાહિત્યની એવી અલગ વિભાવના આપણે પશ્ચિમની કેળવણીના સંપર્કમાં આવ્યા એ પછી જ થઈ. આપણે અંગ્રેજી શિક્ષણ શરૂ કર્યું તેની સાથે એક બાજુ આપણો સંસ્કૃત સાહિત્યનો સંબંધ તાજો થયો તો બીજી બાજુ પશ્ચિમની ગ્રીમ ભાઈઓ કે હેન્સ એન્ડર્સનની પરીકથાઓ, ગુલીવર ટ્રાવેલ્સ, ઈસપકથાઓ, અરેબિયન નાઈટસ વગેરેના પરિચયમાં આપણે મુકાયા. સુધારાયુગમાં નવી કેળવણીમાં બાળકોને ગુજરાતી ભાષાનાં પાઠયપુસ્તકો આપવાના પ્રયત્નો થયા જેમાં દલપતરામ જેવાનો એમાં સહકાર હતો તેવી હોપ વાચનમાળા પણ આવીને 'બાલમિત્ર' જેવું મૂળ ફ્રેન્ચ પછી અંગ્રેજી પછી એનું મરાઠી રૂપાંતર ને એના ગુજરાતી તરજુમાંરૂપ વાર્તાપુસ્તક પણ વિશેષ વાચનારૂપે વિદ્યાર્થીઓના હિતાર્થે મુકાયું. આ રીતે બાળવાર્તાનો વિકાસ અને વિભાવનાઓ આગળ વધે છે.

'બાળવાર્તા' એમ કહીએ છીએ ત્યારે એની વિભાવના પણ સ્પષ્ટ કરવી જોઈએ. ગુજરાતી બાળવાર્તાકાર શ્રી રમણલાલ સોની એક જગ્યાએ નોંધે છે કે "જેમાંથી બાળક આપમેળે કંઈ સત્ય મેળવે, એકદમ નજર ચડે એવું જેમાં સૌંદર્ય હોય, જીવનભર ટકે તેવાં બાળમનમાં જે સુખદ સ્પંદનો જગાડે, જીવમાત્ર પ્રત્યે જે આસ્થા પેદા કરે તે સારી વાર્તા" પણ આટલા માત્રથી 'બાળવાર્તા' ની વિભાવના સ્પષ્ટ થતી નથી. ગિજુભાઈએ સભાનપણે પણ બાળવાર્તાનાં મહત્ત્વનાં લક્ષણો બાંધી આપ્યાં છે, તેઓ એટલું સમજયા છે 'કે બાળકને ભાષાને પહેલો પરિચય ગદ્યથી નહીં પણ પદ્યથી થાય છે'. અને તેથી તેઓ બાળવાર્તામાં લય, ધ્વનિ અને સ્વરમાધુર્યની જરૂરિયાત અનિવાર્ય ગણે છે. રમેશ દવેએ તેમના એક લેખમાં જણાવ્યું છે કે 'બાળસાહિત્યની પદ્યાત્મકતા, પ્રવાહિતા, લયબદ્ધતા, રવાનુકારિતા અને પ્રાસાદિકતા વડે સર્જાતા માધુર્યથી સમૃદ્ધ હોય અને બોલીમાંની પ્રાસાદિકતાના વિકલ્પે ભાષાના સર્વસુલભ માન્ય રૂપની નજીક હોય તે પણ જરૂરી છે. વળી સામાસિક શબ્દપ્રયોગો, લાંબા મિશ્રવાકયો અને એવા પેરેગ્રાફને બદલે બાળકોને કહેવાતી વાત પરિચિત શબ્દપ્રયોગો, ટૂંકાં અને સાદાં વાકયો તેમજ મુદ્દાસર આવતા પેરેગ્રાફમાં કહેવાય તે આવશ્યક છે."

બાળકો આગળ રજૂ થતી વાર્તાના બે ઉદ્દેશ રહ્યા કર્યા છે : પ્રથમ તો શિક્ષણ કે જ્ઞાન આપવાનો અને બીજો બાળકને એની જીવનયાત્રાની સમજણ આપી એને પુખ્ત કરી આપવાનો. શિક્ષણ પ્રધાન અને ચારિત્ર્ય નિર્માણ એ બે ઉદેશો આમ આવશ્યક હોવા છતાં બાળવાર્તામાં આનંદરસની પ્રાપ્તિ એ મુખ્ય લક્ષ્ય હોવું ઘટે.

બાળાવાર્તાના મુખ્ય બે ભેદ રહ્યા છે. કથ્ય અને શ્રાવ્ય. કથ્ય વાર્તા ઓછી ગ્રંથસ્થ થઈ છે પણ શ્રાવ્ય વાર્તાતો ખાસ્સા પ્રમાણમાં ગ્રંથરથ થઈ છે. બાળવાર્તાની વિભાવના શોધવા પ્રયાસ કરીએ ત્યારે આ બન્ને પ્રકારની વાર્તાઓ તપાસતાં તેમાં ત્રણ બાબતો જોઈ શકાય છે : વિચાર, રજૂઆત, અને શૈલી. કથ્ય વાર્તાના કલેવર અંગે આના પ્રકાશમાં વિચારીએ ત્યારે વસ્તુ બાળકના અનુભવજગતનું હોવું જોઈએ એ શરત તો મહત્ત્વની ખરી પણ એની રજૂઆત અભિનય સહિત હોવી જોઈએ. વાર્તામાં વાંદરો, સિંહ કે કાચબો આવે તો વાર્તા કહેનારે હુકાહુક, ગર્જના અને કૂદકા ભરી કે ધીમી ચાલનો નાટકી સહારો

લેવો રહ્યો. કથ્ય વાર્તામાં શૈલી પણ પ્રસ્તારી અને ઘણી જગ્યાએ બેવડાતાં વાકયોવાળી રાખવી જોઈએ.

આપણે શ્રાવ્ય વાર્તાને જ પ્રધાનતા આપી છે. તેથી તેને જ અનુલક્ષીને વિશેષ વિચારણા કરીશું.

બાળવાર્તા એક કલાકૃતિ છે, તેથી સાહિત્યકલાનાં ધોરણમાં એમાં જળવાવાં જોઈએ. લખનાર પ્રૌઢ છે અને વાંચના કે સાંભળનાર બાળક છે એટલે પ્રોઢો માટે લખનાર કરતાં બાળકો માટે લખનારની જવાબદારી વધી જાય છે. બાળકો માટે લખનારે આનંદાત્મક તો ખરું પણ કશુંક સંસ્કારાત્મક પણ આપવાનું છે. બાળવાર્તા એક વિશિષ્ટ દૃષ્ટિકોણ સાથે જ રજૂ થવાની, અને પછી બોધ કહો કે હેતુલક્ષિતા કહો. આનો અર્થ એ નથી કે એમાં સદાચાર કે નીતિબોધ હોવો જોઈએ. સીધા નીતિબોધ કે સદાચાર બોધનથી તો એણે દૂર જ રહેવાનું છે. બાળવાર્તા પણ કલાકૃતિ છે એમ હમણાં જ કહ્યું એનો અર્થ એટલો જ કે હેતુ કે ઉપદેશ એમાં ઓગળીને એકરસ થઈને આવવો જોઈએ. વાર્તાકાર બાળવાચકને બોધ બતાવી કશું શીખવવા માગે છે એવું જણાય ત્યાં બાળવાચક વાર્તાકારની ચતુરાઈને પારખી જાય છે અને એના તરફ નારાજગી સેવવા લાગે છે, અને બોધને ફગાવી દેવા તરત જ તત્પર થઈ ઊઠે છે. એટલે બાળવાર્તામાં બોધ કે હેતુને રજૂ કરવો હોય તો તે કેવી રીતે રજૂ કરવો એ વાર્તાકાર માટે ભારે કુશળતા માગી લે છે.

બાળવાર્તામાં ભાષાની કોમળતા હોય, ભાષાનું માધુર્ય હોય કે ભાષાનું ગૌરવ હોય. બાળકો માટે એ રચાઈ હોય છે તેથી બાળમાનસને આકર્ષવા એમાં ભાષાનું રુમઝુમતું સંગીત પણ જરૂરી છે. એ સાથે એમાં વિચારની સૂક્ષ્મ ઝીણવટ જરૂરી છે. હૃદયને ડોલાવે તેવું ડોલન અને ચિત્તને આલોકિત કરે તેવું તોલન એમા જરૂરી છે.

## ✩ બાળસાહિત્ય એટલે શું?

૧૯૬૮ના ઓકટોબરના 'ગ્રંથ' માં પ્રશ્નો પુછાય કે, 'બાળસાહિત્ય એટલે બાળકો માટેનું સાહિત્ય? બાળકોએ સર્જેલું સાહિત્ય? જેમાં બાળપાત્રો આવે એવું સાહિત્ય?'[૧] તે

એમ સૂચવે છે કે ગુજરાતમાં હજુ 'બાળસાહિત્ય'ની વિભાગના concept સ્પષ્ટ નથી. આ હકીકતના સમર્થનમાં ગુજરાતીમાં રજૂ થયેલી કેટલીક વ્યાખ્યાઓ તપાસીએ.

ઈ.સ. ૧૯૫૮–૫૯માં અલિયાબાડામાં એક બાળસાહિત્ય નિર્માણ શિબિર યોજાઈ હતી. તેના યોજકોએ ગુજરાતી સાહિત્યમાં પ્રથમવાર બાળસાહિત્ય માટે વ્યવસ્થિત, પૂર્વયોજિત, શાસ્ત્રીય અને સાહિત્યનાં બધાં અંગોને આવરી લેતી જુદા જુદા દૃષ્ટિકોણથી થયેલ ચર્ચાવિચારણા અને છણાવટ[૨] ના પ્રારંભે જ કહ્યું છે. 'બાળસાહિત્ય અંતે તો સાહિત્ય છે'[૩]

'શાસ્ત્રીય' ચર્ચાના પ્રારંભે જ મુકાયેલું આ વાકય તાર્કિક ગોટાળો ઉત્પન્ન કરે છે. 'બાળસાહિત્ય' 'અંતે' જો સાહિત્ય હોય, તો 'આરંભે' તે શું છે ? એટલે કે તે સાહિત્ય સિવાય બીજું કંઈ છે ? તે સાહિત્ય સિવાય બીજું શું શું છે ? આ પ્રશ્નોનો વિચાર કર્યા વિના પ્રકરણના પ્રારંભમાં જ મુકાયેલું ઉપરનું વાકય તદન આકસ્મિક લાગે છે અને 'બાળસાહિત્ય' ના અર્થ સંબંધે સંદિગ્ધતા ઊભી કરે છે.

શ્રી નટવરલાલ માળવીનો શ્રી રમણભાઈ સોની સાથેનો વાર્તાલાપ જોઈએ.

ન. માળવી : 'બાળકોને પસંદ પડે, ને તેઓ હોંસે હોંસે વાંચે તેવું સાહિત્ય જ બાળસાહિત્ય કહેવાય?'

ર. સોની : 'ના જી... બાળકોને ગમી જાય, તો પણ તેમાં બાળસાહિત્યનું ખરેખરું તત્ત્વ ન હોય એમ બને.

ન. માળવી : 'હું જરા ટૂંકી વ્યાખ્યા કહી દઉં, બાળકોને ગમવું જોઈએ, બાળકોને ગમવું ઉચિત લેખાય, તે સાચું બાળસાહિત્ય, ટૂંકમાં બાળસાહિત્ય એટલે શિક્ષણાત્મક અગર સંસ્કારાત્મક મનોરંજન'

ર. સોની : 'વાહ વાહ બરાબર!'[૪]

શ્રી નટવરલાલ માળવીએ કરેલ 'વ્યાખ્યા' માંથી બે જુદી જુદી વિચારણા ફલિત થાય છે. તત્ત્વતઃ બેમાંથી એકે વ્યાખ્યા નથી. કારણ, પહેલો ભાગ એક વિવાદાસ્પદ પ્રશ્ન છે. જયારે બીજો ભાગ બાળસાહિત્યનાં બે પ્રયોજનો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

'બાળકોને ગમવું જોઈએ, ગમવું ઉચિત લેખાય' એ શબ્દો પાછળ રહેલી આપણી વડીલશાહી અને સાથે સાથે બાળકોની રુચિ, બુદ્ધિ, સમજણ અને ગ્રહણશક્તિ તરફનો આપણો અવિશ્વાસ કંઈ નવો નથી. દેશ પરદેશમાં વડીલો એ સૈકાઓ સુધી બાળકોને 'ગમાડવા' નો હક્ક પોતાની પાસે જાળવી રાખ્યો છે. બાળકોએ 'ગમવા' ની બાબતમાં શિસ્તભંગના પ્રયાસો પણ સૈકાઓથી ચાલુ રાખ્યા છે. શ્રીમતી રુથ હિલ નોંધે છે કે :

'સૈકાઓથી બાળકો તદન સાહજિક રીતે પોતીકું લાગે તેવું શબ્દજન્ય સાહિત્ય અપનાવતાં આવ્યાં છે. અને સૈકાઓથી વડીલો 'બાળકો માટે ઉચિત ગણાય' તેવા સાહિત્યની જીદ કરતાં આવ્યાં છે. બાળકો શું ઈચ્છે છે, વડીલો તેમને શું આપવા માગે છે, તે બે સ્પષ્ટ પૃથક પ્રવાહો બાળસાહિત્યના ઈતિહાસમાં જોઈ શકાય છે.'[૫]

આ ઐતિહાસિક સંઘર્ષોમાં જયાં સુધી વડીલોએ બાળકોને 'ડાહ્યા ડમરાં', 'આજ્ઞાંકિત', 'જ્ઞાની,' 'ચાલાક', 'ધાર્મિક', 'નીતિવાન' વગેરે વિશેષણો બનાવવાના ઈરાદાથી સાહિત્યને નામે તેમને સાહિત્યેતર આપીને છેતરવાની કોશિશ કરી, ત્યાં સુધી વડીલોના હાથ હેઠા પડયા. બાળકોએ પોતાને માટે 'ખાસ' રચાતી કૃતિઓને બદલે 'ખાસ મોટેરાં માટે' રચાયેલ 'રોબિન્સન ક્રૂઝો', 'ગુલિવર્સ ટ્રાવેલ્સ', 'ડોન કિવકઝોટ', 'અરેબિયન નાઈટસ' જેવી કૃતિઓ અપનાવવા માંડી અને વડીલોને આશ્ચર્યચકિત કરી દીધાં !

બાળસાહિત્યના ઈતિહાસથી એક વસ્તુ સ્પષ્ટ બને છે કે , બાળકો મોટેરાં માટેની પ્રયોગશાળા નથી. તેમની પાસે મોટાં જેવી ભાષાકીય અભિવ્યક્તિ ન હોવાથી તેમની સમજણ, બુદ્ધિ, ને ગ્રહણશક્તિ વિશે ઘણી ગેરસમજણો ઊભી થવા પામી છે. પરંતુ બાળમાનસના વધતા જતા જ્ઞાન અને ઐતિહાસિક અનુભવને કારણે આજે પશ્ચિમમાં સાહિત્યક્ષેત્રે બાળલોકશાહી ઊભી થઈ શકી છે એ લોકશાહીના પુરસ્કર્તાઓ કહે છે કે :

'બાળસાહિત્ય શબ્દશઃ બાળકોનું સાહિત્ય છે. કારણ, અંતે તો વડીલો, શિક્ષકો, ઉપદેશકો કે લેખકો (પણ) નહીં, પરંતુ બાળકો જાતે જ નક્કી કરે છે કે તેઓનું સાહિત્ય કયું ? વર્ષોથી તેઓ પોતાના નિયમોને અથવા વધુ સાચા શબ્દોમાં કહીએ તો પોતાની 'સજવૃત્તિઓને' અનુસરતાં આવ્યાં છે.'[૬] – ડૉ. હેન્ની સ્ટીલ.

પશ્ચિમમાં પુરસ્કારાયેલ આવી લોકશાહી અને બાળકોની અભિરુચિ પ્રત્યેનો તેઓનો આદર પાયા વગરનો નથી. ઈ.સ. ૧૯૩૯માં પ્રખ્યાત માનસશાસ્ત્રી શ્રી એ.એમ.વિલિયમ્સે સંશોધન કરી સાબિત કર્યું કે બાળકોની વાચન રુચિ વિશેનો પુખ્તોનો ખ્યાલ ઘણો ભ્રામક હોય છે.[૭]

આ પછી પણ વારંવાર થયેલાં સંશોધનો ઉપરના મતનું સમર્થન કરે છે. બાળકને જે વાર્તા ગમી જાય તે વારંવાર કહેવરાવે છે. વાંચે છે તેથી પણ એટલું તો સમજી શકાશે કે બાળકની સાહિત્ય પ્રત્યેની ચોક્કસ રુચિ અને વિવેક હોય છે.

પ્રશ્ન એ થશે કે બાળક જાતે પસંદ કરે તે 'સારું' જ હશે, તેની શી ખાતરી ?

સામે પ્રશ્ન એસ છે કે વડીલો જે પસંદ કરી આપશે તે પણ 'સારું' જ હશે તેની શી ખાતરી ?

ઈતિહાસ અને અનુભવ તો એમ બતાવે છે કે બાળકોએ આજ સુધી જે બહુમતે પસંદ કર્યું તે ઊંચી કક્ષાનું સાહિત્ય છે અને વડીલોએ પસંદ કર્યું છે તે મોટેભાગે સાહિત્ય તરીકે ઊંચી કક્ષાનું નથી! શ્રી જયોફ્રી ટ્રીઝ લખે છે કે :

'બાળકોને કદાચ કોઈ ખરાબ પુસ્તક ગમી જાય, પરંતુ જે પુસ્તક તેઓમાંથી કોઈનેય ગમે નહીં, તે સારું હોઈ જ ન શકે'[૮]

પશ્ચિમમાં બાળકોની અભિરુચિ વિશે કેટલો આદર પેદા થયો છે, તે ઉપરના વિધાનમાં જોઈ શકાય છે. આપણી પરિસ્થિતિ પશ્ચિમ કરતાં જુદી છે. પશ્ચિમની આપણે સીધી હરીફાઈ કરી શકીએ એવું સાહિત્ય સર્જાય, બાળકો તેને આસ્વાદે, અપનાવે અને તેમની અભિરુચિ યોગ્ય કક્ષાની ઘડાય તે પહેલાંની હાલની પરિસ્થિતિમાં આ વિવાદનો ઉકેલ એ રીતે લાવી શકાય કે, આજે આપણાં બાળકો જે 'હોંસે હોંસે વાંચે છે' તેની સાહિત્યિક કક્ષા તપાસી, તેથી વધુ ઉચ્ચ કક્ષાનું તેમને આપતાં જઈ, 'ગમે છે' અને 'ગમવું જોઈએ' વચ્ચે એક નિસરણી મૂકી આપવી. આમ કરવાથી ભવિષ્યમાં આપણે ત્યાં પણ બાળલોકશાહી સ્થાપી શકાય.

પરંતુ એ માટે બાળસાહિત્ય એટલે શું ? અને બાળસાહિત્ય કેવું હોવું જોઈએ ? એ મૂળભૂત પ્રશ્નો ઉપર આપણે પાછા વળવું પડશે. મતલબ કે, શ્રી રમણલાલ સોનીએ

અનુમોદેલી અને શ્રી નટવરભાઈ માળવીએ 'કહી દીધેલી' બાળસાહિત્યની વ્યાખ્યા બાળસાહિત્યનો સ્પષ્ટ ખ્યાલ આપી શકતી નથી.

શ્રી શંભુપ્રસાદ ભટ્ટની વ્યાખ્યા જોઈએ. તેઓ લખે છે : 'વિકાસની જુદી જુદી કક્ષાએ કેવળ બાળકોને જ ધ્યાનમાં રાખે તેવાં સાહિત્યને આપણે બાળસાહિત્ય કહીશું'[૯] આ વ્યાખ્યા પણ બાળસાહિત્યની સંજ્ઞાને સંપૂર્ણપણે પ્રગટ કરતી નથી.

આગળ જોયું તેમ, બાળકોએ વારંવાર પુખ્તો માટેના સાહિત્યને અપનાવ્યા કર્યું છે. તો બીજી બાજુથી, બાળકો માટે લખાયેલ સારાં પુસ્તકોને પુખ્તવયનાંઓ બહુ રસથી આસ્વાદે છે. જુલે વર્તનની સાહસકથાઓને આપણે 'બાળસાહિત્ય' કહીશું કે પુખ્તો માટેનું ? 'એલિસ ઈન વન્ડરલેન્ડ' કે હેન્સ એન્ડર્સન ગ્રીમ બંધુઓ જેવાની પરીકથાઓને ? મતલબ કે સાહિત્યના અન્ય વિભાગથી આપણે બાળસાહિત્યને 'ફકત બાળકોએ જ વાંચવુ' એમ કહી, જુદું પાડી શકીશું નહીં. બાળસાહિત્યના સારા સારા ખ્યાતનામ લેખકો પણ બાળસાહિત્યનું ક્ષેત્ર 'ફકત બાળકો' પૂરતું મર્યાદિત રાખવા તૈયાર નહીં થાય. કોલરિજનો 'અરેબિયન નાઈટસ' પ્રત્યેનો પ્રેમ જાણીતો છે. શેકસપિયરને બાલભોગ્ય સ્વરૂપમાં મૂકનાર ચાર્લ્સ લેમ્બ પોતાની કૃતિઓ માટે કહેતા :

'બાળકો, અગર પુખ્તો માટે'[૧૦]

અંગ્રેજી બાળસાહિત્યના પ્રખ્યાત લેખક આર્થર હેન્સમ લખે છે કે : 'તમે બાળકો માટે નહીં, પણ તમારી જાત માટે લખો. અને સદ્‌ભાગ્યે તમારા આનંદમાં બાળકો ભાગ પડાવે તો જાણજો કે તમે બાળસાહિત્યકાર છો.'[૧૧]

'Bequest of Wings' નાં લેખિકાં શ્રીમતી એનિસ ડફ લખે છે :

'નાના બાળક માટે 'સારું' ગણાવા માટે સાહિત્યમાં એવી ગુણવત્તા હોવી જ જોઈએ કે જેથી તે બુદ્ધિશાળી પુખ્તને પણ ગ્રાહ્ય નીવડે.'[૧૨]

અને છેલ્લે શ્રી સી. એસ. લુઈનાં એ અમર વાકયો....

'જે કૃતિ ૧૦ વર્ષની વયે જેટલો આનંદ આપે તેટલો (અને કેટલીકવાર તેથી ઘણો વધુ) આનંદ જો ૫૦ વર્ષની વયે ન આપે, તો તે ખરેખર વાચનક્ષમ નથી.'[૧૩]

પશ્ચિમના વિદ્વાનો આ સઘળા અભિપ્રાયોમાંથી જે એક વસ્તુ સ્ફુટ થાય છે, તે છે બાળસાહિત્યની સાહિત્યિક ગુણવત્તા પર મુકાતો ભાર. સર્જન અને અનુભાવનમાં સાચી સાહિત્યકૃતિ વયભાન ભુલાવી દે છે. કૃતિની સાહિત્યિક ગુણવત્તા એવી હોય કે જેથી આબાલવૃદ્ધ તેમાં સરખો આનંદ માણી શકે, એ સારા બાળસાહિત્યનું એક મુખ્ય લક્ષણ છે.

પરંતુ આપણે 'બાળસાહિત્ય' વિશે વિચારતાં અત્યાર સુધી ફકત સમાસના પહેલા અંગ 'બાળ' ઉપર જ ભાર મૂકયો છે. 'સાહિત્ય' શબ્દનોતો વિચાર પણ કર્યો નથી ! હકીકતે 'બાળ' તે સાહિત્યનું વિશેષણ ગણાવું જોઈએ અને તેનો એ સંદર્ભમાં વિચાર કરવો જોઈએ. આપણે એ રીતે કશું વિચાર્યું નથી. પરિણામે આપણી 'બાળસાહિત્ય' ની વિભાવના સ્પષ્ટ નથી, એટલું જ નહીં, આપણી બાળ સાહિત્ય પ્રત્યેની દૃષ્ટિ પૂર્વગ્રહથી દૂષિત બની છે. ગુજરાતીમાં મળતી 'બાળસાહિત્ય' ની વ્યાખ્યાઓ આથી અધૂરી રહેવા પામી છે. હજુ એક–બે વ્યાખ્યાઓ તપાસીએ.

શ્રી રમણલાલ સોની લખે છે કે :

'બાળસાહિત્ય એટલે બાળકો માટેનું, બાળકોને નજર સમક્ષ રાખીને લખાયેલું સાહિત્ય અને એમાં વિચાર શૈલી અને અભિવ્યક્તિ ત્રણે સ્પષ્ટ અને સચોટ હોવાં જોઈએ.'[૧૪]

શ્રી યશવંત દોશી લખે છે : 'અલબત્ત આ સાહિત્ય બાળકો માટે છે એમાં બે મત નથી'[૧૫]

આમ, અત્યાર સુધી જોયેલી તમામે તમામ વ્યાખ્યાઓમાં આપણે ફકત 'બાળ' શબ્દને મહત્ત્વ અપાયેલું જોઈએ શકીએ છીએ. 'બાળસાહિત્ય' નો સાચો અર્થ સમજવા માટે આપણે એ સમાસમાં વપરાતાં બંને અંગોને યોગ્ય સંદર્ભમાં મૂકી જોવો પડશે.

પશ્ચિમના લેખકો બાળસાહિત્યને સાહિત્ય અગર કળા પ્રથમ માને છે તેથી તેનો એ દૃષ્ટિએ આદર કરે છે, તે આપણે જોયું. તેઓ અન્ય સાહિત્યથી બાળસાહિત્યને તત્ત્વતઃ ભિન્ન ગણતાં નથી, તે પણ જોયું. તો પછી, પ્રશ્ન એ થાય છે કે અન્ય સાહિત્યથી જો બાળસાહિત્ય ભિન્ન ન હોય, તો તેને 'બાળસાહિત્ય' એવું જુદું નામ આપવાની શી જરૂર છે ? બાળસાહિત્ય અન્ય સાહિત્યથી કયાંક જુદું છે. શ્રી ગિજુભાઈ બધેકા લખે છે :

'ગમે તે વાર્તા બાલવાર્તા નથી. તેમાં બાળકોને ગમે તેવું વસ્તુ હોય, બાલમાનસગમ્ય અર્થ હોય, બાલસ્વભાવસરલ શૈલી હોય'[૧૬]

'સાહિત્ય' શબ્દની આગળ આપણે 'બાળ' શબ્દ મૂકીને તેની ઉપર જે મર્યાદા મૂકી દીધી છે, તેને ઉખેવી શકાય તેમ નથી. એ મર્યાદા ભાષાપ્રયોગ અને વસ્તુ ઉપર મૂકેલી મર્યાદા છે. શ્રી જયોફ્રી ટ્રીઝ લખે છે :

'હું સારી બાળસાહિત્યકૃતિ અને અન્ય સારી રચના વચ્ચે એક જ તફાવત પાડું છું તે એ છે કે તેનું વિષયવસ્તુ અને શબ્દભંડોળ બાળભોગ્ય હોવાં જોઈએ'[૧૭]

આ બાળકોનો વિચાર સાહિત્યના સંદર્ભમાં જયારે કરીએ ત્યારે બાળકોના અનુભવ, રુચિ, ભાષા, અને વિકાસને ખ્યાલમાં રાખીને રાા થી ૧૨ વર્ષની વચ્ચેના વય જૂથો નક્કી કરવાં જોઈએ. એકતા અને સગવડ જળવાઈ રહે તે માટે આ વય જૂથોને શાળાના વર્ગોને ધોરણે નક્કી કરવાં જોઈએ.

તે રીતે બાળસાહિત્ય બાળકોની વય, રુચિ, અને અનુભવની કક્ષાનું હોય તો જ બાળકો તે સમજી અને માણી શકે. તેથી, બાળસાહિત્યમાં બાળકોની વય અને વિકાસને અનુલક્ષીને ભાષા પ્રયોગ થવો જોઈએ એમ કહેવું તે ઈષ્ટ છે. પરંતુ તેને એક જડ અને અફર નિયમ બનાવવો, તે ઈષ્ટ નથી. તેના કારણો જોઈએ.

(અ) માનસશાસ્ત્રી શ્રી એ.એમ.વિલિયમ્સના સંશોધનથી એ હકીકત બહાર આવી કે બાળકને જો વિષયમાં રસ પડે છે, તો તેસ અઘરા શબ્દોનો અર્થ આગળ પાછળના સંદર્ભથી સમજી જઈને સહેલાઈથી તેની નિયત કક્ષાથી વધુ ઉચ્ચ કક્ષાનું લખાણ વાંચે છે. એટલે કે બાળકનો વિષય પ્રત્યેનો ઊંડો રસ તેને વાંચવા પ્રેરતો હોય, તેવા સંજોગોમાં વયાનુસારી શબ્દભંડોળનો આગ્રહ બહુ જરૂરી નથી રહેતો.[૧૮]

(બ) ઘણીવાર બાળક અમુક શબ્દોનો અર્થ પૂરેપૂરો સમજી શકતું હોવા છતાં તેને બોલી, વાપરી કે સમજાવી ન શકે તે સંભવિત છે. આને કારણે આપણે તેના શબ્દભંડોળની ખોટી આંકણી કરીએ તે બહુ જ શકય છે. વ્યવહારમાંથી આ હકીકતના સમર્થનમાં અનેક દાખલા મળી શકે. દા.ત. દોઢ વર્ષનું એક બાળક 'પાણી લાવ', 'કપ રકાબી મૂકી દે' વગેરેમાં વપરાતા શબ્દોનો પૂરો અર્થ સમજી તે મુજબ વર્તન કરશે. પરંતુ તેમાંથી કદાચ

એક પણ શબ્દ બોલી નહીં શકે. એ જ રીતે, આઠ વર્ષનું એક બાળક અઘરા શબ્દો બોલાય ત્યારે (કે વાંચતા) તેનો ભાવાર્થ પૂરો સમજી શકે પરંતુ નિબંધ લેખનમાં તેનો પ્રયોગ કદાચ નહીં કરી શકે. તેથી, બાળકની શબ્દો વિશેની 'સમજણ' અને તેણે કરેલો શબ્દનો 'ઉપયોગ' એ બે વચ્ચે જે તફાવત રહ્યો છે, તેનો તેને માટે 'શબ્દભંડોળ' નક્કી કરતાં ખ્યાલ કરવો જોઈએ. આવો સૂક્ષ્મ ખ્યાલ વ્યવહારમાં ઉતારવો એ ઘણુ અટપટું અને વિશાળ પાયાનું સંશોધન માગી લેશે. અને છતાં આપણે ઘડેલ શબ્દભંડોળ સંપૂર્ણ છે, એમ દાવા સાથે કહી નહીં શકાય. આથી વયાનુસારી શબ્દભંડોળના આગ્રહને સંપૂર્ણપણે વૈજ્ઞાનિક કહી, તેને અફર સિદ્ધાંત તરીકે સ્થાપવો ઉચિત નથી.

(ક) બાળક સતત ગતિશીલ, વિકાસશીલ પ્રાણી છે. બાળકના મન અને શરીરના વિકાસની ગતિ એટલી પ્રચંડ હોય છે કે શબ્દોની પારિભાષિક–જડ ચોકઠાંને તે ક્ષણમાં વેરવિખેર કરી, ફગાવી દે, આજે ૧૦૦ શબ્દો જાણતું બાળક આવતીકાલે ૧૧૫ કેસ તેથી વધુ શબ્દો જાણતું થઈ જાય છે. "ઈ.સ. ૧૯૨૬માં બાળમાનસ શાસ્ત્રી શ્રી એમ.ઈ.સ્મિથે કરેલાં સંશોધનનો અહેવાલ જણાવે છે કે ૨ થી ૩ વર્ષની વયની અંદર એટલે કે એક વર્ષમાં બાળક ૬૨૪ નવા શબ્દો શીખી લે છે અને વય વધવાની સાથે નવા શબ્દો શીખવાની ઝડપ વધતી જાય છે. છેક ઈ.સ. ૧૯૨૬ની આ વાત એ પછી તો ભાષા શીખવા માટે કેટલાં સાધનો વધ્યાં હશે ? (જો કે આ સંશોધનની સરખામણીમાં આપણાં પાઠય પુસ્તકો માટે જે શબ્દભંડોળ નક્કી થાય છે તેની સંખ્યા અને ગતિ બહુ નિરાશાજનક છે. સાત વર્ષની વયે ગુજરાતી બાળકના પાઠયપુસ્તકમાં માત્ર ૧૦૫૩ શબ્દો હોય છે".[૧૯] "જયારે માનસશાસ્ત્રીઓના કહેવા મુજબ એ વયે, અનુકૂળ સંજોગોમાં, બાળક ૩૦૦૦ થી પણ વધુ શબ્દો જાણી શકે છે".[૨૦]

વિકાસની આ પ્રચંડ ગતિને સાહિત્યે જો વેગ આપવાનો હોય એટલે કે સાહિત્યે બાળકના વિકાસને સ્થગિત ન કરી દેવાનો હોય, બાળકને તે છે ત્યાંથી આગળ દોરવાનું હોય, તો જડ ચોકઠામાં સાહિત્ય પુરાઈ રહી શકે નહીં.

(ડ) બાળક અનુભવથી ઘડાતું જતું હોય છે. તેને માટે નવા નવા શબ્દો પણ અનુભવો જ છે. બાળક નવો શબ્દ બોલતાં શીખશે એટલે તેને વારંવાર, ફેરવી ફેરવીને બોલ્યા

કરશે. જાણે કે એ શબ્દને પીપરમીંટની જેમ ચગળી, તેનો પૂરો આસ્વાદ લેતું હોય. શબ્દો પાછળ રહેલા વિશિષ્ટ તાલ, ધ્વનિનો શ્રાવ્ય આનંદ અને તેને મમળાવતાં જીભને થતી વિશિષ્ટ અનુભૂતિ, તે બાળકને શબ્દો તરફ આકર્ષનારાં તત્ત્વો છે. અર્થનું મહત્ત્વ તો પાછળથી ઉમેરાય છે. નાનાં બાળકો તો આ શારીરિક આનંદને કારણે પણ ભાષા શીખવા પ્રેરાતાં હોય છે.

વાર્તા વાંચીને માણી શકે તે ઉંમરનાં બાળકો વાર્તાના રસને કારણે શબ્દોમાં રસ લે છે. તેને માટે શબ્દો એ રસિક માનસિક અનુભવ છે. આમ, શબ્દો એ બાળકને મનગમતા 'અનુભવો' છે. આ અનુભવોને પ્રોત્સાહિત કરી, બાળકના ઘડતર અને વિકાસને વેગ આપવો તે કામ સાહિત્યનું છે. આવું વિકાસલક્ષી સાહિત્ય જડ અને સ્થગિત રહી શકે નહીં.

શ્રીમતી એનિસ ડફ લખે છે :

'All words belong to children… and it seems to me a withholding of what is properly theirs, to limit their choice of words (as in the vocabulary tested book) to the Vocabulary already an 'average' child of any given age.'[21]

કવિવરશ્રી ટાગોર કહે છે કે, બાળકોનાં પુસ્તકો એવાં હોવાં જોઈએ કે જે તેમને થોડાં થોડાં સમજાયને થોડાં થોડાં ન સમજાય. બાળકને જેની સમજણ પડે છે તેને તે અપનાવી લે છે, ને જે નથી સમજાતું, તે એને આગળ ડગલું ભરાવે છે.'[૨૨]

(ઈ) બાળસાહિત્ય એ 'સાહિત્ય' છે, તેથી એ જરૂરી છે કે સાહિત્યિક ગુણવત્તાને ઉપકારક ભાષા લેખક વાપરે. વિષય અને વસ્તુની આંતરિક જરૂરિયાત મુજબ ભાષા યોજાવી જોઈએ. ભાષાના ચોકઠાની જરૂરિયાત મુજબ વિષયે કે વસ્તુએ ગોઠવાવું ન જોઈએ! બાળસાહિત્યમાં સાહિત્યતત્ત્વના આ મહત્ત્વને કારણે સિદ્ધાંત અને વિવેચનમાં વયાનુસારી શબ્દભંડોળનાં જડ ચોકઠાંને મહત્ત્વ આપવાથી સાહિત્યતત્ત્વને કદાચ નુકસાન કરી બેસાય. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ખરું જ કહે છે કે :

'ભાવ, વિચાર આદિનું પૂરેપૂરું યોગ્ય વાહન નથી થઈ તે ભાષામાં સાહિત્યકાર પોતાનું વકતવ્ય પૂરવા માગે ત્યારે એ શબ્દપ્રયોગમાં છૂટ લે છે. એક નિયમ તરીકે એ છૂટ આપવી જોઈએ. બીજી તરફ એવી સ્થિતિમાં જનસામાન્ય બહુ કેળવાયેલો ન હોય તો સાહિત્યકારની ભાષા તેને અઘરી લાગે અને રસની નિષ્પત્તિમાં વિઘ્ન આવે. પણ આ પરિસ્થિતિ જાગ્રત પ્રજાવર્ગમાં ટૂંક સમયની ગણી શકાય અને સાહિત્યની સિદ્ધાંતચર્ચામાં તેને મહત્ત્વ ન હોય.'[૨૩]

તેથી જરૂર છે તે દરેક વયનાં બાળકો માટે ઉચ્ચકક્ષાના 'સાહિત્ય' આથી, સાહિત્યતત્ત્વને ઉપકારક રીતે અને વિકાસલક્ષિતાનું ધ્યેય રાખીને 'બાળસાહિત્ય' માં વિશિષ્ટ વય જૂથ પ્રમાણે વિશિષ્ટ શબ્દ ભંડોળનો આગ્રહ રાખી શકાય. એક અફર સિદ્ધાંત તરીકે કદી નહીં.

'બાળ' પદને અનુલક્ષીને બાળસાહિત્યના અનુસંધાનમાં વયાનુસારી વિષયવસ્તુની વિચારણા પણ કરવી જોઈએ. ગઈ સદીમાં, બાળકો માટેના વિષય વસ્તુની પસંદગી વડીલો કરતાં. આજે મનોવિજ્ઞાનના વિકાસને કારણે બાળકોની રુચિને અનુરૂપ સાહિત્ય લખાવા માંડયું છે. માનસશાસ્ત્રીઓ, શિક્ષકો, લેખકો, ગ્રંથપાલો અને બાળસાહિત્યનાં વિદ્યાર્થીઓના અનેક સંશોધનો ને પરિણામે આજે કયા વય જૂથનાં બાળકોને કેવા પ્રકારનું સાહિત્ય રુચે છે તે અંગે પશ્ચિમના દેશોમાં લગભગ સર્વત્ર મતૈકય પ્રવર્તે છે. ગુજરાતમાં શ્રી ગિજુભાઈ બધેકા, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ વગેરેએ બાળકોની વયાનુસારી વિષય વસ્તુ રુચિ ઉપર થોડા પ્રકાશ ફેંકયો છે તે પણ પશ્ચિમના મતને મળતો આવે છે. બાળકોની પસંદગીનો વિચાર કરતાં પહેલાં પશ્ચિમનાં સંશોધનમાંથી કેટલા મહત્ત્વનાં તારતમ્યો નીકળી શકે, તે તપાસીએ.

૧. બાળકોની રુચિ ઉમર, અનુભવો અને વિકાસને કારણે બદલાતી જતી હોય છે.

૨. પરંતુ આ બદલતી જતી રુચિ એક ચોક્કસ ક્રમને અનુસરે છે. કુદરત જેમ બાળકના શરીરનો ક્રમશઃ વિકાસ કરે છે તેમ તેના મનનો વિકાસ પણ ક્રમશઃ સાધે છે.

૩. બાળકની અભિરુચિનો આ ચોક્કસ ક્રમ સાર્વત્રિક છે. એટલે કે દેશ કાળનો તેના પર ખાસ પ્રભાવ પડતો નથી. લોકવાર્તાની સાર્વત્રિકતાના પાયામાં પણ

માનવમનની આ સમાનતાનું દર્શન થાય છે. બાળમન પણ એ રીતે દેશ કાળના વાડાઓમાં પુરાઈ રહેતું નથી, તેથી અમેરિકાનું ૮–૯ વર્ષનું બાળક પરીકથાઓ તરફ રુચિ બતાવશે તો ગુજરાતનું એ જ ઉમરનું બાળક પણ પરીકથાઓ રસથી વાંચતું જોવા મળશે.

૪. બાળકોની વિષય વસ્તુ પ્રત્યેની ક્રમશઃ બદલાતી જતી આ સાર્વત્રિક (Universal) અને વિદ્યાયક (Positive) અભિરુચિ પર વડીલોની પસંદગી નાપસંદગીનો ખાસ પ્રભાવ પડતો નથી. ૮ થી ૧૦ વર્ષના બાળકોને પરીકથાઓ અને વાસ્તવદર્શી પ્રાણીકથાઓ વગેરે ગમે છે, તે એક સિદ્ધ થયેલી હકીકત છે. વડીલો 'પરીકથા' ને બાળભોગ્ય યોગ્ય માને છે કે નહીં, બાળક તેની ફિકર કરતુ નથી.

'બાળસાહિત્ય' નું ઐતિહાસિક અવગાહન કરતાં બે હકીકત એકદમ નજરે તરી આવે છે. એક તો એ કે જયાં સુધી વડીલોએ બાળકો માટેના સાહિત્યના 'ઔચિત્ય' નો હક પોતાની પાસે રાખ્યો ત્યાં સુધી બાળસાહિત્ય સમસામયિક સામાજિક મૂલ્યોની પ્રયોગશાળા જેવું રહ્યું. એટલે કે બાળકોને તેમણે ઉપદેશાત્મક, નૈતિક, ધાર્મિક કે માહિતીસભર 'લખાણ' આપ્યા કર્યું જેમાંથી 'સાહિત્ય' નામને પાત્ર બહુ થોડું જોવા મળે છે. આ બન્યું મુખ્યત્વે બાળમાનસના જ્ઞાનના અભાવે.

બીજી બાજુથી, જયારે બાળમાનસના જ્ઞાનનો વિકાસ થયો, બાળકોની રુચિ અરુચિ પ્રત્યે લેખકો સજાગ બન્યા, ત્યારે એક બીજો અંતિમવાદ ઊભો કરી બાળકોની કાલી કાલી ભાષા અને અર્થહીન સ્થૂળ ક્રિયાઓનું કે વાર્તાલાપોનું પ્રતિબિંબ બાળસાહિત્યના નામે આપવાં માંડયા. બાળજગતના અનુભવો નિરૂપવાના બહાને બાળકોની સ્થૂળ ક્રિયાઓ જેમ કે રમકડાં ગોઠવવા, પુસ્તકોના પાનાં ફાડવાં, રમતો રમવી, એકલા એકલા વાર્તાલાપ કરવો, ફરવા જવું, નાચવું કૂદવું, ઝઘડવું, રમવું વગેરેનું જ બયાન કરવું તે પ્લેટોકથિત 'અનુકરણ' થી વિશેષ કશું જ નથી. એટલે કે ઉપલા બન્ને અંતિમવાદો 'સાહિત્ય' થી દૂર રહી માત્ર 'બાળ' ને જ પંપાળે છે, પટાવે છે.

'બાળસાહિત્ય' ના 'બાળ' પદ હેઠળ ભાષા, વિષયવસ્તુ વગેરેની જે વિચારણા આજ સુધી થઈ છે, તે બાળમાનસના ક્ષેત્રમાં ડોકિયું કરાવે છે. બાળમાનસનું જ્ઞાન

બાળસાહિત્યકાર માટે સમૃદ્ધ સાહિત્ય રચવા માટે એટલું જ જરૂરી છે જેટલું પુખ્તોનું સમૃદ્ધ સાહિત્ય રચવા માટે એ રચનારને માનવમનનું જ્ઞાન. બાળમાનસના જ્ઞાનથી સાહિત્યકાર બાળજીવનના અનુભવોને આત્મસાત્ કરી શકે છે. જેથી બાળસાહિત્યના સર્જન અને આસ્વાદન માટે આવશ્યક બનતી લેખક અને ભાવકની 'થોડીક જાણની સમાનતાની ભૂમિકા' શકય બને છે.

પરંતુ આ 'સમાનતાની ભૂમિકા' એ માત્ર લેખકે જ આપવાનું છે ? શું લેખકે બાળજગતની ભૂમિકાએ પોતાની ઉંમરના, અનુભવોના, જ્ઞાનના, સમજણના સંજોગોને વીંધીને નીચે ઉતરી આવવાનું છે ? એટલે કે, બાળકો સાહિત્યનો આસ્વાદ લઈ શકે તે માટે લેખકે ફકત બાળજગતના સામાન્ય અનુભવોને જ મૂર્ત કરવાના છે ? (મોટા ભાગનું સર્જન જોતા, આ જ સમજણ લેખકોની હોય, તેવું લાગે છે)

આ પ્રશ્ન સાહિત્યમાત્રના સર્જકને લાગુ પડે છે. 'સામાન્ય માણસ' સાહિત્ય આસ્વાદી શકે તે સારું સાહિત્યકારે 'સામાન્ય' ભૂમિકાએ રહીને સર્જન કરવાનું છે ? એમ હોય, તો તો સાહિત્ય માણસની સ્થૂળ જિંદગીના પ્રતિબિંબથી વિશેષ કંઈ જ નથી. દરેક માણસ જિંદગીના સામાન્ય અનુભવોથી પરિચિત હોય છે. સાહિત્યકાર તે લખે કે ન લખે, તેથી શો ફરક પડવાનો છે ?

તેથી એમ કહી નહીં શકાય કે સાહિત્યકારે 'સમાનતાની ભૂમિકા' ઉત્પન્ન કરવા 'સામાન્ય' ની ભૂમિકાએ ઉતરી આવવું. બલકે સાહિત્ય 'સામાન્ય' ને વિશિષ્ટની ભૂમિકાએ ખેંચી જઈને 'સમાનતા' સ્થાપે, તે આવશ્યક છે. બાળસાહિત્ય પણ સાહિત્ય હોવાથી લેખક અને બાળકનું આ 'વિશિષ્ટ' ભૂમિકાએ મિલન થાય તે આવશ્યક છે.

'આવશ્યક છે' તેમ કહીને આપણે એક પ્રક્રિયાને 'પ્રયોજન' તરીકે ઓળખાવીશું તો હકીકતનું ઉલ્લંઘન થયું ગણાશે. કારણ કે, સાચા સાહિત્યના સર્જન દરમ્યાન આ જ વિશિષ્ટ ભૂમિકા તો સર્જાય જતી હોય છે. સર્જનના જટિલ વ્યાપારને સમજવાથી આ હકીકત તરત સ્ફુટ થશે. શ્રીમતી લિલિયન હોલોવેલ લખે છે :

"લેખકની બાળકો વિશેની સહાનુભૂતિ ભરી સમજણને કારણે બાળજગતના અનુભવોને આત્મસાત્ કરીને સર્જક કલ્પનાની મદદથી સર્જેલ કૃતિઓને આપણે 'બાળસાહિત્ય' તરીકે ઓળખીએ છીએ."[૨૪]

'બાળજગતના અનુભવોને આત્મસાત્' કરવા માટે, સમસંવેદન અનુભવવા માટે ૧. સહાનુભૂતિ, ૨. કલ્પના આવશ્યક છે. પરંતુ એ અનુભવ આત્મસાત્ કર્યા પછી પણ 'સર્જક કલ્પના' પ્રવર્તે છે. કૃતિની રચના માટે માત્ર સમસંવેદન કે અનુભવ નહીં. 'સર્જક કલ્પના' અતિ આવશ્યક છે. આ 'સર્જક કલ્પના' નું સ્વરૂપ ઘણું સંકુલ છે, તેનો વ્યાપાર ઘણો જટિલ છે.

સર્જક કલ્પનાની મદદથી લેખક પ્રથમ તો બાળજગતના અનેક અનુભવોમાંથી પોતાની મનોદશાને અનુરૂપ અનુભવને આત્મસાત કરે છે. ત્યારબાદ, પોતાના જીવનમાં થયેલા આવા અનેક સમાંતર અનુભવોની સ્મૃતિના પ્રકાશમાં, જીવનમાં તેથી પડેલા સંસ્કારોના પ્રકાશમાં, તેને સમજાયેલાં જીવનમૂલ્યોના પ્રકાશમાં, વગેરેમાં, વર્તમાન અનુભવનું મૂલ્યાંકન કરે છે. આ કયારેક સંપ્રજ્ઞાત તો કયારેક અસંપ્રજ્ઞાતપણે થતું હોય છે. લેખકનો વર્તમાન અનુભવ આને પરિણામે માત્ર બાળજગતનો પૃથક, એકાકી અનુભવ ન રહેતાં એક વિશિષ્ટ અર્થવત્તા પ્રાપ્ત કરે છે. આપણે તેને અનુભૂતિ કે 'રહસ્ય' પણ કહીએ છીએ. આ બધી પ્રક્રિયા દરમ્યાન પ્રવૃત્તિ હોય છે પેલી સર્જક કલ્પના ફરી, એજ સર્જક કલ્પનાની મદદથી રહસ્યગર્ભ, અર્થગર્ભ બનેલ પોતાની વિશિષ્ટ અનુભૂતિને લેખક અનુરૂપ શબ્દદેહ આપે છે. વાસ્તવપ્રધાન, કલ્પનાપ્રધાન, હળવું ગંભીર, પોતાની મનોદશાને અનુરૂપ શબ્દદેહ, આમ, વર્તમાન અનુભવ માત્ર બાળજગતનો 'સામાન્ય' અનુભવ ન રહેતાં લેખકની 'સ્વકીય વિશિષ્ટ અનુભૂતિ' બને છે. આ સ્વકીય વિશિષ્ટ અનુભૂતિનો શબ્દદેહ તે જ સાહિત્ય.

અનુભૂતિ, આમ, સામાન્ય ન રહેતાં વિશિષ્ટ બની રહે છે. અને પરિણામે ભાવક પણ એ અનુભૂતિના શબ્દદેહનો જયારે આસ્વાદ લે છે ત્યારે પોતે પણ 'વિશિષ્ટ' ભૂમિકાએ પહોંચી જાય છે. સાહિત્ય આમ, સામાન્યનું વિશિષ્ટીકરણ છે. શ્રી હંન્ની વાન

ડાઈક સાહિત્યની વ્યાખ્યા આપે છે ત્યારે તેમને પણ સર્જનની આ પ્રક્રિયા અભિપ્રેત લાગે છે. તેઓ લખે છે :

'ઓજસ અને માધુર્યયુક્ત પદાવલિમાં, લેખકના વ્યક્તિત્વનો સ્પર્શ પામીને, શાશ્વત રસરૂપ કળાત્મક સ્વરૂપો પ્રગટ કરતું અને કુદરત તેમ જ જીવનનું રહસ્ય પ્રગટ કરતું સર્જન તે જ સાહિત્ય'[૨૫]

'શાશ્વત રસરૂપ કળાત્મક સ્વરુપો' જ સાહિત્યકારને તત્ત્વજ્ઞ અને વિજ્ઞાનીથી જુદો પાડે છે. કારણ, ફિલસૂફ અને વિજ્ઞાની પણ સાહિત્યકારની માફક કુદરત અને જીવનના રહસ્ય કે 'સત્ય' ને શોધવા મથતાં છતાં, તેમનું સર્જન, 'શાશ્વત રસરૂપ કળાત્મક સ્વરૂપો' પ્રગટ નથી કરતું. માનવના જીવનને સ્પર્શતું હોવા છતાં, ફિલસૂફ કે વિજ્ઞાનીનું સર્જન માનવમાત્રને સક્રિય રીતે ભાગ લેવા આમંત્રતું નથી. તેમની કૃતિ બુદ્ધિને સ્પર્શીને 'જાણ્યા' નો સંતોષ આપી શકે.

જયારે કલાકાર કોઈ અનુભૂતિ દ્વારા જીવન કે કુદરતના કોઈ રહસ્યને પામે છે ત્યારે, તે સંવેદનશીલ અને કલ્પનાશીલ હોઈ આનંદવિભોર બની ઊઠે છે. અને ભાવસમાધિમાં તે રસરૂપે પોતાને થયેલ અનુભૂતિનું સર્જન કરે છે. કલાકારની આ આનંદાભૂતિ કૃતિમાં સફળ રીતે ઉતરે છે ત્યારે કૃતિની અસર ચિરસ્થાયી નીવડે છે. આ જ બને છે સાચું સાહિત્ય, જે 'શાશ્વત રસરૂપ કળાત્મક સ્વરૂપ' છે.

તેથી લેખકની અનુભૂતિ 'આનંદસ્વરૂપ' છે. માટે આનંદ એ સાહિત્યનું પરિણામ છે, પ્રયોજન નહીં, આનંદ ઉત્પન્ન કરવા માટે સાહિત્ય નથી સર્જાતું, પરંતુ સાહિત્યસર્જનના 'પરિણામે' સર્જક અને ભાવક બન્ને પક્ષે આનંદ પ્રવર્તે છે.

આમ સાહિત્યકૃતિનો આસ્વાદ ભાવકને આનંદ આપવાની સાથે જ આનંદના અંગરૂપ કલ્પનાવિકાસ, સંવેદનશીલતા અને જીવનદષ્ટિ સાધી આપે છે. સાહિત્યના આસ્વાદનું આ સ્વાભાવિક પરિણામ છે અને સાહિત્યસર્જનની આ સ્વાભાવિક પ્રક્રિયા છે. આ પરિણામો સ્વતઃસિદ્ધ થતાં હોવાથી જ તેમને સાહિત્યનાં 'પ્રયોજનો' તરીકે ગણાવવાં તે ઘણું બેહૂદું છે!

સાહિત્યકાર જયારે આ સ્વાભાવિક પરિણામોને 'પ્રયોજન' બનાવી સર્જન કરવા બેસે છે ત્યારે સર્જનની આખી પ્રક્રિયા દૂષિત બની જાય છે. ખાસ કરીને બાળસાહિત્યમાં આ જ ભૂલ આજ સુધી થયાં કરી છે. બાળસાહિત્યના સર્જકો તેમ જ વિચારકોએ સાહિત્યનાં સ્વાભાવિક 'પરિણામો' ને 'પ્રયોજનો' તરીકે સ્થાપીને 'બાળસાહિત્ય' માં કલ્પના જોઈએ કે વાસ્તવિકતા ?' 'બાળસાહિત્ય લાગણીપ્રધાન હોવું જોઈએ કે નહીં?' 'બાળસાહિત્યે નૈતિક મૂલ્યોનું સ્થાપન કરવું જોઈએ કે નહીં?' વગેરે અનેક વિવાદાસ્પદ પ્રશ્નો ઊભા કરી દીધા છે. પરિણામે, સાહિત્યકારો પણ સ્વાભાવિક ક્રમમાં 'સાહિત્યસર્જન' કરવાને બદલે 'પ્રયોજન' નું સર્જન કરી રહ્યાં હોય તેવું મોટા ભાગનું બાળસાહિત્ય જોતાં લાગે છે. એક બાજુથી 'કલ્પના પ્રધાન' સાહિત્યનાં હિમાયતીઓ માત્ર હવાઈ તરંગો કહેવાય તેવું અને પરિણામે બાળકને ગેરરસ્તે દોરનારું સાહિત્ય આપી રહ્યા છે, તો બીજી બાજુથી વાસ્તવવાદીઓ રોજિંદી હકીકતોની માત્ર શુષ્ક પુનરુક્તિઓ આપી રહ્યા છે. 'મૂલ્યસ્થાપન' ને બહાને ડહોળાતા ડહાપણની તો વાત જ શી ? બાળસાહિત્યનાં સર્જકોનો સૌથી મોટો શ્રમ બાળકોને 'ઉપદેશ' આપવાના અથવા તેમના જીવનમાં 'મૂલ્યસ્થાપન' ના પ્રયોજનરૂપે સાહિત્યમાં પ્રગટ થાય છે.

'મૂલ્યસ્થાપન' તે પ્રયોજન નથી, સ્વભાવ છે, તે શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સરસ રીતે સમજાવે છે :

'સાહિત્યકાર ઈષ્ટ વસ્તુ જુએ અથવા તેની કલ્પના કરે, અનિષ્ટ જુએ અથવા તેની કલ્પના કરે, અથવા વસ્તુસ્થિતિની યથાર્થતા જુએ કે કલ્પે આ ત્રણે અનુભવ વિષયને શબ્દદેહ આપવામાં આવે ત્યારે ચિત્તમાં પડેલા સદવૃત્તિ, સદાચાર, આદર્શો વિશેના સંસ્કાર પણ રસાયણ તરીકે કામ કરે છે, એટલે કે તે આપોઆપ કૃતિને તેનો વિશિષ્ટ ઘાટ આપવામાં એક અગત્યનું કારણ બને છે.'[૨૬]

આમ, મૂલ્યો તો કૃતિની રચનામાં આપોઆપ વણાતાં આવે છે, તેને વિશિષ્ટ પ્રયોજનરૂપે ઉપરથી લાદવાનાં નથી હોતાં. એ રીતે, પ્રયોજનરૂપે ઉપરથી લાદેલાં મૂલ્યો 'સાહિત્ય' નો ભોગ લેતા હોય છે. શ્રી ગિજુભાઈ કહે છે :

'જો અમુક હેતુને જ આગળ ધરીને વાર્તા કહેવામાં આવે તો એ હેતુની આગળ કરેલી અણી જ માણસને લાગે છે, અને માણસ વાર્તા અને તેનો હેતુ, બન્નેને સ્વીકારવા ના પાડે છે.'[૨૭]

વળી, 'જે વાર્તાઓ ખાસ કરીને નીતિશિક્ષણ આપવા માટે કહેવામાં આવે છે, તથા જે વાર્તાઓ નીતિનાં વસ્ત્રોથી સર્વાંગે વીંટળાયેલી હોય છે, તે વાર્તાઓના કથનથી એવી વાર્તાઓના પોતાના ઉદ્દેશને, એટલે નીતિશિક્ષણને પૂરેપૂરો ધક્કો લાગે છે. નીતિની વાર્તાઓ ઘણીવાર એટલી બધી અસ્વાભાવિક અને એટલી તો અતિશયોક્તિ ભરેલી હોય છે કે તેની અસ્વાભાવિકતા અને અતિશયોક્તિને લીધે જ માણસને તેના ઉપર કંટાળો આવે છે.[૨૮]

આ 'અસ્વાભાવિકતા' અને 'અતિશયોક્તિ' કોઈપણ પ્રકારના સાહિત્યમાં કોઈપણ પ્રયોજનની 'અણી આગળ ધરીને' સાહિત્યસર્જન કરવાથી પ્રવેશે છે અને તેથી સાહિત્યનો આત્મા જે 'ઔચિત્ય' છે તે જોખમાય છે.

આથી, કલ્પનાવિકાસ, સંવેદનશીલતા અથવા ઊર્મિતંત્રનો વિકાસ, કે મૂલ્યસ્થાપન કે એક શબ્દમાં કહો, આનંદ ને સાહિત્યનાં પ્રયોજનો નહીં, રચનાપ્રક્રિયા અને અનુભાવનક્રિયામાંથી નીપજતાં સ્વાભાવિક એવાં પરિણામો લેખવાં જોઈએ. સાહિત્યવૃત્તિના આસ્વાદથી અનુભવાતાં આ પરિણામોની કક્ષા તે કૃતિની સાહિત્યિક કક્ષા બનશે. ઉચ્ચ કક્ષાનું સાહિત્ય ઉચ્ચ કલ્પના, ઊંડી સંવેદનશીલતા અને સ્થાયી તેમજ ઉચ્ચ મૂલ્યોનું સ્થાપન કરનાર હશે, તે આમાંથી ફલિત થાય છે.

બાળસાહિત્ય, ખાસ કરીને, ઉચ્ચ કક્ષાનું હોવું જોઈએ તેવો આગ્રહ રાખવાનું કારણ એ છે કે બાળકનું મન અતિ સંવેદનપટુ ગ્રહણશીલ હોય છે, તથા બાળવયે તેના પર પડતી અસરો લગભગ ચિરસ્થાયી હોય છે. આ અસરો તેના જીવનને ઘડવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે.

વાચનથી બાળજીવન પર પડતી અસરો વિશે પ્રખ્યાત માનસશાસ્ત્રી શ્રી સ્ટ્રેંગ કહે છે કેઃ

'બાળમંદિરથી શરૂ થઈ તે છેક કોલેજકાળ સુધી વાચનવિકાસ અને વાચન દ્વારા વ્યક્તિવિકાસ હાથમાં હાથ મેળવી ચાલે છે'[૨૯]

શ્રીમતી લિલિયન સ્મિથ લખે છે :

'બાળપણની અસરો ચિરસ્થાયી હોય છે. તથા એ અસરોનો સરવાળો એટલે જ પુખ્તવયે સાકાર થતું ચારિત્ર્ય (વ્યક્તિત્વ) આ સાચું હોય તો, ખરેખર બાળક એ વ્યક્તિનો જનક છે.[૩૦]

હાલના સંજોગોમાં મનુષ્યનું ભાવિ જયારે અનિશ્ચિત બન્યું છે, વર્તમાન ડોલાયમાન, અસ્થિર અને દિશાસૂઝ વિનાનું બન્યું છે, ત્યારે બાળકોને તેનાં અનિચ્છનીય પરિણામોનો ભોગ બનતાં અટકાવી, જીવનનું ક્ષણિક, છીછરું, ધૂંધળું પાર કરી તેનું ઊંડાણ બતાવી, તેનો તાગ લઈ શકે તથા એ ઊંડાણમાં ઘસમસતા જીવનપ્રવાહમાં પણ સ્થિર અને મસ્તક ઉન્નત રાખવાની ક્ષમતા મેળવી શકે તે માટે સાહિત્ય જેવું પરિબળ બીજું એકે નથી. સાહિત્યનું બાળજીવનમાં આવું મહત્ત્વ કોઈ બાળસાહિત્યની સાહિત્યિક મૂલ્યવતા વિશે ઉપેક્ષા સેવવી પોસાય તેમ નથી.

આપણે જોયું કે સાહિત્યની કક્ષા, તેના આસ્વાદથી પરિણમતા આનંદથી એટલે કે કલ્પના, ચિત્તતંત્ર વગેરેનો વિકાસ, જીવનમૂલ્યોનું સ્થાપન વગેરેથી પરિણમતા આનંદની કક્ષા ઉપરથી નક્કી થતી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, લેખકની અનુભૂતિની કક્ષા તે સાહિત્યકૃતિની કક્ષા બને છે.

આમ, બાળસાહિત્ય એ બાળકોના આનંદ અને વિકાસનું એક ઉત્તમ સાધન છે. આ સાધન જેટલું શુદ્ધ, તેટલી તેના દ્વારા સધાતી સિદ્ધિ, એટલે કે સાહિત્ય તરીકે કૃતિ જેટલી મૂલ્યવાન, તેટલી તેનાથી સધાતી સિદ્ધિ પણ મૂલ્યવાન. આથી, બાળસાહિત્ય તે સાહિત્ય બને, ઉચ્ચ દરજ્જાનું સાહિત્ય બને તે જ અપેક્ષણીય.

બાળસાહિત્યનાં આ બધાં તત્ત્વોનો સમગ્ર રીતે વિચાર કરતાં એવી વ્યાખ્યા આપી શકાય કે,

''સાચું બાળસાહિત્ય તે શબ્દોની એવી રમણીય અને સાર્થક લીલા છે જેના દ્વારા આનંદ, કલ્પનાવિકાસ, ચિત્તતંત્રનો વિકાસ અને મૂલ્યોના સ્થાપનથી પ્રેરિત આનંદ અને તેથી વિકાસ સિદ્ધ થાય છે''

અથવા

''બાળ'' પદ દ્વારા પ્રાપ્ત થતા વિશિષ્ટ સંજોગોને ખ્યાલમાં રાખીને, ઓજસ અને માધુર્યયુક્ત પદાવલિમાં લેખકના વ્યક્તિત્વનો સ્પર્શ પામીને શાશ્વત રસરૂપ કળાત્મક સ્વરૂપો પ્રગટ કરતું અને કુદરત તેમજ, જીવનનું રહસ્ય પ્રગટ કરતું સર્જન તેજ બાળસાહિત્ય'

## ✰ બાળસાહિત્યનું સ્વરૂપ :

બાળવાર્તાના મુખ્ય બે ભેદ રહ્યા છે : કથ્ય અને શ્રાવ્ય, કથ્ય વાર્તા ઓછી ગ્રંથસ્થ થઈ છે પણ શ્રાવ્ય વાર્તા તો ખાસ્સા પ્રમાણમાં ગ્રંથસ્થ થઈ છે. બાળવાર્તાનું સ્વરૂપ શોધવાના પ્રયાસ કરીએ ત્યારે આ બન્ને પ્રકારની વાર્તાઓ તપાસતાં તેમાં ત્રણ બાબત જોઈ શકાય છે : વિચાર, રજૂઆત અને શૈલી કથ્ય વાર્તાના કલેવર અંગે આના પ્રકાશમાં વિચારીએ ત્યારે વસ્તુ બાળકના અનુભવજગતનું હોવું જોઈએ એ શરત તો મહત્ત્વની ખરી, પણ એની રજૂ આત અભિનય સહિત હોવી જોઈએ. વાર્તામાં વાંદરો, સિંહ કે કાચબો આવે તો વાર્તા કહેનારે હુકાહુક ગર્જના અને કૂદકા ભરી કે ધીમી ચાલનો નાટકી સહારો લેવો રહ્યો. કથ્ય વાર્તામાં શૈલી પણ પ્રસ્તારી અને ઘણી જગ્યાએ બેવડાતાં વાકયોવાળી રાખવી જોઈએ.

આપણે શ્રાવ્ય વાર્તાને જ પ્રધાનતા આપી છે તેથી તેને જ અનુલક્ષીને વિશેષ વિચારણા કરીશું.

બાળવાર્તા એક કલાકૃતિ છે તેથી સાહિત્યકલાનાં ધોરણ એમાં જળવાવાં જોઈએ. લખનાર પ્રૌઢ છે અને વાંચનાર કે સાંભળનાર બાળક છે એટલે પ્રૌઢો માટે લખનાર કરતાં બાળકો માટે લખનારની જવાબદારી વધી જાય છે. બાળકો માટે લખનારે આનંદાત્મક તો ખરું પણ કશુંક સંસ્કારાત્મક પણ આપવાનું છે. બાળવાર્તા એક વિશિષ્ટ દષ્ટિકોણ સાથે જ

રજૂ થવાની. એને પછી બોધ કહો કે હેતુલક્ષિતા કહો. આનો અર્થ એ નથી કે એમાં સદાચાર કે નીતિબોધ હોવો જોઈએ. સીધા નીતિબોધ કે સદાચાર બોધ નથી તો એણે દૂર જ રહેવાનું છે. બાળવાર્તા પણ કલાકૃતિ છે એમ હમણાં જ કહ્યું એનો અર્થ એટલો જ કે હેતુ કે ઉપદેશ એમાં ઓગળીને એકરસ થઈને આવવો જોઈએ. વાર્તાકાર બાળવાચકને બોધ બતાવી કશું શીખવવા માગે છે એવું જણાય ત્યાં બાળવાચક વાર્તાકારની ચતુરાઈને પારખી જાય છે અને એના તરફ નારાજગી સેવવા લાગે છે અને બોધને ફગાવી દેવા તરત જ તત્પર થઈ ઊઠે છે. એટલે બાળવાર્તામાં બોધ કે હેતુને રજૂ કરવો હોય તો તે કેવી રીતે રજૂ કરવો એ બાળવાર્તાકાર માટે ભારે કુશળતા માગી લે છે.

બાળવાર્તામાં ભાષાની કોમળતા હોય, ભાષાનું માધુર્ય હોય એટલે કે ભાષાનું ગૌરવ હોય, બાળકો માટે એ રચાઈ હોય છે તેથી બાળમાનસને આર્કષવા એમાં ભાષાનું રુમઝુમતું સંગીત પણ જરૂરી છે. એ સાથે એમાં વિચારની સૂક્ષ્મ ઝીણવટ જરૂરી છે. હૃદયને ડોલાવે તેવું ડોલન અને ચિત્તને આલોકિત કરે તેવું તોલન એમાં જરૂરી છે.

બાળવાર્તાના સ્વરૂપ વિશે ચર્ચા કરતાં એક પ્રશ્ન એ પણ ઊઠે કે બાળવાર્તાની લંબાઈ કેટલી હોઈ શકે ? આ અંગે એક મોજણી થઈ છે તે ઉપયોગી થઈ પડે તેવી છે. શિશુ વર્ગના બાળકની ધીરજની સીમા ચારથી દસ મિનિટ સુધીની જ હોય છે. તેથી તેને માટેની રચના ૫૦૦ થી ૮૦૦ શબ્દોની જ આદર્શ ગણાય. એ રચનામાં લય, ગુંજન અને પુનરાવર્તન જોઈએ પાત્ર શબ્દો સરળ અને વાકયો નાનાં નાનાં રાખવાં. સાતથી નવ વર્ષની વયનાં બાળકો માટેની રચના ૧૦૦૦ થી ૨૦૦૦ શબ્દોમાં પૂરી કરવી. અહીં પણ વાકયો નાનાં અને સરળ રાખવાં. પણ આ કક્ષાથી નવા શબ્દો દાખલ કરવાનાં પ્રયોગો જરૂર થઈ શકે. નવથી બાર વર્ષના બાળકોમાં છોકરા છોકરીની સભાનતા પ્રવેશે છે. છોકરા અને છોકરી માટેની અલગ રચનાઓની શરૂઆત આ વયથી થાય તો ખોટું નથી. એક મજાનું તારણ એ જોવા મળ્યું છે કે આ ઉંમરે છોકરીઓ છોકરાં માટે જ લખાઈ હોય એવી પણ ચોપડીઓ વાંચે છે પણ છોકરાઓ છોકરીઓ માટે જ રચાઈ હોય એવી રચનાઓ વાંચવી ગમાડતા નથી. ઢીંગલીને માધ્યમ બનાવી કશુંક રચવું હોય તો આ વયકક્ષા અનુકૂળ ન પડે. આ વયકક્ષા માટેની રચનાઓ સીધા વાર્તારસવાળી હોવી

જોઈએ. જીવનકથા અને સાહસકથા આ વયકક્ષામાં જ વધુ અનુકૂળ બને પણ એમાં શબ્દોની મર્યાદા ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીની જ આદર્શ ગણાય. તેરથી પંદરની વયકક્ષા માટે શબ્દસંખ્યાની મર્યાદા બાંધવી જરૂરી નથી. એટલું ખરું કે આ ઉંમરે કૌતુકની માત્રા સૌથી વિશેષ હોય છે તેથી હિંમતની, અજાયબીની, સાહસની, ભાવસંવેદનની એવી રચનાઓ વિશેષ આકર્ષક નીવડે.

બાળવાર્તાની વાત આવે છે ત્યારે કયારેક એ પ્રશ્ન મૂકવામાં આવે છે : બાળક આગળ પરીકથા મૂકવી કે નહીં ? પરીકથાથી બાળક કલ્પનાલોકમાં વિહરતું અને તરંગી થઈ જાય એનું શું ? એના જવાબમાં ઘણા બધા વિદ્વાનોએ પરીકથાની આવશ્યકતા સ્વીકારી છે અને જવાબમાં કહ્યું છે કે, બાળક કલ્પનાવિહારી થાય એ તો એના ભાવિ ઘડતર માટેનું જરૂરી પગથિયું છે એટલે એ બાબતમાં કશો ભય રાખવાની જરૂર નથી.

આગળ ચર્ચા થઈ તે મુજબ આપણે ત્યાં બાળવાર્તાઓ મુખ્ય બે સ્વરૂપે જોવા મળે છે : કથ્યવાર્તા અને લેખી વાર્તા. કથ્યવાર્તા મુખ્યત્વે મુખથી કહેવાય છે. અંગના હાવભાવ એમાં ભાગ ભજવે છે. એમાં નાનાં વાકયો હોય. સામાન્ય વાકયરચનાનો ક્રમ એમાં બદલાયેલો પણ હોય છે. તળપદ ભાષાનો વિશેષ ઉપયોગ અને રાગ–રાગણીની નજીક પહોંચે એવી હલકથી રજૂઆત એ એની વિશેષતા છે. એમાં મલાવી મલાવીને કહેવાનું હોઈ અણજાણ્યે પણ એનું કાઠું વિસ્તાર થઈ જતું હોય છે. લેખી વાર્તા પ્રમાણમાં સઘન અને પ્રમાણસર હોય છે. એમાં વસ્તુની રજૂઆત કલાતત્ત્વોની બને એટલી વિશેષ જાળવણી સાથે થઈ શકતી હોય છે. એમાંની ભાષા પ્રમાણમાં વિશેષ શહેરી અને સાહિત્યિક હોય છે. સંવાદ દ્વારા નાટકી તત્ત્વની માવજત અને વર્ણન દ્વારા વિવિધ ચિત્રો ઉપસાવી શ્રોતાને રસ તરબોળ કરવાનું કૌશલ્ય કથ્ય અને લેખી બન્ને વાર્તાઓમાં લગભગ સમાન હોય છે.

ખરી રીતે તો બાળસાહિત્યમાં સાહિત્યતત્ત્વનાં બધા જ ગુણો હોઈ શકે છે, એટલું જ નહીં, હોવા પણ જોઈએ. મોટેરાંનું સાહિત્ય અને બાળકોનું સાહિત્ય એમાં માત્ર કક્ષાફેર હોય, વસ્તુફેર હોય, ભાષાફેર હોય, બાળકોના સાહિત્યમાં તેથી એ સાહિત્ય બને એ હેતુથી શૈલીની મનોરમતા જરૂરી છે, ભાષાની ઝમક જરૂરી છે, ભાષાની સમૃદ્ધિ

આવશ્યક છે. સાહિત્ય જ કલાવિદ્યાન માગે છે એ બાળસાહિત્ય કે બાળવાર્તાના ગ્રથનમાં પણ એટલું જ જરૂરી છે. બાળવાર્તામાં ભાષાની કોમળતા હોય, ભાષાનું માધુર્ય હોય તે રીતે બાળકો માટે એ રચાય તે સાથે એમાં વિચારની સૂક્ષ્મ ઝીણવટ જરૂરી છે.

બાળકો માત્ર સહેલું જ સમજી શકે છે એમ માનવું ભૂલ ભરેલું છે. માત્ર ટૂંકું ને સહેલું હોય એટલે પત્યું એમ પણ નહીં. પુખ્ત વયની વ્યક્તિ માટે લખાય ત્યારે એ વ્યક્તિ પાસે અમુક નિશ્ચિત જ્ઞાનનો જથ્થો હોય છે, જયારે બાળક માટે લખાય ત્યારે એ તો પહેલીવાર વિસ્મય અને કૌતુકથી ભરીભરી એની તાજી નજરથી લખાણ તરફ ઝૂકતું હોય છે. એની ભીતરમાં જાણવાની, જોવાની, અનુભવવાની અને કશુંક કરવાની અપરિમેય મનીષા હોય છે. એનું ચિત્ત મુક્ત હોય છે, એના ચિત્તમાં પુખ્ત વ્યક્તિમાં હોય છે એવા કશા જ આગળથી બંધાયેલા ખ્યાલ, અભિપ્રાય કે પૂર્વગ્રહ હોતા નથી. બાળકનું હૃદય ઘણું જ રસિક હોય છે. તે વિવિધ શૈલીમાં રસ લઈ શકે છે. એથી બાળક આગળ જે કંઈ રજૂ થાય તે અંગે ત્રણ વાનાં વિચારવાનાં એટલા જ જરૂરી છે : ભાષા, શૈલી અને રસ.

બાળવાર્તાઓમાં એવા કયાં કયાં તત્ત્વોથી બાળવાર્તાનું સ્વરૂપ બને છે, તે અંગે મુદ્દાસર તપાસીએ.

## ✰ બાળવાર્તામાં ભાવતત્ત્વ :

બાળવાર્તાઓમાં બાળકના મનને સ્પર્શે એ પ્રકારની સામગ્રી અને રજૂઆત અપેક્ષિત છે. બાળકને ભાવાત્મક તત્ત્વની અસર ઝડપથી થાય છે. એથી બાળવાર્તાઓમાં ભાવતત્ત્વ કે રસતત્ત્વનું વિશુદ્ધ અને એકાગ્ર સ્વરૂપ પ્રગટ થાય એ ઈષ્ટ છે. અનેકવિધ ભાવોની વધુ પડતી સંકુલ સૃષ્ટિ બાળકોને કદાચ અનુકૂળ ન આવે. બાળકો પામી શકે, માણી શકે એ બરની ભાવસામગ્રી અને ભાવગૂંથણી બાળવાર્તાઓમાં હોવી જોઈએ. બાળકોને એમની કલ્પનાની આંખમાં સમાય એવું અને એવડું જગત જોઈતું હોય છે. બાળવાર્તાઓમાં રસ લેતું બાળક બાળક જીવનને વધારે સારી રીતે જોતું સમજતું થાય એ આવકાર્ય બાબત છે. આ માટે બાળવાર્તાના સર્જકોએ વિવેકસભર ભાવ રસના વિવિધ સ્રોતોનો પરિચય બાળકને કરાવવો જોઈએ. બાળક આશા જ ગુમાવી દે એટલી હદે દુઃખનું

કટુ નિરૂપણ ન હોય, પણ સાથે સાથે જીવનની કટુતાનો તેને ખ્યાલ જ ન આવે એવું અવાસ્તવિક નિરૂપણ પણ ન જ હોવું ઘટે. બાળજગતને જીવનમાંથી કરુણતા કટુતાનું કેટલી હદે ને કેવી રીતે દર્શન કરાવવું તેમાં બાળવાર્તા સર્જકનાં સમ્યક સમજદારીને વિવેક જરૂરી છે. જીવનમાંના વિદ્યાયક બળનો વિજય તેનામાં શ્રદ્ધાનું બળ પૂરું પાડે જ છે. અને દુઃખના પરિણામ ભોગવતું પાત્ર તે માટેનાં કારણો પણ બતાવતું જ હોય છે અને આ બાબતના ખ્યાલ બાળમાનસને સમજાય તે રીતે રજૂ થાય તો એ પૂરતું છે.

## ✰ બાળવાર્તામાં વિસ્મય અને વિનોદ :

સામાન્ય રીતે બાળવાર્તાઓમાં અદ્‌ભુત અને હાસ્યની સૃષ્ટિ વધારે પ્રગટતી હોય છે. બાળકોને માટે જીવનની મસ્તી, જીવનની પ્રફુલ્લતા કે પ્રસન્નતા મનભાવન બાબત છે. અને તેથી બાળકને લીલાભાવવાળી સૃષ્ટિ વધારે અનુકૂળ આવે છે. બાળવાર્તાઓમાં તે ઉપરાંત કરુણા, દયા, ક્ષમા, વીરતા, સાહસ, પ્રામાણિકતા, સચ્ચાઈ, અનુકંપા, ભલાઈ આવી આવી મનુષ્યને સ્વસ્થ અને સૌજન્યશીલ બનાવનાર ગુણવૃત્તિઓની સૃષ્ટિ આલેખાય એ જરૂરી છે. બાળકને જીવનની ઉત્તમ વસ્તુઓ માટે આગ્રહ સેવતું બનાવવું હોય તો એ પ્રકારના સંસ્કારોને પોષે તેવી ભાવસૃષ્ટિ બાળવાર્તાઓમાં ખડી કરવી રહી.. બાળકોનું મિથ્યાભિમાન પોષાય, તેઓ અદેખાઈ કરે અને સ્વાર્થ પોષવામાં પોતાની હોંશિયારી અને વિકાસ સમજે એ પ્રકારની વિકૃતિઓને પોષતી કથાસૃષ્ટિ સર્વથા વર્જ્ય છે. તે જ રીતે અનીતિભરી, સંકુલ, લગ્નજીવનની પ્રપંચપૂર્ણ, અંધશ્રદ્ધા, અને વહેમથી ભરેલી કે એ પ્રકારની રોગિષ્ઠ મનોદર્શનથી પ્રેરિત કથાઓ પણ વર્જ્ય છે. શ્રી ગિજુભાઈએ આ સંદર્ભમાં કરેલી વાત નોંધવા જેવી છે. તેઓ લખે છે :

'દુષ્ટ માણસોનો વિજય થાય અને ભલા માણસોને દુઃખ સોસવું પડે, આળસુને વિના શ્રમે વૈભવ મળે અને ઉદ્યોગી જીવનભર, દરિદ્ર રહે, પ્રામાણિક માણસ મૃત્યુ સુધી હેરાન હેરાન થઈ જાય અને અપ્રામાણિક માણસને કોઈ પણ જાતની શિક્ષા ન થાય એવી વિચારસરણી જેમાં હોય તેવી વાતો આપણે બાળકોના સાહિત્યમાંથી કાઢી નાખવી જોઈએ.[૩૧]

જેમ શરીરના સ્વાસ્થ્ય અને આરોગ્ય માટે શું ખાવું અને શું ન ખાવું એ પથ્યાપથ્ય વિવેક જરૂરી છે તેમ આવતી કાલના નાગરિક બનવા ઉછરી રહેલાં બાળકોના મનના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે શું પથ્યાપથ્ય છે તેનો વિવેક જરૂરી છે અને એ વિવેક બાળવાર્તાની સૃષ્ટિમાં, તેના ભાવનિરૂપણમાં નિયામક બળ તરીકે પ્રવર્તવો જોઈએ.

## ✰ બાળવાર્તામાં કલ્પનાતત્ત્વ :

બાળકનું મન અત્યંત સ્ફૂર્તિમય હોય છે એની આસપાસની સૃષ્ટિને પોતાની કરવાનો રસ ખૂબ ઉત્કટ હોય છે. કેટલીક વસ્તુઓ સાથે એ સીધા સંપર્કમાં મૂકાય છે અને એ રીતે એનો પરિચય મેળવે છે. તો કેટલીક વસ્તુઓ તે કલ્પના દ્વારા યથાશકય પરિચય મેળવવા મથે છે. જે નજર સામે છે એ જે રીતે અનુભવાય છે તે બીજી રીતે પણ અનુભવી શકાય ખરું ? આ સંદર્ભમાં તેની જિજ્ઞાસા ઉત્કટ હોય છે. અને આ જિજ્ઞાસા તેની કલ્પનાશક્તિને પ્રેરે ઉશ્કેરે છે, એ રીતે કલ્પના શક્તિ પ્રેરાય ઉશ્કેરાય નહીં તો ઘણી બાળવાર્તાઓનું સર્જન કે ભાવન જ અટકી જાય છે. બાળવાર્તાઓમાં પરીલોક, રાક્ષસલોક, પાતાળલોક વગેરેની અનેક ચમત્કારિત વાતો આવે છે. બાળક પંખીની જેમ ઉડી શકતું નથી પણ પંખીની જેમ ઉડવાની કલ્પના તો કરી શકે છે. એ લીલીપુટના ટાપુ પરના વેતિયા લોકોની અપૂર્વ કલ્પનામાં રાચી શકે છે. પાવડીઓ, શેતરંજીઓ લાકડાના ઘોડાઓ વગેરે એ ઉડાવી શકે છે. એ અલાઉદ્દીનના ચિરાગની મદદથી પોતાની સેવા માટે જીનને હાજર કરી શકે છે. તેને મન ભીંત કે અરીસો જડ નથી, તે તેની સાથે વાતો કરી શકે છે. માટે કહેવાય છે કે બાળકોમાં કલ્પનાશીલતા ન હોય એ ચિંતાનો વિષય બને છે. બાળવાર્તાને જો પંખીની ઉપમા આપીએ તો એની એક પાંખ સચ્ચાઈની છે તો બીજી કલ્પનાની છે, આ બે પાંખ એ જ બાળહૃદય સુધી કથાની ગતિ છે.

## ✰ બાળવાર્તામાં વિચાર અને ચિંતનતત્ત્વ :

બાળવાર્તાઓમાં વિચારચિંતનને પણ સ્થાન છે જ. બાળવાર્તાઓ દ્વારા બાળકોના સર્વાંગીણ વિકાસનો જો ખ્યાલ હોય તો એની ચિંતન વિચારની શક્તિ ખીલે એ માટે પણ યથાશક્તિ કંઈક કરવું પડે. બાળવાર્તાઓનો સર્જક બાળકોની બૌદ્ધિક જાગૃતિ અને

વિકાસનો હંમેશા ખ્યાલ રાખે જ છે. બાળકોનું દિમાગ સહી શકે એટલો જ વિચાર ચિંતનનો સંભાર બાળવાર્તાઓમાં આવકાર્ય છે. બુદ્ધિશક્તિને પડકારતાં ઉખાણાં કે કોયડા બાળકોને ગમે છે. ચતુરાઈના પ્રસંગો બાળકો હોંશથી માણે છે. બીરબલની અનેક વાતો બૌદ્ધિક આનંદ આપનારી હોય છે. એમાં વિચારચિંતનની શક્તિ કેળવાય તેવાં અનેક તત્ત્વો હોય છે. બાળકોને બાળકથાઓથી ઘણું જ્ઞાન મળે છે એ સાચું, બાળવાર્તાઓથી એમની બુદ્ધિને કસવાનું અને વિકસવાનું મળે છે તે પણ સાચું, પણ એ બધું મળે છે વાર્તાના રસ સાથે, વાર્તાના આનંદના અનુષંગે.

## ✰ બાળવાર્તાની વસ્તુસામગ્રી :

'બાળવાર્તા' માં 'વાર્તા' શબ્દ કૃતિના સ્વરૂપનો, એના આંતરસત્ત્વનો નિર્દેશક છે તો 'બાળ' શબ્દ એની પ્રભાવ સીમાનો નિર્દેશક છે. આપણે એવા વર્તુળની કલ્પના કરી શકીએ કે જેના કેન્દ્રમાં કથા હોય અને જેના પરિઘ પર બાળક હોય. સારી વાર્તાની જે કાંઈ શરતો છે એ બધી બાળવાર્તાએ પાળવાની રહે છે. એની વસ્તુસામગ્રી, આયોજન, પાત્રવિધાન, રસતત્ત્વ, શૈલી આ સર્વ એક સુઘટિત વાર્તાનું નિર્માણ કરે અને તે પણ બાળભોગ્ય એવી કથાનું, એવાં હોવાં જોઈએ. બાળવાર્તામાં વસ્તુપસંદગી બાળકોને નજર સામે રાખીને કરવાની રહે છે. ખૂન, આત્મઘાત, બળાત્કાર જેવાં વસ્તુ બાળકોને આપી શકાશે નહીં. બાળકોની ભાવગ્રહણની કક્ષાનો અને તેની વિકાસક્ષમતાનો ઔચિત્યપુરઃસહ ખ્યાલ કરવાનો રહે જ. બાળવાર્તાસર્જક વસ્તુની પસંદગી કરતાં એ વિવેકને ચૂકશે નહીં.

બાળવાર્તામાં કથાનકની રજૂઆત પ્રમાણમાં સરળ અને સીધી હોય છે. ગિજુભાઈએ આ અંગે સરસ વાત કરી છે :

'વાર્તા સાદી અને સરળ જોઈએ. વાર્તાનું બંધારણ એવું હોવું જોઈએ કે જે સરલતાનો નમૂનો જ હોય, એટલે કે વાર્તામાં એકાએક ટેકરા અને એકાએક ખાડા ન જોઈએ. ઘડીમાં રસના શિખરે ચઢી જવાય અને તુર્ત જ રસહીનતાની ઊંડી ખાઈમાં ગબડી જવાય એવી વાર્તા ન જોઈએ. બાળવાર્તા ખાસ કરીને સીધા માર્ગ જેવી જોઈએ.

વર્ણનોના, ઉપમાના, કલ્પનાના, વ્યંગ્યોના એમાં ખાડા ટેકરા ન જોઈએ. એની સાદાઈ ખાદીનાં વસ્ત્રો પહેરનારી સરલસ્વભાવા આર્ય મહિલા જેવી જોઈએ. જે સાદાઈ બાળકના હૃદયમાં છે તે સાદાઈ બાળવાર્તામાં જોઈએ. એ વાર્તાઓ નાની એવી પણ અસ્ખલિત વહેતી, સીધી, નિર્મળ લાંબાટૂંકા પટ વિનાની, રેતી સાથે રમતી નદીના જેવી હોવી જોઈએ. તેમાં સર્પાકાર તો કોઈક જ હોય અને તે પણ બહુ જ નાની.[૩૨]

બાળવાર્તાઓમાં સામાન્ય રીતે અંત સુખદ હોય છે. ભરતમુનિએ નાટકની બાબતમાં કહેલું : 'મધુરેણ સમાપયેત' અર્થાત્ નાટકની સમાપ્તિ મધુર રીતે કરવી જોઈએ. આપણે ખુશીથી કહી શકીએ કે બાળવાર્તાની સમાપ્તિ પણ સુખદ રીતે મધુર રીતે થતી હોય છે. બાળ વાર્તાઓમાં છેવટે 'ખાધું પીધું ને મોજ કરી' એમ આવે છે એમાં કશું ખોટું નથી.

સામાન્ય રીતે સુખાંત જ બાળકને પ્રિય છે, છતાંય જગતની કરુણ વાસ્તવિકતાથી પણ તેને પરિચિત કરાવવાનો તો છે જ. પોતાના વખાણ સાંભળી, મૂર્ખ કાગડો ફુલાઈ ગયો ને ગાવા માંડયો, પરિણામે તેણે ચાંચમાં પકડી રાખેલી પૂરી ગુમાવી. કાગડાના ફૂલણજીપણાને કારણે શિયાળની લુચ્ચાઈની જીત થઈ. આ કથામાં કાગડા માટે સહાનુભૂતિ નથી થતી. આવી તો બીજી અનેક કથાઓ છે. એક બાજુથી ભલાઈનાં ગુણગાન ગાઈએ ને બીજી બાજુ ચતુરાઈથી મેળવેલી જીતનાં વખાણ થાય. આ વાસ્તવિકતાનો પરિચય બાળકને વાર્તાઓ દ્વારા અપાય છે જ.

બાળવાર્તાઓમાં કથાવસ્તુની ગૂંથણી એવા પ્રકારની જોઈએ કે જેથી બાળકની વાર્તામાં એકાગ્રતા અને ઉત્કટ જિજ્ઞાસા જારી રહે. એમાં લાંબાંલચક વર્ણનો કે ચિંતનબોધનાં ટાયલાં અવરોધરૂપ થાય છે. બાળવાર્તાઓમાં કથાવસ્તુની ક્રિયાગતિ બાળકની રસવૃત્તિને સતત જાગૃત રાખે અને ખીલવે એવી હોવી જોઈએ. આપણે કહી શકીએ કે બાળવાર્તા કોઈ ઝરણાંની જેમ કે કોઈ રાજકુમારના શ્વેત ઘોડાની જેમ કે આનંદી હરણાની જેમ ઉછળતી, આગળ વધતી હોવી જોઈએ.

## ✰ બાળવાર્તાની પાત્રસૃષ્ટિ :

બાળવાર્તાની સફળતા જેટલી ઘટના કથાનક પર અવલંબે છે તેટલી જ પાત્રસૃષ્ટિ પર અવલંબે છે. ઘટના પ્રગટ થાય છે પાત્રોનાં વ્યવહાર વર્તન દ્વારા. ઘટનાને અવનવા વળાંકો આપવામાં પાત્રોનું સંચાલન મહત્ત્વની કામગીરી અદા કરે છે. આ પાત્રો અનેક પ્રકારના હોય છે. બાળવાર્તામાં કેવળ બાળકો જ પાત્રો રૂપે જોઈએ કે એમના જીવનની ઘટનાઓ એમાં આલેખવી જોઈએ એ જરૂરી નથી. આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ, વગેરે જાતિપાંતિના બાધ વગર આમાં આવી શકે છે. આ વાર્તાઓની સૃષ્ટિમાં મનુષ્ય ઉપરાંત મનુષ્યેતર પ્રાણીઓ પશુઓ પંખીઓ જીવજંતુઓ પણ પાત્રો તરીકે આવી શકે છે. વળી, પ્રસંગોપાત, દેવ, દાનવ, પરી, ભૂત, ડાંકરણ વગેરે અતિમાનુષીકે દૈવી પાત્રો પણ આમાં હોય છે. કેટલીક વાર જડ સૃષ્ટિના પદાર્થો પણ પાત્રો તરીકે બાળકોની કથાસૃષ્ટિમાં ઉપસ્થિત થાય છે. આ સર્વ પાત્રોની એક ભાતીગળ દુનિયા અવનવા રસ ચમત્કારો સર્જતી બાળકથાસૃષ્ટિમાં સક્રિય હોય છે.

બાળકને અવાસ્તવિક પાત્રો ગમતાં નથી. કાલ્પનિક પાત્રો પણ અમુક પ્રકારની વાસ્તવિકતા તો ધરાવતાં જ હોય છે, અને તેવાં પાત્રો સાથે તેનો મનમેળાવો શકય બને છે. બાળવાર્તાના પાત્રો આપણાં સાખપાડોશી બની શકે એવા જીવંત અને સચ્ચાઈવાળાં હોવાં જોઈએ. એ પાત્રોનું પોતાનું વ્યક્તિત્વ હોવું જોઈએ, પોતાની જીવનશક્તિ હોવી જોઈએ. બાળકોને જેની સોબતનો રંગ લાગી જાય એવો એ જીવનશક્તિથી જિંદાદિલીથી ઉછળતા હોવાં જોઈએ. બાળકોને સાચાં, પ્રામાણિક, ન્યાયપ્રેમી, સાહસિક, રમતિયાળ, વિનોદી, અને હૂંફાળા પાત્રો વધારે ગમે છે. જે પાત્રોની આગળ બાળકને ક્ષોભ થાય, બાળકનું અહમ્ ઘવાય, બાળકનું વ્યક્તિત્વ કોઈક પ્રકારનો સંકોચ અથવા દબાણ અનુભવે એવાં પાત્રોનું સાન્નિધ્ય તેઓ સામાન્ય રીતે ટાળતાં હોય છે.

બાળવાર્તાઓની પાત્રસૃષ્ટિ કલાવિધાનના કે રસવિધાનના સંદર્ભમાં જરાય નાની કે હીણી નથી, બલકે સર્જકપ્રતિભાની એ વધુ એકાગ્રતા અને ફળદ્રૂપતા માંગે છે. આ પાત્રવિધાનમાં મનોવૈજ્ઞાનિક સંગતતા, અનુભવપૂત, પ્રતીતિજનકતા, કલ્પના રસિકતા અને જીવંતતા જરૂરી છે. કેવળ ઉપર છલ્લી રીતે નિરૂપાયેલાં શુષ્ક પાત્રો બાળકોને કંટાળો

આપે છે. બાળક માટેનું દરેક પાત્ર મનસા વાચા કર્મણા બાળકના મનમાં પ્રવેશી શકે એવી ક્ષમતાવાળું તો થવું જ જોઈએ.

## ✰ બાળવાર્તામાં વાતાવરણ પરિવેશ :

બાળક બાળવાર્તાની સૃષ્ટિમાં પ્રવેશે ત્યારે એના રોજના જીવનના વાતાવરણમાંથી મુક્ત થઈ કથાસૃષ્ટિના વાતાવરણનો અનુભવ કરવા માંડે છે. એ અનુભવ પણ બાળકને આહ્‌લાદક બની રહે એવો હોય એ સ્પષ્ટ છે. જે કાળની, જે સ્થળની વાર્તા હોય તે કાળનો સ્થળનો પરિવેશ એમાં બરોબર સચવાવો જોઈએ. ઐતિહાસિક કથામાં જે તે દેશકાળનું વાતાવરણ, એનો પ્રાણ અથવા તેની મૂળભૂત તાસીર સચવાયેલી હોવી જોઈએ. ક્ષત્રિયોની કથા હોય તો ત્યાં ક્ષાત્રવટના ખ્યાલો રજૂ થાય એ જરૂરી બની રહે. જે તે સમાજના વાતાવરણનો પ્રભાવ કથાનાં ઘટના પાત્ર ભાષા વગેરે પર સ્વાભાવિક રીતે જ પડતો હોય છે. બાળકોને પણ એવા વૈવિધ્યસભર વાતાવરણમાં પ્રવેશવાની, વિહરવાની મઝા આવતી હોય છે. બાળકોને એકનું એક વાતાવરણ કે પરિવેશ કંટાળો આપે છે. બાળવાર્તાના સર્જકે એવી હવા સર્જવી જોઈએ કે બાળકોને વાર્તાના ગર્ભાગારમાં પ્રવેશવા માટેનું આકર્ષણ પેદા થાય અને એ માટે માર્ગદર્શન અને સહાય આપે. ઉચિત શબ્દપ્રયોગ દ્વારા લેખક ધાર્યું વાતાવરણ ખડું કરી શકે છે, જેમ કે :

"ઘણણણ... ઘણણણ.... કરતાં એ વિમાનોમાંથી બોમ્બ અને રોકેટ વછૂટવા લાગ્યા. આપણા વિમાનીઓએ વજ્જર જેવું હૈયું રાખી ખૂબ જ નીચે સુધી વિમાનો ઉડાવી રોકેટો ફેંકવા માંડયાં. ધન.. ધન... ધન... કરતી કેટલીક ટેન્કોનાં ભુક્કા બોલી ગયા."

('જય ગાથા જવાનની' પૃ.૧૫, લે. ધનંજય શાહ)

આપણા જવાનની પરાક્રમગાથાની વાત કરતાં યુદ્ધભૂમિનું વાતાવરણ જમાવતું આ સરળ શબ્દચિત્ર કેવું બાલભોગ્ય છે !

## ✰ બાળવાર્તામાં રસતત્ત્વ :

બાળકોની વાર્તાઓ બોધક હોય કે ન હોય પણ તે રસપ્રદ તો હોવી જ જોઈએ. બાળવાર્તાઓની રસપ્રદતા અનેક તત્ત્વો પર અવલંબે છે. વિષયવસ્તુ, સ્વરૂપ, શૈલી વગેરે અનેક તત્ત્વો પરસ્પર સુમેળ સાધી કથાનું રસતત્ત્વ નિષ્પન્ન કરે છે. બાળકોને કથામાં શરૂઆતથી જ રસ પડવો જોઈએ. ખાસ કરીને બાળકોને હાસ્ય, અદ્‌ભુત, વીર જેવા રસો સવિશેષ અનુકૂળ આવે છે. બાળવાર્તાઓમાં સાહસ, દેશભક્તિ, વિનોદ અને ચમત્કારની અનેક બાબતો આવતી હોય છે.

બાળવાર્તાની સૃષ્ટિ બાળકો પ્રત્યેના સ્નેહમાંથી જ ઉદ્‌ભવેલી સૃષ્ટિ છે. એ સૃષ્ટિની સદ્ધરતા પણ બાળકોના સ્નેહ પર જ અવલંબે છે. બાળકથા બાળકોને મનુષ્ય પ્રત્યે, પ્રકૃતિ પ્રત્યે, પ્રભુ પ્રત્યે, ખીલવે છે અને એને પરિણત કરે છે. આમ બાળકોની કથાસૃષ્ટિ સ્નેહરસની સૃષ્ટિ છે.

## ✰ બાળવાર્તામાં નિરૂપણરીતિ ભાષાશૈલી :

બાળવાર્તાઓમાં જે પાત્રો આવે છે તેને રજૂ કરવા માટે વર્ણનની પદ્ધતિ અજમાવાય છે, પણ બાળકોને બહુ લાંબાં વર્ણનો અનુકૂળ આવતાં નથી. બાળકથામાં ક્રિયાને સ્ફુટ કરે એવી આલેખન પદ્ધતિ ઈષ્ટ મનાય છે. સંવાદ આ સંદર્ભમાં બહુ અસરકારક પદ્ધતિ છે. બાળવાર્તામાં સંવાદો સ્વાભાવિકતયા આવવા જોઈએ. અટપટા અને લાંબાલચ સંવાદો ક્રિયારસમાં ઉપકારક થવાને બદલે અવરોધક બની રહે એવો ભય હોય છે.

બાળવાર્તાઓનાં સંવાદોની ભાષા પણ બને તેટલી ઘૂંટાયેલી, પ્રસંગોચિત, પાત્રોચિત અને સરળ હોવી જોઈએ. એ સંવાદોમાં બાળકો હોંકારો કે ટાપસી પૂરાવે એવા અવકાશો હોય તો તે પણ આવકાર્ય છે. બાળવાર્તાઓનાં સંવાદોમાં કથનશૈલીના સર્વ આકર્ષક તત્ત્વોનુ જતન થવું જોઈએ. પાત્રાલેખન માટે સંવાદ એક પ્રબળ માધ્યમ છે. લાંબા અને અઘરા સંવાદો કથારસને થંભાવી દે છે. વળી સંવાદની સ્વાભાવિકતા પણ તેથી

ઘટી જાય છે. તેથી બાળવાર્તાઓના સંવાદોમાં શક્ય તેટલી ભાવોચિત અને બાલોચિત તરેહનો ઉપયોગ કરવો જોઈએ.

બાળવાર્તામાં જે કાંઈ બધું વ્યકત થાય છે એ ભાષામાં વ્યકત થાય છે. સર્જક કઈ રીતે બાલકથામાં ભાષા પ્રયોજે છે એ મહત્ત્વનો પ્રશ્ન છે. એ તો સ્પષ્ટ છે કે બાળવાર્તા કહી એટલે એમાંની કથાશૈલી બાળભોગ્ય તો રહેવી જ જોઈએ. કેવળ મોટા ટાઈપમાં અક્ષરો છાપવાથી કોઈ વાર્તા બાળવાર્તા બની જતી નથી, કે કોઈ શૈલી બાળભોગ્ય બની જતી નથી, એ આપણે જોઈ ગયા. એમાં ભાવ પ્રમાણેના આરોહ અવરોહ, કાકુ, કહેવતો, રૂઢિપ્રયોગો, ઉદાહરણો, અલંકારો કહેણીની અવનવી લઢણો આ બધું ઉપયોગમાં લેવાનું છે. સારી બાળકથા બાળકોને વાક્શક્તિનો સાક્ષાત્કાર કરાવે છે, બાળવાર્તાસર્જક અને એનાં સર્જેલાં પાત્રો બાળક સાથે વાતચીત જમાવતાં હોય તેવી હવા બાળવાર્તામાં અપેક્ષિત છે.

## ✩ બાળવાર્તામાં 'મોટિફ' :

બાળવાર્તાના બધાં પ્રભેદોમાં કેટલુંક સાધારણ તત્ત્વ પણ જોવા મળે છે. ઘણાં કથાબીજો એવાં મળશે કે જે દેશ પરદેશની કથામાં સર્વસામાન્ય રીતે વપરાયાં હોય. તેવું જ 'મીથ' વિશે પણ છે.

વિશ્વની બધી ભાષાઓમાં 'મીથ' જેવી વસ્તુ મળતી રહી છે. પુરાણકલ્પન 'મીથ અને કથાબીજો 'મોટિફ' વચ્ચે ગાઢ સંબંધ દુનિયાભરના કથાસાહિત્યમાં જોવા મળે છે. અને તેમાં બાળકથાસાહિત્ય અપવાદરૂપ ન જ હોય એ સમજાય તેવું છે.

અહીં 'મોટિફ' વિશે પણ જરા વધુ વિચારી શકાય. તેના મુખ્ય ત્રણ લક્ષણો ગણાવી શકાય. પહેલું તેમાં સરળતા સહજતા સાદાઈ હોય છે. બીજું તે સંખ્યાતીત આવર્તનક્ષમતા ધરાવે છે. અને ત્રીજું તેમાં ચમત્કૃતિ હોય છે.

તે રીતે પુરાણકલ્પનઃ 'મીથ' અને 'મોટિફ' પરંપરાગત બાળસાહિત્યમાં સદ્‌ગુણોના વકીલનું કાર્ય કરે છે અને આનો ઉપયોગ છૂટથી વિશ્વભરના બાળ કથાસાહિત્યમાં અનેકદા થયેલો જોવા મળે છે.

આ રીતે બાળસાહિત્યનાં સ્વરૂપો જોવા મળે છે, અને આ તમામ પાસાંઓથી બાળવાર્તાઓનું સર્જન થતું હોય છે.

## ✰ બાળસાહિત્યના પ્રકારો :

કોઈપણ બાળવાર્તાનું પોતાનું આગવું સ્વરૂપ અને વ્યક્તિત્વ હોય છે. આમ છતાં વિષયવસ્તુ નિરૂપણપદ્ધતિ, પ્રયોજન, આદિને કારણે આ બાળવાર્તાઓનાં અલગ જૂથો, અલગ અલગ પ્રકારો પડતાં હોય છે. કેટલીક બાળવાર્તાઓ શૈક્ષણિક પ્રયોજનથી કે નૈતિક પ્રયોજનથી પણ લખાઈ હોય છે, તો કેટલીક ધાર્મિક પ્રયોજનથી પણ લખાઈ હોય છે. એ રીતે બાળવાર્તાઓ ઉપરાંત બાળસાહિત્ય અંતર્ગત બાળકાવ્યો, જોડકણાં, બાળનાટકો, અને ચિત્રકથાઓ પણ લખાઈ છે. તેને વિગતે તપાસીએ.

## ✰ બાળવાર્તાના પ્રકારો :

### *(૧) હિતોપદેશકથાઓ :*

હિતોપદેશની વાર્તાઓ પ્રાણીકથાના એક ભાગ તરીકે જ મળે છે. હિતોપદેશની વાર્તાઓ વિશે એરિસ્ટોટલનો મત હતો કે : "મનુષ્ય કે વનસ્પતિ પાત્રો તેમાં ન હોવાં જોઈએ"[33] બાળકોમાં વધુ પ્રચલિત બનેલી હિતોપદેશની વાર્તામાં મોટેભાગે પ્રાણીપાત્રો જ જોવા મળે છે. આવાં પ્રાણીપાત્રો મનુષ્યની માફક જ વાતચીત અને વ્યવહાર કરતાં હોઈ અને મહત્ત્વના માનવગુણ કે અવગુણનું પ્રતિનિધિત્વ કરતાં હોઈ, આ પ્રકારની વાર્તાઓનો 'બોલતાં પ્રાણીઓની તરંગકથા' તરીકે પણ ઓળખાવી શકાય. પ્રાણીકથા સ્વીકૃત નૈતિક ઉપદેશના હેતુથી લખાય, ત્યારે તે હિતોપદેશકથા બને છે.

હિતોપદેશની વાર્તાઓમાં નૈતિક ઉપદેશ હોય છે. પરંતુ બાળકો તો તેમાંના વાર્તાતત્ત્વથી પ્રેરાઈને જમાનાઓથી તેને હૈયે સંઘરતાં આવ્યાં છે. પ્રાણીઓનાં ઓઠાં નીચે કહેવાયેલી હોવાથી રમૂજભરી રીતે જ બાળમન પર છાપ પાડી હશે તેમાં શંકા નથી. માટે જ સાહિત્યના ક્ષેત્રે 'હિતોપદેશની વાર્તાઓ' નું મૂલ્ય સ્વીકારવું જ રહ્યું.

## *(૨) પંચતંત્રની વાર્તાઓ :*

હિન્દુસ્તાની હિતોપદેશકથતાઓનો જૂનામાં જૂનો લેખિત ગ્રંથ 'પંચતંત્ર' છે. જેનો અર્થ પાંચ તંત્ર અથવા વિભાગો. ઈ.સ. પૂર્વે ૨૦૦ માં કાશ્મીરમાં રચાયેલ આ વાર્તાઓનું મૂળ 'જાતકકથાઓ' માં રહ્યું હોવાન એક મત છે. તો ઈ.સ.ની ત્રીજી સદીમાં દક્ષિણ બિહારમાં આવેલ પટણાના રાજા સુદર્શનના મૂર્ખ પુત્રોને જ્ઞાન આપવાના ઈરાદે 'વિષ્ણુશર્મા' નામના પંડિતે લખ્યો તેવો બીજો મત છે. રાજાના પુત્રોને રાજનીતિ અને વ્યવહારું જ્ઞાન આપવાના હેતુથી પંચતંત્ર રચાયાં હોવાથી, તેમાં રાજનીતિના સામ, દામ, દંડ, ભેદનાં પ્રાચીન ભારતીય પ્રકારો શીખવતી વાર્તાઓ છે, જે આપણી પ્રાચીન રાજનીતિ પર ઘણો પ્રકાશ પાડે છે. વળી આ વાર્તાઓમાં વ્યવહારુ જ્ઞાન પણ ઉપદેશરૂપે ભરેલું પડેલું છે.

## *(૩) નીતિકથાઓ :*

બાળવાર્તાના સાહિત્યમાં ધર્મ અને નીતિશિક્ષણનો ઘણો મોટો પ્રભાવ પડયો છે. ધર્મસંપ્રદાયો એ બાળકના ઘડતર માટે કથાસ્વરૂપનો પોતપોતાની આગવી રીતિએ ઉપયોગ કર્યો છે.

માત્ર વેદ ઉપનિષદોમાં જ નહીં, તે પછી પણ જે ધર્મગ્રંથો આવ્યા તેમાં કોઈને કોઈ રીતે કથાતત્ત્વનું સ્થાન રહ્યું. બૌદ્ધોના ધર્મગ્રંથોમાં આપણને જાતકકથાઓ મળે છે, તો જૈનધર્મ પાસેથી આગમકથાઓ મળે છે. વળી આ પ્રકારની કથાઓ ઉપરાંત ધર્મનીતિના સિદ્ધાંતો સમર્થનમાં અનેક પ્રકારની દૃષ્ટાંતકથાઓ ધર્મકથાઓ આવતી હોય છે. આવી કથાઓ બાઈબલ, કુરાન આદિ ધર્મગ્રંથોમાં મળે છે. વળી સંતોનાં ચરિત્રોમાંથી તથા વ્રતતપ આદિ વિધિઓ સાથે સંકળાયેલી અનેક કથાઓ પણ મળે છે. લોકોને નીતિકથા ખૂબ ગમે છે કારણ કે તે યાદ રાખવી સહેલી અને માનવતાના ધોરણે પણ સાચી હોય છે.

## *(૪) સાહસકથાઓ :*

બાળકોમાં સાહસવૃત્તિ ખીલે, એમનામાં વીરત્વની ભાવના જાગે, એ નિર્ભય અને આત્મનિર્ભર બને, સંકલ્પવાન અને હિંમતવાન બને એ માટે સાહસકથાઓ અથવા પરાક્રમકથાઓ અને શૌર્યકથાઓ અથવા વીરત્વની કથાઓ ઘણી ઘણી લખાય છે.

સાહસકથાઓમાં ક્રિયાવેગ, જિજ્ઞાસારસ, સંઘર્ષ વગેરે જરૂરી છે. અનિષ્ટની સામે નહીં નમવાનો, બલકે એની સામે ઝૂકીને એને પરાસ્ત કરવાનો દૃઢ નિર્ધાર સાહસકથાઓમાં જોવા મળે છે. સાહસ મનનો ગુણ છે. કેવળ શારીરિક શક્તિના પ્રયોગમાં સાહસવૃત્તિ જોવી બરોબર નથી.

સાહસકથાઓમાં નિરૂપાતું સાહસ અનેક પ્રકારનું હોઈ શકે. પર્વત ચઢવાનું, ગાઢાં જંગલો કે રણ વીંધવાનું, તોફાની દરિયો ખેડવાનું, આંધી સામે ટક્કર લેવાનું, દુષ્કાળ ધરતીકંપ, આગ, પૂર કે રોગચાળો વગેરે સામે ડર્યા વિના કામ કરવાનું આવાં આવાં તો અનેક સાહસો બાલકથાઓમાં નિરૂપી શકાય છે. સાહસકથાઓમાં શિકારકથાનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

### *(૫) વિનોદકથાઓ :*

બાળકથાઓનું મહત્ત્વનું પ્રયોજન બાળકોનું મનોરંજન છે. બાળકો હસતાં રહે, હસતાં હસતાં ખીલતાં રહે એટલા માટે આ કથાઓ કહેવાય છે. બાળકના તનને સૂરજનો તડકો હૂંફ આપે છે તો બાળકના મનને વિનોદ અને હાસ્ય હૂંફ આપે છે. બાળક પ્રસન્ન રહે એ સર્વકથાઓનું લક્ષ હોવું જોઈએ અને એમાંય વિનોદકથાઓનું તો ખાસ જે કથાઓમાં બાળકને સસ્મિત રાખવાની યુક્તિ પ્રયુક્તિઓનું વિશેષ ભાવે આલેખન હોય છે તેને આપણે વિનોદકથાના વર્ગમાં મૂકી શકીએ.

માનવપ્રજાઓએ હસવા હસાવવાને અનેક યુક્તિપ્રયુક્તિઓ, તરીકાઓ શોધી કાઢ યાં છે. માણસો એકબીજાની અધૂરપો ઉણપો કેટલીકવાર હસી હસાવીને નભાવી લેતા હોય છે.

આપણા ગુજરાતી બાળવાર્તાસર્જકોએ બાળકને અવનવી રીતે હસાવવાના પ્રયત્નો ચલાવ્યા છે. અનેક હાસ્યરસિક પાત્રો આપી, તેમનાં તોફાન, ટીખળમસ્તીથી બાળકોને હસમુખાં બનાવવા કોશિશ કરી છે. તેઓ કયારેક બાળકને ખડખડાટ હસાવે છે, તો કયારેક જીણું જીણું મલકાવે છે. કેટલીક વાર હાસ્ય શબ્દ રમતમાંથી ઉપજાવવામાં આવ્યું

છે. તો કેટલીકવાર પરિસ્થિતિમાંથી, કેટલીકવાર હાસ્ય બુદ્ધિપ્રેરિત હોય તો કેટલીકવાર હાસ્ય તુક્કાપ્રેરિત. આમ ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં હાસ્યવિનોદ અનેક રૂપે મળે છે.

## *(૬) વિજ્ઞાનકથાઓ :*

વિજ્ઞાનકથાઓ સ્પષ્ટતયા વિજ્ઞાનયુગની નીપજ છે. આ વિજ્ઞાનકથાઓમાં મુખ્ય પ્રયોજનતો બાળકોને વિજ્ઞાનમાં રસ પેદા કરવાનું હોય છે. બાળકો રસિક રીતે વિજ્ઞાનની વાતોના પરિચયમાં આવે, તેઓ વૈજ્ઞાનિક પ્રક્રિયાઓને સમજતાં થાય, તેમનામાં વૈજ્ઞાનિક બુદ્ધિ જાગૃત થાય એ આશયથી વિજ્ઞાનકથાઓ લખાતી રહી છે.

આમ તો વિજ્ઞાનકથાઓ પણ એક પ્રકારની કલ્પના કથાઓ છે. તેમાં અવકાશી સાહસો કે દરિયાઈ સાહસો યંત્રોની મદદથી પણ કરેલાં હોય એવું જોવા મળે છે. જૂના વખતમાં રોકેટ, અવકાશયાન વગેરેની વાતો આવતી હતી. એક જમાનામાં એ બધી કલ્પનાઓ હતી. એચ.જી.વેલ્સે 'ચંદ્ર પર માનવી' વાર્તા (ઈ.સ. ૧૯૦૧) માં એક માનવીને ચંદ્ર પર ઉતાર્યો હતો. આજે એ બધું સત્યરૂપે આપણે અનુભવ્યું છે.

વિજ્ઞાનકથાઓમાં બાળકોને વિજ્ઞાનની પ્રમાણભૂત માહિતી મળે એ જરૂરી છે. તેથી એવી કથાઓ લખતાં પૂર્વે બાળકથાસર્જકે વિજ્ઞાનનો સારો અભ્યાસ કર્યો હોય, તેની પ્રમાણભૂત જાણકારી મેળવી હોય એ જરૂરી છે. કહેવું હોય તો કહી શકાય કે વિજ્ઞાનકથા એ વૈજ્ઞાનિક બુદ્ધિ અને સર્જક પ્રતિભાની સંયુક્ત બાળકી છે. વિજ્ઞાનકથાના લોહીમાં વિજ્ઞાનરસ અને કથારસ બેઉનું સંમિશ્રણ નજરે પડે છે.

આજે આવી વૈજ્ઞાનિક તરંગકથાઓ માટે હવે ઘણો અવકાશ પેદા થયો છે. આજના રોકેટ અને સેટેલાઈટ યુગમાં અવકાશી તરંગકથાઓ માટે પણ ઘણી શકયતાઓ ખૂલી છે.

આપણે બાળવાર્તાના પ્રકારો વિશે વિસ્તારથી ચર્ચા કરી. હવે બાળવાર્તાના પ્રકારોથી અલગ પણ અમુક પ્રકારો છે, તેને તપાસીએ.

## (૧) બાળકાવ્યો :

બાળકાવ્ય એટલે બાળક માટેનું કાવ્ય 'બાળકાવ્ય' શબ્દ સ્પષ્ટતયા તે કાવ્યની ભાવકનિર્ભરતાનો સંકેત કરે છે. બાળકો માટે લખાયેલાં કાવ્યોનો જો બાળકો આસ્વાદ ન

કરી શકે તો તેમને બાળકાવ્યો ન કહીં શકાય. વળી મોટેરાં માટે લખાયેલ કાવ્યો પણ જો બાળકોને સ્પર્શી શકતાં હોય, એમનો આસ્વાદ લઈ શકતાં હોય તો તેમને બાળકાવ્યોનાં વર્ગમાં મૂકવામાં વાંધો હોઈ શકે નહીં.

બાળકો બાળકાવ્યને, કહે કે, માત્ર કાનથી જ નહીં, સમગ્ર હસ્તીથી જીલે છે અને માણે છે. બાળકો કાવ્યના શબ્દ સાથે, અર્થ સાથે, લય સાથે, લય અને પ્રાસ સાથે કોઈ ઊંડું તાદાત્મ્ય અનુભવે છે. બાળકો બાળકાવ્યને બાળગીતને પોતાના અસ્તિત્વમાં વણી લેવા મથતાં હોય છે. બાળકનો કાવ્ય સાથેનો સંબંધ બાહ્ય, ઔપચારિક કે આંશિક હોઈ શકતો નથી. એ સંબંધ તેના માટે તો વધુમાં વધુ ઈન્દ્રિયગ્રાહ્ય, ઈન્દ્રિયસંતપર્ક બની રહે છે. બાળકો કાવ્યના શબ્દાર્થને કંઠમાં ગોઠવતાં એને સૂરતાલનો તો ખરો જ, તે સાથે જ કયારેક તો હાથની તાલીને પગના ઠેકાયુક્ત નૃત્યનોયે ટેકો આપે છે, પરિણામે એ કાવ્યની આસ્વાદક્ષમતા, એની પ્રભાવકતા વધુ વ્યાપક, ઉત્કટ અને સદ્યસ્પર્શી થાય છે. માટે બાળકને માટે બાળકાવ્ય બોજારૂપ નહીં, બલકે એને લીલાયમતાનો ક્રીડામયતાનો રમણીય અનુભવ આપનારી વસ્તુ બની જાય છે.

બાળકાવ્યોમાં ગેયતા, અભિનેયતાને પરિપોષક એવાં સર્વ તત્ત્વો આવકાર્ય જ હોય. બાળકાવ્યોમાં લયકારી, પ્રાસવિધાન વગેરે ખૂબ મહત્ત્વનાં તત્ત્વો લેખાય. અમુક રીતે શબ્દો કે પંક્તિખંડો કે પંક્તિઓનાં થતાં પુનરાવર્તનો, તાનપૂરક શબ્દોનો તથા ધ્રુવપદો કે ધ્રુવપંક્તિઓનો અવનવો વિનિયોગ, રવાનુકારી ને ઝડઝમકવાળા શબ્દોની રમઝટ આ સર્વને બાળકાવ્યમાં પૂરો અવકાશ છે.

## (૨) જોડકણાં :

બાળવાર્તાઓના વિવિધ સ્વરૂપોનો વિચાર કરીએ ત્યારે સૌથી પહેલાં આપણને યાદ આવે છે નાનપણમાં, જયારે આપણે બે થી પાંચેક વર્ષના હોઈશું ત્યારે સાંભળેલી ચકા ચકીની, આનંદી કાગડાની, બકરીબાઈની, ઉંદરમામાની વગેરે વાર્તાઓ. તેમાંય પહેલાં તો યાદ આવે છે તેમાંનાં જોડકણાઓ :

"એ ભાઈ ગાયોના ગોવાળ
ગાયના ગોવાળ
મારા ચકારાણાને કાઢ તો
તને ખીરપૂરી ખવડાવું !" અથવા
"ગોળ કેરી ભીંતરડી ને શેરડી કેરા દાંડા,
કોપરીએ ઘર છાયાં બચ્ચાં બારણાં ઉઘાડો"

કથાવસ્તુમાં તત્કાલ પ્રવેશ, ત્વરિત આરોહ અવરોહ, ટૂંકાને સચોટ અંત માટે વાર્તામાં વચ્ચે વચ્ચે જોડકણાંઓ આવતા હોય છે, અને વાર્તાને સંપૂર્ણ નાવતા હોય છે.

વાર્તાનું આંતરજગત ભાવપૂર્ણ હોય છે. વિવિધ પાત્રો અને ક્રિયાઓનું ભાવસભર આલેખન એમાં થતું હોય છે. કથામાં વારંવાર બેવડાતાં જોડકણાં પણ વાર્તાનું ભાવજગત ઘડી આપતા હોય છે. જોડકણાં તો આવી વાર્તાનો પ્રાણ હોય છે. જોડકણાંમાં આવતા વિવિધ લય, શબ્દોની પસંદગી અને પ્રાસરચના વગેરે વાર્તાની વિશિષ્ટ ભાવસ્થિતિઓને (મૂડને) સાકાર કરી આપે છે. થોડાં ઉદાહરણો લઈએ :

અપરાધી તરફનો ગુસ્સો અને બદલો લેવાનો છૂપો આનંદ જોડકણાંના શીઘ્ર લય, બરછટ, ઊભડક અને ટૂકાં પદો અને શબ્દોમાં કેવી સચોટતાથી રજૂ થાય છે. તે જૂઓ :

(૧) જૂકા પેટ ફૂટયા
નદી લોહી લોહી,
કાગડો કાણો,
બાવળ વાંકો,
સુથાર ઠૂંઠો ને
વાણિયો બે'રો.

(૨) ઉંટ પગ સડે
પીપળ પાન ખરે
નપંખા હોલા
નપાણી નદી.

જોડકણાં તો બાળવાર્તાઓનો પ્રાણ ગણાય તો સૂક્ષ્મ કાર્યકારણની શૃંખલાથી સંકળાઈને ક્રમશઃ થતો વસ્તુવિકાસ તેની સર્જનકળાનો સ્થૂળ દેહ બાંધી આપે છે. જોડકણાં

પણ વસ્તુવિકાસની અનિવાર્ય કડી બનીને જ આવે છે, કથામાં કયાંય આગંતુક બનીને નહીં.

ટૂંકમાં કહીએ તો વિવિધ મનોભાવો અને સ્વભાવો રજૂ કરતાં જોડકણાં પાત્રો, વિચિત્ર વર્ણનો, રમૂજી ક્રિયાઓ વગેરેને વ્યકત કરે છે.

## *(૩) બાળનાટકો :*

બાળસાહિત્યનાં અનેકવિધ અંગોમાં બાળનાટકની લખાવટ વિશિષ્ટ કલા કસબ માંગી લે છે. એક રીતે જોઈએ તો નાટ્યલેખનની કલા જ મૂળભૂત રીતે એક કઠિન કલા છે. સામાન્ય રીતે નાટ્યલેખકે જે મુદ્દાઓનું ધ્યાન રાખવું પડે છે તે કરતાં તદન જુદા પ્રકારની બાબતો ઉપર બાળનાટ્યકારે પોતાનું ધ્યાન રાખવું પડે. બાલપ્રેક્ષકસમુદાયના માનસની સાચી સમજણ વિના લખાયેલું સંવાદાત્મક, પ્રત્યક્ષ બોધની સુફિયાણી સલાહ આપતું બાળનાટક હંમેશા નિષ્ફળ નીવડે છે. બાળકોના નાટક લખનારા લેખકોએ એ વાત ન વિસરવી જોઈએ કે એના બાલપ્રેક્ષકોના શારીરિક અને માનસિક બંધારણની, ઘડતરની સૂક્ષ્માતીત પ્રક્રિયાઓ આ વયે બાળકોમાં સતત ચાલતી જ હોય છે. માટે જ આ ઉંમરે એનામાં અદ્ભુત પ્રકારની અનુકરણશક્તિની ખિલવટ થાય છે. સમયજતાં એણે નાટકો દ્વારા ગ્રાહ્ય કરેલી અસર એનાં ચારિત્ર્યનું એક અવિભાજય અંગ બની જાય છે. આમ બાળનાટકો લખતા લેખકની જવાબદારી વધુ ગંભીર બની જાય છે.

એક અનુભવેલી હકીકત છે કે બાળકોને ગતિ, વેગ ખૂબ ગમે છે. એટલે બાળનાટકોમાં લાંબા સંવાદોને બદલે એકશન વધુ હોવું જોઈએ. બાળઅનુભવ અનુસાર જો પાત્રલેખન સરળ, સ્વાભાવિક અને સાહજિક હશે તો બાળકો પ્રેમપૂર્વક તે પાત્રોને આત્મસાત કરી શકે છે. તેમનામાં ઓત પ્રોત થઈ જાય છે. કેટલાંક બાળનાટકોમાં જોવા મળતો વધુ પડતો વર્ણનાત્મક હિસ્સો બાળકોની વિચાર શક્તિને કુંઠિત કરી નાખે છે. બાળનાટકોમાં આજની આ દુનિયાનું સાચું વાસ્તવિક પ્રતિબિંબ પડે તે આવશ્યક છે. પરંતુ વધુ પડતાં વાસ્તવિક કરુણ દ્દશ્યો કે અધિકતમ માનસિક ઉદ્રેક બાળક સહી શકતું નથી. એને પ્રમાણમાં સુખાંત નાટકો ગમે છે.

## *(૪) ચિત્રવાર્તા :*

એકલા ચિત્રની જ વાત કરીએ તો ચિત્ર જોવાનું જ હોય અને વાર્તા કહીએ તો વાર્તા સાંભળવાની કે વાંચવાની હોય. પણ સંપૂર્ણ શબ્દ ચિત્રવાર્તા જ વાંચીએ બોલીએ તો ચિત્ર અને વાર્તા બન્ને આવી જાય. ચિત્ર જોવાનું ને સાથે સાથે વાર્તા પણ હોય.

બાળકને રાજા હરિશ્ચંદ્ર, હનુમાન કે રાણી લક્ષ્મીબાઈ કે ઈતર કોઈ વાંચવાની ચોપડી આપશો તો તેને બાળક મોટે ભાગે લગભગ અદીઠ જ રાખશે અને વાંચશે તો પાપા કે મમ્મીની ધાકથી વાંચતુ હોય એવો ડોળ કરશે. પણ જો ઉપર દર્શાવેલાં પુસ્તકો કે અન્ય બીજાં, જો ચિત્રવાર્તાસ્વરૂપ આપવામાં આવે તો બધું પડતું મૂકી પુસ્તક જોવામાં અને વાંચવામાં બાળક તલ્લીન થઈ જાય.

આમ કેમ ? ચિત્રો જોવાનું બાળકોને ખૂબ ગમે છે. અક્ષરજ્ઞાનને વાર હોય છતાં એના હાથમાં ચિત્ર આવે તો તે જોયા કરશે, પછી ભલે તે ઉંધું હોય ! હા, તેને 'ચકાચકી' ની વાર્તા સાંભળવામાં રસ પડે છે. પરંતુ બાળક અક્ષરજ્ઞાન મેળવીને મોટું થતું જાય છે, તેમ તેનામાં ચિત્રો જોવાની અને વાર્તાઓ વાંચવાની તાલાવેલી જાગે છે. અને અહીં જ તેને માટે ચિત્રવાર્તા વાંચવાનો પ્રારંભ થાય છે.

લેખક જયારે કોઈ પ્રસંગનું વર્ણન કરે છે ત્યારે એ પ્રસંગ માટે દોઢ પાનું લે છે. જયારે એ જ પ્રસંગને  ચિત્રવાર્તામાં લેવામાં આવે ત્યારે ૨" × ૨" ના એક બોકસમાં સંપૂર્ણતયા ચીતરાય છે. લેખકના વર્ણનને ચિત્રની એક જ 'બોકસ' માં પ્રસંગને આગળ બહેલાવવા ટૂંકમાં ટૂંકું એક બે લીટીથી વધારે નહીં, અને પાત્રોના ઉદ્‌ગારો ટૂંકામાં ટૂંકી રીતે પાત્રની પાસે ફુગા જેવા આકારમાં બોલાવાય છે. અને આમ પાનું, દોઢ પાનું ૨" × ૨" માં લેખકને સંપૂર્ણ ન્યાય આપીને આલેખાય છે.

ભારત સર્વાંગી પ્રગતિ સાધી રહ્યું છે ત્યારે ચિત્રવાર્તાઓ પણ, ભલે ધીમે ધીમે એના કદમ આગળ ભરતી થઈ રહી છે. રોટરી મશીનનું સ્થાન ઓફસેટ લીધું છે ત્યારે

ચિત્રવાર્તા પણ ઓફસેટમાં સમાવિષ્ટ બની રહેવાનો સંજોગો સર્જાયો છે. ટૂંકમાં, આપણે ત્યાં ભારતમાં ચિત્રવાર્તાનો ઉદય થઈ ચૂકયો છે.

આમ, પ્રકરણ–૨ ની અંદર બાળસાહિત્યની સંજ્ઞા, અથવા વિભાવના, બાળસાહિત્ય કેવું કોને વગેરે તથા બાળસાહિત્યનું સ્વરૂપ અને તેના પ્રકારો વિશે ઊંડાણથી ચર્ચા કરીને અમુક તારણ કાઢવાનો પ્રયાસ કર્યો છે.

*પાદટીપ :*

૧. શ્રી યશવંત દોશી, ગ્રંથ. ઓક્ટોબર, ૧૯૬૮, પૃ. ૧૨.

૨. 'બાલસાહિત્ય નિર્માણ' : માર્ગદર્શક રૂપરેખા : બાલસાહિત્ય નિર્માણ શિબિર અલિયાબાડા, ૧૯૫૯, પૃ. ૬

૩. એજન, પૃ. ૧૭

૪. ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૮, પૃ. ૩૪

૫. 'Margin for Surprise', Ruth Hill Viguers, Little Brown and Co., Boston, 1964, p. 55.

૬. 'Dr. Henry Steel'.

૭. 'Williams A. M. Quoted from 'Child Psychology' by Jersild, A. T. Prentice Hall, Inc., New York, 19643 p. 442

૮. 'Tales out of school', Geoffrey Trease, Heinemann Educational Books Ltd., London, Second Ed., 1964, p. 10.

૯. 'શંભુપ્રસાદ ભટ્ટ', ગુજરાત મિત્ર ગુજરાત દર્પણ, દૈનિક સવંત ૨૦૦૭ બેસતું વર્ષ દીપોત્સવી અંક.

૧૦. 'A Book of Children Literature', Introduction Selected and Edited by Lillian Hollowell, Rinchart and Co., Inc., New York, 1950, p.2.

૧૧. 'Arthur Ransome, Horn Book, Apr. 67, p. 162

૧૨. 'Bequest of Wings', Annis Duff. Again Quoted from 'A Book of Children's Literature', Ed. Lillian Hollowell.

૧૩. 'On Stories', C. S. Lewis, 'Essays Presented to Charles Williams', London, Oxford, 1947, p. 100

૧૪. રમણભાઈ સોની 'ગ્રંથ', ઓક્ટોબર ૧૯૬૮, પૃ. ૩૩.

૧૫. યશવંત દોશી 'ગ્રંથ', ઓક્ટોબર ૧૯૬૮, પૃ. ૧૨

૧૬. ગિજુભાઈ બધેકા, 'પુસ્તકાલય' : વાર્ષિક : ઈ.સ. ૧૯૨૭.

૧૭. 'Tales out of School', Geoffrey Trease, p. 9.

૧૮. 'Child Psychology', A. T. Jersild, p. 443.

૧૯. એજન, પૃ. ૧૧૭

૨૦. બાળસાહિત્ય નિર્માણ શિબિર માર્ગદર્શક, અલિયાબાડા, ૧૯૫૮–૫૯, પૃ. ૫૪.

૨૧. 'Annis Duff'.

૨૨. 'બાલભોગ્ય સાહિત્ય', યશવંત શુકલના લેખમાંથી ગુજરાત સાહિત્ય સભા કાર્યવાહી, ૧૯૪૧–૪૨.

૨૩. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'વિવેચનની પ્રતિષ્ઠા', ઉપાયન, પૃ. ૩૧

૨૪. 'A Book of Children's Literature', Introduction Selected and Edited by Lillian Hollowell, 1950.

૨૫. 'A Book of Children's Literature'.

૨૬. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, લલિત વાઙ્મય, પ્રજાની સૂક્ષ્મ જરૂરિયાતો કેટલે અંશે સંતોષી શકે ? 'ઉપાયન', પૃ. ૧૨૩.

૨૭. 'વાર્તાનું શાસ્ત્ર', ગિજુભાઈ બધેકા, પૃ. ૩૬

૨૮. 'વાર્તાનું શાસ્ત્ર', ગિજુભાઈ બધેકા, પૃ. ૪૦–૪૧

૨૯. 'Introduction to Child Psychology by Strang', p. 320

૩૦. 'The Unreluctant Years', Smit Lillian H., American Library Ass. Chicago, 1958, p. 16

૩૧. 'વાર્તાનું શાસ્ત્ર', ગિજુભાઈ બધેકા, પૃ. ૪૬

૩૨. 'બાલવાર્તા' (ભાગ–૨), સં. ગિજુભાઈ, પૃ. ૭–૮, ઈ.સ. ૧૯૨૨ (પહેલી આવૃત્તિ)

૩૩. 'A Book of Children's Literature', Selected Edited by : Lillian Hollowell, Rinchart Company Inc., 1950, p. 215.


✩✩✩

# પ્રકરણ - ૩
# ગુજરાતી ભાષામાં બાળસાહિત્યની ગતિવિધિ

- ✩ ભૂમિકા :
  બાળસાહિત્ય બાળકેળવણીના સંદર્ભમાં
- ✩ અન્ય ભાષાઓનું બાળકથાસાહિત્ય
- ✩ ગુજરાતી બાળસાહિત્યનો ઉદ્‌ભવ
- ✩ ગુજરાતી બાળસાહિત્યનો વિકાસ
- ✩ બાળસાહિત્ય સર્જન વિકાસના કેટલાંક પરિબળો
- ✩ શ્રી ગિજુભાઈનું તથા તેમના સમકાલીનોનું બાળસાહિત્ય (ઈ.સ.૧૯૨૧થી ઈ.સ.૧૯૪૦)
- ✩ અન્ય સર્જકોનું બાળકથાસાહિત્ય (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૪૦)
- ✩ ગુજરાતી બાળસાહિત્યનો પાંચમો દાયકો
- ✩ છઠ્ઠા દાયકાનું બાળસાહિત્ય
- ✩ સાતમા દાયકાનું બાળવાર્તાસાહિત્ય
- ✩ આઠમા દાયકાનું બાળવાર્તાસાહિત્ય
- ✩ સાતમા આઠમા દાયકાના અન્ય સર્જકોનું પ્રદાન
- ✩ નવમા દાયકાનું બાળવાર્તા સાહિત્ય

# પ્રકરણ-૩
# ગુજરાતી ભાષામાં બાળસાહિત્યની ગતિવિધિ

## ✰ ભૂમિકા : બાળસાહિત્ય બાળકેળવણીના સંદર્ભમાં

ગુજરાતી ભાષામાં રચાયેલ બાળસાહિત્યમાં એવું અને એટલું કામ જરૂર થયું કે હવે એ એક સ્વતંત્ર અધ્યયનનો વિષય બની ગયું છે. એક અલગ સાહિત્યવિભાગ તરીકે એની સમાલોચના થઈ શકે એટલું માતબર એ બન્યું છે, આમ છતાં આજ સુધી બાળસાતત્યના સર્વાંગીણ વિકાસનો એક સિલસિલાબંધ ઈતિહાસ મળતો નથી. જે કાંઈ માહિતી મળે છે તે છૂટક તુટક લેખો કે નોંધોના સ્વરૂપે મળે છે. બાળસાહિત્યનાં અનેક પુસ્તકો સૂચિમાં મળતાં હોય અને છતાં તે સુલભ ન હોય એવીયે સ્થિતિ છે. પ્રસિદ્ધ ગ્રંથાલયોમાં પણ બાળસાહિત્યના વિભાગો જેવા હોવા જોઈએ એવા વ્યવસ્થિત જોવા મળતા નથી. અનેક પ્રયત્નો છતાં પણ બાળસાહિત્યની સંપૂર્ણ સૂચિ કરવી મુશ્કેલ લાગે છે. આમ છતાં એ દિશામાં શકય પ્રયત્ન તો કરવા જ રહ્યાં. પ્રસ્તુત પ્રકરણમાં એવા પ્રયત્નોના ફળરૂપે જે કંઈ માહિતી સામગ્રી ઉપલબ્ધ થઈ છે તેના આધારે બાળસાહિત્યનો વિકાસક્રમ દર્શાવવાનો પ્રયાસ છે.

દુનિયાના કોઈપણ ભાગમાં દષ્ટિ કરીશું તો એક વાત સ્પષ્ટ જણાઈ આવે છે કે દરેક દેશ કાળમાં બાળકોને કોઈ રીતે કથારસ સાંપડતો રહ્યો છે. દેશ, કાળ, ભાષા વગેરેમાં ગમે તેટલાં પરિવર્તનો થયાં હોય કે એમાં ગમે તેટલું જુદાપણું હોય પણ એ બધાં વચ્ચે ઉછરતું બાળક કથા વગરનું રહ્યું નથી.

સામાન્યતઃ જોઈએ તો બાળકના જીવનના શરૂઆતનાં બેથી અઢી વર્ષ સુધીનો ગાળો માતા પાસે પસાર થતો હોય છે. હાલરડાં આદિ દ્વારા તેના કાન ચોક્કસ પ્રકારના ધ્વનિ લયથી ટેવાતા જાય છે. એ બાળક મોટું થતા નાનાં નાનાં વાકયો દ્વારા રજૂ થતી કથા

સમજે છે ને ધીમે ધીમે તેના કાન – મન કથાશ્રવણની ઝંખના કરે છે અને તે પ્રાપ્ત થતાં રસતૃપ્તિ અનુભવે છે. વળી ઘરમાં શીખેલી ભાષાની મૂડીથી તે પોતાના અનુભવોને ભાવ અને ભાવનાઓને પોતાની અપેક્ષાઓ અને કલ્પનાઓને વ્યકત પણ કરતું હોય છે. એટલે કે પોતાના વિચારોને, કલ્પનાઓને તે ક્રિયાઓ અને વાણી દ્વારા પ્રગટ કરવાનો પ્રયત્ન કરતું જ રહેતું હોય છે. ત્યારબાદ ઘરમાંથી શાળામાં જતાં, તેની અત્યાર સુધીની સામાન્ય રીતે ઘર પૂરતી સિમિત રહેલી સૃષ્ટિ વિશાળ બનતી જાય છે. તે રીતે તેનામાં ઔપચારિક શિક્ષણનો પાયો પણ અહીં નખાય છે. તેના સ્વકીય મંડળમાં શિક્ષક જેવી એક મહત્ત્વની હસ્તીનો ઉમેરો થાય છે. શિક્ષક પણ તેની સાથે સભાનપણે વ્યવહાર વર્તન કરતો જણાય છે. મનુષ્યને માટે બાળપણ એના સમસ્ત જીવનની ઈમારતનો પાયો હોઈ એ સુદૃઢ બંધાય તે હેતુથી આ ગાળામાં સંસ્કાર અને શિક્ષણ માટે સજાગ થવું અને સક્રિય રહેવું અનિવાર્ય હોય છે. તેથી જ બાળકની કેળવણીનો અત્યંત મહત્ત્વનો પ્રશ્ન શિક્ષણની વ્યાપક પરંપરા સાથે સંકળાયેલો જોવા મળે છે.

ગુજરાતીમાં 'કેળવણી' શબ્દ અંગ્રેજી શબ્દ 'Education' ના પર્યાય તરીકે પ્રયોજાય છે. આ શબ્દનો એક અર્થ પ્રમાણે 'Education એટલે માનવીની અંદર પડેલી શક્તિઓને બહાર ખેંચી લાવવી તે' થાય છે. આ અર્થમાં કેળવણીનો આરંભ વિકાસ આધુનિક જમાનામાં થયો મનાય છે. શરૂઆતમાં, એટલે કે અઢારમી સદીના અરસામાં, કેળવણી મહદ્અંશે પરંપરાગત અને રૂઢિચુસ્ત હતી. આવી કેળવણી સાથે યથાસમય પેસ્ટેલોજી, ફ્રોબેલ, મોન્ટેસોરી, ગાંધીજી આદિ અનેક કેળવણીકારોએ પોતાનો વિરોધ વ્યકત કર્યો. રૂઢિચુસ્ત કેળવણીમાં બાળકને બદલે શિક્ષક કેન્દ્રમાં હતો, અને કેળવણીનો ઉદેશ માહિતી પ્રદાન કરવા સાથે વિશેષ કરીને બૌદ્ધિક વિકાસનો હતો. આજે કેળવણીમાં કેન્દ્રસ્થાને બાળક છે. તેનો સર્વાંગી વિકાસ એ જ કેળવણીનો મુખ્ય હેતુ મનાય છે. હવે કેળવણીમાં વ્યક્તિના ઘડતર વિકાસનો પ્રશ્ન સમાજના ઘડતર વિકાસ જેટલો જ, બલકે તેનાથીયે સવિશેષ મહત્ત્વનો લેખાતો જાય છે. અને કેળવણીની સંકલ્પના વ્યક્તિએ વ્યક્તિએ, તેની પ્રકૃતિ, તેનો પરિવેશ વગેરેના સંદર્ભમાં બદલાતી રહેતી હોવાનું સ્વીકારાયું છે.

પ્રાચીન કાળના રોમમાં કેળવણીમાં વાકચાતુર્યનું સવિશેષ મહત્ત્વ હતું, કિવન્ટિલિયન (ઈ.સ. ૩૫ – ઈ.સ. ૯૫) કે પ્લુટાર્ક (ઈ.સ. ૫૦ – ઈ.સ. ૧૩૮) મુખ્યત્વે કેળવણીકાર ન હોવા છતાં તેમની શિક્ષણવિષયક વિચારણામાં અર્વાચીન શિક્ષણ સિદ્ધાંતોના બીજ જોવામાં આવે છે.

*કિવન્ટિલિયને કહેલું :*

'બાળકના પહેલાં વર્ષોનો ઉપયોગ કરજો, કારણ કે તે સમયના શિક્ષણમાં સ્મરણશક્તિનું જ કામ પડે છે અને બાળકની સ્મરણશક્તિ સારી હોય છે.... તેનો અભ્યાસ તેને રમત જેવો લાગે તેમ કરજો, તેને પ્રશ્ન પૂછજો, સારા ઉત્તર આપે ત્યારે પ્રશંસા કરજો અને કોઈવાર પોતે થોડું ઘણું ડહાપણ મેળવ્યું છે એવી વૃત્તિ તેને અનુભવવા દેજો.

*પ્લુટાર્કે પણ લખ્યું છે :*

'મનુષ્યમન કાંઈ માટીના વાસણ જેવું નથી કે જેમાં ગમે તે ભરવાથી પૂર્ણતા થાય, પણ તે એક હસંતી (સગડી) જેવું છે, તે યોગ્ય ઈંધણથી જ પ્રજ્જવલિત થાય છે અને જિજ્ઞાસા તથા સત્યપ્રીતિનો અગ્નિ પ્રગટે છે'

આ બન્ને અવતરણોમાં અમૃતલાલ યાજ્ઞિકને આધુનિક શિક્ષણકારોનો સૂર સંભળાતો લાગ્યો તે યોગ્ય જ છે. એ પછી ઈ.સ.ની સોળમી સદીની શરૂઆતમાં ઈરૅઝમસ પાસેથી શિક્ષણ સંબંધી વિચારણા મળે છે. તેમાંય તેનું બાળશિક્ષણ સંબંધી લખાણ શિક્ષણ વિચારમાં સર્વોતમ ગણાય છે. તે જણાવે છે. "માબાપ પણ જો બાળકોના મનમાં ભય ઉત્પન્ન કરતાં હોય તો તેમને બરાબર ઉછેરી શકે નહીં... વાચન લેખનનો મહાવરો બાળકોને જરા કંટાળો આપે છે માટે શિક્ષકોએ આકર્ષક યોજનાથી તેનામાં પ્રવેશ કરવો જોઈએ".

આમ, બાળકનું માનસ લક્ષમાં રાખી તેને આનંદદાયક થઈ પડે તેવી રીતે કેળવણી આપવાનો નિર્દેશ થયો છે. અર્વાચીન શિક્ષણકલામાં મહત્ત્વનું પ્રદાન કરનારા પ્રથમ કોટિના કેળવણીકારોમાં કોમેનીઉસનું સ્થાન છે. બાળકો માટે અનુકૂળ થાય તેવી શિક્ષણ

પદ્ધતિનો વિચાર કરીને એણે યુરોપમાં સૌથી પહેલી વાચનમાળા તૈયાર કરી. તે બુદ્ધિ અને વાણીની સાથે કેળવણી મળે એમ માનતો હતો. 'જે સમજયા વગર બોલે છે તે પોપટ જેવો છે, તે સમજે છે પણ બોલી શકતો નથી તે પ્રતિમા જેવો છે' એમ તે કહેતા. કોમેનીઉસ ફોબેલ અને તેની બાલવાટિકા (Kindegarten) નો પુરોગામી છે. સેન્ટ સાયરને (જ.ઈ.સ. ૧૫૮૧ અવ. ઈ.સ. ૧૬૪૩) પણ બાળકેળવણીનો મહિમા કરતા કહેલું કે : 'એક રીતે જોતાં શિક્ષણ એ જ આવશ્યક વસ્તુ છે... બાળકોને કેળવવા તેનાં કરતાં ઈશ્વરની બીજી એક પણ ઉચ્ચતર સેવા નથી' જોન લોકે (જ.ઈ.સ. ૧૬૩૨ અવ. ઈ.સ. ૧૭૦૪) આ વાતને બીજી રીતે રજૂ કરી : 'પ્રત્યેક બાળક શરીર અને મનથી એક બીજાથી જુદું હોય છે.

શિક્ષણમાં સ્વયંસ્ફુરણા અને અનુભવ દ્વારા જ્ઞાન એ સિદ્ધાંતોને અસરકારક રીતે રજૂ કર્યા પેસ્ટેલોઝી (જ.ઈ.સ. ૧૭૪૬ – અવ. ઈ.સ. ૧૮૨૭) એ. જોન હેનરી પેસ્ટેલોઝીએ સ્વાનુભવના પરિણામે કહ્યું કે : 'મારું પહેલું કામ એ હતું કે બાળકોનો વિશ્વાસ અને સ્નેહ મેળવવો. મને ખાતરી હતી કે જો એમાં હું સફળ થઈશ, તો બીજું બધું પોતાની મેળે થઈ રહેશે. તે કહે છે : 'માતાનો સ્નેહ એ શિક્ષણમાં મુખ્ય સાધન છે... એ દ્વારા જ બાળકને ઈશ્વર પર સ્નેહ થઈ શકે છે....' તેમનાં મતે શિક્ષણમાં બાળકોને શું આપવું જોઈએ એ વિચાર કરવાને બદલે તેમનામાં સ્ફુરિત રૂપે નહીં તો બીજરૂપે શું રહેલું છે. તેનો વિચાર કરવો જોઈએ... તેટલા માટે શિક્ષણમાં બાળકને કેવો બનાવવો જોઈએ તેનો નિર્ણય કરવાનો નથી, પણ તે કેવો થવાને નિર્મિત થયો છે તેનો નિર્ણય કરવાની છે' તે બુદ્ધિની કેળવણીના કરતાં નીતિની કેળવણીનો પ્રાધાન્ય આપે છે, અને શિક્ષણના કામમાં હૃદયથી સ્નેહથી ગમે તે ચમત્કાર થઈ શકે એમ માને છે. જો કે આપણે તો કેડરિક ફ્રોબેલ (જ.ઈ.સ. ૧૭૮૨ અવ. ૧૮૫૨) અને ડૉ. મારિયા મોન્ટેસોરી (જ.ઈ.સ. ૧૮૭૦ – અવ. ઈ.સ. ૧૯૫૧) ની વિચારધારાઓથી વધારે પરિચિત છીએ. ઈ.સ. ૧૮૩૭માં તેણે પહેલી બાલવાટિકા (કિન્ડરગાર્ટન) ની સ્થાપના કરી તેમણે જોયું કે રમત એ બાળકોની કેળવણી છે, પણ તેમાં કેળવણી સમાપ્ત થતી નથી, તેની જિંદગી બધી રમતથી પૂરી થવાની નથી. તેમણે કહ્યું : 'આવી રીતે જયારે બધી રમત કામના રૂપમાં પરિણત થાય

ત્યારે જ ખરી કેળવણી શરૂ થઈ શકે. આ કલ્પના બાળકોની પાસેથી મળી શકે છે. બાળકો જ આપણને તેમને કેમ કેળવવાં એ શીખવે છે' ફ્રોબલે કરેલું, આ વિધાન – 'ચાલો, આપણે આપણાં બાળકો માટે જીવીએ' બાળકનું ખૂબ ઊંચું મૂલ્ય મહત્ત્વ વ્યકત કરે છે. આત્માવિષ્કાર, મુક્તવિકાસ અને સામાજિક સહકાર જેવા સિદ્ધાંતોને 'કિન્ડરગાર્ટન' દ્વારા તેમણે પ્રત્યક્ષ સ્વરૂપે મૂકી આપ્યા. બાળપણ તો માનવજીવન ના વિકાસનો પાયો હોઈ તેમાં શરીરશ્રમને પણ તેમણે ખૂબ મહત્ત્વ આપ્યું. તે સાથે હસ્તઉદ્યોગ, ભાષા, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયોને પણ સ્થાન આપ્યું. પૂર્વપ્રાથમિક શિક્ષણક્ષેત્રે બીજી બધી પ્રવૃત્તિઓ કરતાં કિન્ડરગાર્ટનની પ્રથા આજે વિશ્વભરમાં સૌથી વધુ પ્રચલિત વ્યાપક બની છે.

એજ પ્રમાણે પ્રચલિત અને વ્યાપક પ્રથા બની જે સમર્થ વિચારક ડૉ. મોન્ટેસોરીની 'Child is a body which grows and a soul which develops' એમ કહેનાર મોન્ટેસોરી બાળકમાં રહેલી આંતરિક શક્તિઓના પ્રકટીકરણ માટેની પ્રક્રિયાને યોગ્ય માર્ગદર્શન અને દિશા આપવા માટેની કેળવણી પ્રથાનો પુરસ્કાર કરે છે. પૂર્ણ સ્વાતંત્ર્ય, સ્વશિક્ષણ ઈન્દ્રિયતાલીમ અને સ્વાવલંબન જેવાં તત્ત્વોના અનુરોધ સાથે સ્પર્ધાત્મક વલણનો અને કાલ્પનિક કથાનો વિરોધ તેમની બાળકેળવણી વિષયક વિચારણાના મુખ્ય સિદ્ધાંતો છે. આમ ડૉ. મોન્ટેસોરી પોતાના પૂર્વ કેળવણીકારોના ઘણા સિદ્ધાંતોને સ્વીકારે છે, પણ કલ્પનાત્મક કથાઓનો વિરોધ કરી તેમનાથી જુદા પણ પડે છે. તેમને બીક છે કે કલ્પનાત્મક કથાઓને કારણે બાળક મુશ્કેલીમાં પુરુષાર્થ કરવાને બદલે, સ્વાવલંબી થવાને બદલે, દૈવી શક્તિની, પરીની, ફિરસ્તાની કે એવી કોઈ અલૌકિક શક્તિની મદદ પર આધાર રાખવાનું શીખશે. પરાવલંબીપણું બતાવશે ને તે એના વિકાસમાં બાધારૂપ બનશે. જો કે લંડનના ડૉ. ગ્રીફીને બાળકોની કલ્પના પર સંશોધન કરી સાબિત કર્યું કે બૌદ્ધિક વિકાસમાં કલ્પના અને તરંગો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કલ્પનાત્મક કથાનો મોન્ટેસોરીનો વિરોધ સાચો છે કે ખોટો તે ચર્ચવાનું આ તબક્કે પ્રસ્તુત નથી. છતાંય એટલું તો જરૂરી કહી શકાય કે બાળકના ઘડતરમાં કલામય કલ્પના, સૌંદર્ય, રસાસ્વાદ અને સમસંવેદન જેવાં તત્ત્વોનું સ્થાન જરૂર છે. મોન્ટેસોરીના બાલશિક્ષણ અંગેના ખ્યાલોમાં કેટલુંક વિવાદાસ્પદ હોય તો પણ જગતમાં અન્યત્ર તેમજ ભારતમાં મોન્ટેસોરી પદ્ધતિથી

ઘણા મોટા પ્રમાણમાં બાલઘરો બાલમંદિરો બાલવાડીઓ ચાલે છે અને એમાંનાં અનેક ઊંચી કક્ષાની કામગીરી કરતાં પણ જણાય છે.

કેળવણી વિષયક પાયાની વિચારણા આપણને ગુરુદેવ ટાગોર, શ્રી અરવિંદ તથા શ્રી માતાજી પાસેથી પણ મળી છે. બાળ કેળવણી વિશે ભારતની આ મહાન વિભૂતિઓથી વિચારણાના મુખ્ય અંશો અત્રે જોઈ લઈએ. બાળસાહિત્ય બાળકથાની ચર્ચાના સંદર્ભમાં પણ તેમના વિચારોની ઉપયોગીતા સ્વયંસ્પષ્ટ છે. ગુરુદેવ ટાગોરના શિક્ષણ વિષયક વિચારો, ભોટેભાગે, સ્વાનુભવે ઘડાયેલા હતા. તેમણે દર્શાવ્યું છે કે : "બધા પ્રકારના કેળવણી વિષયક વિકાસમાં કુદરત સાથે સતત સંપર્ક હોવો જ જોઈએ. પ્રભાતનું સૌંદર્ય, રાત્રિની ભવ્યતા, પરોઢિયે થતો સૂર્યોદય શરદઋતુમાં આકાશમાં વાદળની રમત : આ બધી વસ્તુઓ બાળકની ચેતનામાં મુક્ત રીતે પ્રવેશવી જોઈએ."[૧]. તેમણે વારંવાર કહ્યું છે કે : "બાળકોને તાજી હવા દેવી જોઈએ, અને માત્ર આ જ રીતે, બાળક સમાજ તથા કુદરત સાથે સુસંવાદી રહીને પોતાનું વ્યક્તિત્વ ઘડી શકે."[૨] તેમણે માતૃભાષા દ્વારા શિક્ષણ આપવું જોઈએ એ વિચાર પર પણ ખૂબ ભાર મૂકયો છે. તેમણે કહ્યું કે : બાળકની કેળવણી અપરિચિત વાતાવરણના, અપરિચિત વિષયના અને અપરિચિત ભાષાના બંધનથી સ્વતંત્ર હોવી જોઈએ."[૩]વળી આ સાથે તેમણે એમ પણ કહ્યું છે કે : "બહારના જગતની સમૃદ્ધિનો આપણે ઈનકાર કરવો જોઈએ નહી" બાળકની કેળવણીના મોટા આધાર તરીકે તેઓ શિક્ષકને ગણાવે છે અને રોજિંદા વાતાવરણમાંથી જ સ્વાનુભવે બાળકે કેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું તેની તાલીમ શિક્ષકે આપવાની છે તે વસ્તુ પર તેમણે ભાર મૂકયો છે.

શ્રી અરવિંદની વિચારણા આમ તો રાષ્ટ્રીય અને આધ્યાત્મિક કેળવણી પર વધુ પ્રમાણમાં કેન્દ્રિત થયેલી છે. તેઓ જણાવે છે કે : "હિંદુ ધર્મ માને છે કે માણસની પોતાની અંદર જ સર્વજ્ઞાન આવેલું છે, જ્ઞાનને કયાંક બહારથી લાવીને વિદ્યાર્થીની અંદર ભરી દેવાનું નથી હોતું, પરંતુ કેળવણી દ્વારા તેને અંદરથી જાગ્રત કરવાનું હોય છે."[૪]

બાળકને તેમના સર્વાંગી વિકાસ અર્થે કેળવણી મળે તેથી ઈ.સ. ૧૯૫૧ માં શ્રી માતાજીએ 'શ્રી ઓરોબિન્દો ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજયુકેશન' ની સ્થાપના કરી, અરવિંદની વિચારણાને પ્રત્યક્ષ રીતે સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો. તેમની સ્પષ્ટ માન્યતા છે

કે : "પરીક્ષાનો સતત ફફડાટ અને સમયપત્રક અને અભ્યાસમક્રમનાં જડચોકઠાં સાચી કેળવણીના માર્ગમાં આડખીલી ઊભી કરે છે."[૫] આથી તેમની શિક્ષણ યોજનામાં ચીલાચાલુ પરીક્ષા પદ્ધતિ નથી. મુક્ત શિક્ષણ અને મુક્ત અભ્યાસક્રમની એમા પ્રતિષ્ઠા છે. શ્રી માતાજી તો માને છે કે : "વિદ્યાર્થીઓ તો અનંત શક્તિનો ભંડાર છે"[૬] અને એમની આ શક્તિઓના વિકાસથી જ એમનું વ્યક્તિત્વ પૂર્ણપણે ખીલી ઊઠે. "દિવ્ય સત્તાનો મનુષ્યમાં પૂર્ણ આવિર્ભાવ કરવો."[૭] તે જ એમની દૃષ્ટિએ કેળવણીનો ખરો હેતુ છે અને એ હેતુ સિદ્ધ કરવા જ તેઓ જીવનમાં સતત પ્રયત્નશીલ રહેલાં. બાહ્ય માહિતી કે પરીક્ષાના બંધનમાંથી મુક્ત રાખી, બાળકને વિકસવાની બધી જ તકો મળે તેવું વાતાવરણ ઊભુ કરવા પર અને એ સંદર્ભમાં મુક્ત સ્વાતંત્ર્ય અને મનના સમ્યગ ઘડતર પર તેઓ ભાર મૂકતાં રહેલાં.

ઉપરની કેટલીક મહત્ત્વની વિચારણાઓ પરથી એટલું તો ફલિત થાય જ છે કે બાળકની શક્તિને ખીલવવા માટે મોકળાશ જરૂરી છે. બાળકના ઘડતર વિકાસમાં બાળશક્તિના સર્જનાત્મક આવિષ્કારમાં બાળકેળવણીનું અત્યંત મહત્ત્વ છે અને તે વિશ્વભરના સર્વ મહાન સર્જકો, મનીષીઓ, વગેરેએ બતાવેલું જ છે. આ બાળકેળવણીના અત્યંત અગત્યના ઉપકરણ તરીકે બાળસાહિત્યે મદદરૂપ થવાનું છે. બાળકેળવણી અને બાલસાહિત્ય અનેક રીતે એકબીજા સાથે સંકળાયેલાં પરસ્પરાવલંબી છે. જીવનને લીલામય રીતે જોતાં જીવતાં શીખવું, અન્યનાં જીવનને પણ પ્રફુલ્લિત રાખવા મથવું, જીવનની કપરામાં કપરી પરિસ્થિતિનેય વિધેયાત્મક વલણથી સત્કારી, સતત સત્ત્વશીલતાનો ઉત્કર્ષ સાધવા મથવું અને એ માટે દૃઢ મનોબળ અને સ્વસ્થ મનોવલણ કેળવવાં આ જો બાળકેળવણી પાછળના પ્રયોજનો છે તો તે બાળસાહિત્યનાં બાળકથાનાંયે પ્રયોજનો છે એમ સહર્ષ કહીં શકાય.

આ સિલસિલામાં ગુજરાતમાં શ્રી ગિજુભાઈએ કેટલુંક પાયાનું કામ કર્યું છે. ગાંધીજીએ પણ બાળકેળવણી વિશે કેટલીક મહત્ત્વની વિચારણા કરવાં સાથે એ દિશામાં રચનાત્મક કાર્ય પણ કર્યું છે. આમ શિક્ષણના અનુસંધાને પશ્ચિમના કેળવણીકારોએ કરેલી વિચરણાની પ્રબળ અસર આપણે ત્યાં બાળકેળવણીક્ષેત્રે અને તે અનુષંગે બાળસાહિત્યના ક્ષેત્રે થયેલી જોવા મળે છે. બાળકેન્દ્રી શિક્ષણ એ કદાચ શિક્ષણની

આધુનિક વિચારધારાની સૌથી મહત્ત્વની ઉપલબ્ધિ છે. બાળક કોઈ કોરી સ્લેટ નથી કે નથી એ માહિતી કે જ્ઞાનભંડાર ભરવાની કોઈ ખાલી કોઠી, બાળક એક સ્વતંત્ર વ્યક્તિ છે. એનું પોતાનું એક આગવું વ્યક્તિત્વ છે. પ્રત્યેક બાળક બીજા બાળકથી શારીરિક અને માનસિક શક્તિઓમાં ભિન્નતા ધરાવે છે. મનોવિજ્ઞાને આ સિદ્ધ કરી બતાવ્યું છે અને એનો શિક્ષણક્ષેત્રે સ્વીકાર પણ થયો છે. આમ, બાળકની મહતા આજે જેટલી સમજાઈ છે તેટલી કદાચ પહેલા કયારેય સમજાઈ નહોતી. આથી તેના યોગ્ય ઘડતર માટે સર્વગ્રાહી વિચારણા થાય તે સ્વાભાવિક અને આવશ્યક છે. કેળવણીમાં બાળઘડતરનું કાર્ય પાયાનું છે. અને આ પાયાના કાર્ય નિમિત્તે બાળસાહિત્ય સતત સર્જાતું વિકાસ પામતું રહ્યું છે અને રહેશે પણ.

આમ આપણે બાળસાહિત્યનો પ્રશ્ન બાળકેળવણીના પ્રશ્ન સાથે કેવો ગાઢ રીતે સંકળાયેલો છે તે જોયું. બાળ કેળવણીની વિભાવનામાં જેમ જેમ ફેરફારો થતા ગયા તેમ તેમ બાળસાહિત્યના સ્વરૂપ ઘડતરમાં પણ ફેરફારો થયા. વધારે ઊંડાણથી અને સુક્ષ્મતાથી જોઈશું તો જણાશે કે બાળકેળવણીના ઘડતર વિકાસનો પ્રશ્ન પણ માનવીય વિકાસની સાથે સંકળાયેલો છે. માનવ પાસે જયારે મુદ્રણયંત્ર નહોતું, આજનાં જેવા વૈજ્ઞાનિક સાધનો નહોતાં ત્યારે તેનું સાહિત્ય મૌખિક પરંપરા (Oral Tradition) પર નિર્ભર હતું. એ ગાળામાં જે બાળકથાઓ પ્રચારમાં હતી કે, તે આજે આપણે જેમને બાળલોકકથાઓ Children's folk tales કહીએ છીએ તે હતી. બાળકથાસાહિત્યનો એ પ્રારંભિક તબક્કો હતો. એ પછી એનો જે બીજો તબક્કો શરૂ થાય છે. તે મુદ્રણયંત્રની શોધ પછીનો એ શોધ પછી પણ બાળકથા સાંભળવાની વસ્તુ તો રહી જ, વધારામાં તે વાંચવાની વસ્તુ પણ બની. તેથી એના સ્વરૂપ ઘડતરમાં કેટલાક મહત્ત્વના ફેરફારો થયેલા જોઈ શકાય છે. એ પછી બાળવાર્તાના વિકાસમાં ત્રીજો તબક્કો શરૂ થાય છે. વૈજ્ઞાનિક વિકાસને કારણે જાતજાતનાં વીજયંત્રો તથા વીજાણું યંત્રો પર અવલંબતા દશ્ય શ્રાવ્ય સાધનો સમુહ માધ્યમો આવ્યાં ત્યારથી. આ તબક્કામાં બાળકથાસાહિત્યની સર્જન રજૂઆત અને ભાવનને વિવિધ પ્રકારનાં દશ્ય શ્રાવ્ય સાધનોને કારણે નવું જ પરિમાણ  નવો જ પરિવેશ મળે છે. હવે બાળવાર્તાઓ વધુ અસરકારક રીતે બાળકોનાં મન સુધી પહોંચાડી શકાય છે.

આ દૃશ્ય શ્રાવ્ય સાધનોના વિકાસે બાળવાર્તાલેખક પર પણ સૂક્ષ્મ, દૂરગામી અને વ્યાપક અસર કરી છે.

## ✰ અન્ય ભાષાઓનું બાળકથાસાહિત્ય :

દરેક ભાષાએ, દરેક સંસ્કૃતિએ બાળકના મનોજગતનું ઘડતર અને રંજન પોતપોતાની રીતે હંમેશાં કર્યા જ કર્યું છે. બાળસાહિત્ય એ રીતે એક વૈશ્વિક ઘટના છે. દેશકાળ પ્રમાણે તેણે અસરો પણ ઝીલી છે. વિશ્વની જુદી જુદી ભાષાઓનાં બાળસાહિત્યને જોવા જઈશું તો એ સ્પષ્ટ જણાય છે કે દરેક ભાષાના બાળસાહિત્યે પોતાના દેશકાળ પ્રમાણેના રીતિરિવાજોને વાતાવરણ પ્રમાણે પરિવેશ ધારણ કર્યો છે. દા.ત. અમેરિકાના બાળસાહિત્યમાં મુક્તતાનો ભાવ વધુ જોવા મળશે. આપણને જે આ જીવન મળ્યું છે તેને સારામાં સારી રીતે માણવાનું તે બાળકને શીખવે છે. ત્યારે સામ્યવાદી રશિયાનું બાળસાહિત્ય તેઓ જેવો સમાજ ઈચ્છે છે તેવા સમાજનું બાળક યોગ્ય નાગરિક બને તે માટે જરૂરી કેટલીક સમાજગત પ્રતિબદ્ધતાવાળું છે. ત્યાં ધાર્મિક સાંપ્રદાયિક બાળવાર્તાઓને સ્થાન નથી. ઈંગ્લેન્ડનું બાળસાહિત્ય બાળકોને રાષ્ટ્રીય ભાવનાની પ્રેરણા સાથે શીલ અને શિસ્તનો બોધ આપવામાં સવિશેષ રસ લેતું જણાય છે. બબ્બે મહાયુદ્ધોને કારણે ઘણું બધું વેઠનાર જર્મનીની સંસ્કૃતિ કઠોર પરિશ્રમનો પુરુષાર્થનો મહિમા બાળકો પાસે રજૂ કરે છે. સૌંદર્યપ્રાપ્તિ ખરી, પણ એ માટે જરૂરી જીવન સંઘર્ષમાં ઝૂઝવાની વાત પર ભાર મૂકે તે બાળકોને સાચા કર્મવીર બનાવવાનો પ્રયત્ન કરે છે. આથી ઉલટું, રંગદર્શિતા, યૌવનસહજ તરવરાટનો અનુભવ કરાવતું, મુક્ત ભાવનાવિહાર કરાવતું ફ્રાંસનું બાળસાહિત્ય બાળકને યુવાવસ્થાના ભાવોદ્રેકને જાણવા માટેની સજ્જતા બક્ષે છે. આમ દેશકાળ પ્રમાણે વિશ્વની ભાષાઓએ પોતપોતાની સાંસ્કૃતિક પરિપાટી અનુસાર પોતપોતાનાં આગવાં બાળસાહિત્યો દ્વારા બાળકોને ઘડવા સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે.

આપણે જાણીએ છીએ કે દરેક ભાષાનું સાહિત્ય તેના સમાજ પર તેના દેશકાળ પર અવલંબતું હોય છે. સામાજિક રાજકીય, અને ધાર્મિક પરિવર્તનો સાહિત્યના ઘડતરમાં હંમેશાં મહત્ત્વનું પરિબળ બની રહે છે. ભારતની મુખ્ય મુખ્ય રાજભાષાઓનાં

બાળસાહિત્યનો વિચાર કરીએ ત્યારે ભારતના સમગ્ર ઈતિહાસને પણ ધ્યાનમાં રાખવો જ પડે. એ સ્પષ્ટ છે કે બસ્સો વર્ષની ગુલામીએ ભારતના સાંસ્કૃતિક વિકાસને ખૂબ હાનિ પહોંચાડી છે. બીજાં બધાં પાસાંઓનો અત્રે વિચાર ન કરીએ, માત્ર બાળસાહિત્યને લગતું પાસું જ અત્રે જોઈએ.

ભારતમાં બાળકેળવણી અને બાલસાહિત્ય ક્ષેત્રે અંગ્રેજોના સંપર્ક બાદ, અંગ્રેજી શિક્ષણ પદ્ધતિનો અમલ થયો. ત્યારબાદ, નવી કેળવણીપ્રથાના સંદર્ભમાં વિવિધ વિચારણા અને પ્રવૃત્તિઓનો આરંભ થયો. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમા તેની વિચારણાની શરૂઆત થઈ અને વીસમી સદીના પ્રારંભમાં તેનો ક્રમશઃ વિકાસ થતાં થતાં તે વિચારણાનો ધ્યાનમાં આવે તેવો પિંડ બંધાઈને રહે છે. ભારતની બધી રાજયભાષાઓનો બાળસાહિત્યનો ઈતિહાસ લગભગ આવી જ વિકાસગતિ બતાવે છે. વળી મોટા ભાગની ભાષાઓએ પોતાનો પ્રારંભ સંસ્કૃત, અંગ્રેજી આદિ સાહિત્યમાંથી બાલભોગ્ય કૃતિઓનાં ભાષાંતર રૂપાંતરથી કર્યો છે. આ અનુવાદો મોટા ભાગે કાં તો પંચતંત્ર હિતોપદેશના થયા છે, કાં તો અંગ્રેજી કથાઓના થયા છે. વળી આ પણ એક નોંધપાત્ર ઘટના રહી છે કે સાહિત્યના સર્વ પ્રકારોમાંથી કથાપ્રકારની કૃતિઓનાં રૂપાંતરોથી તેનો બહુધા પ્રારંભ થયો છે. વળી જયાં તેનો પ્રારંભ ઓગણીસમી સદીથી થયો છે ત્યાં મોટેભાગે કેળવણીના નિમિત્તે થયો છે. શાળા શિક્ષણે વાચનમાળાઓ દ્વારા અને ઈતરવાચન નિમિત્તે બાળકોને કથાઓ, ગીતો ઈત્યાદિ આપ્યાં છે.

તેમજ મુદ્રણયંત્રના વિકાસે આ બાળસાહિત્યને પણ પ્રચાર પ્રસાર માટે ખૂબ અનુકૂળતાઓ ઊભી કરી આપી. હિન્દી સાહિત્યથી માંડીને વિવિધ પ્રાદેશિક ભાષાઓનાં બાળસાહિત્યોમાં ગુજરાતી બાળસાહિત્યમાં પણ આ હકીકત તુરત સ્પષ્ટ થાય છે.

ઉપર્યુકત પરંપરામાં હવે ગુજરાતી ભાષાના બાળ સાહિત્યનો વિચાર કરતા મુખ્યત્વે તે બે વિભાગમાં છે : (૧) મધ્યકાલીન સાહિત્ય : ઈ.સ. ૧૮૫૦ સુધીનું : (૨) અર્વાચીન સાહિત્ય : ઈ.સ. ૧૮૫૦ પછીનું સામાન્ય રીતે આપણે જાણીએ જ છીએ તેમ જે તે યુગના સાહિત્યને જે તે યુગના જનજીવન અને રાજકીય સાંસ્કૃતિક પરિસ્થિતિ સાથે કોઈક રીતનો સંબંધ તો હોય જ છે. તે રીતે મધ્યકાળનું ગુજરાતી સાહિત્ય તત્કાલીન

ધર્મસમાજ સાથે સંકળાયેલું અને તે મુખ્યત્વે ધર્મપ્રધકાન અને પદ્યપ્રધાન રહ્યું છે. વળી તે કાળના કથાસાહિત્યને સ્પર્શે છે. ત્યાં સુધી તો પદ્યપ્રધાનતા સાથે તેમાં અદ્‌ભુત રસિકતાનું તત્ત્વ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. વળી ગદ્ય પદ્યમાં રજૂ થતી અનેક ધર્મકથાઓ, દૃષ્ટાંતકથાઓ, નીતિકથાઓ, અને કથામાળાઓએ પ્રજાનું સંસ્કાર ઘડતર કરવા સાથે મનોરંજન પણ કર્યું છે. આ સમયની કથાઓ મૌખિક રીતે કહીને રજૂ કરવાની કથાઓ હતી. આ કથાઓનો ત્યારે વ્યાપક પ્રચાર મુશ્કેલ હતો. તેની મૌખિક પરંપરા (Oral tradition)નું જોર સવિશેષ હતું. એ પરંપરાથી જ આ કથાઓ કર્ણોપકર્ણ પહોંચતી પ્રસરતી તેથી આ કથાઓનું સ્વરૂપ આજની કથાઓથી અલગ હોય એ સ્વાભાવિક છે. આ કથાઓની ગંગોત્રી હતી : જાતકથાઓ, બૃહત્કથા કથાસરિત્સાગર, તરંગવતી, તરંગલોલા, વસુદેવહિંડી, દશકુમારચરિત, વૈતાલ પંચવિંશતિ, શુકસપ્તતિ, પંચતંત્ર, હિતોપદેશ, ભોજપ્રબંધ આદિ અને લોકકથાઓનો અખૂટ ખજાનો. સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ કથાભંડારને આ મધ્યકાલીન સાહિત્યે પોતાના સમાજથી સમજાય ગ્રહાય એવા રૂપમાં પલટીને સર્વસુલભ કર્યો.

અર્વાચીન કાળમાં આવતાં એ જ સંસ્કૃત પ્રાકૃત લોકકથાઓ, મધ્યકાળની પદ્યવાર્તાઓ અને આખ્યાનોને બાલ ભોગ્ય રૂપે રજૂ કરવા સર્જકવર્ગ પ્રેરાયો. આમ પણ પરંપરાના સાહિત્યથી બાળકને પરિચિત કરવું જરૂરી તો હોય છે જ. એક વાત સ્પષ્ટ છે કે મધ્યકાલીન સાહિત્યમાં બાળકને નજર સમક્ષ રાખી ખાસ સાહિત્ય રચાયું નથી. જે સાહિત્ય ઉપલબ્ધ હતું તેમાંથી કેટલુંક બાળકોને રસ પડતાં તે તેમણે માણ્યું હોય એ અલગ વાત છે. નરસિંહનાં પદો, શામળની પદ્યવાર્તાઓ કે પ્રેમાનંદનાં આખ્યાનોમાંના કેટલાક અંશો બાળભોગ્ય જરૂર છે. ને બાળકોએ તેને મન ભરીને માણ્યા પણ છે. એ ખરું, આમ છતાંય ત્યાં સ્પષ્ટ હેતુ બાળમનોરંજનનો કે ઘડતરનો રહ્યો નથી એ હકીકત છે. વળી પ્રાચીનકાળ કે મધ્યકાળનું બાળક કથારસથી વંચિત રહ્યું હશે એમ માનીને ચાલવું પણ જરૂરી નથી. એના્ માટે દાદીમાની વાતો કે ડોશીમાની વાતોનો ખજાનો હાથવગો હતો જ.. અનેક એવી વાતો લોકમુખે આસપાસના વાતાવરણમાં તરતી રહેલી જણાય છે, જેમણે પોતાની રીતે જે તે કાળમાં બાળકનું મનોરંજન કરવા સાથે મનોઘડતર પણ કર્યું છે.

બાળકથા સતત બાળકના મનોગર્ભના પોષણ અને વિકાસમાં મહત્ત્વનો ફાળો આપતી આવી છે.

## ✰ ગુજરાતી બાળસાહિત્યનો ઉદ્ભવ :

અર્વાચીન બાળસાહિત્યની વિભાવનાના ઘડતરમાં કેળવણી એક મહત્ત્વનું પરિબળ રહ્યું છે. આપણે ત્યાં ગામઠી શાળઓમાં શિક્ષણ અપાતું હતું. ત્યા બાળકના મનનો કે તેને કેળવવાનો વિચાર ગૌણ હતો. 'સોટી વાગે ચમ ચમ ને વિદ્યા આવે ધમ ધમ' એ શિક્ષણનું એક ચલણી સૂત્ર હતું ! અને તેમાંય જીવનવ્યવહારમાં તો ઉપયોગિતાને જ ધ્યાનમાં રાખવામાં આવી હતી.

અંગ્રેજોના આગમનથી આ સમજની ગતિ–દિશા બદલાતાં ગયા. અંગ્રેજોએ પોતાના હિત માટે, અહીંની પ્રજાને શિક્ષણ આપવા પ્રયત્ન કર્યો. તેની અનેકવિધ અસરો સમાજ અને સાહિત્ય પર થઈ. પશ્ચિમના સંપર્કે સમાજ અને સાહિત્યમાં મોટું પરિવર્તન આણ્યું. પદ્યનું સ્થાન ગદ્યે લીધું અને તેના વિષયો પણ બદલાયા, તેના હેતુ બદલાયા અને સાહિત્યનાં અનેક નવાં સ્વરૂપો તેમાં ઉમેરાયાં. અંગ્રેજોના આગમને સાહિત્ય પ્રત્યેની એક જુદી જ જીવનલક્ષી દૃષ્ટિ આપીઃ તો સાથે સાથે મુદ્રણકલાએ સાહિત્યના પ્રચારને પાંખ આપવાનું કાર્ય કર્યું. અંગ્રેજોએ આમ તો પોતાની કાર્યસિદ્ધિ માટે શિક્ષણ શરૂ કર્યું હતું. પણ એ શરૂ થયેલા શિક્ષણે ગુજરાતી ભાષાને ઘણી ભાષાઓ સાથે સીધા પરિચયમાં મૂકી દીધી. અંગ્રેજી ભાષાના માધ્યમથી જગતની અનેક ભાષાઓ પાસે તે પહોંચી ગઈ. શિક્ષણ પામીને તૈયાર થયેલા પંડિતોએ જ્ઞાનને અનેક દિશામાંથી ગુજરાતીમાં લાવવા ઠાલવવાનું કાર્ય કર્યું. સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ સાહિત્યનો મધ્યકાલીન ગુજરાતી અને લોકસાહિત્યનો વારસો તો હતો જ ઉપરાંત અંગ્રેજીના શિક્ષણે દુનિયાની ભાષાઓની જાણકારીનાં દ્વાર ખોલી આપ્યા અને આમ બધે જ રસ્તે જ્ઞાન મેળવવાના પ્રયત્નો શરૂ થયા.

ભારતની બધી જ ભાષાઓની જેમ ગુજરાતમાં પણ અંગ્રેજોનો સંપર્ક, ગાંધીજીની જાહેર જીવનની પ્રવૃત્તિ, માતૃભાષા માટેની સભાનતા અને અસ્મિતા અને મુદ્રણકલાની વિકસતી ને વધતી જતી સહાયથી અર્વાચીન કાળમાં અને તેમાંય વીસમી સદીમાં ખૂબ

ઝડપથી સાહિત્યનો તે અંતર્ગત બાળસાહિત્યનો વિકાસ સધાયો છે. ધર્મ જેમ મધ્યકાળના તેમ કેળવણી અર્વાચીનકાળના સાહિત્ય ઘડતરનું એક મહત્ત્વનું પરિબળ બની રહ્યું. કેળવણીએ સૌને નવી દૃષ્ટિ આપી. પરિણામે સમાજ સંક્રાન્તિની ભૂમિકામાં પ્રવેશ્યો. પશ્ચિમના કેળવણીકારોની વિચારણાએ એ સમજાવ્યું કે સમાજના મૂળમાં કુટુમ્બ અને કુટુંબના મૂળમાં બાળક રહેલું છે. 'The child is the father of Man' એ સત્યોક્તિની વિશેષભાવે પ્રતીતિ થઈ. બાળકેળવણી પર ધ્યાન કેન્દ્રિત થવા લાગ્યું. ફ્રોબેલ મોન્ટેસોરી આદિની વિચારણાની સાથે સાથે વીસમી સદીની પ્રારંભાં ગુજરાતમાં પણ આ વિશે બુનિયાદી વિચારણા થઈ.

ગાંધીજી અને ગિજુભાઈ આ બે વિચારકોએ આ ક્ષેત્રમાં કરેલી સપ્રયોગ વિચારણાને અત્રે સમજી લેવી ઘટે. ગિજુભાઈએ આજીવન કેળવણીના અનુસંધાને વિચારો કર્યા. પ્રયોગો કર્યા, અને બાળકને કેન્દ્રમાં રાખી 'દક્ષિણામૂર્તિ' દ્વારા બાળસાહિત્ય પ્રગટ કર્યું. તારાબહેન મોડક અને અન્ય અનેક સર્જકોએ તેમને મદદ પણ કરી. ઈ.સ.૧૯૨૦ પહેલાં ગુજરાતીમાં પ્રમાણમાં ઓછું બાળસાહિત્ય હતું તે સ્થિતિ પલટાવામાં આ સંસ્થાએ સિંહફાળો આપ્યો છે.

ત્યારબાદ ગુજરાતામાં ઈ.સ. ૧૮૨૬ માં સુરત, અમદાવાદ, ભરૂચ, ખેડા વગેરે સ્થળોએ મળી કુલ દસ શાળાઓ સ્થપાઈ અને કેળવણીના શ્રીગણેશ થયા. તુલજારામ સુખરામ, દુર્ગારામ મંછારામ વગેરેએ યશોદાયી કાર્ય કર્યું. દરમ્યાન મુંબઈના ગવર્નર તરીકે નિમાયેલા સર જોન માલ્કમે સાર્વજનિક કેળવણી દેશીભાષામાં આપવાની વાત કરી, પણ સાથે અંગ્રેજીમાંથી ભાષાંતરો કરવા પર વધુ ભાર મૂકયો.

ગુજરાતમાં આમ શાળાઓ સ્થપાતાં પુસ્તકોની જરૂરિયાત ઊભી થઈ. તે પૂરી કરવા માટે જાતજાતનાં પુસ્તકો લખાવા માંડયાં. ભાષાંતરો તૈયાર થવા માંડયાં. પશ્ચિમ ભારતનું મુખ્ય મથક મુંબઈ હોવાથી કેળવણી ખાતાનું પણ તે મુખ્ય મથક બન્યું ને તેથી સરકારી શાળામાં ભણાવવાની ચોપડીઓ ત્યાં તૈયાર થવા માંડી. આથી સ્વાભાવિક રીતે અંગ્રેજી અને પછી મરાઠીમાંથી ગુજરાતી અનુવાદો તૈયાર થવા માંડયાં. ઘણાં વર્ષો સુધી આવી સ્થિતિ રહી. ઈ.સ. ૧૮૪૮માં એલેકઝાંડર કિન્લોક ફોર્બ્સ અને કવિવર

દલપતરામનો મેળાપ થયો ને તેના પરિણામે ગુજરાતના જૂના સાહિત્યધનને એકઠું કરવાનું કાર્ય હાથ ધરાયું. બીજું નોંધપાત્ર કાર્ય થયું ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપનાનું. ઈ.સ. ૧૮૪૮ની છવીસમી ડીસેમ્બરે કર્નલ ફુલજેમ્સ, કર્નલ વાલેસ અને રેવરંડ પીરી આદિને સાથે રાખી આ સંસ્થા સ્થપાઈ. જેણે દીર્ઘદ્દષ્ટિથી ગુજરાતી ભાષા, સાહિત્ય તથા કેળવણી અને સંસ્કારિતાનાં અનેક કાર્યો સફળતાપૂર્વક કર્યાં.

આ સંસ્થાએ જે કામ આરંભ્યું તેનાં વિસ્તારવેગ સાધવામાં ભોગીલાલ પ્રાણવલ્લભ, મગનલાલ વખતચંદ, સાંકળેશ્વર જોશી, રણછોડભાઈ ઉદયરામ, ભોળાનાથ સારાભાઈ ઈત્યાદિએ ખૂબ પ્રશંસનીય સેવાઓ આપી. અનેક ચોપાનિયાં પણ બહાર પડવા માંડયાં હતાં. આ બધાના પરિણામે ગુજરાતી સાહિત્ય અનેકવિધ રીતે સમૃદ્ધ થતું જતું હતું. આ રીતે ગુજરાતી ભાષા સાહિત્ય અને કેળવણીના બંધાતા સર્જાતા વાતાવરણે ગુજરાતી બાળસાહિત્યની ગતિદિશા નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

આપણે આગળ જોયું તેમ બાલશિક્ષણ અને બાળસાહિત્ય એકબીજા સાથે પ્રગાઢ પણે સંકળાયેલાં છે. બાલશિક્ષણની વિભાવના પશ્ચિમમાંથી જ આપણે ત્યા આવી અને અંગ્રેજોના આગમન બાદ આપણે ત્યા તે પદ્ધતિએ બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત થઈ. બાલશિક્ષણનો ખ્યાલ મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલો હોય એ સ્વાભાવિક છે. પ્રાથમિક શિક્ષણના એક થી ચાર ધોરણ સ્પષ્ટ રીતે બાળકોના ઘડતર સાથે ગાઢ રીતે સંકળાયેલાં જોવા મળે છે. એ ધોરણોમાં ભણનારા વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તકોની જરૂરિયાત ઊભી થઈ. એ વિદ્યાર્થીઓને જીવનનાં વિવિધ ક્ષેત્રોની કેટલીક પાયાની જાણકારીની જરૂર હતી. એથી એની સાથે સંકળાયેલું ભૂગોળ, વિજ્ઞાન, ઈતિહાસ, ગણિત તેમજ સાહિત્ય વગેરેનું પાઠયવસ્તુ નિર્માણ કરવાનો પ્રશ્ન આવતાં તે હલ કરવાના સરકારી અને બિનસરકારી રાહે જે ઉપાયો શરૂ થયા તેમાંથી બાળ સાહિત્યનો ઉદ્‌ભવ અને પછી વિકાસ થયો એમ કહી શકાય. આમ બાલસાહિત્ય એ અર્વાચીન કાળની અર્વાચીન કેળવણીની નીપજ છે એમ કહી શકાય.

બાળસાહિત્યનો ઈતિહાસ પણ આમ વસ્તુતઃ ઈ.સ.ની ઓગણીસમી અને વીસમી સદીનો જ છે. તેમાંય આપણે ઝીણવટથી જોઈએ તો જણાશે કે ઓગણીસમી સદીના

પૂર્વાધનું આરંભનું બાળસાહિત્ય તો ઈંગ્લેન્ડ યુરોપના સાહિત્યમાંથી જ સીધી પ્રેરણા લઈને રચાયું છે. તેથી જ શ્રી મૂળશંકર મો. ભટ્ટ કહે છે : 'અર્વાચીન બાળસાહિત્ય કેળવણી ખાતાની આંગળીએ આંગળીએ ચાલતું થયું છે. તેમાં સાહિત્યનાં તત્ત્વો કરતાં પણ શિક્ષણનાં તત્ત્વો વિશેષ હતાં.''[૮]

આમ તો, બાળસાહિત્યના ઉદ્ભવ વિકાસ માટે અનેક પરિબળો જવાબદાર રહ્યાં છે, તેમ છતાં, કેળવણીએ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. કેળવણીના અનુસંધાને ઊભી થયેલી જરૂરિયાત દ્વારા બાળસાહિત્યના ઘડતર વિકાસનો પ્રશ્ન એરણ ઉપર આવ્યો. બાલકાવ્યો, બાળકથાઓ, બાળચરિત્રો, બાળ જોડકણાં, ઉખાણાં વગેરે સર્જાવા લાગ્યા. છતા શરૂઆતમાં આ સાહિત્ય સવિશેષ અનુવાદ અને રૂપાંતરની પ્રવૃત્તિ પર નિર્ભર રહ્યું, તે સાથે સંપાદનની પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલું રહ્યું.

શરૂઆતમાં અંગ્રેજી સાહિત્યની સામગ્રીનો અને પછી સંસ્કૃત મરાઠી આદિ સાહિત્યની સામગ્રીનો લાભ લીધો. આ ઉપરાંત બીજા અનેક મૂળ સ્ત્રોતોનો ઉપયોગ પણ તેમાં થયો. લોકસાહિત્યમાંથી પણ ઠીક ઠીક સામગ્રી લઈને એનો સીધો અથવા આડકતરો ઉપયોગ થવા લાગ્યો. રામાયણ મહાભારત, પંચતંત્ર, હિતોપદેશ, આદિની વાતો, રાજા વિક્રમ, રાજા ભોજની વાર્તાઓ વળી વળીને અનેક લેખકો અનુવાદકો સંપાદકો દ્વારા અનુસર્જન – અનુવાદ – રૂપાંતર દ્વારા પ્રકાશન પામતી રહી. હાન્સ એન્ડરસનની અને ગ્રીમની કથાઓ, સિંદબાદ, ગુલીવર, રોબિન્સન ક્રુઝો, હરકયુલસ વિષયક કથાઓ બાળસાહિત્યમાં ઠીક ઠીક જગ્યા રોકતી થઈ. ઈસપની નીતિકથાઓ, અરેબિયન નાઈટસ કે અલીબાબા ચાલીસ ચોરની કથાઓનાં અનેક દ્વારા થયેલાં અનુવાદો રૂપાંતરો તેમાં ઉમેરાતાં ગયાં.

બીજી બાજુ ધર્મપ્રચાર અને ધર્મશિક્ષણના નિમિત્તે પણ સમગ્ર કથાસાહિત્યનો પ્રચાર પ્રસાર વધ્યો. બૌદ્ધધર્મની જાતકથાઓ, જૈન ધર્મની આગમકથાઓ, હિન્દુ પૌરાણિક સાહિત્યની કથાઓ આ બધામાંથી ઘણી ઘણી કથાઓ બાળભોગ્ય કિશોરભોગ્ય રૂપ પામી, જે માત્ર નાનાંઓને માટે જ નહીં, મોટાંઓને માટે પણ શ્રવણક્ષમ વાચનક્ષમ થઈ. વળી જે ખ્રિસ્તી મિશનરીઓ આપણે ત્યાં આવ્યા તેમણે ખ્રિસ્તીધર્મના પ્રચાર માટે

થઈને બાઈબલની અને તે સાથે ઈસુ ખ્રિસ્તની અનેક વાતો લોકોમાં વહેતી મૂકી. આમ ગુજરાતી બાળસાહિત્ય જેમ કેળવણીના તેમ ધર્માદિના પ્રચારના કારણે પણ ખેડાતું રહ્યું.

આ જ સમયમાં મુદ્રણકલાના આગમને તેના બહોળા પ્રચાર માટે ભારે અનુકૂળતા કરી આપી. ઈ.સ. ૧૮૧૨ માં ફર્દુનજી મર્ઝબાને (જ.ઈ.સ. ૧૭૮૭–અવ. તા.૨૩–૩–૧૮૪૭) ગુજરાતી મુદ્રણકળાનો પ્રારંભ કર્યો. અને ત્યારબાદ ઈ.સ. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર' શરૂ કર્યું. મુંબઈથી જ 'જામે જમશેદ' નું પ્રકાશન ઈ.સ. ૧૮૩૨ માં થાય છે. તે પ્રકાશનની વિશિષ્ટતા એ હતી કે તે સામયિકમાં સ્ત્રીઓ અને બાળકોનાં ખાસ પાના છપાતાં હતાં. આ ગાળા દરમ્યાન બીજાં અનેક પત્રો નીકળવા લાગ્યાં. ઈ.સ. ૧૮૮૦ માં 'ગુજરાત ' પત્રે સાહિત્ય અને ભાષાના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો તેનો યશ ઈચ્છારામ સૂ. દેસાઈ અને તેમના પુત્રોને ફાળે જાય છે. આ બધા પરિબળો ગુજરાતી પ્રજાની વાચનભૂખને સંતોષવામાં સારી પેઠે મદદરૂપ થાય છે. તેમજ મુદ્રણયંત્રને કારણે દૈનિકો, સામયિકોના અને તે નિમિત્તે પત્રકારત્વનો વિકાસ થયો અને તેના નેજા હેઠળ બાળસાહિત્યને પણ વિકસવાની અનેક તકો મળી. બાળકોને રસ પડે, બોધ મળે, અને એમનાં સંસ્કારોની ખિલવણી થાય એવા શુભ ખ્યાલથી સારું એવું બાળસાહિત્ય પ્રચારમાં આવ્યું.

આ બાળકથા સાહિત્ય અનેક રૂપે સર્જાતું અને વિલસતું રહ્યું છે. અનેક ચરિત્ર વર્ણનો અને પ્રવાસવર્ણનો કથાત્મક શૈલીમાં જ મળ્યા છે. વળી ઘણી બાળકથાઓ ગદ્યમાં ને પદ્યમાં તો કયારેક મિશ્રરૂપે પણ મળી છે. આમ બાળવાર્તાઓમાં ગ દ્યપદ્યગત નિરૂપણ ગત, વિષયવસ્તુગત ઘણું વૈવિધ્ય મળે છે. બાળકથાનો સ્ત્રોત ઘણો પ્રાચીન, વ્યાપક અને સાતત્યપૂર્ણ, વૈવિધ્યવાળો અને પ્રભાવક છે તે આપણે જોઈ શકીએ છીએ.

## ✰ ગુજરાતી બાળસાહિત્યનો વિકાસ :

ગુજરાતી બાળસાહિત્યનો આરંભ વાચનમાળાઓ નિમિત્તે થયો છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં બાળકથાઓનો ચોક્કસ આરંભ કયારથી થયો તે કહેવું મુશ્કેલ છે પણ આગળ જોયું તેમ, મુદ્રણયંત્રના આરંભ સાથે બાળ કેળવણીના સંદર્ભે તેની કામગીરી શરૂ

થઈ હશે તેવું લાગે છે. આ સમયગાળા દરમ્યાન સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી, આદિ ભાષાઓમાંથી તરજુમા દ્વારા કે રૂપાંતર દ્વારા બાળકથાઓ ગુજરાતમાં આવેલી જણાય છે. તેમાં પણ ખાસ કરીને સંસ્કૃત ભાષાનું યોગદાન સવિશેષ છે. શરૂઆતનું ગુજરાતનું બાળસાહિત્ય અધિકતર પ્રમાણમાં પરોપજીવી રહેલું છે.

અંગ્રેજો દ્વારા શરૂ થયેલ શિક્ષણ પ્રણાલીને કારણે સૌ પ્રથમ 'હોપ વાચનમાળા' આવી. તેમાં બાળકોને ઉપયોગી થાય એવું ઘણું સાહિત્ય ઉપલબ્ધ હતું. નવી કેળવણીના પાયારૂપ 'હોપ વાચનમાળા' ઈ.સ. ૧૮૫૮માં પ્રગટ થઈ, જેમાં નીતિનો ઉપદેશ અને ચારિત્ર્ય ઘડતર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ વાચનમાળાનાં નિર્માણમાં દલપતરામ, મહીપતરામ વગેરેનો ફાળો મોટો હતો. તે સમયનાં ગુજરાતનાં અગ્રગણ્ય કેળવણીકારો અને સાહિત્યકારોનો સહકાર લઈને ત્યારબાદ હોપસાહેબે તૈયાર કરેલી આ વાચનમાળા એ છેક ઈ.સ. ૧૯૦૮માં કોવરટન સંપાદિત 'નવી વાચનમાળા' બહાર પડી ત્યાં સુધી ગુજરાતની બાલપ્રજાની ઉમદા સેવા કરી છે. એ વાચનમાળા ઉત્તમ અને ઉચ્ચકક્ષાની હતી. તેથી જ સ્પષ્ટ કહી શકાય કે 'હોપ વાચનમાળા' એ ગુજરાતી બાળઘડતરમાં પ્રાથમિક ભૂમિકાએ સિંહફાળો આપ્યો હતો. તે ઉપરાંત ટેલર, ડુમંડ, ફાર્બસ, જેવા વિદેશી વિદ્વાનોએ ગુજરાતી સાહિત્યના ઘડતરમાં સીધો અથવા આડકતરો નોંધપાત્ર ફાળો રહેલો એ ચોક્કસ છે.

ઈ.સ. ૧૮૫૮ માં મળેલ 'હોપ વાચનમાળા' સિવાય આપણને હરગોવિંદદાસ પ્રા. કાંટાવાળા પાસેથી ઈ.સ. ૧૯૦૪ માં 'કન્યાવાચનમાળા' તેમજ કોવરટન કમિટી સંપાદિત 'નવી વાચનમાળા' (ઈ.સ. ૧૯૦૮) શ્રી છગનલાલ મોદીની 'સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા' ઈ.સ. ૧૯૧૬, શ્રી ડાહ્યાલાલ પંડિતની 'નીતિવાચનમાળા' ઈ.સ. ૧૯૧૮ વગેરે વાચનમાળાઓએ પોતપોતાની રીતે બાળ માનસને સંતોષ આપવાનું કાર્ય કર્યું છે. ત્યારબાદ ઘણાં સમય સુધી વાચનમાળાઓ તો પ્રસિદ્ધ થતી જ રહી છે. જેમ કે કમળાશંકર ત્રિવેદીની 'ત્રિવેદી વાચનમાળા' (ઈ.સ. ૧૯૨૧), સુરત રાષ્ટ્રીયસભાની 'રાષ્ટ્રીય વાચનમાળા' (ઈ.સ. ૧૯૨૧), સુરત રાષ્ટ્રીયસભાની 'રાષ્ટ્રીય વાચનમાળા' ઈ.સ. ૧૯૨૨, છોટાલાલ બા. પુરાણીની 'વિદ્યાપીઠ – વાચનમાળા' ઈ.સ. ૧૯૨૩, શ્રી

નગીનદાસ પારેખ અને શંભુપ્રસાદ ભટ્ટ સંપાદિત 'વાચનમાળા' વગેરે વાચનમાળાઓ દ્વારા ધર્મનીતિ બોધકથા કે વિવેચનથી ભરપૂર હતી.

સંસ્કૃતિના પ્રારંભથી જ મનુષ્યએ બાળકથાને શિક્ષણ કેળવણીના સાધન તરીકે પ્રયોજતો રહ્યો છે. પંચતંત્ર કે હિતોપદેશની રચના પાછળ આ જ ઉદેશ હતો. 'પંચતંત્ર' ને 'પંચાખ્યાન પંચોપાખ્યાન' તરીકે પણ ઓળખવામાં આવે છે. 'પંચતંત્ર' ના અનેક અનુવાદ કે સાર દ્વારા પ્રસિદ્ધ થતા રહ્યા છે. મુંબઈ સમાચાર પ્રેસ તરફથી પ્રગટ થયેલા 'પંચોપાખીયાન' ઈ.સ. ૧૮૨૪) માં પાંચેય તંત્રનું ભાષાંતર મળે છે. મુંબઈ નેટિવ એજયુકેશન સોસાયટી તરફથી પ્રગટ થયેલું એ. વીએગાસે પ્રગટ કરેલું 'પંચપાખ્યાન' ઈ.સ. ૧૮૪૪ સંપૂર્ણતયાઃ ગદ્યમય ભાષાંતર છે. શુદ્ધ અને સરળ ભાષાંતર શાસ્ત્રી પ્રાણજીવન હરિહરે 'પંચતંત્ર' ઈ.સ. ૧૮૯૮ નામ રાખીને જ આપ્યું છે. આની પહેલા ઈ.સ. ૧૮૯૪ માં આપણને મણિશંકર ઉ. ભટ્ટ પાસેથી 'પંચોપાખ્યાન' મળે છે જે ઉલ્લેખનીય છે. તેમજ બાળકો માટે જ 'કુમાર' માસિકના સને ૧૯૩૯ થી ૧૯૪૩ સુધીના અંકોમાં શ્રી વાલજી ગોવિંદજી દેસાઈએ 'પંચતંત્ર' ની વાર્તાઓ આપી હતી.

પ્રાચીન સમયમાં વેદપાઈ નામના બ્રાહ્મણ દ્વારા રચાયેલ 'કરકટદમનક' નામના નીતિગ્રંથ ઉપરથી સારરૂપે 'પંચતંત્ર' રચાયું અને તેના પરથી બંગાળમાં નારાયણ ભટ્ટે 'હિતોપદેશ' રચ્યું એમ માનવામાં આવે છે. પશુપક્ષીની નિમિત્તે આમાં ઉત્તમ બોધ અપાયો છે અને બોધની સાથે આનંદની પ્રાપ્તિ પણ થાય છે.

આવી જ બોધકથા રજૂ કરતી કથાઓ 'શેખ સાદીની ગુલેસ્તાન' હોરમજી બમનજી ગનદેવ્યાએ આપી છે. જેમાં ઘણીબધી રીતે નીતિ ઉપદેશ જોવા મળે છે. જો કે આ બધા જ ભાષાંતરો તાત્ત્વિક રીતે બાળકથાઓ નથી, પણ ભવિષ્યની બાળકથાઓ માટે વિપુલ માત્રામાં વસ્તુસામગ્રી પૂરી પાડનાર મૂળસ્ત્રોતો છે.

શ્રી મુનિકુમાર ભટ્ટના મતે બાળકો અને કિશોરો માટેનાં પુસ્તકો સૌથી પ્રથમ રાજકોટના નાગરદાસ મૂળજી ધ્રુવે પ્રગટ કરેલા. 'અંધ સારંગીવાળો' 'બિરદસિંહ' અને 'કૃતઘ્નતાનો ચિતાર' જેવી વાર્તાઓ બાળકોને સમજાય તેવી ભાષામાં બહાર પાડેલી.

ઈ.સ. ૧૮૨૬ માં 'કેટલીએક ડાડસ્લીની વાતો' નું ભાષાંતર મળે છે જેની અંદર પંદર જેટલી જાણીતી કથાઓ છે અને દરેક કથાને અંતે સાર પણ આપેલો હોય છે.

પંચતંત્ર હિતોપદેશની જેમ જ તેની બોધકતાને લીધે. પ્રારંભથી જ આપણને 'ઈસપની કથાઓ' મળી છે. શ્રી રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી પાસેથી ઈ.સ. ૧૮૫૪ માં 'ઈસપની નીતિકથાઓ' પ્રાપ્ત થાય છે. આ કથાઓનું પ્રકાશન તે ઈસપની નીતિકથાઓને ગુજરાતીમાં ઉતારવાની એક મહત્ત્વની ઘટના છે. બોધ અને નીતિ માટે આ કથાઓ ગુજરાતને ઘણી ઉપયોગી થયેલી છે. ત્યારબાદ ઈસપની કથાઓમાં બે ઉલ્લેખ પાત્ર ઉમેરા થયેલા મળે છે. જેમાં (૧) મરાઠી લેખક શંકર ન. જોશી પાસેથી 'ઈસપનીતિ' અને (૨) રણછોડદાસ ના. જીવરાજાની પાસેથી 'ઈસપકૃત કલ્પિતવાતો' (ઈ.સ. ૧૮૬૦) માં આપણને પ્રાપ્ત થાય છે.

ઈ.સ. ૧૮૬૦માં બાબુભાઈ અમીચંદે આપેલી 'બત્રીસ પૂતળીની વાર્તાઓ' શામળ દ્વારા પુરસ્કૃત અને ગુજરાતીમાં પ્રતિષ્ઠિત વિક્રમની અદ્‌ભુત રસિક કથાની પરંપરા જાળવી રાખે છે. ત્યારબાદ વિક્રમની સાહસકથાઓ આપણને હરજીવન ઉત્તમરામ મહેતા પાસેથી 'વેતાળપચીસી' (ઈ.સ. ૧૮૭૨) માં પ્રાપ્ત થાય છે. આમ એ પ્રકારનું સાહિત્ય બાળકના કલ્પના જગતનાં વિસ્તાર માટે અને નીતિ ન્યાય તથા સંસ્કારોના સિંચન માટે આપણને પ્રાપ્ત થતું રહે છે.

બાળકોને બૌદ્ધિક આનંદ આપી શકાય તે માટે ઈ.સ. ૧૮૭૦માં કેશવલાલ મો. પરીખ પાસેથી આપણને 'કોયડા સંગ્રહ' તેમજ પારસી લેખક પાસેથી 'કૌતુક સંગ્રહ' પ્રાપ્ત થાય છે. આ કથાઓ સ્પષ્ટ રીતે બાળકથા ભલે ન ગણી શકાય પણ બાળકોને આનંદ આપે એવી જરૂર છે. અને જયારે બાળસાહિત્ય જેવું આપણે ત્યાં ઉપલબ્ધ ન હતું ત્યારે કેશવલાલ મો. પરીખે 'બાલબંધુ' નામનું નાનું પુસ્તક પણ તેમણે આપ્યાનું નોંધાયું છે.

નીતિબોધ, હાસ્ય, સાહસ આ રીતે જાતજાતની કથાઓની સરવાણીઓ બાળસાહિત્યને ક્ષેત્રે ચાલુ થયેલી જોવા મળે છે. આ સમય દરમ્યાન એક નોંધપાત્ર કૃતિ આપણને 'ટૂંકી કહાણીઓ' નામે પ્રાપ્ત થાય છે.

સેન્ટ્રલ એજન્સી તરફથી 'લંગડો જરવાસ' ઈ.સ. ૧૮૯૩ માં મળે છે. જે મૂળ મીસ મેરિયા એભ્યર્થની કૃતિનો અનુવાદ છે. અનેક વિઘ્નો આવવા છતાં હિંમત રાખી મહેનત કરવાથી કાર્યમાં સિદ્ધિ મળે છે એ તેમાં દર્શાવવામાં આવ્યું છે. તથા મૂળ જર્મન ગ્રંથના અંગ્રેજી ભાષાંતરનાં આધારે ખંડુભાઈ મકનજી ઉમરવાડિયાએ 'બાળ સદ્‌બોધ વાર્તાશતક' (ઈ.સ. ૧૮૯૬) માં આપણને પ્રાપ્ત થાય છે.

ભાષાંતરને મજબૂત બનાવવામાં 'અરેબિયન નાઈટસ'નાં ભાષાંતરોએ ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. સાહસ, ચતુરાઈ, અને અદ્‌ભુત રસની આ દુનિયાએ ઘણા સર્જકોને તેની તરફ આકર્ષવાનું કાર્ય કર્યું છે. મૂળ અરબી તેમાંથી ફ્રેન્ચ તેમાંથી અંગ્રેજી અને પછી અનેક ભાષાઓમાં ભાષાંતર પામેલી 'અરેબિયન નાઈટસ' માંથી કેટલીક કથાઓ 'અરેબિયન ટેઈલ્સ' તરીકે ગુજરાતીમાં મળે છે.

બાળભોગ્યતાને ધ્યાનમાં રાખીને લખાયેલ પુસ્તક 'ગુજરાતી બાલમિત્ર' ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં તેમાંથી મરાઠીમાં અને તે ઉપરથી ગુજરાતી ભાષાંતર મુંબઈ ઈલાકાના સરકારી કેળવણી ખાતા તરફથી અનુવાદક શ્રી પાંડુરંગ ગણોબા અને ઉમેદરામ ઈચ્છારામ દ્વારા થયું હતું. તેના બે ભાગ પૈકી ઈ.સ. ૧૮૩૧ માં પ્રગટ થયેલા પ્રથમ ભાગને 'પ્રથમ શુદ્ધ બાળભોગ્ય રચના' તરીકે લખવામાં આવ્યો છે. બાળકોનું શુદ્ધ મનોરંજન અને સદ્‌ગુણો સહજ લાગે આ બે હેતુથી આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યું છે. 'બાળમિત્ર' ની પ્રત્યેક વાર્તા સુજનતા કે સદાચરણ જેવા ગુણોની પ્રશંસા કરે છે. તેની સાથે બીજો પ્રવાહ અકબર બીરબલની કથાઓનો જોવા મળે છે. ચતુરાઈ અને હાસ્યની આ કથાઓ ખૂબ જ પ્રખ્યાત છે. કેટલેક સ્થળે બાદશાહ બીરબલનાં જીવન વૃતાંતો પણ રજૂ કરવામાં આવ્યા છે. પેસ્તનજી જમશેદજી સથ્થા પાસેથી 'અકબર બીરબલનો વિનોદી વાર્તાસંગ્રહ' તથા 'રાજયરત્ન બીરબલનો હાસ્ય ભંડાર' તેમજ અન્ય અનેક પુસ્તકો આ વિષયક મળ્યા છે. તેમજ 'અલાદિન અને તેનું જાદુઈ ફાનસ' 'શાહજાદો અને કરામતી ઘોડો' 'સિંદબાદ ખલાસી અને તેની સફરો' આ બધાં બાળકો માટે સહેલી ભાષામાં લખાયેલા સચિત્ર પુસ્તકો છે. ચમત્કારપ્રધાન, તેની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ, હાજર જવાબીપણું તેની

હૈયાસૂઝ તથા તેનો માનવતા ભર્યો વ્યવહાર તેનું ડહાપણ વગેરે ગુણો જુદાં જુદાં પાત્રો દ્વારા વ્યકત થતાં રહ્યા છે. અને બાળકોને બુદ્ધિપૂર્ણ મનોરંજન આપતા રહ્યા છે.

ઈ.સ. ૧૮૯૮માં વકીલ દયાળજી રણછોડદાસ પાસેથી આપણને 'વણિક વિદ્યાની વાતો' (ભાગ–૧) મળે છે. તેમાં બાળકોને રસ પડે તેવી ચાતુરીની પચ્ચીસ વાર્તાઓ છે. તેમજ મરચન્ટ એમ.જી. પાસેથી ઈ.સ. ૧૯૧૯ માં 'રાજાભોજ અને કવિ કાલિદાસ' મળે છે. આ પુસ્તક પાંચ ભાગમાં વહેંચાયેલું છે. તેમાંથી અનેક કથાઓ બાળકોની રસિકતા અને તેમનું બુદ્ધિચાતુર્ય ખીલવે તેવી છે.

આપણી પૌરાણિક કથાઓ અને લોકકથાઓમાં વહાણ દ્વારા પરદેશ ખેડવાની કથાઓ આવે છે. તે જ પ્રમાણે બાળકો માટે ગુલીવરની વાર્તાઓ મળે છે. તે વાર્તાઓની અંદર સાહસ તો જોવા મળે જ છે, તે સાથે અદ્‌ભુત રસિકતા પણ છે. ગુલીવર રાક્ષસોના દેશમાં જાય છે, જયાં તે વહેંતિયા જેવો લાગે છે. અને તે વહેંતિયાઓના દેશમાં જાય તો ત્યાં રાક્ષસ જેવો લાગે છે. જોનાથન સ્વિકટની 'ગુલીવર્સ ટ્રાવેલ્સ' ને મણિલાલ મો. ઝવેરી અને ફરદુનજી બહેરામજી મર્ઝબાને સચિત્ર ગુજરાતીમાં ઉતારી છે. આ જ રીતે એક પારસી લેખક દ્વારા 'ડોન કવીકઝોટ' નું 'મસ્ત મહેરની મુસાફરી' એ નામે લખાયેલું ભાષાંતર પણ ઉલ્લેખપાત્ર છે.

શ્રી હરગોવિંદદાસ કાંટાવાળા પાસેથી 'ટચુકડી સો વાર્તા' નાં પાંચ ભાગ મળે છે. તેમાં તેમણે ઐતિહાસિક વાતો, જૈન જૈનેતર પ્રાચીન સાહિત્યની વાતો, ભાટ–ચારણ પાસેથી તથા તેમના માતુશ્રીએ કહેલી વાતો મળે છે. આ સિવાય એમણે 'બાળજ્ઞાન માળા' 'કન્યા વાચનમાળા' 'અંધેરી નગરીનો ગાધર્વસેન' જેવું મહત્ત્વનું સાહિત્ય મળે છે.

આ જ પ્રકારે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું અન્ય કાર્ય શ્રી ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ પાસેથી મળે છે. તેમણે 'અરેબિયન નાઈટસ' (ભાગ ૧–૨, ઈ.સ. ૧૮૮૯) મળે છે. અને 'બાળકોના આનંદ' નામે ભાષાંતર મળે છે. એમના સમગ્ર બાળસાહિત્યનાં સર્જનમાં બાળકોના હાસ્ય આનંદને મળેલું પ્રાધાન્ય ધ્યાન ખેંચે તેવું છે.

ઈ.સ. ૧૯૦૯માં શ્રી વ્રજલાલ પુરુષોત્તમ મહેતા અને કલ્યાણજી ખોડીદાસ શાહ દ્વારા સંપાદન પામેલી 'શિશુ સદબોધનમાળા' નામે વાર્તાસંગ્રહ મળે છે. લંડનના 'મોરલ

એજ્યુકેશન લીગ' ના ધોરણને અનુસરતી ઢબે લખાયેલી આ કૃતિમાં મહાભારત, રામાયણ અને પુરાણોમાં થી પસંદ કરેલી બોધક કથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં ચોર્યાશી પૌરાણિક કથાઓ છે. આ પુસ્તક શિશુલોકનો સારો સંગાથી બની શકે તેવું છે.

ઈ.સ. ૧૯૦૭માં લુઈ કેરોલની 'એલિયસ ઈન વન્ડર લેન્ડ' નું અનુવાદ શ્રી જયસુખલાલ યુ. જોશીપુરા પાસેથી 'અલકાનો અદ્‌ભુત પ્રવાસ' નામે મળે છે. આ ભાષાંતર મૂળની ઘણી જ લાક્ષણિકતાઓ સાચવીને રસાવહ રીતે સિદ્ધ થયું છે. અને બાળકોને એ પોતાના દેશની કથા હોય એવો અનુભવ કરાવી શકે એમ છે.

સાહસકથા અને અદ્‌ભુતકથાઓની સાથે તે સમયે નીતિકથાઓનો પ્રવાહ પણ અસ્ખલિત ચાલુ રહ્યો છે. માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ પાસેથી 'રસમય નીતિકથા' ભાગ–૧ ઈ.સ. ૧૯૧૦માં મળે છે. કુમળી વયનાં બાળકો અને ઉછરતા યુવાનોને ઉપયોગી થઈ પડે તેવી શિખામણથોની અને બોધક દૃષ્ટાંતો આ પુસ્તકમાંથી મળે છે. અહીં લોભ અને લુચ્ચાઈના અભાવના તથા પરોપકાર તથા કાર્યનિષ્ઠા વગેરેનાં સુફળને દર્શાવતી વાર્તાઓ રજૂ થઈ છે.

પુરાણની જેમ સંસ્કૃત સાહિત્યની મહાન નાટ્યકૃતિઓને શ્રી મગનલાલ નવનીતરામ દીવાને 'પાંચ વાર્તા' (ઈ.સ. ૧૯૧૪) માં બાળકોની સમજમાં આવે તેવું કથારૂપ આપ્યું છે. આમાં વિશાખદતનું 'મુદ્રારાક્ષસ' શુદ્રકનું 'મૃચ્છકટિકમ' કાલિદાસનું 'શાકુન્તલ' અને 'વિક્રમોર્વશીય' અને ભવભૂતિના 'ઉત્તરરામચરિત' નો સમાવેશ થાય છે. આપણા સંસ્કૃત સાહિત્યની ઉત્તમ કૃતિઓને આ રીતે બાળભોગ્ય કરવામાં લેખકનો જે હેતુ છે તે સફળ પણ થયો છે.

ગૌરીશંકર મગનલાલ પંચોળી પાસેથી નીતિના હેતુથી લખાયેલ 'નીતિશિક્ષક યાને બાળકોનો ફૂલહાર' (ઈ.સ. ૧૯૧૫) નામે પુસ્તક મળે છે. આ કથાઓમાં બાળકોએ શું ન કરવું તેનું સૂચન વિશેષ જોવા મળે છે. બાળકોને દયાળુ, નીતિવાન અને નામાંકિત બનવાની પ્રેરણા મળે તેવી નમૂનારૂપ છ કથાઓનો સંગ્રહ લક્ષ્મીશંકર નાગરદાસ આચાર્ય પાસેથી 'નાની નાની વાતો' (ઈ.સ. ૧૯૧૬) એ નામે આપણને પ્રાપ્ત થાય છે.

શ્રી ગંગાશંકર મણિશંકર વૈષ્ણવે બેવડી રીતે બાળકોની સેવા કરી છે. 'બાળસ્વભાવ' (ઈ.સ. ૧૯૦૮) એ બાળમાનસને સમજાવતું પુસ્તક છે. તેમજ 'બાળવાર્તા' પુસ્તકમાં ડહાપણ, બોધ, વિનોદ, વગેરેને અવકાશ આપતા પ્રસંગોવાળી વાર્તાઓ છે. બાળકોને અધિકતર પરિચિત એવી ઉંદર, ઉંટ, બિલાડી, વાંદરો, ઘોડો જેવાં પ્રાણીઓની આ કથા છે. વાકયો લાંબા હોવા છતાં પ્રવાહીભાષા અને બાળકો સમજી શકે તેવી છે. આશરે એકાવન કથાઓનો આમાં સમાવેશ થયો છે. 'સચિત્ર વાર્તાવિનોદ' (ઈ.સ.૧૯૧૪) માંની કથાઓ શિક્ષકની ગરજ સારે તેવી છે. સારી કથાસામગ્રી ધરાવતું આ પુસ્તક સચિત્ર હોવાથી પણ નોંધપાત્ર છે. તેમાં ઈતિહાસ, શરીરશાસ્ત્ર કે પદાર્થ વિજ્ઞાનને પણ કથારૂપે કહેવાનો પ્રયત્ન થયો છે. તે બોધપ્રધાન હોવા છતાં ઘરગથ્થુ ભાષાપ્રયોગથી વાંચવું ગમે તેવું બન્યું છે.

શુદ્ધ કથાસાહિત્ય ન કહીં શકાય તેમ છતાં પણ કથાઓનો રસાસ્વાદ આપતો 'ગુજરાતનો બાલઈતિહાસ' શ્રી નાનચંદ જશરાજ વખારિયા પાસેથી આપણને પ્રાપ્ત થાય છે. કોઈ શુભેચ્છક દ્વારા રચાયેલી અને શ્રી ભીમભાઈ લાલભાઈ દેસાઈ દ્વારા પ્રસિદ્ધ કરાયેલી 'ધર્મ નીતિ બોધિની' (ભાગ–૧ ઈ.સ. ૧૯૦૯, ભાગ–૨ ઈ.સ. ૧૯૧૦) માં પુરાણોની કથાઓ પરથી એમાં આવતાં જુદાં જુદાં પાત્રોના આધારે નીતિ બોધ આપવામાં આવ્યો છે. અહીં બાળકોને સીધું સંબોધન કરી, લેખક પોતાની વાત સમજાવે છે.

ગુજરાતી બાળકથા સાહિત્યના ક્ષેત્રે પારસીઓનું પ્રદાન નોંધપાત્ર છે. 'પંચતંત્ર' નહીં પણ એ પ્રકારની એકસો બાવન નાની નાની કથાઓ અતિ સરળ ભાષામાં સ્વ. ખરદેશજી બમનજી ફરામરોજ પાસેથી 'સુબોધક નીતિકથા' (ઈ.સ. ૧૯૨૦, બીજી આવૃત્તિ) નામે મળે છે. ઘણી બધી આવૃત્તિઓ ધરાવતી આ પુસ્તિકામાં પ્રાણી કે ઝાડપાન ઉત્યાદિને ઉદેશીને લખાયેલી બોધપ્રદ કથાઓ છે. કથા દ્વારા જો બોધ રજૂ થાય તો તે બાળકને સ્વીકાર્ય છે તે વાત અહીં જોવા મળે છે.

આમ ગુજરાતી બાળવાર્તા ક્ષેત્રે ગિજુભાઈ આવ્યાં ત્યાં સુધીમાં સવિશેષ અનુવાદો અને રૂપાંતરો દ્વારા ભવિષ્યની બાળકથાઓનો સંગીન પાયો નખાયેલો જોવા મળે છે. બાળવાર્તાક્ષેત્રે અનેક પ્રકારની રસસરવાણીઓ શરૂ થઈ ચૂકી હતી. અને એ દ્વારા કેટલુંક

નોંધપાત્ર કાર્ય પણ થયેલું જોવા મળે છે. જો કે તે ગાળા દરમ્યાન બાળસાહિત્યની ઉણપ વિશે તીવ્ર ફરિયાદો પણ નોંધયેલી મળે છે, જેમ કે, શ્રી વિદ્યાગૌરી નીલકંઠ આ અંગે ફરિયાદ કરતાં જણાવે છે કે :

'ગુજરાતી ભાષામાં બાળકો માટે સાહિત્ય નથી એમ કહીએ તો ચાલે. બાળસ્વભાવનું નિરીક્ષણ કરતાં જણાશે કે તેમનામાં અનુકરણશક્તિ, જિજ્ઞાસા, કલ્પનાશક્તિ, અને મહત્ત્વકાંક્ષા હોય છે. આ સર્વને જવાબ હેતુ, એ શક્તિઓને સંતોષનારું સાહિત્ય બાળકો હોંશથી વાંચે છે અને તેની અસર ધાર્યા પ્રમાણે થાય છે.

આવી જ ફરિયાદ શ્રી કેશવપ્રસાદ દેસાઈ કરે છે. તેઓ કહે છે : 'આપણું બાળસાહિત્ય અત્યારે બહુ જ નિર્ધન અવસ્થામાં છે' અને આવી ફરિયાદોમાં થોડું તથ્ય પણ છે જ.

બાળકોને કેન્દ્રમાં રાખીને લખાવ્યું હોય, તેની સંવેદનાને ધ્યાનમાં રાખીને તથા તેના ગમા અણગમાને ધ્યાનમાં રાખીને લખાવ્યું હોય, તેની અપેક્ષાઓને સંતોષતું હોય તેવું મૌલિક બાળસાહિત્ય ખૂબ જ ઓછાં પ્રમાણમાં આપણને પ્રાપ્ત થયું છે. બાળકોને અનુકૂળ એવી અનેક કૃતિઓ અનેક વિષયોમાં અગ્રેજીમાં તો સુલભ હતી જ. તેના આધારે ગુજરાતીમાં ઘણું થઈ શકે તેવી શકયતાઓ હતી પરંતુ તે થયું ન હતું.

શરૂઆતનાં તબક્કામાં મળેલા બાળસાહિત્યમાં બાલરૂચિના સંતોષ અને ખિલવણી કરતા બાળઘડતરના ભાવનો સવિશેષ પ્રભાવ જોવા મળે છે. અને તે કામ માટે ભાષાંતરો પર તથા પૌરાણિક કે ઐતિહાસિક કે લોકસાહિત્ય પર નિર્ભર રહેવાનું વલણ વધારે રહ્યું છે. હાસ્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે થોડું બાળસાહિત્ય રચાયું છે, છતાં આ તબક્કામાં થયું છે તેથી ઘણું વિશેષ કરવાનો સમય બાળકથાં ક્ષેત્રે હતો જ.

વીસમી સદી આવી તે સાથે જ થોડાં વર્ષો બાદ ગાંધીજીએ ગુજરાત અને ભારતનાં સંસ્કારોનાં જીવનમાં પ્રવેશ કર્યો. તેમનો પ્રભાવ દૂરગામી હતો. તેમના આગમનથી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ થઈ. સમાજ અને સાહિત્ય ઘડતરમાં ગાંધીવિચાર અને ગાંધીચરિત્ર મુખ્ય પ્રેરણાનું બળ બન્યું. અંગ્રેજો દ્વારા પ્રાપ્ત થયેલી જ્ઞાનપ્રાપ્તિએ જેમ અનેક દિશાઓ માર્ગો ખોલી આપ્યા, તેમ ગાંધીજીની પ્રેરણાએ સમાજ પરિવર્તિત થયો

અને તે સાથે વિકાસની અનેક દિશાઓ આપણને પ્રાપ્ત થઈ. રાષ્ટ્રીય શિક્ષણનો ખ્યાલ વ્યાપક બન્યો. કેળવણી માતૃભાષામાં આપવી જોઈએ તેવો આગ્રહ રખાયો. બાળકેળવણીમાં મનોવૈજ્ઞાનિક અભિગમે વ્યાપક અને ઊંડી ક્રાંતિ પ્રેરી ડૉ. મોન્ટેસોરી અને કિન્ડરગાર્ટનના પ્રચારે બાળક તરફ જોવાની દૃષ્ટિમાં મોટું પરિવર્તન આણ્યું. આ સર્વનો ઊંડો, વ્યાપક પ્રભાવ બાળસાહિત્યનાં નિર્માણ પર પડયો. બાળ વાચનમાળાઓ નિમિત્તે જે પાઠો લખાતા હતા તેમાં અવારનવાર બાળકોને બોધે તેને રૂંધે તેવાં તત્ત્વો ઘૂસતાં હતા. એ સામે આવજ પણ ઊઠયો. ઉપદેશ બોધનું તત્ત્વ અને બાળમાનસ ઘડતરનો આગ્રહ બાળકથામાં જે પ્રકારે આક્રમણ કરતો હતો તેની સામેનાં સર્જનાત્મક વલણો પ્રત્યે તરફદારી વર્તાવા લાગી. બાળકલ્પનાને, બાળકના કૌતુકરસ અને લીલારસને ઉતેજે અને સંતોષ આપે એવા સાહિત્યનો આગ્રહ વરતાવા લાગ્યો. હાન્સ એન્ડરસનની પરીકથાઓનો જાદુ અનેકોએ અનુભવ્યો. અને તેનાં સબળ નિર્બળ અનુકરણો પણ ત્યારપછી થવા લાગ્યાં. આ પછી બાળકથાનો વિષય વિસ્તાર ઘણો વધતો ગયો અને બાળવાર્તાસાહિત્ય ક્ષેત્રે ઠીક ઠીક સમૃદ્ધિ વરતાઈ.

આમ અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પ્રારંભકાળે જ, અર્વાચીન કેળવણીની શરૂઆત ગુજરાતમાં થઈ અને તે સાથે જ બાળસાહિત્યની જે શરૂઆત થઈ તેણે ૫૦–૭૫ વર્ષમાં અનુવાદ રૂપાંતર વગેરેની પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં એવું તો કાઠું કાઢયું કે ગુજરાતીમાં મૌલિક બાળવાર્તા સાહિત્યનાં સર્વાંગી વિકાસ માટેની મજબૂત ભૂમિકાનું નિર્માણ થયું. અનુવાદ અને રૂપાંતરિત બાળકથાઓની જોડાજોડ જ મૌલિક બાળકથાઓની રચના પણ થવા લાગી.

આ મૌલિક બાળકથા સર્જનને એક બાજુએથી પંચતંત્ર હિતોપદેશ અને ઈસપની કથાઓએ તો બીજી બાજુએથી વિક્રમ વૈતાલ અને અરેબિયન નાઈટસની કથાઓએ પ્રેરણા તેમજ માર્ગદર્શન પૂરા પાડયાં. વળી ગુજરાતી લોકકથાઓ તેમજ પશ્ચિમની ગ્રીમબંધુઓ વગેરેની સંપાદિત લોકકથાઓ તેમજ પરીકથાઓએ પણ આ બાળકથા સાહિત્યને ઘડવા વિકસવા માટે જરૂરી પ્રેરણા અને વાતાવરણ તથા ભૂમિકાને દિશાસૂચન પૂરાં પાડયાં.

શરૂઆતની બાળકથાઓમાં સંસ્કાર ઘડતર અને નીતિબોધ એ બે પ્રયોજનો હતાં, તે પછીની ભૂમિકાઓમાં પણ એ જ સામે રહ્યાં. ખાસ કરીને બાળકોના શૈક્ષણિક ઘડતરનો ખ્યાલ આ સર્વ બાળકથાઓ પાછળ સતત ઝળૂંબતો જોવા મળે છે. તેથી જ આ બધી કથાઓ સંસ્કાર અને નીતિબોધને લગતો સ્પષ્ટતયા શિક્ષણલક્ષી જીવનલક્ષી એવો અભિગમ દાખવે છે. એમાં કલાત્મકતાં, રસાત્મકતા, અને મનોરંજન સાવ બાકાત નથી પણ અવારનવાર એ તત્ત્વોની પૂરતી માવજત ના થઈ હોય એવું લાગે છે.

એ સમયગાળા દરમ્યાન જેમ કેળવણીનો વિકાસ થાય સાથે બાળકોના અભ્યાસક્રમમાં પૂરક થાય એવી વાચન સામગ્રીની માંગ વધી તેમ એમને નવરાશના સમયે વાચતાં આનંદ મળે એવી કથાઓની માંગ પણ વધી. એ રીતે એ સમયગાળાનું બાળકથાસાહિત્ય વિકસતું વિસ્તરતું રહ્યું. વળી, પત્રકારત્વનો વિકાસ પણ ઝડપથી થઈ રહ્યો હતો. 'જામે જમશેદ' અને બીજાં પત્રોએ બાળકો માટેના ખાસ વિભાગો પર શરૂ કરેલાં. બાળકોના ઘડતરને ખ્યાલમાં રાખીને કેટલાંક સામયિકો પણ બાળસાહિત્યને પોતપોતાની રીતે ઉત્તેજન આપતાં હતાં.

આ બધાંને કારણે બાળસાહિત્યનો વિકાસ ઝડપી અને વ્યાપક બન્યો. પાછળથી તો કેવળ બાળસાહિત્યને અનુલક્ષીને જ સામયિકો નીકળવા લાગ્યાં. અને એથી બાળસાહિત્ય સારું એવું વિકસ્યું અને પ્રચાર પામ્યું. શરૂઆતના ગાળામાં બાળસાહિત્યના વિકાસમાં જેટલા ઉત્સાહ અને ધગશ દેખાય છે એટલી સજ્જતા ન હતી. અલબત્ત, સામાન્યતઃ બાળ કેળવણીનું બળવાન માધ્યમ તો બાળકથા જ રહ્યું હતું. ઘરમાં મોટેરાં વડીલો, નિશાળમાં શિક્ષકો, ચોરેચૌટે બેસતા ભાટચારણો તેમજ ધર્માચાર્યો વગેરે કથાનાં માધ્યમ દ્વારા સંસ્કાર ઘડતર અને નીતિ ઘડતરનું લક્ષ્ય સિદ્ધ કરવામાં પ્રવૃત હતાં જ. આ વસ્તુ આ ગાળાના બાળસાહિત્યના નિર્માણમાં સ્પષ્ટ રીતે ઉપર તરી આવતી જણાય છે. બાળકથા શિક્ષણના સાધન તરીકે પરંપરાથી જ લોકજીવનમાં, લોકસાહિત્યમાં, લોકકથાઓમાં પ્રતિષ્ઠિત હતી. નવી કેળવણીએ એને એ પદથી હટાવવાનું કાર્ય કર્યું નથી. બલકે એ વધુ અસરકારક કેમ થાય એ માટે વધુ અનુકૂળતા સામગ્રી તેને પૂરાં પાડયાં છે.

ક્રમશઃ બાળકથા સાંભળવા સાથે વાંચવાનોયે વિષય બની, અને એ રીતે તેનો પ્રચાર પ્રભાવ વધ્યો.

ગિજુભાઈ આવતા પહેલાં બાળવાર્તાના ક્ષેત્રમાં સુધારકો અને સાક્ષરોએ જે કાર્ય કર્યું તેમાં બાળપ્રીતિ સાથે સંસ્કાર પ્રીતિ, સંસ્કાર ઘડતર માટેની કર્તવ્યબુદ્ધિ તેમજ સમાજ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા આ બધું જોવા મળે છે. ગિજુભાઈ આવ્યાં તે પહેલાં 'બાળકમાં પયગમ્બર' જોવાનું ન્હાનાલાલને સૂઝયું હતું. અને 'શિશુદેવો ભવ' ની ભાવનાનો પરિતોષ થાય એ અંગેની સભાનતા જાણ્યે અજાણ્યે આપણા સાક્ષર વર્ગમાં સંચારિત થઈ રહી હતી. શિશુ કે બાળમહિમાનું વિવિધ પ્રકારનું સાહિત્ય પણ આ ગાળામાં બાળક પ્રત્યે જે આદર સન્માનની ભાવના ખીલતી હતી તેની મધુર સાક્ષી પૂરતું હતું.

અર્વાચીન કેળવણીના પ્રચાર–પ્રસાર સાથે અને પશ્ચિમનાં બાળકથાસાહિત્યના સંપર્કને પ્રતાપે ગુજરાતીમાં બાળકથાસાહિત્યમાં વિકાસ–વિસ્તાર થતો ગયો. વળી, આ વિકાસ સાથે સંસ્કૃત કથાસાહિત્ય પણ ખૂબ જ ગાઢ રીતે સંકળાયેલું રહ્યું હોય તેવું જણાય છે. આ યુગનાં બાળસાહિત્યમાં આપણે જોયું તેમ બાળઘડતર, અને બાળકેળવણીના મૂલ્યોને પોષે તેવું કથાસાહિત્ય આપવાનો ઉપક્રમ રહ્યો છે. આ ઉપક્રમે બાળકથાની રજૂઆત રીતિ ઉપર પણ પ્રભાવ પાડયો છે. શુદ્ધ બાળસાહિત્ય પ્રમાણમાં ઘણું ઓછું આ ગાળામાં મળે છે. વળી કલ્પનાપ્રેરિત મૌલિક સર્જકતાનાં ઉન્મેષોવાળું બાળકથાસાહિત્ય પણ ઘણું ઓછું મળે છે. બાળસાહિત્યની કૃતિઓ અનેક મળે છે, પણ સમર્થ બાળકથા સર્જકો કેટલા એ પ્રશ્ન ખૂબ જ જટીલ છે. વળી, આ સમય સમાજસુધારાનો, સામાજિક પ્રતિબદ્ધતાનો પણ હતો. તેથી બાળકથાસાહિત્ય પાછળ વ્યષ્ટિ સમષ્ટિની હિતચિંતા ઠીક ઠીક પ્રમાણમાં રહેલી છે. આ ગાળાના બાળસાહિત્યમાં જીવનલક્ષિતા, સમાજો પયોગીતા તથા શ્રેયોબુદ્ધિનું વર્ચસ્વ ચલણ, વલણ રહેલું જણાય છે. ભાવકલ્પનાના મુક્તવિહાર કે ઉડ્ડયનો પ્રમાણમાં ઓછા છે. આમ આ ગાળામાં જે બાળ સાહિત્ય મળ્યું તે બાળઘડતરનાં સંદર્ભમાં ઘણું જ ઉપયોગી સાબિત થાય છે. છતાં પણ બાળકથાની કલાદૃષ્ટિની વિકાસના સંદર્ભમાં જોઈએ તેટલું કદાચ બળવાન નથી. એ પ્રકારની બલવત્તા હવે પછીના યુગમાં થશે તેમાં કોઈ શંકા નથી.

## ✰ બાળસાહિત્ય સર્જન વિકાસનાં કેટલાંક પરિબળો :

*(૧) સંસ્થાઓનો ફાળો :*

આપણે ત્યાં કેટલીક શિક્ષણ સંસ્થાઓનું બાળકેળવણી ક્ષેત્રનું કાર્ય સદાય ગૌરવ અપાવે તેવું છે. જેમાં રવીન્દ્રનાથ ટાગોરનું 'શાંતિનિકેતન' નાનાભાઈ ભટ્ટ સ્થાપિત 'દક્ષિણામૂર્તિ', 'મનસુખભાઈ જોબનપુત્રાનું 'શારદાગ્રામ' અને ચિત્રકુંડીની વાલ્યુવર આદિ શિક્ષણસંસ્થાનું કાર્ય સહેજેય ઉડીને આંખે વળગે તેવું છે. આ ઉપરાંત અનેક સંસ્થાઓએ પોતાની રીતે બાલહિતનું કાર્ય કર્યું છે અને કરે છે.

સ્વાતંત્ર્યોત્તર કાળનો વિચાર કરીએ તો ત્રણ મુખ્ય કેન્દ્રીય સંસ્થાઓનું કાર્ય ધ્યાન ખેચે છે. (૧) ભારત સરકારનો પ્રકાશન વિભાગ (પબ્લિકેશન્સ ડિવિઝન) (૨) સાહિત્ય અકાદમી અને (૩) નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા. આમાં સાહિત્ય અકાદમીના મુકાબલે બીજી બે સંસ્થાઓએ બાલસાહિત્યના વિકાસ અર્થે કેટલીક વિશેષ પ્રકારે ઉલ્લેખપાત્ર પ્રવૃત્તિ કરી છે.

બાળકો જેમને ખૂબ પ્રિય હતા તે શ્રી જવાહરલાલ નહેરુ માનતા હતા કે દેશના વિકાસ અર્થે વિજ્ઞાન ઉદ્યોગના વિકાસની જેમ પ્રજાની વાચનરુચિની પણ કેળવણી તથા તેમાં વધારો થવો જોઈએ. આ મુખ્ય ઉદેશને અનુલક્ષી કેન્દ્ર સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ મંત્રાલય તરફથી ઈ.સ. ૧૯૫૭ના ઓગષ્ટમાં 'નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા' એ નામે સ્વાયત્ત સંસ્થાની સ્થાપના થઈ. સારા સાહિત્યના સર્જનને પ્રોત્સાહન આપવાનું તેને પ્રકાશિત કરી લોકોને પરવડે તેવા ભાવે પૂરું પાડવાનું કાર્ય તેનું મુખ્ય છે. આંતરરાષ્ટ્રીય બાલવર્ષ તરીકે ઉજવાયેલ ઈ.સ. ૧૯૭૯ના વર્ષમાં ટ્રસ્ટે વિશેષ પ્રમાણમાં પુસ્તકો પ્રગટ કર્યા હતાં. પુસ્તક પ્રકાશન ક્ષેત્રે નેશનલ બુક ટ્રસ્ટ દેશની એક અગ્રગણ્ય મોટી પ્રકાશન સંસ્થા ગણાય છે. એનાં પ્રકાશનો બાળકોને સત્ત્વશીલ સાહિત્ય પૂરું પાડે છે.

એવીજ એક બીજી માતબર સંસ્થા છે ચિલ્ડ્રન્સ બુક ટ્રસ્ટ તેની વિધિવત્ સ્થાપના બાળકોના માનીતા કાર્ટુનિસ્ટ શ્રી કે. શંકર પિલ્લઈએ નફાના હેતુ વગર ઈ.સ. ૧૯૫૭માં કરેલી. અને ૧૯૬૪ થી ટ્રસ્ટે પોતાના પ્રેસમાંથી બાળસાહિત્યનું પ્રકાશન શરૂ કર્યું અને

ઈ.સ. ૧૯૮૬ સુધીમાં ૧૨૦ જેટલી સંખ્યામાં બાળસાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. ભારતીય સંસ્કૃતિને એક છત્ર નીચે લાવવાનો તેનો પ્રયાસ ખૂબ પ્રશંસનીય છે. આ ટ્રસ્ટે Animal world પશુજગત ઉપર જુદી જુદી વયનાં બાળકને લક્ષમાં રાખી ૩૬ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં છે.

વડોદરા રાજયે પુસ્તકાલય પ્રવૃત્તિને વેગ આપીને ગુજરાતની પ્રજાને પુસ્તકો સુલભ કરી આપવામાં અને એને વાંચતી કરવામાં ખૂબ મોટો અને નક્કર ફાળો આપ્યો છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડની લક્ષ્મી વિલાસ પેલેસ લાઈબ્રેરીમાંથી વડોદરા સેન્ટ્રલ લાઈબ્રેરીનો જન્મ થયો. ક્રમશઃ વડોદ રા રાજયનાં ગામડે ગામડે પુસ્તકાલયની પ્રવૃત્તિ વ્યાપી. વડોદરા સેન્ટ્રલ લાઈબ્રેરીમાં બાળકો માટે એક નાનો વિભાગ હતો. ઈ.સ. ૧૯૧૩માં મહારાજા સાહેબની ઈચ્છાથી પુસ્તકાલય અને બાલ મંદિરની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૧૬માં તેમાં વાર્તાકથન અને સિનેમેટોગ્રાફથી ચલચિત્ર દર્શન શરૂ કરવામાં આવ્યાં. વસોમાં તો એક સ્વતંત્ર પુસ્તકાલય બાળકો માટે હતું. આ બધાંની ઈષ્ટ અસર બાળસાહિત્યના પ્રચાર પર બાળવાર્તા સાહિત્યના વિકાસ પર પણ પડી.

શ્રી મોતીભાઈ અમીને પુસ્તકાલય અને બાળકેળવણી માટે જે પુરુષાર્થ કરેલો તેનાં જ મીઠાં ફળ આજે બાળકો ભોગવી રહ્યાં છે. ગુજરાતી સાહિત્યમાં ખાસ કરીને શિક્ષણનો ઈતિહાસ મોતીભાઈ ન હોત તો જુદો હોત, ખાસ કરીને બાળકેળવણી અને પુસ્તકાલય પ્રવૃત્તિના સંદર્ભે તેમના પુરુષાર્થની અસર પણ બાળસાહિત્યના પ્રચાર પર પડી હતી.

ત્યારબાદ ગિજુભાઈએ ગુજરાતને બાળકો માટે સજાગ કર્યું. તેના પરિણામે શ્રી નાનાભાઈ ભટ્ટે સ્થાપેલ 'દક્ષિણામૂર્તિ' માં બાલમંદિર સ્થાપ્યું, અને સંસ્થા દ્વારા બાલસાહિત્યનું પ્રકાશન પણ શરૂ કર્યું. 'દક્ષિણામૂર્તિ'નું બાલસાહિત્ય જયારે પ્રગટ થતું હતું ત્યારે સુરતથી 'ગાંડીવ' કાર્યાલય તરફથી શ્રી નટવરલાલ માલવી, 'બાલવિનોદ' કાર્યાલય તરફથી શ્રી નાગરદાસ ઈ. પટેલ અને 'બાલજીવન' કાર્યાલય તરફથીશ્રી રમણલાલ ના. શાહ ગુજરાતને સારા પ્રમાણમાં સત્ત્વશીલ બાળસાહિત્ય આપતા હતા. આ ઉપરાંત અનેક પુસ્તકવિક્રેતાઓ અને પ્રકાશન સંસ્થાઓએ બાળસાહિત્ય પ્રગટ કરવામાં ફાળો આપ્યો છે.

## *(૨) ગ્રંથાલયોનો ફાળો :*

અનેકવિધ રીતે પ્રકાશિત થતા બાળસાહિત્યને બાળકો સુધી પહોંચાડવાનું કાર્ય સરળ રીતે, શાળાકીય કે જાહેર ગ્રંથાલયો જ કરી શકે. બાળકોમાં વાચનરસ જગાડવાનું, પોષવાનું અને તેને વિકસાવવાનું ઉમદા કાર્ય બાળગ્રંથાલયો કરી શકે. ગુજરાતમાં ઈ.સ. ૧૯૮૪–૮૫ના વર્ષ મુજબ કુલ ૬૭૪૮ જાહેર ગ્રંથાલયો હતાં, જેમાં બાળગ્રંથાલયો તો માત્ર ૫૦ જ હતાં. આ સ્થિતિ થોડી નબળી ગણાય. બાલગ્રંથાલયમાં બાળકની વાચનવૃત્તિ પોષાય તેવું વાતાવરણ ઊભું થવું જોઈએ. તે માટે તેના કર્મચારીઓ સ્વભાવે આનંદી અને બાળકો પ્રત્યે સ્વાભાવિક સ્નેહ આદર ધરાવતા, બાળમાનસના જાણતલ હોવાં જોઈએ. જો કે આ બાબતમાં હવે સજાગતા આવી ગઈ છે. મોટાં શહેરોમાં તો ફરતું પુસ્તકાલય પણ હોય છે. આ સંદર્ભમાં આ સેવા ઉલ્લેખપાત્ર ગણાય. સુરતની વીર નર્મદ લાઈબ્રેરી તે રીતે ગુજરાતભરમાં નમૂનારૂપ ગણાય.

આમ સંસ્થાઓ બાલસાહિત્યના સર્જન પ્રકાશન વગેરે માટે તો બાળગ્રંથાલયો તેના વાચન ભાવન માટે ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે. તેઓ એવું હવામાન સર્જી શકે કે જેથી બાળસાહિત્યની સુંદર કૃતિઓ બાળકો સુધી ઝડપથી અને એમને રસ પડે એ રીતે પહોંચી જાય. સંસ્થાઓ, બાળગ્રંથાલયો, અને બાલ સામયિકો વગેરે પરસ્પર સહકાર સાધી બાળવાર્તાઓ બાળસાહિત્યના સર્જન કથન શ્રવણ ભાવન આદિના ઉપક્રમને વેગીલો અને વધુ રસાવહ આકર્ષક બનાવી શકે. આપણે તો ઈચ્છીએ કે જેમ ગ્રંથાલયો સાથે બાળગ્રંથાલયો, સામયિકો સાથે બાળસામયિકો તેમ સંસ્થાઓ સાથે બાળસંસ્થાઓ પણ હોય, જેના કેન્દ્ર પર અને પરિઘ પર પણ બાળદેવતાની જ પ્રતિષ્ઠા હોય.

## *(૩) બાળસામયિકોનો ફાળો :*

બાળસામયિકોએ પણ બાળકોને યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય પ્રકારે કથાઓ કાવ્યો આપીને તેમની ઉમદા સેવા કરી છે. એ રીતે બાળસાહિત્યના વિકાસમાં બાલસામયિકોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. અલબત્ત, યુરોપ અમેરિકાના બાલસાહિત્યની 'બાલસામયિકોની સમૃદ્ધિની સરખામણીમાં આપણે ત્યાં જે કાંઈ છે તે અપર્યાપ્ત જ લાગે,

આમ છતાં તેની ઉણપ વિશે વિશેષભાવે ઈસવી સનની ૨૦મી સદીના પ્રારંભથી આપણે સભાન થયેલાં છીએ અને એ દિશામાં આપણા પ્રયત્નો પણ ત્યારથી શરૂ થયેલા છે. ગુજરાતી બાળસામયિકનો જન્મ તો આશરે ૧૫૦ વર્ષ પૂર્વે થયો હતો. અને આજે પણ અવારનવાર બાલોપયોગી સામયિકો આપણને મળતાં રહ્યાં હોવા છતાં તેની એકંદરે હાલત અંગે તો અસંતોષ જ રહે છે. 'પ્રેસ ઈન ઈન્ડિયા' ના ઈ.સ. ૧૯૭૭ના અહેવાલ મુજબ ગુજરાતીમાં પ્રસિદ્ધ થતા ૬૧૮માંથી માત્ર ૧૨ જ સામયિકો બાળકો માટેનાં હતાં, જયારે હિન્દી ભાષામાં બાળકો માટેનાં ૩૪ અને બંગાળીમાં ૨૬ સામયિકો પ્રકટ થતાં હતાં પરદેશી ભાષાઓનાં બાળસામયિકોના સંદર્ભે જ નહીં, અન્ય ભગિની ભાષાઓનાં બાલસામયિકોના સંદર્ભે પણ આપણી આ ઉણપ અત્યંત ગંભીર છે.

હવે આપણે ગુજરાતી બાળસામયિકોની ચર્ચા કરીએ તો, 'બાલમિત્ર' નામનું એક બાળસામયિક ઈ.સ. ૧૯૨૧માં ચરોતર એજયુકેશન સોસાયટી આણંદ તરફથી પ્રગટ થાય છે. આજના અગ્રગણ્ય બાળસાહિત્ય સર્જકોને ઘડવામાં આ સામયિકનો ફાળો નોંધપાત્ર છે. બાળકથાના વિકાસમાં ફાળો આપતું બીજું નોંધપાત્ર સામયિક મળે છે. 'બાળક' તે પહેલી જાન્યુઆરી ૧૯૨૩ માં અમદાવાદની પ્રજાકીય શાળાના શિક્ષક શ્રી ભીખાભાઈ પુ. વ્યાસ પાસેથી ત્રૈમાસિક રૂપે પ્રગટ થાય છે. બે વર્ષ પછી તે માસિક બન્યું. એમ કહી શકાય કે 'બાળક' ગુજરાતી બાળસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરણરૂપ બની રહ્યું હતું.

ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં બકોર પટેલ જેવું ચિરંજીવ પાત્ર અર્પણ કરનાર 'ગાંડીવ' ગુજરાતનું સૌ પ્રથમ પાક્ષિક હતું જેનો પ્રારંભ થયો હતો ઈ.સ. ૧૯૨૫ના ઓગષ્ટથી. ગુજરાતી બાળકથાસાહિત્યમાં અનન્ય સ્થાન ધરાવતી બકોર પટેલની કથાઓ આ પખવાડિકનું સુફળ છે. સાચા અર્થમાં બાલભોગ્ય સાહિત્ય આ પખવાડિકે પૂરું પાડયું. 'ગાંડીવ' નું બાળસાહિત્ય ગુજરાતી બાળસાહિત્યનું એક સુવર્ણપૃષ્ઠ બની રહે તેવું છે.

આમ 'બાલમિત્ર', 'બાળક', અને 'ગાંડીવ' આ ત્રણ સામયિકોએ ૨૦મી સદીના પૂર્વાધને સત્ત્વશીલ બાળવાર્તાઓ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સામયિકોએ આપણા સર્જકોને કાર્યક્ષેત્ર માટે વિશાળ ફલક પૂરું પાડયું હતું.

ઈ.સ. ૧૯૫૦માં ગુજરાતના મુખ્ય દૈનિકો 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' અનુક્રમે 'ઝગમગ' અને 'બાલસંદેશ' બાળસાપ્તાહિકો લાવે છે, જે બાળકથાના પ્રચારમાં મહત્ત્વનો ફાળો આપે છે. 'ગુજરાત સમાચાર' માં દર અઠવાડિયે એક વાર 'બાળમેળો' વિભાગ જીવરામ જોશીના સંપાદન હેઠળ આવતો હતો. આથી 'ઝગમગ' સાપ્તાહિકનું સંપાદન પણ તેમને સોંપવામાં આવ્યું. બાળજગતમાં ચિરસ્થાયી બનેલાં મિયાં ફૂસકી, છેલ છબો, અડુકિયો દડુકિયો, છકો–મકો, જેવાં પાત્રો આપણને 'ઝગમગ' નિમિત્તે મળ્યાં. આ સાપ્તાહિકે સારી બાલપ્રિયતા હાંસલ કરી હતી. ઈ.સ. ૧૯૮૫ થી થોડો વખત બંધ રહ્યા બાદ થોડા સમય માટે (જાન્યુઆરી ૧૯૮૮થી) તે પુનઃ શરૂ થયું હતું અને તેના સંપાદનની જવાબદારીશ્રી મોહનભાઈ શં. પટેલને સોંપાઈ હતી. એ પછી ઈ.સ. ૧૯૬૩માં 'જનસત્તા' દૈનિક 'સબરસ' નામનું બાળકો માટેનું સાપ્તાહિક લાવે છે. અને બાળસાહિત્યની સેવા કરે છે. આ ઉપરાંત થોડેક અંશે બાળવાર્તાના પ્રચાર પ્રસાર માટે શ્રી ભાર્ગવ જીવરામ જોશી (જ.ઈ. ૧૩–૯–૧૯૫૬)નું 'છુકછુક' માસિક 'જયહિન્દ' નું 'ફૂલવાડી' સાપ્તાહિક અને 'નિરંજન' પાક્ષિક, મદદરૂપ થાય છે. ઈ.સ. ૧૯૭૦ થી શરૂ થયેલું 'નિરંજન' આજે પણ લોકપ્રિય છે. તેનો અડધો ભાગ ચિત્રકથાથી ભરેલો હોય છે, જે તેના આકર્ષણનું એક મહત્ત્વનું કારણ છે. 'પા પા પગલી' પણ ઉલ્લેખપાત્ર છે.

આ સિવાય આ સંદર્ભે અન્ય સામયિકો અલ્પ સમય માટે બાળવાર્તાની યત્‌કિંચિત સેવા કરી ગયા તેમાં, ઈ.સ. ૧૯૨૭માં પાદરી જે.વી.માસ્તરના તંત્રીપદે શરૂ થયેલ 'બાળવાડી' માસિક, ઈ.સ. ૧૯૩૧માં ચંદ્રશંકર મ. ભટ્ટ સંચાલિત 'બાલાદ્યાન' ઈ.સ. ૧૯૬૮ના નવેમ્બરમાં તંત્રીશ્રી રતિલાલ દવે દ્વારા શરૂ થયેલ 'પગલી' ઈ.સ. ૧૯૭૭માં અમદાવાદની 'સુમન સંસ્કાર' નામની શાળા દ્વારા પ્રકાશિત ૩૨ પાનાનું 'સુમન સંસ્કાર' આદિનોય નિર્દેશ કરી શકાય.

આ તો વાત થઈ એવાં સામયિકોની જેમણે સીધી રીતે બાળકથાના વિકાસ ઘડતર પ્રચારમાં ફાળો આપ્યો. પણ એવા પણ કેટલાક પ્રયત્નો થયા છે જેણે સીધી કથાઓ આપી નથી, પણ બાળકેળવણી, બાળસાહિત્ય અને બાળવાર્તાના સ્વરૂપ આદિ સંબંધી તલસ્પર્શી ચર્ચા વિચારણા રજૂ કરીને તેના ઘડતરને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. આવા પ્રયત્નો થયા

છે.. તેમાં 'દક્ષિણામૂર્તિ' (ઈ.સ.૧૯૨૪) શ્રી હરભાઈ ત્રિવેદી 'ઘરશાળા' (ઈ.સ. ૧૯૩૯), મનુભાઈ પંચોળીના તંત્રીપદે ઈ.સ. ૧૯૬૬માં પ્રગટ થયેલું 'છાત્રાલય' અને સૌરાષ્ટ્રના બગસરા ગામમાં બાળકેળવણી માટે ભગીરથ પુરુષાર્થ કરનારશ્રી બાલચંદભાઈ વોરાએ ઈ.સ. ૧૯૮૧માં શરૂ કરેલા 'બાલમૂર્તિ' ને ગણી શકાય. આ પહેલાં 'ગુજરાત શાળાપત્રે' પણ આ દિશામાં કેટલુંક કામ કર્યું હતું. ડૉ. કોયા એજયુકેશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત 'શિશુલોક' પત્રિકાનું કાર્ય પણ ધ્યાનાર્હ છે. આ બધી ચર્ચા વિચારણાની અસર બાળસાહિત્ય પર અને તેની આડકતરી રીતે સારી બાળવાર્તાના ઘડતર પર પડે એ સ્વાભાવિક છે. બાળસાહિત્ય બાળવાર્તા આ અંગે સાચી સૂઝસમજ તેમાંથી પ્રાપ્ત થાય એ જ તેની મોટી ઉપલબ્ધિ ગણાશે.

## ✩ શ્રી ગિજુભાઈનું તથા તેમના સમકાલીનોનું બાળસાહિત્ય (ઈ.સ.૧૯૨૧થી ઈ.સ.૧૯૪૦)

### *(૧) શ્રી ગિજુભાઈ અને 'દક્ષિણામૂર્તિ' નું બાળવાર્તા સાહિત્ય :*

'બાળકોની મૂછાળી મા' તરીકે પ્રસિદ્ધિ પામેલા શ્રી ગિરિજાશંકર ભગવાનજી બધેકા (જ.ઈ.સ. ૧૮૮૫ અવ. ઈ.સ. ૧૯૩૯) 'ગિજુભાઈ' ના હુલામણા નામથી જ ગુજરાતમાં સર્વત્ર જાણીતા છે. ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્યનો પ્રારંભ ભલે ઓગણીસમી સદીના પૂર્વાર્ધથી થયેલો હોય, પણ ગિજુભાઈ જ તેના સર્વપ્રથમ સમર્થ પુરસ્કર્તા તરીકે સ્થાન પામ્યા છે. ગુજરાતી બાળસાહિત્યની તેમની અનન્ય સેવાને ધ્યાનમાં રાખી ઈ.સ. ૧૯૨૯નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

મોસાળ ચિતલ (જિ. અમરેલી) માં જન્મેલા, વળાના વતની ગિજુભાઈ બાળસાહિત્યનું જે કાર્ય કરી શકયા તેની ભૂમિકા જાણવા જેવી છે. ઈ.સ. ૧૯૧૩માં ગિજુભાઈને ત્યાં પુત્ર નરેન્દ્રનો જન્મ થયો. જો કે એમ કહેવું જોઈએ કે તે દિવસે નરેન્દ્ર સાથે કેવળ નરેન્દ્રના જ નહીં, ગુજરાતભરના બાળકોના પિતાનો પણ જન્મ થયો પુત્રની કેળવણીના પ્રશ્ને ગિજુભાઈ મૂંઝાવા લાગ્યા. સ્વાનુભવ અને આસપાસ દેખાતી શિક્ષણ

સંસથાઓ અને બાળકોની સ્થિતિ જોઈ, પોતાના પુત્રને એવી ચીલાચાલુ નિશાળોની બદીથી તેઓ મુક્ત રાખવા માંગતા હતા. એક તબક્કે તો તેમણે એમ પણ નક્કી કરી દીધું કે 'મારાં છોકરાને હું પોતે ભણાવીશ અથવા એમને અભણ રાખીશ' આજ અરસામાં તેમને તેમના મિત્ર ગોપાળદાસ દેસાઈ ઢસાના દરબાર સાહેબે વસોના મોતીભાઈ અમીનને મળવા જણાવ્યું વસોમાં મોતીભાઈ મોન્ટેસોરી પદ્ધતિને સ્વીકારી કાર્ય કરતા હતા. આમ ગુજરાતમાં સૌથી પ્રથમ મોન્ટેસોરી પદ્ધતિને સ્વીકારવાનું માન વસોને મળે છે. ગિજુભાઈ તુરત વસો ગયા. મોતીભાઈને મળ્યાં. મોતીભાઈએ તેમની મૂંઝવણ ઉકેલવા કેટલાંક પુસ્તકો વાંચવા આપ્યાં, જેમાં ડૉ. મારિયા મોન્ટેસોરીનાં પુસ્તકો પણ હતાં. તેના વાચનથી ગિજુભાઈને બાળકેળવણીનો સાચો રસ્તો મળ્યો. ત્યાં જ એક બીજો પ્રસંગ બન્યો. જેણે ગિજુભાઈને તેમની વિચારણાને સાકાર કરવા વિશાળ કાર્યક્ષેત્ર પૂરું પાડયું.

ગિજુભાઈના મામા હરગોવિંદદાસ હતા. તેમણે ભાવનગરમાં પોતાના બંગલામાં તા. ૨૮ ડિસેમ્બર ૧૯૧૦ના રોજ 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન' ની શરૂઆત કરી હતી. આ છાત્રાલયમાં શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ ભટ્ટ) પ્રોફેસરપદને તિલાંજલિ આપી જોડાયા હતા. ત્યારબાદ આ સંસ્થા માત્ર છાત્રાલય ન રહેતા શિક્ષણ સંસ્થા બની. સાચા શિક્ષણનું કામ કરી રહેલા હરગોવિંદદાસ અને નાનાભાઈએ ગિજુભાઈને બોલાવ્યા. ઈ.સ. ૧૯૧૫માં ગિજુભાઈ કાયદાના સલાહકાર તરીકે ત્યાં જોડાયા. વકીલાત છોડી શિક્ષક બન્યા. અને ગિજુભાઈમાં રહેલ સાચા શિક્ષકનો આત્મા જાગ્રત થયો. તેમને પોતાના કાર્યથી પૂરતો સંતોષ નહોતો. પુત્ર નરેન્દ્રની કેળવણી નિમિત્તે વાંચેલી મોન્ટેસોરી પદ્ધતિની વિચારણા મગજમાં જ હતી. તેઓ એ સમજી ચૂકયા હતા કે બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કાર જીવનભર ટકે છે. આથી બાલમંદિર શરૂ કરવું તેમને જરૂરી લાગ્યું. તે કમિટી પાસે તેમણે આ પ્રસ્તાવ રજૂ કર્યો. ને તેમનો સહર્ષ સ્વીકાર થયો ને ઈ.સ. ૧૯૨૦માં બાલમંદિરનો પ્રારંભ થયો. પછી આ બાળમિત્રને બાલશિક્ષક મન મૂકીને બાળકેળવણીના પ્રયોગો કરતા રહ્યા ને તેના પરિણામે ગુજરાતને સાચું સમૃદ્ધ બાળસાહિત્ય મળતું રહ્યું.

'દક્ષિણામૂર્તિ' ની વાત કરીએ ત્યારે શ્રી મૂળશંકર મોહનલાલ ભટ્ટ સહેજેય યાદ આવે. ઈ.સ. ૧૯૩૦ થી ઈ.સ. ૧૯૩૯ સુધી તેમણે દક્ષિણામૂર્તિભવનમાં ગૃહપતિ અને શિક્ષક તરીકે કામગીરી બજાવી હતી. તેમણે જુલે વર્ન આદિ યુરોપિયન વાર્તાકારોની પ્રસાદી ગુજરાતને ચરણે ધરી જે તેમની મૂલ્યવાન સેવા છે. તેમણે સાહસકથા, પ્રવાસકથા, જીવનચરિત્ર આદિ દ્વારા મુખ્યત્વે કિશોરવર્ગને લક્ષમાં રાખી લેખનકાર્ય કર્યું છે. તેમના નોંધપાત્ર અનુવાદો છે. 'મહાન મુસાફરો' (ઈ.સ. ૧૯૩૮), 'બાળકોને વાર્તા કેમ કહીશું? (ઈ.સ. ૧૯૫૬) 'દેશ દેશની લોકકથાઓ' (ઈ.સ. ૧૯૭૧) 'સાગર સમ્રાટ' (ઈ.સ. ૧૯૩૩) 'ચંદ્રલોકમાં' (ઈ.સ.૧૯૪૦) વગેરે છે.

'બાળકોને રમકડાં નહીં, કામકડાં આપો' કહેનાર જુગતરામ ચીમનલાલ દવે (જ. ૧૬–૯–૧૮૯૧ કે ૧–૯–૧૮૯૨ અવ. ૧૪–૩–૧૯૮૫) એ બાલઘડતરમાં પાયાનું કાર્ય કર્યું હતું. તેમણે 'ચણીબોર' અને 'રાયણ' માં કાવ્યો. 'પ્રહ્લાદ' નામે નાટક, 'ગાંધીજી' નામે જીવનચરિત્ર અને 'નાની ચાલણગાડી' 'મોટી ચાલણગાડી' 'મોટી બહેન' જેવી વાચનમાળાઓ તેમની પાસેથી મળ્યાં છે. બાળક અને ગામડાને કેન્દ્રમાં રાખીને વિવિધ સ્વરૂપોમાં તેમણે બાળસાહિત્ય સર્જ્યું છે.

બાળસાહિત્યકાર તરીકે નહીં, પણ બાળસાહિત્યમાં ઊંડો રસ લેનાર અને ગુજરાતના પ્રથમ પંક્તિના કેળવણીકાર તરીકે શ્રી હરભાઈ દુર્લભજી ત્રિવેદી (જ. તા. ૧૪–૧૧–૧૮૯૧ અવ. તા. ૧૯–૮–૧૯૭૯ પણ અત્રે યાદ આવે. સડસઠ વર્ષ સુધી તેમણે કેળવણી ક્ષેત્રે કાર્ય કર્યું હતુ. તેમણે 'બાલવાડી', 'બાળકની કથની', 'જાતકકથાઓ (ભાગ–૧–૨) વગેરે તેમના ઉલ્લેખનીય પુસ્તકો છે.

'દક્ષિણામૂર્તિ' નિમિત્તે ગિજુભાઈએ જે બાળસાહિત્ય આપ્યું છે તેમાં શ્રી તારાબેન કે. મોડક (જ.તા. ૧૯–૪–૧૮૯૨ – અવ. તા. ૩૧–૮–૧૯૭૩) નું નામ પહેલું યાદ આવે. બાળકોના મન અને તનને કેન્દ્રમાં રાખીને તેમણે સવિશેષ લખ્યું છે. તેમની અપેક્ષાઓ – જરૂરિયાતો શું હોય છે તે વિશે તેમણે વિશેષ વિચાર કર્યો છે. આથી જ તેમની પાસેથી 'બાળકોનાં રમકડાં' (ઈ.સ. ૧૯૨૭) 'બાળકોનો પહેરવેશ' (ઈ.સ.

૧૯૨૭) 'બાલપ્રેમ' (ઈ.સ. ૧૯૨૯) 'બાળકની માગણીને હઠ' (ઈ.સ. ૧૯૨૯) 'ઘરમાં મોન્ટેસોરી' (ઈ.સ. ૧૯૨૯) જેવાં પુસ્તકો મળ્યાં છે.

## ✰ ગિજુભાઈ બધેકા :

ગિજુભાઈએ બાળસાહિત્યમાં જે કાંઈ આપ્યું તેના મૂળમાં બાળકો માટેના શિક્ષણની ખેવના રહેલી છે. ગિજુભાઈ શિક્ષક પહેલા છે, સાહિત્યકાર પછી. ગિજુભાઈનું જીવન એટલે બાલ કેળવણીની એક જીવંત પ્રયોગશાળા, તેમના આ પ્રયોગો પાછળ બે કારણો મુખ્ય લાગે છે. એક, પોતે અનુભવેલી મારપીટ ભરેલી શિક્ષણની દુનિયા, જયાં બાળકને જીવંત વ્યક્તિ તરીકે સમજવામાં કે સ્વીકારવામાં આવી નહોતી. બીજું, પુત્ર નરેન્દ્રની કેળવણીનો પ્રશ્ન. આપણે આગળ જોયું તેમ મોતીભાઈ અમીનની સલાહે તેમને માર્ગ મળ્યો. ફ્રોબલ–મોન્ટેસોરી અને નીલની વિચારણાઓના પ્રકાશમાં તેમની પોતાની કેળવણીની વિચારધારાએ એક સ્પષ્ટ નિશ્ચિતરૂપ લીધું. દક્ષિણામૂર્તિને કાર્યક્ષેત્ર કર્યું ને એ પ્રયોગોએ ગિજુભાઈને કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે તેમ 'બાલસાહિત્યના બ્રહમા' બનાવ્યા. તે રીતે શિક્ષણપ્રથામાં બાળકને રૂંધનારી દીવાલોને તોડી, ગુજરાતમાં તેમણે 'દક્ષિણામૂર્તિ' દ્વારા બાલકેળવણીને સાચી દિશા બક્ષવાનું કાર્ય કર્યું. શ્રી મનુભાઈ પંચોળીએ યોગ્ય જ કહ્યું છે કે :

'સદીમાં એકાદ વખત જ પાકે એવા મહાપુરુષમાંના એક ગિજુભાઈ હતા. મહાન હેતુ માટે જીવનભર પુરૂષાર્થ કરે તે મહાનપુરૂષ કોઈએ ગુલામી નાબુદી માટે, કોઈએ સ્ત્રીઓની મુકિત માટે, કોઈએ શોષણનાબુદી માટે, કોઈએ સરમુખત્યારોને નાબુદ કરવા માટે આવો ભવ્ય પુરૂષાર્થ કર્યો છે. તેમનાં નામ ઈતિહાસમાં ઝળહળે છે. પણ નાનાં ભૂલકાં, અબોધ બાળકો માટે જીવનભર રાત્રિ દિવસ પુરૂષાર્થ કર્યો હોય એવું કોઈ નામ ઈતિહાસના પાનામાં નથી. ગિજુભાઈ આવા એક અનન્ય મહાપુરૂષ હતા.'

(ગુજરાત તા. ૧૦–૧૬ જાન્યુ. ૧૯૮૬ પૃ.૨૧)

ગિજુભાઈએ બાળકો માટે, શિક્ષકો માટે અને માબાપો – વાલીઓ માટે એમ ત્રણેય કોટિ માટે સાહિત્ય રચ્યું છે. તેમના વિપુલ બાલોપયોગી સાહિત્યમાં તેમની

બાળકેળવણીકાર તરીકેની બાળસાહિત્યના ચિંતક તરીકેની પ્રતિભાનો સબળ ખ્યાલ આપતાં બે પુસ્તકો સહેજેય પહેલાં આપણી નજરે ચડે (૧) દિવાસ્વપ્ન (ઈ.સ. ૧૯૩૧) (૨) વાર્તાનું શાસ્ત્ર (ઈ.સ. ૧૯૨૫)

### *(૧) દીવાસ્વપ્ન :*

તે ગિજુભાઈનું શ્રેષ્ઠ સાહિત્યિક પ્રદાન છે. તેમણે બીજું કશું જ ન લખ્યું હોત અને ફક્ત 'દીવાસ્વપ્ન' લખ્યું હોત તો પણ શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં તેમની કીર્તિ ચિરસ્થાયી રહી હોત.

### *(૨) વાર્તાનું શાસ્ત્ર :*

આ પુસ્તકમાં વાર્તાકથનના ઉદેશ, વાર્તાની પસંદગી, તેનો ક્રમ, તે કહેવાનો સમય, લખાયેલી વાર્તા કેવી રીતે કહેવા યોગ્ય બનાવવી અને કહેવી આવી આવી વાર્તાકથનને લગતી જુદી જુદી બાબતો અંગેના કેટલાક અનુભવપૂત ઉપયોગી વિચારો વ્યવસ્થિત રીતે આપવાનો પ્રયત્ન થયો છે.

'વાર્તાનું શાસ્ત્ર' માં તેમણે જ કેટલીક મહત્ત્વની બાબતો પર પહેલી જ વાર ધ્યાન દોર્યુ છે. તેને અત્રે જોઈ લઈએ. વાર્તાનો પ્રધાન ઉદેશ તો આનંદ જ છે. કારણ કે વાર્તા સ્વતઃ એક કલાકૃતિ છે. દરેક કલાકૃતિનો મુખ્ય ઉદેશ એના પરિચયમાં આવનારને આનંદ આપવાનો છે. (પૃ.૭) આગળ તેઓ સ્પષ્ટ જણાવે છે કે 'માણસનો સ્વભાવ એવો છે કે એના ઉપર જે લાદવામાં આવે છે તે જ તેને ગમતું નથી. પણ એ વસ્તુ જયારે માણસ પોતાની ઈચ્છાથી સ્વીકારી શકે છે ત્યારે તેનો ખરો લાભ મળે છે. વાર્તાના કથનની કળાની પીંછી જો યથાર્થ રીતે નીતિનો પક્ષ લઈ શકે ને અનીતિને તુચ્છકારી કાઢે તો સ્હેજે નીતિ અનીતિનો ભેદ અને નીતિનો પ્રબોધ બાળક ઉપર છપાય. (પૃ.૨૨૨)

તેમના બાળસાહિત્યલક્ષી વિપુલ સર્જનમાં ત્રીજું નોંધપાત્ર પુસ્તક છે. તા. ૨૫–૮–૧૯૩૨ સુધીના બાળસાહિત્યને સમાવતો 'બાલસાહિત્ય સર્વસંગ્રહ' (ઈ.સ. ૧૯૩૨) બાલસાહિત્યની સરસ સૂચિનું કાર્ય આમાં થયેલું છે. ગિજુભાઈની

બાલસાહિત્યની સામગ્રીની સંપાદક સંશોધક તરીકેની શકિતનો અહીં સારો પરિચય થાય છે.

શિક્ષણ વિષયક પુસ્તકો જેવાં કે 'મોન્ટેસોરી પદ્ધતિ' (ઈ.સ.૧૯૨૭), 'પાઠ આપનારાઓને' (ઈ.સ. ૧૯૨૯) 'આ તે શી માથાફોડ?' (ઈ.સ.૧૯૩૪) 'મા–બાપ થવું અઘરું છે' (ઈ.સ.૧૯૩૪) 'વાર્તા કહેનારને' વગેરેમાં બાળકને કેવી રીતે કેળવવું એ વિશેની અનેક રીતે સમજણ આપી છે. 'શિક્ષણના વહેમો' (ઈ.સ. ૧૯૨૬) માં તેઓ જણાવે છે કે શબ્દના જ્ઞાનમાત્રથી વસ્તુનું જ્ઞાન થાય એમ નથી.

તેમના અન્ય મહત્ત્વના પ્રદાનમાં જોઈએ તો 'શાંત પળોમાં' (ઈ.સ. ૧૯૩૪) છે. તે ઉપરાંત 'રખડુ ટોળી' 'કિશોરકથાઓ' (ભાગ ૧–૨) માં અંગ્રેજી વાર્તાઓના વસ્તુને કેટલાક ફેરફાર સાથે મૂકી છે. જે રૂપાંતરકાર ગિજુભાઈનો પરિચય કરાવે છે. તે સિવાય તેમણે સાતથી દસ વર્ષનાં બાળકો માટે ૧૦૫ અને અગિયારથી ચૌદ વર્ષનાં બાળકો માટે લગભગ ચોત્રીસ પુસ્તકો આપ્યાં છે. ઉપરાંત 'ગિજુભાઈની બાલવાર્તાઓ આજે દસ ભાગમાં ઉપલબ્ધ છે.

તારાબહેન મોડકના સહકારથી ગિજુભાઈએ દસ ગ્રંથમાળાઓ આપી છે, તે દક્ષિણામૂર્તિનું નોંધપાત્ર પ્રદાન છે. આ ગ્રંથમળાઓને બાલમનના ક્રમિક વિકાસના અનુસંધાનમાં જોઈ શકાય. દા.ત. 'પાઠપોથી ગ્રંથમાળા' 'જુગતરામના પાઠો' 'શબ્દ પોથી', 'ગાતી ગ્રંથમાળા' વગેરે.

તેમણે કથા ઉપરાંત નાટક, કાવ્ય, જેવા અન્ય અનેક સર્જનાત્મક પ્રકારો ખેડયા છે. પરંતુ સર્વમાં કથા સાહિત્યનો પ્રકાર જ સૌથી વધારે બળવાન રીતે ખેડયો છે. તેમના બાળકથાસાહિત્યને આવકારતાં શ્રી નવલરામ જ. ત્રિવેદી જણાવે છે :

''ગુજરાતમાં બાલવાર્તાઓ લખવાનો ઘણા લોકોએ પ્રયત્ન કર્યો છે, પણ તે મોટે ભાગે અંગ્રેજીનાં ભાષાંતરો હોય છે, અને કૃત્રિમ ભાષામાં લખાયેલાં હોવાથી બાળકોના પ્રિય થઈ પડતા નથી. બાળકોની જ ભાષામાં અને બાળકોને રસ તથા સમજણ પડે તેવી વાતોનો સંગ્રહ તો રા. ગિરિજાશંકર ભગવાનજી બધેકાએ 'બાલવાર્તા' નું લઘુપુસ્તક પાડયું ત્યારે જ ગુજરાતને મળ્યો''. (બુદ્ધિપ્રકાશ, ડિસે. ૧૯૨૧ પૃ. ૩૪૭)

બાળકોનું હિત સદાય જેમના હૈયે હતું તે ગિજુભાઈને બાળકો માટેના જ્ઞાનકોશ અને બાળકોની યુનિવર્સિટીનો ખ્યાલ આવે એ બહુ સ્વાભાવિક છે. તેમણે પોતાના સર્જન, કેળવણ વિચાર મનન અને પ્રયોગો દ્વારા બાળસાહિત્ય તથા બાળકેળવણીને સાચી દિશા બક્ષી છે. જે રીતે બાળ કેળવણી અને બાલસાહિત્યમાં તેમણે કાર્ય કર્યું હતું તે આજ દિન સુધી અનન્ય રહ્યું છે.

## *(૨) 'ગાંડીવ સાહિત્ય મંદિર' નું બાળવાર્તા સાહિત્ય :*

ઈ.સ. ૧૯૨૧ માં સ્થપાયેલ 'ગાંડીવ સાહિત્ય મંદિર' ગુજરાતી બાળસાહિત્યનું એક સુવર્ણપૃષ્ઠ છે. 'ગાંડીવ' ના બાળસાહિત્યનો વિચાર કરીએ ત્યારે તેમાં મુખ્ય ત્રણ બાળકથાસર્જકોનું પ્રદાન સવિશેષ ધ્યાન ખેંચે છે : (૧) શ્રી ઈશ્વરલાલ વીમાવાળા (૨) શ્રી નટવરલાલ વીમાવાળા (૩) શ્રી હરિપ્રસાદ વ્યાસ.

### ૧. શ્રી ઈશ્વરલાલ વીમાવાળા :

તેઓએ અનેક વિષયોની પુસ્તિકાઓ આપી છે. તેમનું વસ્તુગત અને સ્વરુપગત વૈવિધ્ય ધ્યાનાર્હ છે. તેમાં 'કોલસાકાકા' જેવી વાસ્તવિક માહિતી પર નિર્ભર કથા છે. અને 'બ્રહમાંડનો ભેદ' જેવી સાહસકથા પણ છે. 'બાળવિહાર' (ભાગ–૧ ઈ.સ. ૧૯૩૦) માં અગિયાર કથાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં આર્કીમિડિસ, ન્યૂટન વગેરેએ શોધેલા સિદ્ધાંતોલ અને ભમરડો, સિનેમા, વિમાન વગેરેમાં કામ કરતા વિજ્ઞાનના સિદ્ધાંતો કથારસમાં તરબોળ કરી બાળકોને આનંદ આપે છે. તેમજ 'બાળવિહાર' (ભાગ–૨ ઈ.સ. ૧૯૩૦) માં આઠ કથાઓ છે. તે ઉપરાંત 'કેરીના ભજિયાં' (ઈ.સ. ૧૯૨૯) 'મોસાળની મોજ' (ઈ.સ. ૧૯૩૧), 'સારંગીવાળો' (ઈ.સ.૧૯૩૦) 'રેલપાટા' (ઈ.સ.૧૯૩૪), 'સોનાકુમારી' (ઈ.સ.૧૯૩૬) 'વિજ્ઞાન વાર્તાવલિ' (ઈ.સ.૧૯૬૭) વગેરે પ્રમુખ છે.

### ૨. શ્રી નટવરલાલ વીમાવાળા :

તેઓએ સાહિત્ય સર્જનની શરૂઆત 'વીમાવાળા' અટક સાથે કરી, પણ ઈ.સ. ૧૯૫૦થી તેઓ 'માળવી' અટકથી બાળવાર્તા સર્જન કરે છે. તેમણે બાળવાર્તાઓના

લગભગ પચાસ જેટલા પુસ્તકો લખ્યાં છે. 'રશીદની પેટી' (ઈ.સ. ૧૯૩૬, બીજી આ.) માં દસ કથાઓ સંગ્રહિત છે. 'ધૂપસળી' (ઈ.સ. ૧૯૨૮) એ હાન્સ એન્ડરસનની પ્રખ્યાત કથા 'ટીન્કર બોક્સ' નું રૂપાંતર છે. તે ઉપરાંત 'અમીઝરણાં' (ભાગ ૧–૨) 'પોલાનું પરાક્રમ' (ઈ.સ. ૧૯૫૫) 'અમર મોત' (ઈ.સ. ૧૯૫૫) 'બરફી પુરી' (ઈ.સ. ૧૯૨૭) વગેરે નોંધપાત્ર છે.

### ૩. શ્રી હરિપ્રસાદ વ્યાસ :

તેઓનું નોંધપાત્ર યોગદાન 'બકોર પટેલ' ના ત્રીસ ભાગ છે. ગુજરાતી બાળવાર્તામાં હાસ્યરસનો પ્રવાહ વહેવડાવનાર બકોર પટેલ નામના પાત્રની ઉત્પતિ કેવી રીતે થઈ તે જાણવા જેવું છે. તેઓ જણાવે છે કે એક વાર શ્રી નટવરલાલ માળવી સાથે તેમણે બાળસાહિત્ય સંદર્ભે વિવાદ થયો. ચર્ચા દરમ્યાન એવું કંઈક ફલિત થયું કે પ્રાણીપાત્રોવાળી કથાઓ ગુજરાતીમાં નથી. આથી તેવી કથાઓ 'ગાંડીવ' દ્વારા પ્રકાશિત કરાવી. તેના નામ વિશે વિચારણા કરતાં હરિપ્રસાદભાઈને મોસાળના બકોરભાઈ નામે મુખીનો ખ્યાલ આવ્યો. તેમના પરથી બકોર પટેલ નામ સૂઝયું. પાત્ર તરીકે બકરો લીધો. ને તેની પત્નીનું નામ શકરી (બકરી ઉપરથી) રાખ્યું ને આમ પાત્રસૃષ્ટિ ઊભી થઈ.'[૯] બીજી બાજુએ જોઈએ તો રશિયન બાળસાહિત્યમાં પ્રાણીઓના નિમિત્તે માનવસમાજ પર ટીકા કરનારી કથાઓ છે તેનો ઉલ્લેખ નટવરલાલને 'Red virtue by Ella winter' માંથી મળ્યો.'[૧૦] તેમાંથી હરિપ્રસાદ વ્યાસ સાથે ચર્ચા થતાં 'બકોર પટેલ' ની સૃષ્ટિ સર્જાઈ આ બકોર પટેલની વાતો ગુજરાતમાં ઘેર ઘેર વ્યાપી રહી. ઈ.સ. ૧૯૩૮માં તેની પહેલી આવૃત્તિ થઈ. તેના જુદા જુદા ભાગની જુદી જુદી સાલમાં પુનરાવૃત્તિઓ થતી જ રહી છે. ઈ.સ. ૧૯૩૬ થી તે લખાવા માંડેલી અને લગભગ દોઢ દાયકા સુધી આ રમુજી પાત્રે પ્રજાહદયને આનંદ આપ્યો. બકોર પટેલની પાત્રસૃષ્ટિનો વિચાર કરીએ તો તેમના ચહેરા તેઓ જે નામ ધરાવતા હોય તેવા પ્રાણીઓના હોય છે. જેમ કે બકોર પટેલનો ચહેરો બકરાનો, હાથી શંકરાનો ચહેરો હાથીનો, ડોકટર ઉંટડિયાનું વદન ઉંટ જેવું, ડાઘિયા જમાદાર ડાઘિયા કૂતરાનો ચહેરો ધરાવે છે. વળી એ નામોમાં

ગુણવાચકતાનો પણ ખ્યાલ કરાયો છે. અન્યથા તેમનાં વાણી વર્તન, રહેણી કહેણી સર્વ માણસ જેવા છે.

શ્રી હરિપ્રસાદ વ્યાસે આ સિવાય પણ બાળમનને લક્ષ્યમાં રાખી કેટલુંક નોંધપાત્ર સર્જન કર્યું છે. જેમ કે 'લંબોદર શર્મા' (ઈ.સ. ૧૯૪૪) 'શ્રીમાન ભોટવાશંકર' 'ચીનના શાહુકાર' (ઈ.સ. ૧૯૫૩) 'કનુનો અંધારપછેડો' (ઈ.સ.૧૯૫૫) ને મુખ્ય ગણી શકાય.

આ ઉપરાંતના બાળવાર્તાકારોમાં જોઈએ તો શ્રી ચિમનલાલ પ્રાણલાલ ભટ, શ્રી વનરાજ માળવી, શ્રી ભાનુશંકર જોશી, શ્રી જયંતિલાલ પૂજારા, શ્રી કુમુદચંદ્ર મહેતા, સૌ. મંજુદેવી પંડયા આદિ બાળવાર્તાકારોએ 'ગાંડીવ સાહિત્ય મંદિર' ના પ્રકાશનમાં પોતાનું સર્જન પ્રગટ કર્યું છે.

## ✰ અન્ય સર્જકોનું બાળકથાસાહિત્ય : (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૪૦)

ઈ.સ. ૧૯૨૧માં શ્રી ગોકુલદાસ કુબેરદાસ મહેતા પાસેથી (બાલોપયોગી) વાર્તાઓનો સંગ્રહ (ભાગ–૧) મળે છે. શ્રી પ્રસન્નવદન છબીલરામ દીક્ષિત પાસેથી 'બાલપંચતંત્ર' (ઈ.સ. ૧૯૨૪), 'બાલહિતોપદેશ' 'બાલભાગવત' 'બાલકાલિદાસ' વગેરે મળે છે.

ગુજરાતી બાળસાહિત્યના સદ્ભાગ્યે કેટલાક મહાન સર્જકોએ પણ પોતાનો ફાળો તેના વિકાસમાં આપ્યો છે. થોડા થોડા સમયે આવા સાહિત્યકારો દ્વારા કેટલુંક સત્ત્વશીલ સર્જન તેને મળતું રહ્યું છે. આ ગાળામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમના પ્રિય વિષય લોકસાહિત્યમાંથી અનેક સુંદર કથાઓ બાળકોને સંગ્રહીત કરી આપી છે. ઈ.સ. ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર' પત્રમાં જોડાતા પહેલા શ્રી મેઘાણી ત્યારના બાલામાસિકમાં વાર્તાઓ આપતાં. એ રીતે એમના લેખનનો પ્રારંભ જ બાળલેખક તરીકે થયેલો. 'ડોશીમાની વાતો' (ઈ.સ. ૧૯૨૩) માં ૧૫ જેટલી અદ્ભુતરસ ભરેલી વાર્તાઓ છે. 'દાદાજીની વાતો' (ઈ.સ. ૧૯૨૭) માં વીરાજી અને મનસાગરો જેવાં પરાક્રમી પાત્રોની કથાઓ છે.

આ ઉપરાંત આપણા મોટા સર્જકશ્રી ધૂમકેતુએ પણ કેટલુંક સાહિત્ય બાળકો માટે સર્જ્યું છે. 'મહાભારત કથાઓ' માં મહાભારતના પ્રસંગો છે. તો 'લોકરામાયણ' માં વાલીવધ સુધીની કથા રજૂ કરી છે. તે ઉપરાંત 'વીર વનરાજ' 'જીવનઘડતરની વાતો' 'જ્ઞાનકથાઓ' (ભાગ ૧ થી ૫) આપી છે.

હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેએ 'બીરબલ અને બીજા' (ઈ.સ. ૧૯૪૯, બીજી આ.) માં બીરબલની સાડત્રીસ અને ખ્વાજા નાસિરુદીનની પંદરકથાઓ આપી છે. લેખક પોતે કહે છે તેમ બુઠી થયેલી વાર્તાઓને ધાર કાઢી એને ફરી પ્રજા સમક્ષ રજૂ કરવા ઉપરાંત મે કાંઈ કર્યું નથી." આમ છતાં સરળ ભાષામાં ચતુરાઈની આ કથાઓની રજૂઆત વધુ આકર્ષક બની છે.

શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ' એ પણ ગુજરાતી બાળસાહિત્યની નોંધપાત્ર સેવા કરી છે. આ ઉપરાંત શ્રી હરીશ નાયકે પણ હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મની 'પાણીકથાઓ' આપી છે. 'હિંમતે મર્દા' , 'માઈનો લાલ' 'જવામર્દ' જેવી સાહસકથાઓ, 'બાર હાથનું ચીભડું' અને 'તેર હાથનું બી' જેવી કૃતિઓમાં કહેવતકથાઓ ઉપરાંત 'નીતિકથાઓ' (ભાગ ૧–૪) આપી છે.

આ દાયકાના બાલવાર્તાઓનું અવલોકન સમાપ્ત કરતાં 'ગુજરાત સાહિત્ય સભા, કાર્યવહી' ઈ.સ. ૧૯૪૦ ની સમીક્ષામાં રજૂ થયેલી એક વાત અહીં નોંધવા જેવી છે. આ વર્ષના સાહિત્ય સમીક્ષક શ્રી રવિશંકર જોશી નોંધે છે :

'કવચિત વિદ્યાર્થી નાની વયે ઝીલી ન શકે એવો ભાષાનો ઉપાડ, ઉંમર પ્રમાણે વધતા જતા જ્ઞાનની શ્રેણી યોજવામાં ઓછો જણાતો વિવેક, જ્ઞાનની ઘણાં ક્ષેત્રોની કરાતી ઉપેક્ષા, ઔદ્યોગિક જીવન તરફ બાળકમાં કુતૂહલ પ્રેરે એવાં પુસ્તકોનો અભાવ, ધર્મ સંસ્કાર પ્રતિ વિમુખતા, જ્ઞાનની વિવિધ સરિતાઓને સાંકળી જીવનદૃષ્ટિ ખડી કરવાની સમજની ઉણપ, ક્રમિક વિકાસના પગથિયાંની વિરૂપ ગોઠવણી ટૂંકમાં, ધ્યેયની એકતા વગર જ્ઞાનના આડાં અવળાં વરેલાં ચોસલા જેવી રચના : આ ક્ષતિઓ બાળસાહિત્યને વૈજ્ઞાનિક શિક્ષણદૃષ્ટિ અને કેન્દ્રવિહોણું બનાવી મૂકે છે.'[૧૧]

આમાંની ફરિયાદમાં સારું એવું વજૂદ હોવા છતા ઈ.સ. ૧૯૨૧ થી ઈ.સ. ૧૯૪૦ સુધીનો ગાળો ગુજરાતીમાં બાળવાર્તા સાહિત્ય ક્ષેત્રે સમૃદ્ધ રહ્યો છે. 'દક્ષિણામૂર્તિ' 'ગાંડીવ' 'બાલજીવન' 'બાલવિનોદ' કાર્યાલયના પ્રકાશનોનો ફાળો તો અમૂલ્ય છે જ. તે ઉપરાંત પણ અનેક સર્જકોએ સત્ત્વશીલ સર્જનથી આ બે દાયકાઓની સમૃદ્ધિ વધારવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. સૌ. હંસાબેન મહેતા, શ્રી ચંદ્રશંકર મ. ભટ, શ્રી કેશવપ્રસાદ દેસાઈ, શ્રી વસંત નાયક, શ્રી મનુભાઈ જોધાણી, અને જયભિખ્ખુ જેવા અનેક સર્જકોથી આ બે દાયકા ગૌરવાન્વિત થયા છે.

## ✰ ગુજરાતી બાળસાહિત્યનો પાંચમો દાયકો :

ગુજરાતી બાળસાહિત્યને પાંચમા દાયકામાં એક સમર્થ બાળવાર્તાકાર મળે છે. તે શ્રી રમણલાલ પીતાંબરદાસ સોની (જ.તા. ૨૫–૧–૧૯૦૮) તેઓનો જન્મ મોડાસા પાસે આવેલા કોકાપુરમાં થયો હતો. શ્રી રમણલાલ સોની થોડો સમય શાંતિ નિકેતનમાં વિદ્યાર્થી તરીકે પણ ગાળેલો. આથી જ રવીન્દ્રનાથ ટાગોરના બાળસાહિત્યનો મર્મ તેઓ પકડી શકયા છે અને ગુજરાતી ભાષામાં તેની સૌરભ પ્રસરાવી શકયા છે. કવિશ્રી સુંદરમે તેમના વિશે કહ્યું છે કે : 'ગુજરાતમાં એવું એક પણ બાળક નહીં હોય કે જેણે રમણલાલ સોનીનું કાંઈક વાંચ્યા વિના મોટું થયું હોય. એમનાં બાળકાવ્યો, વાર્તાઓ, અનુવાદો, એ ગુજરાતની ખાસ સમૃદ્ધિ છે."[૧૨] ગુજરાત રાજયે ઈ. ૧૯૮૬નો 'ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક' પહેલો વહેલો તેમને અર્પી તેમનું બહુમાન કર્યું છે તે યથાર્થ જ છે. બાલકાવ્યો, બાલનાટકો, બાલચરિત્રો બાળકથાઓ, એમ અનેકવિધ સ્વરૂપોમાં વિપુલ સાહિત્ય આપી તેઓ ગુજરાતી બાળસાહિત્યમાં ચારેબાજુ છવાઈ ગયા છે.

ઈ.સ. ૧૯૪૬માં ૧૨ પુસ્તિકાની 'શિશુ સંસ્કારમાળા' માં નાનાં બાળકો માટે ૪૦ કથાઓ તે આપે છે. ઈ.સ. ૧૯૪૭માં 'શિશુભારતી ગ્રંથમાળા' શીર્ષક નીચે ૬ પુસ્તકોનો એક એવા ૨ ગુચ્છ પ્રગટ કરે છે. અને તેમાં તેમનું પ્રખ્યાતપાત્ર ગલબો શિયાળ નાયક હતો. ગલબો શિયાળ એક બુદ્ધિશાળી પ્રાણીપાત્ર તરીકે આપણી સમક્ષ આવ્યો છે. તે દેખાવે પશુ છે, પણ કાર્યપદ્ધતિ માણસની છે. આ ઉપરાંત તેઓ 'શિશુસંસ્કાર શ્રેણી' 'શિશુ

કથાવલિ', 'બાળસાહિત્યમાળા', 'કૌતુકબોધ કથામાળા', વગેરે તેમજ શ્રી સોનીએ દેશ વિદેશની કથાઓને વિપુલ પ્રમાણમાં ગુજરાતીમાં ઉતારી આપવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે.

તેમાં 'સાત સમંદર બાલવાર્તાવલિ' માં કોરિયા, 'ભૂતિયા હથોડી' (આયર્લેન્ડ) 'ટચૂકરાજા ને ટચૂકરાણી' (જાપાન) 'જાદુઈ કીટલી' (હંગેરી) 'મિજાજનો બાદશાહ' (સ્કોટલેન્ડ) એમ અનેક દેશોની કથાઓ રજૂ કરવામાં આવી છે. આ બધીજ કથાઓએ બતાવે છે કે દેશકાળ ગમે તે હોય, બાળકોને ચમત્કારપ્રધાન કથાઓ ગમે છે અને તે તેમને મળતી રહી છે.

તે ઉપરાંત 'સુમંગલ બાલવાર્તાવલિ', 'રમૂજકથા', 'અમૃત કથાવલિ' 'વીર વિક્રમ ગ્રંથમાળા' 'મહાકાવ્યોની વીરકથાઓ' વગેરે નોંધપાત્ર છે. તેમના બાળકથાસાહિત્યનો વિચાર કરીએ ત્યારે મબલખ અને ઉચ્ચ કક્ષાનું બાળસાહિત્ય આપનાર આ સર્જક વિશે શ્રીમતી હીરાબેન પાઠકે જે કહ્યું છે તે નોંધવું રહ્યું : 'રમણભાઈ તો જાદુગર છે 'આનંદપરીની દુનિયા' રચનાર રમણભાઈએ બાળકોને ન્યાલ કરી નાખ્યા છે.[૧૩]

પાંચમા દાયકાના બીજા એક પ્રમુખ બાળસાહિત્યકાર છે શ્રી જીવરામ જોશી તેની ચર્ચા આપણે આગળના પ્રકરણમાં કરીશું. તે ઉપરાંત આ દાયકામાં શ્રી દિશેશ ઠાકોર, શ્રી વિ. હ. અભયકુમાર, શ્રી શિવપ્રસાદ ત્રિવેદી, શ્રી મગનલાલ શ્યામજી ત્રિવેદી, શ્રી હરજીવન સોમૈયા વગેરે બાળસાહિત્યકારોનું સાહિત્ય પણ મળે છે.

શ્રી ત્રિભુવન વ્યાસ આમ તો ગીતકાર તરીકે ઊંચું સ્થાન ધરાવે છે. પણસ 'ખાનખાનાન' માં તેઓ એક લોકકથાને મોટી ઉંમરનાં બાળકો માણી શકે તે રીતે રજૂ કરે છે તે ઉપરાંત શ્રી અરવિંદ ન. શાસ્ત્રી પાસેથી 'વિક્રમની વાતો' અને 'બુદ્ધિવિલાસ' (ભાગ ૧–૨) મળે છે. શ્રી શિવલાલ જેસલપુરા પાસેથી 'સાચાં સંતાન' અને શ્રી ગુલાલસિંહ બારોટ 'ધોળી બિલાડી' રજૂ કરે છે. શ્રી મંજુ ચોકસી 'અબુ હસન' અને શ્રી મોહનલાલ ધામી 'ચતુરસુજાણ' અને વાલજી ગોવિંદજી દેસાઈ 'તંત્રકથા' રજૂ કરે છે.

સૌ. વત્સલાબાઈ સાળેગાંવકર પોતાની જ મરાઠી કથાઓનો ગુજરાતી અનુવાદ 'બાળવાર્તાઓ' માં આપે છે. આ દરમ્યાન 'જુગા પંડયા' ઉપનામધારી શ્રી શાંતિકુમાર મણિલાલ પંડયા 'વેણાકાકા' નામે બાળકો માટે હળવી કટાક્ષ કથા આપે છે.

લોકસાહિત્યના પુનરુદ્ધારક અને પ્રચારક તરીકે જાણીતા શ્રી ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા પાસેથી 'ખાટાં મીઠાં બોરાં', 'મુળજી મામા' જેવી બાળવાર્તાઓ મળે છે.

આ ઉપરાંત પાંચમા દાયકામાં શ્રી હરરાય અ. દેસાઈ, શ્રી માયા મહેતા, શ્રી પ્રફુલ્લ પ્રાણલાલ ઠાકોર, શ્રી યશવંત વ્યાસ જેવા બાળસર્જકો પાસેથી બાળસાહિત્ય મળતું રહે છે.

## ✩ છઠ્ઠા દાયકાનું બાળસાહિત્ય :

આઝાદી પછીના દસકા બાદ રાષ્ટ્રીય કેળવણી પર વધુ ભાર મુકાયો, અને તેથી નવી પેઢીના સમુચિત ઘડતરનો, તેના પાયાના વિકાસનો પ્રશ્ન મહત્ત્વનો બન્યો. અને તેની સીધી અસર બાલસાહિત્ય પર થઈ. બાળઘડતરને અનુલક્ષીને કેટલીક સંસ્થાઓ સ્થપાઈ, કેટલીક યોજનાઓ પણ ઘડાઈ અને સરકારી તથા બિનસરકારી રાહે એ દિશામાં અનેક સ્તુત્ય કાર્યો પણ હાથ ધરાયા. આમ, અનેક કારણોસર છઠ્ઠા દાયકામાં બાલકથામાં વિપુલ ફાલ ઉતરેલો પ્રાપ્ત થાય છે. જો કે એક વાત એ ધ્યાનમાં રાખવાની છે કે ઈયતાની દૃષ્ટિએ સંતોષ આપતા આ સાહિત્યમાંનું બહુ ઓછું સાહિત્ય ગુણવત્તાની દૃષ્ટિએ સંતોષે તેવું છે. આમ, અનેક કારણોસર છઠ્ઠા દાયકામાં બાલકથામાં વિપુલ ફાલ ઉતરેલો પ્રાપ્ત થાય છે. જો કે એક વાત એ ધ્યાનમાં રાખવાની છે કે ઈયત્તાની દૃષ્ટિએ સંતોષ આપતા આ સાહિત્યમાંનું બહુ ઓછું સાહિત્ય ગુણવત્તાની દૃષ્ટિએ સંતોષે તેવું છે. આમ છતાંય, એ દિશામાં આપણો ઉત્તરોતર વિકાસ તો થતો જ રહ્યો છે. હવે આપણે આ દાયકાના બાળાવર્તાસાહિત્યને તપાસીએ.

શ્રી કાન્તિ ઉપાધ્યાય બાળકોને 'સુખનાં સ્વપ્ન' (ઈ.સ. ૧૯૫૧) બતાવી આ દાયકાનો પ્રારંભ કરે છે. શ્રી કાંતિલાલ શાહ 'લોકસાહિત્યમાળા' નિમિત્તે કેટલીક કથાઓ આપે છે. 'ત્રણ પીંછા' (ઈ.સ. ૧૯૫૧) તેમજ 'સુંદર પરી' (ઈ.સ.૧૯૫૧) તેમજ 'સુંદર પરી' (ઈ.સ. ૧૯૫૧) 'કાળા જાદુની શાળા' (ઈ.સ. ૧૯૫૧) માં આપે છે. શ્રી મનુભાઈ સુખલાલ શાહ 'નૂતન બાલસાહિત્યમાળા' નિમિત્તે ઈ.સ. ૧૯૫૧ માં નાનાં બાળકો માટે 'કાગળની હોડી', 'ચકલીનાં ઈંડા', 'બચુબેનની ઢીંગલી' 'રંગબેરંગી ફુગ્ગા', 'પાણીના

પરપોટા' આદિ કથાઓ આપે છે. શ્રી મોહનલાલ જગન્નાથ પાઠક બાળકો માટે એક જુદી જ દુનિયાની વાત લઈ અહીં હાજર થાય છે. આપણે ત્યાં ડિટેકટીવ કથાઓ બાળકો માટે આંગળીને વેઢે ગણી શકાય તેટલી છે. આ અનુસંધાને 'કરોળિયાનો કાળપાશ' (ઈ.સ. ૧૯૫૧) બાળકોને રુચે તેવી ડિટેકટીવકથાની ઢબની કથા તરત ધ્યાન ખેંચે છે. શ્રી નગીનદાસ પારેખ 'ઉત્તમ બાલસાહિત્યમાળા' ના ત્રીજા ચોથા મણકારૂપે 'કલગી' (ભાગ ૧–૨ ઈ.સ. ૧૯૫૨) માં જુદી જુદી ભાષાઓમાંથી ગુજરાતીમાં વાર્તાઓ આપે છે.

આ બધા સર્જકોના મુકાબલે શ્રી પ્રાણજીવન દોશી પાસેથી વિપુલ ગુણવત્તાસભર બાળવાર્તાસાહિત્ય મળ્યું છે. 'ત્રણ વેંતિયા' (ઈ.સ. ૧૯૫૨) માં દેશપરદેશની કથાઓ પર આધારિત કથાઓ આપે છે. કુશળ મુત્સદી તરીકે પ્રતિષ્ઠા પામેલા અને 'સર' નો ખિતાબ પામેલા ભાવનગરના શ્રી પ્રભાશંકર પટણીએ 'વાતોમાં બોધ' નામથી કેટલીક વાર્તાઓનો સંગ્રહ બહાર પાડયો હતો. તેમાંથી બાલોપયોગી દસ વાર્તાઓનો એક સંગ્રહ ૧૯૫૩–૫૪માં 'શિશુવિહાર સાહિત્યમાળા' નિમિત્તે બહાર પાડવામાં આવ્યો હતો. શ્રી શાંતિ ના. શાહ 'સત્યમ' નામધારી સર્જકે 'અલીબાબા અને ચાલીસચોર' (ઈ.સ.૧૯૫૩) 'સાગર સફરી સિંદબાદ' (ઈ.સ.૧૯૫૩) જેવી કૃતિઓમાં અત્યંત પ્રસિદ્ધ કથાઓ રજૂ કરે છે.

શ્રી જયમલ્લ પરમારે 'શેખચલ્લી' ના પાત્ર દ્વારા બાળવાર્તા સાહિત્યમાં માનભર્યુ સ્થાન પ્રાપ્ત કરે છે. તેમણે 'શેખચલ્લી ગ્રંથાવલિ' (ઈ.સ. ૧૯૫૬ ભાગ ૧–૪) આપી હાસ્યરસના પ્રવાહમાં એક સીમાચિહનરૂપે કાર્ય કર્યું છે. શ્રી જયમલ્લ પરમારની સાથે શ્રી નિરંજન વર્મા આપોઆપ જ યાદ આવે. બન્નેએ સાથે મળીને 'પક્ષી પરિચય ગ્રથાવલિ' આપી છે. જે તે ક્ષેત્રમાં ખૂબ ઊંચુ સ્થાન ધરાવે છે. 'પાકો પંડિત' માં હિંદના આદિવાસીઓની કથા છે.

શ્રીમતી વિનોદિની નીલકંઠ જેવા પ્રતિભાશાળી સર્જકો બહું ઓછા મળ્યા છે. તેમણે 'બાળકની દુનિયામં' (ઈ.સ.૧૯૬૧) તેમજ 'શિશુરંજના' (ઈ.સ.૧૯૫૦) 'મેદીની મંજરી' (ઈ.સ.૧૯૫૬) 'સફરચંદ' (ઈ.સ.૧૯૬૪) વગેરે પ્રમુખ છે. શ્રી દુર્ગેશ શુકલ ઈ.સ.૧૯૫૭માં 'ડોશીમાનું તુંબડુ' વાર્તાસંગ્રહ આપે છે. તો શ્રી વિજયગુપ્ત મૌર્ય

પ્રાણીજીવન, વિજ્ઞાનમાં પુસ્તકો વિશિષ્ટ શૈલીમાં રજૂ કરીને અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. તે 'કવિનાં પરાક્રમો' (ઈ.સ.૧૯૫૫) માં આપે છે. શ્રી ગુણવંતરાય આચાર્યે ગુજરાતને અસંખ્ય સાહસકથાઓ આપી છે. તો ગુજરાતી બાળકથાસાહિત્યને રહસ્યશોધની 'છૂપો ખજાનો' (ઈ.સ. ૧૯૫૮) જેવી ભાવાનુવાદ કથા આપી છે.

આ ઉપરાંત છઠ્ઠા દાયકામાં શ્રી હરુભાઈ ગોવિંદજી કારિયા, પ્રમીલા કાંતિલાલ શાહ, પ્રતાપરાય પ્રાણશંકર જોશી, જયશંકર હરિલાલ રાવલ, ભોગીલાલ બ્રહમભટ, રમણીક વી. શાહ, પ્રબોધ બેન્ડવાળા વગેરે સર્જકો પાસેથી બાળસાહિત્ય મળે છે. આ દાયકામાં બાળ વાર્તાસાહિત્યના પુનમુદ્રણની સાથે જ નવું સર્જન પણ સારું એવું ઉમેરાયું હોય બાળવાર્તા સાહિત્યની સમૃદ્ધિમાં ઠીક ઠીક વધારો થયો છે.

## ✰ સાતમા દાયકાનું બાળવાર્તાસાહિત્ય :

### *(૧) શ્રી રતિલાલ સાંકળચંદ નાયક :*

આજના અગ્રગણ્ય બાળવાર્તાારોમાં સ્થાન પામેલા શ્રી રતિલાલ નાયક પોતાને બાળવાર્તા સાહિત્ય તરફ પ્રેરનારાં પરિબળોમાં પોતાના માતાના મુખે સાંભળેલી લોકવાર્તાઓને સ્થાન આપે છે. તેઓ 'આનંદકથામાળા' દ્વારા બાળસાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન કરે છે. 'નવચેતન' પ્રકાશનની 'ભરત ગ્રંથાવલિ' માં રજૂ થયેલી 'અલક મલકની વાતો' માં પાંચ કથાઓ છે. 'મહાકવિઓની પ્રસાદી' એ શ્રેણીમાં સંસ્કૃત સાહિત્યની અમર કૃતિઓમાં કથાનકો રજૂ થયા છે. તો 'પરીકથા માળા' ના ૧૨ પુસ્તકોની ૩૨ કથાઓમાં બાળકોને જેમાં રાચવું ગમે છે તેવી અદ્‌ભુત અને ચમત્કારપૂર્ણ કથાઓ છે. 'શિશુબાલવાર્તાવલિ' (ઈ.સ.૧૯૭૭) ના છ ભાગમાં એકદમ નાનાં બાળકો માટે મોટા ટાઈપમાં અને આકર્ષક પરિવેશમાં પ્રચલિત કથાઓ રજૂ થઈ છે. જેમ કે, 'ચકાચકીની વારતા', 'દલો તરવાડી' 'સાત પૂંછડિયો ઉંદર', 'આંધળો અને લંગડો', 'વાંદરાનું કાળજું' વગેરે.

આ ઉપરાંત બાળકોને વિકસતા વિજ્ઞાનની માહિતી મળે જ્ઞાન મળે તે હેતુથી તેમણે 'જ્ઞાન વિજ્ઞાનમાળા' (ઈ.સ. ૧૯૫૯) આપી છે. 'વિજ્ઞાન કથા' (ઈ.સ.૧૯૬૦) માં વિજ્ઞાન આધારિત કથાઓ છે.

એ જ રીતે નાનાં બાળકો માટે વર્ણ અંક આદિનો તેમને પરિચય કરાવતું સાહિત્ય પણ તેમણે ઠીક ઠીક આપ્યું છે. 'મારો કક્કો' 'કક્કો પક્કો', 'ઝટપટ' (ભાગ ૧–૩), 'આપણાં પંખી) આદિ સાહિત્ય બાલશિક્ષણોપયોગી છે.

આમ જોઈ શકાય કે છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતી બાળસાહિત્યની એકધારી સેવા કરનાર શ્રી રતિલાલ નાયકે લોકસાહિત્ય અને પૌરાણિક સામગ્રીનો લાભ લઈ, તેને બાલભોગ્ય રીતે ઢાળવાનું કાર્ય વિશેષભાવે ઉપાડયું છે.

### *(૨) શ્રી ધનંજય રમણલાલ શાહ :*

સોટી–પોઠી, લાલુ લપલપિયો, જગો, ભગો, ને મગો જેવા પાત્રો આપીને શ્રી ધનંજય શાહે ગુજરાતી બાળકોના મનોજગતમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પિતા રમણલાલ શાહના બાલસાહિત્યના વારસાને તેમણે ટકાવ્યો છે. તેમણે માત્ર 'સોટી અને પોઠી' નાં જ પાત્રો આપ્યાં હોત તો પણ તેઓ બાલજગતમાં યાદ રહેત. 'સોટી અને પોઠી' ની ૫૦ પુસ્તિકાઓ ઉપરાંત બીજી અનેક કથામાળાઓ તેમની પાસેથી આપણને મળી છે. જેવી કે 'નીતિકથામાળા' (ઈ.સ.૧૯૬૭) 'સ્વાતંત્ર્ય કથામાળા' (ઈ.સ.૧૯૬૭) 'રૂપકથામાળા' (ઈ.સ. ૧૯૬૭–૬૮) 'રંગકથામાળા' (ઈ.સ.૧૯૬૮), 'શૂરકથામાળા' (ઈ.સ.૧૯૭૫) તે ઉપરાંત 'રોબિનહુડનાં પરાક્રમો' (ઈ.સ.૧૯૫૭) 'હરકયુલસનાં પરાક્રમો' (ઈ.સ.૧૯૬૧) જેવી કથાનું ગુજરાતી રૂપાંતર મળે છે.

તેમની અન્ય નોંધપાત્ર પાત્રપ્રધાન કથાશ્રેણી છે : જગા, મગા અને ભગાની ત્રિપુટી નિમિત્તે પેટ પકડીને હસાવતી 'અકકલનાં ખાં' અને લાલુ અને લીલાભાઈને નિમિત્તે સ્થૂળ હાસ્ય પીરસતી 'લાલુ લપલપિયો' કથા. નાનાં બાળકોની વયકક્ષા અનુરૂપ ભાષાના વિકાસમાં મદરૂપ થઈ શકે તેવા હેતુથી ઈતર વાચન માટે 'રતનો રબારી' અને 'ઘોડાનો ચોર' જેવા વાર્તાસંગ્રહો પણ તેમની પાસેથી મળ્યાં છે.

આમ તેઓ અલગ અલગ પાત્રપ્રધાન બાળવાર્તાઓ દ્વારા બાળકોનું સારું એવું મનોરંજન કરે છે. ખાસ કરીને બાલભોગ્ય હાસ્યરસના નિરૂપણમાં તેમનું આ પ્રદાન ઉલ્લેખનીય છે. તેઓ બાળકો માટે જ વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચીને તેમણે ગુજરાતી બાળસાહિત્યના ઈતિહાસમાં ગણના પાત્ર સ્થાન મેળવ્યું છે.

### *(૩) શ્રી હરીશ ગણપતરામ નાયક :*

શ્રી હરીશ નાયબ એક એવા બાળસાહિત્યકાર છે જે પોતે અને જેમનો આખો પરિવાર બાળસાહિત્યના પ્રચારનું કાર્ય કરે છે. બાળસાહિત્યમાં આ રીતે કથાસર્જક અને કથાકથક તરીકેનું તેમનું કાર્ય અનન્ય લાગે તો નવાઈ નહીં ! બાળકો સાથે સતત સબંધમાં રહેસતા હોવાથી તેમણે આ ક્ષેત્રની યથાશકિત સારી સેવા કરી છે. અને તેમની આ સેવાને ધ્યાનમાં રાખી ઈ.સ. ૧૯૮૫ના નવેમ્બમાં લોકસભાના અઘ્યક્ષશ્રી બલરામ જાખડના હસ્તે તેમને 'લોંગ એન્ડયુરન્સ એવોર્ડ' અપાયો હતો.

હરીશ નાયકે વિપુલ પ્રમાણમાં પૌરાણિક કથાવસ્તુ અને પાત્રોને પોતાના બાળકથાસર્જનમાં વિનિયોગ કર્યો છે. તેઓ પરંપરાગત પૌરાણિક કથાવસ્તુમાં અને પાત્રના વ્યકિતત્વમાં વર્તમાન જીવનના નવા સંદર્ભો ઉમેરે છે અને એ રીતે પૌરાણિક કથાવસ્તુ અને પાત્રોને સાંપ્રતયુગનું નવું પરિણામ બક્ષે છે.

તેમના 'નમૂનેદાર ગ્રંથાવલિ' (૧૦ પુસ્તકો, ઈ.સ.૧૯૭૦) નાં બધાં જ પુસ્તકોમાં 'નમૂનેદાર' વિશેષણ સાંકળી લેવામાં આવ્યું છે ! જેમ કે 'નમૂનેદાર પાણી', 'નમૂનેદાર શિકારી', 'નમૂનેદાર પતંગ' વગેરે તથા 'ધૂપસુગંધ ગ્રંથમાળા' (૧૦ પુસ્તકો, ઈ.સ. ૧૯૭૧) માં કીર્તિને વરેલા પાત્રોની કથાઓ રજૂ થઈ છે. જેમાં ઈતિહાસ પુરાણનાં પાત્રો છે. ક્રિકેટના રમતવીરો છે અને ચંદ્ર ઉપર પ્રથમ પગ મૂકનારા સાહસવીર નીલ આર્મસ્ટ્રોન્ગ પણ છે.

સુગન્ધીદાર પુષ્પો જેવી કુલ સો કથાઓ 'સુવાસિત ગ્રંથમાળા' (ઈ.સ.૧૯૭૧) માં પાંચ પુસ્તકોમાં રજૂ થઈ છે. આ ગ્રંથમાળાની કથાઓનું વસ્તુ ખૂબ આકર્ષક છે. 'અમર ગ્રંથમાળા' (ઈ.સ.૧૯૭૨) નાં ૧૦ પુસ્તોકમાં હરીશ નાયકની સર્જકતા સાથે તેમની

દેશવિદેશની વિવિધ બાબતો અંગેની જાણકારીનો પણ પરિચય થાય છે. દેશ પરદેશની વ્યકિતઓ, બનાવો કે વસ્તુઓની સાચી માહિતી અહીં કલાત્મક ઢબે રજૂ કરવામાં આવી છે. અહીં સમાજજીવનના જુદા જુદા ક્ષેત્રની વ્યકિતઓ અને બનાવો વિષયક રજૂઆત ધ્યાનન ખેંચે છે.

આ ઉપરાંત સામાજિક કથાઓ તથા ઐતિહાસિક પૌરાણિક કથાઓ હૃદયસ્પર્શી રીતે આપતી 'હરીશ નાયક બાલ ગ્રંથાવલિ' (૧૦ પુસ્તકો ઈ.સ.૧૯૭૬) પણ તેમના ઉલ્લેખનીય બાલકથાસર્જનમાં સ્થાન પામે તેવી છે. તો 'મનમોહક ગ્રંથમાળા' (૮ પુસ્તકો ઈ.સ.૧૯૭૮) પણ નાનાં બાળકો માટે આસ્વાદ્ય નીવડે તેવી છે. 'પશુપરાક્રમ ગ્રંથમાળા' (૪ પુસ્તકો) માં પશુમાં રહેલી માનવતા, વાત્સલ્ય અને ચાતુર્યની કથા છે. તેમણે કેટલીક લાંબી કથાઓ પણ આપી છે. સત્યઘટના પર આધારિત કથા 'બંદૂકનો બેટો' (ઈ.સ.૧૯૭૫) માં વિનોબાજીના કહેવાથી ૩૦૦ જેટલા ડાકુઓ જયપ્રકાશજીને શરણે આવેલા. તેમાં ચંદન નામે એક કિશોર પણ હતો. એ ચંદનની કેફિયત આ કૃતિનો પાયો છે.

આમ છતાં, સમગ્રતયા જોતાં, તેઓ કથા કહે છે તેવી જ રીતે લખે છે એટલે કહેણીની રીતિની જીવંતતાનો સ્પર્શ તેને સતત મળ્યો છે. કથાઓ જીવંત બનવાનું બીજું કારણ તેમણે સંવાદાત્મક શૈલીનો સવિશેષ ઉપયોગ કર્યો છે. તે છે આવા શ્રી હરીશ નાયકને ગુજરાતી બાળવાર્તાના એક ઉલ્લેખનીય બાળવાર્તા સર્જક જરૂર ગણી શકાય.

### *(૪) શ્રી બાબુભાઈ જોશી :*

બાળકોની વયાનુસારી સમજશકિતને અનુસરતું કેટલુંક મૌલિક કથાસાહિત્ય શ્રી બાબુભાઈ જોશી પાસેથી મળ્યું છે. 'સુગમકથામાળા' (ઈ.સ.૧૯૮૦) 'સુવાસકથામાળા' ઈ.સ. ૧૯૮૧) આદિ કથામાળાઓ બાળકોની ઉત્તરોત્તર વધતી સમજશકિતને ધ્યાનમાં રાખી લખાયેલી કથામાળાઓ છે.

'પંચતંત્ર' ની કેટલીક કથાઓને શ્રી બાબુભાઈએ વિશિષ્ટ રીતે 'પંચતંત્રની પ્રાણીકથાઓ' માં આપી છે. માનવ વ્યવહારની ભૂમિકા પર આ પ્રાણી કથાઓની માંડણી

કરવામાં આવી છે. પ્રાણીઓની બોલચાલમાં આપણી વ્યવહારુ ભાષાનો લેખકે કરેલો ઉપયોગ ધ્યાન ખેંચે છે. 'નવજીવન શ્રેણી' થોડાં મોટાં બાળકોને ઉપયોગી થાય તેવી વાર્તાઓ છે. લાંબા કથાનકો અને તેય પાછાં પરસ્પરમાં ગૂંથાતાં અહીં એક સંકુલ કથાપ્રવાહનું નિર્માણ કરતાં આગળ ચાલે છે. 'સુખ દુઃખ' વાર્તા સરખા ચહેરા ધરાવતા સુખ અને દુઃખ નામના રાજકુમાર તથા ભિખારીનાં પાત્રોના સ્થાન પરિવર્તનના કારણે પેદા થતી જટિલ પરિસ્થિતિનું ભાન કરાવતી કરુણપ્રધાન કથા છે.

સમગ્રતયા જોઈએ તો શ્રી બાબુભાઈએ ઠીક ઠીક પ્રમાણમાં મૌલિક કથાસાહિત્ય આપ્યું છે. તેમની કલ્પનાકથાઓ બોધક છે. તેમજ બાલઘડતરમાં મહદંશે ઉપયોગી થાય તેવી પણ છે. 'પંચ તંત્રની પ્રાણીકથાઓ' તેમનું વિશિષ્ટ અર્પણ છે. જુદી જુદી વયનાં બાળકોને માટે તેમના મન અને સમજણની કક્ષા ધ્યાનમાં રાખી લેખકે સભાનપણે કેટલુંક બાળવાર્તા સાહિત્ય સર્જાયું છે અને એ રીતે ગુજરાતના ગણનાપાત્ર બાળવાર્તાકારોમાં સ્થાન પામે છે.

## *(૫) ગિરીશ ગણાત્રા :*

ગુજરાતી બાળવાર્તાસાહિત્યમાં વિજ્ઞાનકથાઓ અન્ય લેખકો દ્વારા પણ ઠીક ઠીક લખાયેલી મળી છે. છતાંય તદ્‌વિષયક સાહસકથાઓ આપીને ગિરીશ ગણાત્રાએ ગુજરાતી બાળવાર્તાસાહિત્યને એક ડગલું આગળ ચલાવ્યું છે એમ જરૂર કહી શકાય. ગિરીશ ગણાત્રાએ દરિયાઈ અને અવકાશી સફરની સાહસકથાઓ વિજ્ઞાનનાં સત્યોને કેન્દ્રમાં રાખીને લખી છે. 'મંગળની સફરે', 'તુરંગાને પેલે પાર', 'સાગરરાજાની સંગાથે', 'પાતાળનગરી' 'યંત્રમાનવો ના દેશમાં', 'મધુ, પેપ્સીને પૂતળી', 'સાહસ પાડે સાદ' વગેરે તેમની નોંધપાત્ર કૃતિઓ છે.

સત્યકથા લાગે તેવી રજૂઆતથી ધ્યાન ખેંચતી 'મંગળની સફરે' માં મંગળના ગ્રહ વિશે કોઈ ખોટા ખ્યાલોને પોષવામાં નથી આવ્યા કે વૈજ્ઞાનિક માહિતી પણ તેમાં ભાગ્યે જ આપવામાં આવી છે પણ આ એક રસિક સાહસકથા જરૂર બની રહી છે.

'સાગરરાજની સંગાથે' (સુમતિચંદ્ર શાહ સાથે) બાળકોને અને કિશોરોને પરાક્રમવૃત્તિ ખીલવે તેવી કૃતિ છે. કેપ્ટન બલવીર, પીટર સાગર, પરિમલ, અને આશુતોષની 'આઈ.એન.એસ.૩૩' ની આટલાંટિકની સાગરયાત્રાનો અહીં અહેવાલ રસિકતાપૂર્વક રજૂ થયો છે. 'પાતાળનગરી' દરિયાના પેટાળમાં ચાલતી 'પાતાલપરી' નામક નૌકાની આસપાસ ગૂંથાયેલી સાહસકથા છે. સમુદ્ર આપણે માટે નવો વિષય નથી, પણ સમુદ્રના તળિયે રહેલી વનસ્પતિઓ, પ્રાણીઓ, જવાળામુખી, પર્વતો, ભયંકર કોતરો, પાણીના પ્રવાહો આ બધા વિશે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. જલસૃષ્ટિનો થોડોઘણો પરિચય થાય એ આ કથાનો મુખ્ય હેતુ છે. કથારસ જાળવતું પુસ્તક બની રહ્યું છે એ નોંધપાત્ર બાબત છે. 'યંત્રમાનવોના દેશમાં' યંત્રોની કરામતી સૃષ્ટિનો આબેહૂબ ચિતાર ખડો કરે છે. 'ઢીંગલાભાઈનાં પરાક્રમો' પણ આવી જ એક સુંદર વાસ્તવદર્શી કથા છે. બાલમાનસ અહીં અનેક રીતે વ્યકત થયું છે.

'તુરંગાને પેલે પાર' લેખકના જ જણાવ્યા મુજબ કિશોર કથા છે. તેમના અન્ય નોંધપાત્ર સર્જનમાં 'જ્ઞાનવિજ્ઞાન ગ્રંથાવલિ' ને ગણાવી શકાય. વિશ્વનાં વિવિધ રહસ્યોને સંવાદાત્મક ભાષામાં તેમાં સમજાવાયાં છે. પૃથ્વીને અને માનવીની ઉત્પત્તિ અને વિકાસ જેવા પાયાના પ્રશ્નોની રજૂઆત રસિક રીતે કરી છે. વિજ્ઞાનની શુદ્ધ અને રસિક માહિતીની દૃષ્ટિએ આ ગ્રંથાવલિ બહુ ઉપયોગી નીવડે તેવી છે.

ગિરીશ ગણાત્રાની કૃતિઓ સંદર્ભે એમ કહી શકાય કે લાંબી વાકયરચનાઓને કારણે નાનાં બાળકો માટે તે ઓછી ગ્રાહ્ય બને છે. આમ પણ, લેખકની મોટા ભાગની કૃતિઓ થોડા મોટાં બાળકો માટે હોય એવું જણાય છે. તે કિશોરભોગ્ય વધુ છે. જો કે લાંબી વાકયરચનાઓ હોવા છતાં તે સમજી શકાય તેવી તો છે જ વળી, કવચિત નાનાં પણ સરસ વર્ણનો પણ કૃતિઓને રસાવહ બનાવી જાય છે.

સમગ્રતયા જોતાં સત્ત્વશીલ બાળકથા આપીને, તેમાંય વૈજ્ઞાનિક સાહસકથાઓ આપીને ગિરીશ ગણાત્રા ગુજરાતી બાળવાર્તાસાહિત્યમાં ઉલ્લેખનીય સ્થાન પ્રાપ્ત કરે છે. ગુજરાતી બાળકથામાં વિજ્ઞાનને કેન્દ્રમાં રાખી ઓછી બાળકથાઓ પ્રાપ્ત થઈ છે. તો બાલમનની વાસ્તવિકતાને સ્પર્શતી કથાઓ પણ ઓછી મળી છે. આ પરિસ્થિતિમાં એ

પ્રકારનું પ્રમાણમાં સારી ગુણવત્તાવાળું સાહિત્ય ગિરીશ ગણાત્રાએ આપ્યું હોઈ તે આવકાર્ય બની રહે છે.

## ✰ આઠમા દાયકાનું બાળવાર્તાસાહિત્ય :

આઠમા દાયકામાં આપણને નીચે મુજબના બાળકથાસર્જકો પાસેથી બાળવાર્તાસાહિત્ય મળે છે, તેને હવે સર્જક પ્રમાણે તપાસીએ.

### *(૧) પન્નાલાલ પટેલ :*

કારણ ગમે તે હોય, એટલું તો જરૂર કહી શકાય કે ૧૯૭૦ પછી પન્નાલાલ પટેલના બાલ કિશોર સાહિત્યને જાણે કે વસંત બેઠી. ઉત્તરકાલીન પન્નાલાલના સત્ત્વશીલ બાળ વાર્તાસાહિત્ય સર્જનને કારણે ગુજરાતી બાળકથાસાહિત્ય શ્રી ગિજુભાઈ પછી ફરી એકવાર ઠીક ઠીક કૌવત દાખવે છે. બાળકથાના સર્જન વિકાસમાં ગિજુભાઈએ લોકસાહિત્યનો આધાર વિશેષ લીધો તો પન્નાલાલે પૌરાણિક કથાસાહિત્યનો.

તેમના વિપુલ બાલકિશોરસાહિત્યને સામાન્ય રીતે મુખ્યત્વે બે વિભાગમાં જોઈ શકાય : (૧) વાસ્તવજીવન પર આધારિત કથાઓ, (૨) રામાયણ મહાભારત આદિ ધાર્મિક પૌરાણિક સાહિત્ય પર આધારિત કથાઓ.

માનવના વ્યાવહારિક જીવનની વાસ્તવિકતા અને માનવમનની વાસ્તવિકતા જેમા અનેકવિધ રીતે ઝિલાઈ છે તેવા સાહિત્યમાં (૧) દેવનો દીધેલ (ઈ.૧૯૭૫) ૫ પુસ્તકો, (૨) બાલકલ્લોલ ગ્રંથમાળા (ઈ.૧૯૭૨, ૧૦ પુસ્તકો) (૩) વાર્તા કિલ્લોલ ગ્રંથમાળા ગુચ્છ–૧ અને ગુચ્છ–૨ નો સમાવેશ થાય છે. પૌરાણિક કથાધન પર આધારિત સાહિત્યમાં (૧) મહાભારત કિશોરકથા (ઈ.સ. ૧૯૭૬) (૨) રામાયણ કિશોરકથા (ઈ.૧૯૭૮) (૩) શ્રીકૃષ્ણ કિશોરકથા (ઈ.સ. ૧૯૮૦) મુખ્ય ગણી શકાય.

વાર્તાકાર પન્નાલાલ વાર્તાના આરંભથી જ વાચકને તેનાં પાત્રોની ભાવસૃષ્ટિ સાથે એક રૂપ કરી દે છે, પછી તે સામાજિક કથા હોય કે પૌરાણિક, તે કથાનાં પાત્રો વાચકના પાત્ર દિમાગને જ નહીં, દિલને પણ સ્પર્શી જાય છે. એટલે કે માનવહદના

ભાવોનું આલેખન જ એવું હોય છે કે તે ભાવકના હૃદયતલને સ્પર્શી શકે છે. પછી તે 'દેવનો દીધેલો' દેવો પણ હોય અને રામ પણ હોય.

'બાલકિલ્લોલ ગ્રંથમાળા' ની કથાઓ સાચા અર્થમાં બાલ કથાઓ છે. મોટા ટાઈપમાં રજૂ થયેલી સચિત્ર નાની નાની આ બાળકથાઓ બાલમાનસ ઘડતરનું કાર્ય વાસ્તવિક જગતનો સંદર્ભ લઈ સરસ રીતે કરે છે. અહીં કેટલીક પ્રસિદ્ધ કથાઓ છે. ('ભાવનાઘેલી ખિસકોલી', 'ઘર રે ઘર' 'પાણી પીતો ચાંદો') કેટલીક સત્યઘટનાત્મક કથાઓ છે. 'સવાસોમાં ટૂંક' કેટલીક માહિતીપ્રદ કથાઓ છે ('મોટું કોણ?') તો કેટલીક પ્રાણીકથાઓ પણ છે. સમગ્રતયા જોઈએ તો પન્નાલાલના બાળકિશોરસાહિત્યનાં પાત્રો સાચા માણસ તરીકેની જિંદગી જીવવાની કળા શીખવે છે. તેમનાં પૌરાણિક પાત્રો માણસની જેમ જ ભાવો અનુભવતા હોઈ આત્મીય લાગે છે.

તેઓએ કથાનકો ગમે ત્યાંથી લીધાં હોય પણ અંતે તો 'સાચા માનવ' ની વાત સાથે તેનો તંતુ કયાંક, કોઈકને કોઈક રીતે જોડી દે છે. તેમને માનવ અને તેના હૈયામાં રસ છે. તેનાં સારાં તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા છે. માણસની સદ્‌વૃત્તિઓ પર રાખતું જે પડ વળી ગયું છે તેને ફૂંક મારી દૂર કરવાનું કાર્ય જાણે કે તે કરે છે. તેમનાં પાત્રોનાં વર્તન અને વિધાનો તણખાની ગરજ સારે છે. મોક્ષ નહીં પણ જીવનમાં જીવતાં જ મુકિતનો આનંદ અનુભવવાનું તે શીખવે છે, જે બાલ ઘડતરનું પાયાનું કાર્ય બની રહે છે.

## *(૨) શિવમ્ સુન્દરમ્ :*

હિંમતલાલ મગનભાઈ પટેલ 'શિવમ્ સુન્દરમ્' ઉપનામથી ગુજરાતનાં બાળકોમાં પ્રચલિત છે. તેમનું બાળવાર્તા સાહિત્ય લોકકથાઓ પર સવિશેષ આધાર રાખે છે. લોકકથાસાહિત્ય, સંસ્કૃત સાહિત્ય અને રવીન્દ્રકથાસાહિત્યના બાલભોગ્ય રૂપાંતરનું ગણનાપાત્ર કાર્ય તેમણે કર્યું છે. તેમણે કેટલીક કથામાળાઓ આપી છે, કેટલાક કથાસંગ્રહો આપ્યા છે તેમજ 'ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ બાળવાર્તા' માં કેટલીક સારી કથાઓના સંપાદનનું કાર્ય પણ કર્યું છે. આમ વિપુલ કથાસાહિત્ય તેમણે બાળકો પાસે મૂકયું છે.

તેમણે 'ગજરામારુ' 'સદેવંત સાવળિંગા', 'ઢોલામારુ' 'ગુલબંકાવલિ' આદિ લોકકથાઓના તેમણે કરેલાં રૂપાંતરો માત્ર લોકસાહિત્યથી બાળકોને પરિચિત કરવાના પ્રયાસ તરીકે જ ઉલ્લેખનીય છે. તે જ રીતે સંસ્કૃત કૃતિ 'દશકુમારચરિત' ઉપરથી 'પરાક્રમી દશકુમાર' ને 'વિક્રમોર્વશીયમ' પરથી આપેલી કથા બાલભોગ્ય ભાષામાં રજૂ થઈ છે. આ ઉપરાંત તેમણે રવીન્દ્રનાથ અને ઈસપની કથાઓને, અરેબિયન નાઈટસમાંથી કેટલીક કથાઓને પણ બાલભોગ્ય ભાષામાં આપી છે.

ગુજરાતી બાળવાર્તાક્ષેત્રને અનેક કથામાળાઓ તેમની પાસેથી મળી છે, તેમાંની 'સંસ્કાર કથામાળા' (ઈ.૧૯૬૮) 'આદર્શ કથામાળા' (ઈ.૧૯૭૦) 'પ્રફૂલ્લિત કથામાળા' (ઈ.૧૯૭૫) 'સદાચાર કથામાળા' (ઈ.૧૯૭૬) 'મનપસંદ વાર્તામાળા' (ઈ.૧૯૭૪) વગેરે છે. 'ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ બાલવાર્તાઓ' (૧–૪) નું સંપાદન એ શિવમ્ સુન્દરમ્નું અન્ય ઉલ્લેખનીય પ્રદાન છે. ગિજુભાઈથી પ્રારંભ કરી ૧૯૯૦ સુધીના બાળકથાસર્જકોની શ્રેષ્ઠ કથાઓને સમાવાનો આમા પ્રયત્ન થયો છે.

સમગ્રતયા જોતાં એમ કહી શકાય કે લેખકે દેશપરદેશના લોકકથાસાહિત્ય, સંસ્કૃત સાહિત્ય અને મહાન માણસોના જીવનને આધારે વિપુલ કથાસાહિત્ય આપીને બાળકોના સંસ્કાર ઘડતરનું કાર્ય કર્યું છે. ગુજરાત સરકારે અને ભારત સરકારે 'આપ સમાન બળ નહીં' જેવી કૃતિને પારિતોષિક આપી તેમની સર્જકતાને પોંખી છે.

### *(૩) શ્રી મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી' :*

ગુજરાતી બાળકથાસાહિત્યમાં એક મહત્ત્વનો પ્રવાહ હાસ્યરસનો છે. આ પ્રવાહમાં શ્રી મધુસૂદન પારેખ કેટલીક મૌલિક કથાઓ આપી અનેરી ભાત પાડે છે. અને તેમાં નોંધપાત્ર ઉમેરો કરે છે. તેમણે આપેલી 'મનોરંજન કથાઓ' (ઈ.૧૯૭૩) 'બાલરંજક કથાઓ' (ઈ.૧૯૭૬) અનેસ 'વિનોદચાતુરી કથામાળા' (ઈ.૧૯૭૮) હાસ્યરસના પ્રવાહને પુષ્ટ કરે છે.

'મનોરંજક કથાઓ' એ સાત પુસ્તકોની શ્રેણી છે, જેમાં 'બુધિયાનાં પરાક્રમો' (ભાગ ૧–૩) 'અડવાનાં પરાક્રમો' (ભાગ ૧–૨) 'બાપુ ઈ બાપુ' વગેરેનો સમાવેશ થાય

છે. 'બાલરંજક કથાઓ (ઈ.૧૯૭૬) માં 'માખણલાલ' (ભાગ ૧–૨) અને 'મૂરખરાજ' ની કથાઓ રજૂ કરી છે. મીઠાસપૂર્ણ બોલીના ઉપયોગથી માણસ ધારે તો કેટલા બધાં કામો વગર ઝઘડે ઉકેલી શકે છે તે માખણલાલના પાત્ર દ્વારા રજૂ કરે છે. 'વિનોદ ચાતુરી કથામાળા' એ ચાર પુસ્તકોની શ્રેણી છે. 'બીરબલ બીજો' (ભાગ ૧–૨) 'વાંસળીવાળો' અને 'ડાકુની દીકરી' નો એમા સમાવેશ થાય છે. 'વાંસળીવાળો' કરૂણરસથી ભરેલી એક લાંબી કથા છે. 'ડાકુની દીકરી' પણ લાગણીસભર કથા છે. આ બન્ને કથા ખૂબ હૃદયસ્પર્શી બની છે, પણ તેમાં નથી વિનોદ કે નથી ચાતુરી, તેથી 'વિનોદચાતુરી કથામાળા' ના મણકામાં તે બંધબેસતી નથી અત્રે એક ઉલ્લેખનીય વસ્તુ એ છે કે અહીં 'શુદ્ધ' કથાઓ પ્રાપ્ત થઈ છે. ગુજરાતી બાલકથાસાહિત્યમાં અણીશુદ્ધ કથાઓ બહુ ઓછી મળી છે. જેમાં કથાઓનું સ્થાન સ્પષ્ટ છે.

શ્રી મધુસૂદન પારેખે આપેલા અન્ય કથાસાહિત્યમાં શામળ ભટ્ટની પદ્યવાર્તાઓ પરથી આપેલી ગદ્યવાર્તાઓ છે, જે કિશોરભાગ્ય વધુ હોઈ તેની ચર્ચા અત્રે ટાળી છે. વળી તેમણે શેકસપિયરની નાટ્યકથાઓ પણ આપી છે, જેનો સ્વાદ બાળકો કરતાં કિશોરો, યુવાનો કે મોટેરાં વધુ માણી શકે તેમ છે.

આમ સમગ્રતયા જોતાં એમ કહી શકાય કે ગુજરાતી બાળકથાસાહિત્યમાં બુધિયો, અડવો, માખણલાલ અને વિનેચટ જેવાં પાત્રો દ્વારા તેમણે ઉલ્લેખનીય અર્પણ કર્યું છે. ગુજરાતી બાળવાર્તાઓમાં હાસ્યરસના પ્રવાહમાં શ્રી મધુસૂદનનું પ્રદાન ધ્યાનાર્હ ગણાય.

### *(૪) શ્રી ધીરજલાલ ભ. ગજ્જર :*

રાજકોટના વતની અને વર્ષોથી અમદાવાદમાં શિક્ષક તરીકે જીવન પસાર કરનાર શ્રી ધીરજલાલ ગજ્જરનું ગુજરાતી બાળસાહિત્ય ક્ષેત્રે પ્રદાન ગુણવત્તા અને ઈયતા બન્ને દૃષ્ટિએ નિર્દેશવા યોગ્ય રહ્યું છે. 'શત્રુંજય' અને 'યંત્રશાસ્ત્રી' તખલ્લુસો ધરાવતા આ સર્જકના સર્જનનો પ્રારંભ ઈ.સ. ૧૯૫૬ થી થયેલો. કુલે લગભગ ૩૫૦ જેટલી પુસ્તિકાઓ તેમની પાસેથી મળી છે. જેમાનું વિષય વૈવિધ્ય ઉડીને આંખે વળગે તેવું છે. વિજ્ઞાન અને સાહસ તેમના પ્રિય વિષય રહ્યા છે. ભારતના મોટા ભાગના શહેરોની

ઐતિહાસિક ભૌગોલિક માહિતી, વૈજ્ઞાનિક સાધનોની માહિતી, ભારતના મહાન માનવોના જીવનની માહિતી આપતું સાહિત્ય તેમના બાળસાહિત્યનો ઘણો મોટો ભાગ રોકે છે. તેમણે અનેક કથામાળાઓ આપી છે. જેમ કે ''વૈજ્ઞાનિક સાહસકથાઓ' (ઈ.૧૯૭૩) 'વૈજ્ઞાનિક સંશોધન કથાઓ' (ઈ.૧૯૭૫) 'જ્ઞાનપરિચયમાળા' (ઈ.૧૯૭૫) 'પ્રાણીજગત' (ઈ.૧૯૭૫) 'આપણી ઈન્દ્રિયો' (ઈ.૧૯૭૭) 'માનવજીવનમાં વિજ્ઞાન' (ઈ.૧૯૭૫) 'ઈતિહાસના અમરપાત્રો (ઈ.સ.૧૯૭૫) વગેરે જેવી અનેક કથામાળાઓ છે.

તેમના કથાસાહિત્યમાં જોઈએતો 'ચકી રાણી' (ઈ.૧૯૬૮) 'બત્રીસપૂતળીની વાતો' (ઈ.૧૯૭૬) 'દલો મેરાઈ' (ઈ.૧૯૭૬) 'સંસ્કાર કથામાળા' (ઈ.૧૯૭૯) 'ગુંજન કથામાળા' (ઈ.૧૯૭૯) પણ મળી છે.

ગુજરાતી ભાષાના ગણનાપાત્ર બાળસાહિત્યકારોના જીવન કવનનો સંક્ષિપ્ત પરિચય આપતી 'આપણા બાળસાહિત્યકારો' (ઈ.૧૯૮૧) એ શ્રેણી અભ્યાસીઓ માટેનું ખૂબ ઉપયોગી કાર્ય કરે છે. તેમનાં અનેક પુસ્તકોને ગુજરાત રાજયનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. બાલકથાઓની ત્રણ કેસેટો એમના જ અવાજમાં સુલભ થઈ છે. આમ અનેકવિધ કથામાળાઓ દ્વારા મનોરંજનનું કાર્ય કર્યું છે. કથાસંદર્ભે જોઈએ તો પરીકથા કરતાં વિજ્ઞાનકથા અને સાહસકથાઓ વિશેષ મળી છે. વિજ્ઞાનમાં કુપરિણામોની રજૂઆત પણ અહીં વિશેષ ભાવે થયેલી જોવા મળે છે. વળી 'દલો મેરાઈ' જેવું બાળકોને હસાવતું પાત્ર પણ તેમની ગુજરાતી બાલ વાચકોને ચિરંજીવ ભેટરૂપ છે.

### *(૫) શ્રી યશવંત દેવશંકર મહેતા :*

સુરેન્દ્રનગરના લખતર તાલુકાના લીલાપુરમાં જન્મેલા શ્રી યશવંત મહેતા સત્ત્વશીલ સાહસકથાઓ અને વિજ્ઞાનકથાઓના પ્રદાનથી ગુજરાતી બાળકથાસાહિત્યમાં ઉલ્લેખનીય સ્થાન પ્રાપ્ત કરે છે. તેમણે મોટાંઓ માટે પણ વિપુલ કથાસાહિત્ય આપ્યું છે. 'પાલખીનાં પૈડાં' (ઈ.૧૯૬૪) થી ગુજરાતી બાળસાહિત્યમાં તેમણે પ્રવેશ કર્યો અને ઈ.૧૯૮૦ સુધીમાં બાળવાર્તા સાહિત્યનાં લગભગ ૧૫૦ જેટલાં પુસ્તકો તેમણે આપ્યાં

છે. NCERT નાં બે પુરસ્કારો તેમણે પ્રાપ્ત કર્યા છે જે વિરલ પ્રસંગ છે. તેમની કલમથી હજી પણ આપણને બાળસાહિત્ય મળતું રહે છે.

આઠમા દાયકાના તે અગ્રગણ્ય મૌલિક બાળસાહિત્યકાર ગણાય. તેમણે મૌલિક સાહિત્ય ઉપરાંત બાળ સાહિત્યક્ષેત્રે ઘણું અનુસર્જન, સંપાદન કે સંકલનનું કાર્ય કર્યું છે.

તેમની પાસેથી સાહસરસની વાર્તાઓ વિશેષ મળી છે, તે સાથે ઈતિહાસકથાઓ, વિજ્ઞાનકથાઓ, લોકકથાઓ, જ્ઞાનવિનોદની માળાઓ, વૈજ્ઞાનિક રહસ્યકથાઓ અને વિવિધ ક્ષેત્રની મહાન વિભૂતિઓનાં ચરિત્રો પણ પ્રાપ્ત થયા છે. 'ચાલો દુનિયાની સફરે' (ભાગ ૧–૪) ને ગુજરાત રાજય સરકારના પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. એમની પાસેથી વૈવિધ્યસભર બાળસાહિત્ય પ્રાપ્ત થયું છે. જગતના ઉત્તમ સાહિત્યની પ્રેરણાદાયક સામગ્રી બાળકો પાસે મૂકી તેમણે સંસ્કાર માનસઘડતરનું કાર્ય પ્રશસ્ય રીતે કર્યું છે.

'વિશ્વની શ્રેષ્ઠ સાહસકથાઓ' (શ્રેણી પહેલી પાંચ પુસ્તકો, ઈ. ૧૯૭૧ બીજી શ્રેણી પુસ્તકો ઈ.૧૯૮૦) માં વિશ્વના સાહસવીરોની કથાઓ આલેખી છે. અહીં આર.એમ. બોલેન્ટાઈન, માર્ક ટવેઈન, હેનરી રાઈડર હેગાર્ડ, જુલે વર્ન, એચ.જી.વેલ્સ, સર્વાન્ટીસ, લ્યૂ વોલેસની અતિપ્રચલિત કથાઓને ખૂબ રસાવહ રીતે, નહીં રૂપાંતર નહીં અનુવાદ એ રીતે ગુજરાતીમાં ઉતારી આપી છે.

'જીવસટોસટ સાહસકથામાળા' (૪ પુસ્તકો ઈ.૧૯૭૪) માં બાળકો કરી શકે તેવાં સાહસોની કથાઓ છે. જેના મૂળમાં માનવતા રહેલી છે. રોજબરોજના જીવનમાં બની શકે તેવી ઘટનાઓ અત્રે વણાઈ છે. તેમજ ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં જેની ઉણપ છે તે બાલરહસ્યકથાઓ તેમણે 'બાલરહસ્યકથાઓ' (ભાગ ૧–૫, ઈ.૧૯૭૪) નામની ગ્રંથમાળામાં આપી છે. આ કથાઓ બાળકોને પરીકથા જેટલો જ આનંદ આપે છે. 'પંચતંત્ર હિતોપદેશ' નું આકર્ષણ આ સર્જકને પણ રહ્યું છે. 'બાળકોનું પંચતંત્ર' (ભાગ ૧–૫) માં થોડાં મોટાં બાળકોને ગમે તેવી શૈલીમાં તેમણે પંચતંત્રની કથાઓ આપી છે. મૂળકથાનકમાં તેઓ પંચતંત્રને વફાદાર રહ્યાં છે. પણ લખાવટ તેમની આગળી છે. કયાંય સંસ્કૃતમયતાનો ભાર નથી તેમજ કયાંય આછકલાઈ નથી. 'પંચતંત્ર' ની કથાઓ અહીં વિશદ થઈને આવી છે.

'અમૃતકથાઓ' (ભાગ ૧–૪ ઈ.૧૮૭૯) વિષય દૃષ્ટિએ ધ્યાન ખેંચતી અને જુદી પડતી કથાઓ છે. નશાખોરીનાં કુપરિણામો બતાવી બાળકોને પહેલેથી જ તેના તરફ લાલબત્તી બતાવતી આ કથાઓ માત્ર બાળકોને જ નહીં, પ્રોઢોને પણ સજાગ કરે તેવી છે. દારૂના વ્યસનને કારણે માણસો માનસિક સમતુલા ગુમાવી કેવી જાતજાતની હાનિ વહોરે છે તે દર્શાવી એનાથી દૂર રહેવાનું અનાયાસે શીખવવામાં આવ્યું છે.

ઈ.સ. ૧૯૮૦ પછી તેમની પાસેથી કિશોરભોગ્ય સાહિત્ય વિશેષ મળે છે. સાહસરસને પોષતી ઘણી કથાઓ હજુ આજે પણ આપે છે. એ રીતે એમનું સમગ્ર સાહિત્ય જોતા એ સ્પષ્ટ થાય છે કે સાહસ અને વિજ્ઞાન તેમનાં પ્રિય વિષયક્ષેત્રો રહ્યાં છે, ને તેમાં તેમનું પ્રદાન પ્રમાણમાં વધુ સત્ત્વશીલ છે. તેઓ કથાને અસરકારક રીતે બાળકો સમક્ષ રજૂ કરવાની પોતાની પદ્ધતિ તેઓ નિપજાવી શકયા છે અને એથી તેઓ આપણા એક સારા બાળવાર્તા સર્જક બન્યા છે.

## ✩ સાતમા આઠમા દાયકાના અન્ય સર્જકોનું પ્રદાન :

હવે આપણે સાતમા આઠમા દાયકાએ જે કંઈ આપ્યું છે તેનું વિહંગાવલોકન કરીશું. કેટલાક સર્જકોએ અનેક દાયકા સુધી બાળવાર્તાઓનું સર્જન કર્યું છે. જે દાયકામાં તેમની પાસેથી વિશેષ અથવા વિશિષ્ટ કૃતિઓ મળી છે તે દાયકામાં તેમના સમગ્ર સર્જનને અવલોકવાનો ઉપક્રમ રાખ્યો છે. આટલી સ્પષ્ટતા બાદ આપણે શ્રી શ્રીકાંત ત્રિવેદીના સર્જનથી આ દાયકાઓના બાળવાર્તા સાહિત્યની સમીક્ષાનો પ્રારંભ કરીએ.

લાંબી સાહસકથાઓ શ્રીકાંત ત્રિવેદીનું વિશિષ્ટ પ્રદાન ગણી શકાય. તેમણે વિષય રસનું વૈવિધ્ય દાખવતું વિપુલ કથાસાહિત્ય આપ્યું છે. એ નિમિત્તે બાળકોમાં સાહસપ્રીતિ કેળવવામાં, તેમને નીડર થવામાં મદદ કરી છે અને તેમનું મનોરંજન પણ કર્યું છે. 'બાલરંજનમાળા' (ઈ.૧૯૬૫) તેમનું નોંધપાત્ર અર્પણ છે. 'હીરામોતીનો ટાપુ' 'જાદુઈ જીનના ચકકરમાં' 'રખડતું રતન' 'ઉડતાં ઝાડ' 'મહાભારત' 'નારદમુનિ' જેવી વાર્તાઓ પણ તેમણે આપી છે.

શ્રી કુમુદચંદ્ર ન. ગાંધી 'સોનાનાં સંતરા' (ઈ.૧૯૫૮) નામે સાહસકથાથી આ ક્ષેત્રે પ્રવેશે છે. તેઓ 'જમના શેઠાણી' નામે એક સામાજિક કથા આપે છે. તો 'વીર ચંદ્રસિંહ' વીરતા અને ચમત્કારોથી ભરપૂર લાંબી કથા છે. 'અમરફળ' (ઈ.૧૯૬૭) માં રાજા ભરથરી, પિંગલા અને ગોરખનાથની જાણીતી કથા છે. આ ઉપરાંત તેમની પાસેથી 'નૂતન સાહિત્યકથામાળા' પણ મળે છે. આમ, સારી સામાજિક કથા અને કાલ્પનિક કથાઓ દ્વારા તેઓ બાળકોનું મનોરંજન કરે છે.

સાતમા દાયકાના પ્રારંભમાં શ્રી પ્રભાકર રાચ્છ પાસેથી કેટલુંક સુંદર બાળકથાસાહિત્ય મળ્યું છે. અડવાભાઈની યાદ અપાવે તેવો 'હીરો અડબંગ' (ઈ.૧૯૬૧) બાળકોને હસાવે છે. તો 'ટીંગલીંગ' ની વાર્તાઓ તેમની કલ્પનાને ઉતેજે છે અને તેમને હસાવે છે. 'સંજીવની' (ઈ.૧૯૬૧) માંની ચાર વાર્તા પૈકીની 'દેવતાઈ પીંછી' સુંદર કથા છે. 'લંકાની શોધમાં' પૌરાણિક કથાનકો છે. તેમની પાસેથી ઈ.૧૯૭૫ માં 'સાહસ શૌર્યની વાતો' ના ચાર ભાગ મળ્યા છે. 'રૂપકડી બાલવાતો' (ભાગ ૧–૨ પુનમુદ્રણ ૧૯૮૭) માં ચમત્કારોથી ભરપૂર, બાળકોને જકડી રાખે તેવી વાર્તાઓ આપી છે.

શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવીએ 'સસલાભાઈ સાંકળિયા' (ભાગ ૧–૩ ઈ.૧૯૬૨) માં સસલાની અનેક કથાઓને સળંગ કથાનક રૂપે રજૂ કરી આપી છે. કથાનકો જાણીતા છે પણ રજૂઆત મૌલિક છે અને સળંગ કથાનક તરીકે તે રજૂ કરી છે તે તેની વિશેષતા છે.

આ ગાળા દરમ્યાન શ્રી પ્રફુલ્લ ઠાકોર અને પરમાનંદ દવે પાસે થી એક એકથી ચઢે તેવી, નાનાં બાળકોમાં સંસ્કાર રેડે તેવી ૩૩ કથાઓનો સંગ્રહ 'સુભાષિતકથાઓ' માં મળે છે.

શ્રી નવનીત સેવક 'જેવા તેવા નથી' માં હાસ્યપ્રધાન બાળભોગ્ય કથા આપે છે. બાકી સાહસસ શૌર્યપ્રધાન કથાઓ તેમની પાસેથી વિશેષ મળી છે. આ સાહસો જુદા જુદા ક્ષેત્રનાં છે અને તે 'સમુદ્રના સાવજ' (ઈ.૧૯૬૦) 'ટારઝન પાતાળલોકમાં' અને 'મોતનો ખજાનો' કે 'મોતનો મામલો' જેવાં શીર્ષકો જ બતાવી રહે છે.

શ્રી દોલત વ. ભટ્ટ અને શ્રી કનુભાઈ રાવળ કેટલીક નોંધપાત્ર કથામાળાઓ આપે છે. શ્રી દોલત ભટ્ટ 'રંગકસુંબલ કથામાળા' (ઈ.૧૯૭૦) માં લગભગ છવીસ કથાઓ આપે છે. તેમજ ઈ.સ. ૧૯૭૬માં 'શિશુ શૌર્ય કથામાળા' (ભાગ ૧–૨) મળે છે. તેમજ શ્રી કનુભાઈ રાવળે આપેલ 'પ્રસંગકથામાળા' (ઈ.૧૯૭૫)માં પ્રસંગ પર આધારિત કથાઓ છે. 'અમર સાહિત્ય કથામાળા' (ઈ.૧૯૭૬) માં વિશ્વની કેટલીક જાણીતી પરીકથાઓ આપી છે.

રાજકોટમાં જન્મેલાં અને હાલ પત્રકાર તરીકે કાર્ય કરતા શ્રી વિમલ ધામીએ પોતાની ચૌદ વર્ષની વયે 'બાલ ડિટેકટીવ રાજુ' નામે રહસ્યકથા લખેલી. તે કથા તે વખતે 'ફૂલવાડી' અને 'જયહિન્દ' માં પ્રગટ થયેલી. પણ તેને પુસ્તકનું સ્વરૂપ ઈ.૧૯૭૧ માં મળે છે.

શ્રી કુમારપાળ દેસાઈએ બાળકોને પ્રેરણા આપતું બાળસાહિત્ય વિપુલ પ્રમાણમાં આપ્યું છે. તેમનું સૌથી વધુ નોંધપાત્ર પ્રદાન છે દામોદર મહેતાનું પાત્ર. બીરબલના જેવા જ ગુજરાતના રાજા ભીમદેવના દરબારના આ ડાહ્યા, ત્યાગી દેશાભિમાની દામોદર મહેતાને 'ડાહ્યો ડમરો' (ઈ.૧૯૭) માં જીવંત રીતે રજૂ કર્યો છે. દામોદર મહેતાએ પોતાની બુદ્ધિ અને ચતુરાઈથી ભલભલાને હરાવ્યા તેની અનેક કથાઓ અહીં અનેક સ્થળેથી લેખકે ભેગી કરી મૂકી આપી છે. બીજું તેમનું નોધંપાત્ર પ્રદાન એ છે કે બાળકોને તેમની જેટલી જ વયવાળાં બાળકોએ બતાવેલી હિંમત અને બહાદુરીની વાતો આપી સાચા અર્થમાં તેમનામાં આત્મવિશ્વાસ અને હિંમત પ્રેરવાનું કાર્ય કર્યું છે. 'મોતને હાથતાળી' (ઈ.૧૯૭૨) 'ઝબક દીવડી' (ઈ.૧૯૭૫) 'હૈયું નાનું હિંમત મોટી' (ઈ.૧૯૭૬) અને 'નાની ઉંમરે મોટું કામ (ઈ.૧૯૭૮) આ શ્રેણીમાં ૪ થી ૧૪ વર્ષ સુધીનાં બાળકોએ બતાવેલા સૂઝ, સાહસ, હિંમત, અને સમયસૂચકતાના સાવ સાચા પ્રસંગો લેખકે આપ્યા છે. આથી તેમની કથાઓ કાલ્પનિક કથાઓ કરતાં જુદી પડી જાય છે, અને ચારિત્ર્ય ઘડતરનું કાર્ય સબળ રીતે કરે તેવી બની છે. તેમાંની તસવીરો અને શૈલી તેના બાલભોગ્યતા વધારનારાં મહત્ત્વનાં પરિબળો છે. નાનાં નાનાં વાકયોવાળી શૈલી દ્વારા તે બાળકોને કથાના રસપ્રવાહમાં સતત તરતા રાખે છે. વળી, કાલ્પનિક પાત્રો કરતાં

વાસ્તવિક પાત્રોને આધારે જ તેઓ કથાઓ આપે છે, આમ છતાંય તેઓ કલ્પનાકથા જેટલો જ આનંદ આપે છે. વળી તે વાસ્તવિકતાને પણ વફાદાર રહે છે. દેશભકિત અને માનવતા માટે મરી ફીટવાની ભાવના જાગ્રત કરે તેવી કથાઓ 'કેડે કટારી ખભે ઢાલ' માં આપે છે. નાનાં બાળકોની સાચી સાહસગાથા 'નાની ઉંમર, મોટું કામ' માં રજૂ કરી છે. કોમી એકતાનો સંદેશો લઈ આવતી 'બિરાદરી' (ઈ.૧૯૭૧) માં વિશાળ ધર્મભાવના બતાવતી, ધર્મ કે સત્ય કાજે હસતે મુખે શહાદત વહોરનારાઓની કથાઓ છે.

એમ કહીં શકાય કે સાહિત્યકાર પિતાશ્રી જયભિખ્ખુના સંસ્કાર સાહિત્યવારસાને એમણે ટકાવ્યો અને દીપાવ્યો છે. આમ, શ્રી કુમારપાળ દેસાઈ બાળકોને આનંદમય માર્ગે પ્રેરણા આપતું સાહિત્ય આપે છે. તેઓ પાસેથી જુદી જુદી રીતની પણ અનેક વાસ્તવિક બાળવાર્તાઓ મળે છે. તેમણે બાળમનની સમજદારી સાથે કામ કર્યાનું પ્રતીત થાય છે.

શ્રી નારાયણ તપોધન પાસેથી વિવિધ અભિગમતી લખાયેલી, આસપાસની સૃષ્ટિથી બાળકોને પરિચિત કરતી કેટલીક પુસ્તિકાઓ મળી છે. વળી 'નાગદમન' (ઈ.૧૯૭૮) અને 'કૃષ્ણ સુદામા' (ઈ.૧૯૭૮) માં તેમણે તદ્‌વિષયક પ્રચલિત કથાઓ સરળ શૈલીમાં આપી છે. જોડકણાં રૂપે પશુ પંખી વાહનો, ફળ વગેરેનો પરિચય કરાવ્યો છે. આ સિવાય શૈક્ષણિક રીતે પણ સમાજોપયોગી ઉત્પાદક કાર્ય અંગેની પુસ્તિકાઓ તૈયાર કરી છે.

શ્રી મોહનભાઈ શં. પટેલ કથાસર્જક તરીકે નહીં પણ બાલ કેળવણી અને બાળસાહિત્યની મૌલિક વિચારણા અને તે સંદર્ભમાં કાર્ય કરનાર તરીકે ઉલ્લેખપાત્ર છે. બાલસાહિત્ય વિશેની ભ્રમણાઓ તોડવાનું તેમનું કાર્ય ખૂબ પ્રશંસનીય છે. તેમની બાળસાહિત્યની ચિકિત્સા પણ બાળસાહિત્યના સર્જકો ભાવકોને લાભદાયી થાય એવી છે.

ઈ.સ. ૧૯૮૦ સુધીમાં આમ અનેક નાનાં મોટા સર્જકોએ ગુજરાત બાળવાર્તાને કંઈને કંઈક અર્પણ કર્યું છે. મેઘાણી, ધૂમકેતુ જેવા આપણા મોટા સર્જકોએ પણ થોડું પણ સત્ત્વશીલ બાળકથાસાહિત્ય આપી પોતાની સર્જકતાના સ્પર્શથી તેને જીવંત કર્યું છે. તો અપવાદ રૂપે કેટલાક એવા સર્જકો પણ મળ્યા છે જેમણે પાઠયપુસ્તકના કારણે થોડુંક સર્જ્યું છે. તેમણે કથાના સંગ્રહો ભલે નથી આપ્યાં, પણ છૂટી છવાઈ કથાઓથી પણ આપણે

તેમને યાદ કરવાજ રહ્યા. રામનારાયણ પાઠક, ઉમાશંકર જોશી, લાભશંકર ઠાકર આદિનાં નામ કાર્ય આ સંદર્ભે ઉલ્લેખી શકાય.

આ સિવાય ઈ.૧૯મી અને ૨૦મી સદી દરમ્યાન એવા અનેક લેખકો મળે છે જેમના કદાચ સંગ્રહો નહીં થયા હોય, છતાંય કોઈક સામયિકોમાં, કયારેક કોઈ સ્પર્ધા નિમિત્તે કે કોઈક કથાસંગ્રહના સંપાદનમાં તેમણે કંઈક પ્રદાન કર્યું હોય.

ઈ.સ. ૧૯૭૯નું વર્ષ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે ઉજવાયું એ આ સદીની નોંધપાત્ર ઘટના એ નિમિત્તે બાળસાહિત્ય પ્રગટ થતું. વળી, 'ગ્રંથ', 'પરબ' જેવા સામયિકોએ વિશેષાંકો પ્રગટ કર્યા જેમાં બાળસાહિત્યના શકય તેટલા તમામ પાસાઓની અનેક રીતની છણાવટ થઈ જેથી તેના અભ્યાસીઓને લાભ થયો.

આજ સુધીમાં જુદા જુદા તબકકે એકાદ સંગ્રહ દ્વારા કે છૂટી છવાઈ કથાઓ દ્વારા કેટલાક સર્જકોએ પોતાનો આ ક્ષેત્રે ફાળો આપ્યો છે, જેમાં છગનલાલ પંડયા, ગણપતરામ ત્રવાડી, કૃષ્ણજી કીનારા, અમૃતલાલ દ. શેઠ, વી.શ.ગોગટે, વિમળાબેન સેતલવાડ, હર્ષદ શેઠ, રંગનાથ ધારેખાન, મહાશંકર ઈન્દ્રજી દવે, નરસિંહભાઈ પટેલ, કુલીન વોરા, ઈન્દ્રવદન પૂજારા વગેરે ધ્યાન ખેંચે છે.

તો આ વાત થઈ ઈ.સ. ૧૯મી સદીના પૂર્વાર્ધથી શરૂ કરી ઈ.સ. ૧૯૮૦ સુધીના બાળવાર્તા પ્રવાહની, રૂપાંતરથી તેનો પ્રારંભ થયો અને આજે કેવા આકર્ષક રૂપરંગ ધરી બાળક પાસે પહોંચી ગયો! આજે તો તેણે જે પ્રગતિ કરી છે તે આનંદ આપે છે અને તેનું ભવિષ્ય ઊજળું છે તેની પ્રતીતિ કરાવે છે.

## ✰ નવમા દાયકાનું બાળવાર્તા સાહિત્ય :

બાળસાહિત્યના વધતા જતા પ્રચાર અને પ્રસાર સાથે કેટલાક પીઢ સર્જકોનું આ દાયકા પૂર્વે આરંભાઈ ચૂકેલું કાર્ય આ દાયકામાં પણ અનવરત ચાલતું રહ્યું છે. તો કેટલાક નવા લેખકો પણ પ્રવેશ્યા છે. શ્રી રમણલાલ સોની અને શ્રી જીવરામ જોશીનું કાર્ય તો છેક ચોથા પાંચમાં દાયકાથી આરંભાયું હતું તે આપણે જાણીએ છીએ. તેમની કલમ નવમા દાયકામાં પણ ચાલુ જ છે. જેમ બાળક એટલે લીલામય શકિતનો અખૂટ ઝરો, અપાર

તરવરાટ, સતત સક્રિયતા, તેમ તેને માટે લખનાર સાચો બાળસાહિત્યકાર પણ લીલામયતાનો અખૂટ ઝરો, અદમ્ય તરવરાટ દાખવનારો કાર્યોત્સાદી હોય. તે તેના લેખનમાં સતત નવીનતા લાવીને બાળકોને પ્રસન્ન કરવા સજાગ અને સક્રિય રહેતો હોય છે. બાળમાનસનો તે સાચો જાણતલ હોઈ તે પણ બાળકની જેમ વિસ્મયભરી આંખે જગતને જુએ છે. તેના પરિવર્તનને પકડે છે અને તેને બાળકો સુધી લીલામય રીતે પહોંચાડે છે.

આપણે અહીં પહેલા એ સર્જકોના સર્જનને જોઈશું જેમનું પ્રદાન આગલા દાયકાઓથી પ્રારંભાયું છે ને નવમા દાયકાને પણ કેટલુંક મૂલ્યવાન બાળસાહિત્ય નવા વિશિષ્ટ રંગે રૂપે આપીને તેમના અવિશ્રાંત સર્જકત્વની આપણને આહલાદક પ્રતીતિ કરાવે છે.

આ સંદર્ભમાં પ્રથમ નામ આવે છે શ્રી રમણલાલ સોનીનું સદ્‌ભાગ્યે તેમના જેવા બાળસાહિત્ય સર્જક પાસેથી આ દાયકામાં પણ સત્ત્વશીલ સાહિત્ય આપણને મળતું રહ્યું છે. ઈ.સ. ૧૯૮૨માં તેમની પાસેથી 'ચિરંજીવ વાર્તા માળા' નિમિત્તે 'રંગ રંગ વાદળિયાં' (ભાગ ૧–૪) માં ચારથી દસ વર્ષનાં બાળકો માટેની કથાઓ મળે છે. ઈ.સ.૧૯૮૪માં તેમની પાસેથી ચાર પુસ્તકોનો સંપુટ મળે છે. 'પંચતંત્રની પચાસ વાતો' માં પંચતંત્રની કથાઓને સાદી ભાષામાં રજૂ કરે છે. 'ગલબા શિયાળનાં પરાક્રમો' માં તેઓ તેમના પ્રિય પાત્રનાં પરાક્રમોથી બાળકોનું મનોરંજન કરે છે. 'ઓઝસ્તાનનો ઉલ્લુ' એ તેમનું ત્રીજું પુસ્તક છે. 'અકકલ અને ઈસ્કોતરો' એ ચોથા પુસ્તકમાં ૨૧ કથાઓ છે. આ ઉપરાંત 'ઈસપની બાલવાતો' 'નીકલમલ વાર્તાવલિ' અને 'હિતોપદેશની બાળવાતો' જેવી વાર્તાઓ મળે છે. શ્રી રમણલાલ સોનીની જેમ શ્રી જીવરામ જોશી પણ અડઘા દાયકાથી વધારે સમય સુધી બાળવાર્તા સર્જન કરે છે તેની વાત તેના પોતાના પ્રકરણમાં વિસ્તારથી કરીશું.

આ દાયકામાં હરીશ નાયક તરફથી પણ આપણને બાળસાહિત્ય પ્રાપ્ત થાય છે. 'રંગીલારાજા ગ્રંથાવલિ' (પુનમુદ્રણ, ૧૯૮૩, ભાગ ૧–૫) હાસ્યરસ પીરસતા કથામાળા છે. 'હસતા ગાંધીજી' (ઈ.૧૯૬૯, ઈ.સ. ૧૯૮૭, બીજી આ.) આમ તો કથાનું નહીં પ્રસંગમાળાનું જ પુસ્તક ગણાય. તે સૂક્ષ્મ બુદ્ધિજન્ય હાસ્યના આલેખનની દૃષ્ટિએ

નોંધપાત્ર છે. ગાંધીજીના મનોરંજક સ્વભાવને તે સરસ રીતે વ્યકત કરે છે. આ ઉપરાંત 'બોલતી બંદૂક' (ઈ.૧૯૮૮ ત્રીજી આ.) 'પરાક્રમી પંજો' (ઈ.૧૯૮૭) 'સરહદના શૂરવીરા' 'લડાખના લડવૈયા' 'કાશ્મીરના જવામર્દો' વગેરે પ્રમુખ ગ્રંથો છે.

આ જ રીતે ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં રસ સૂઝપૂર્વક સક્રિય રહેનારા અન્ય નોંધપાત્ર સર્જક તે શ્રી યશવંત મહેતા બાળસાહિત્યમાંના તેમના પ્રદાનને કારણે તેઓ અનેક પારિતોષિકોના અધિકારી થયા છે. નવમા દાયકાના પ્રારંભમાં તેમની પાસેથી 'દેશદેશની બાળવાર્તાઓ' (ઈ.૧૯૮૧, ૧–૪ ભાગ) મળે છે. તેમા શીર્ષકમાં જણાવ્યું તેમ દેશ દેશોની કથાઓ આપી છે. ઈ.સ. ૧૯૮૩માં 'જ્ઞાનચાતુરી વાર્તામાળા' (ભાગ ૧–૫) માં બાળકોની જિજ્ઞાસા સંતોષાય અને તેઓ કથારસમાં છેવટ સુધી જકડાયેલા રહે તેવી કથાઓ આપે છે. ઈ.સ. ૧૯૮૬માં 'અશોક બાળવાર્તામાળા' (ભાગ ૧–૪) માં નાની નાની કથાઓ દ્વારા બાળકોને 'અ–શોક' કરવાનો આશય દાખવે છે. NCERT દ્વારા પુરસ્કૃત 'ખોવાયેલી દુનિયાની સફરે' (ઈ.૧૯૮૭ ભાગ ૧–૫) એ શ્રી યશવંત મહેતાનું યાદગાર પ્રદાન છે.

ગુજરાતી બાળસાહિત્યને અનેક રીતે સમૃદ્ધ કરવામાં શ્રી શિવમ્ સુન્દરમ્‌નો પણ નોંધપાત્ર ફાળો છે. નવમાં દાયકામાં તો તેમના સર્જન પ્રવાહમાં ભરતી આવી હોય તેવો અનુભવ થાય છે. 'આંબે આવ્યા મ્હોર' (ઈ.૧૯૮૨) માં ૨૯ કથાઓ છે. અહીં વિષયગત વૈવિધ્ય ધ્યાનપાત્ર છે. 'અલકમલકની વાતો' (ઈ.૧૯૮૩ ભાગ ૧–૪) માં અનેક દેશોની, ખાસ કરીને અમેરિકાના બાળસાહિત્યની ૨૫ કૃતિઓ રસમય શૈલીમાં રજૂ કરી છે. ઈ.સ. ૧૯૮૪ માં તેમની પાસેથી આપણને 'વિશ્વલોકકથા શ્રેણી' માં યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા આ પાંચેય ખંડની લોકકથાઓ મળે છે. તો 'સાચને ન આવે આંચ' (આશરે ઈ.૧૯૮૭) માં વ્યાવહારિક વાસ્તવનિષ્ઠ બનાવો પરથી સૂઝેલી કથાઓનો સંગ્રહ છે. મૌલિક કથાઓની જેમ, 'અરેબિયન નાઈટસ કથામાળા' પણ તેમણે આપી છે. જે આબાલવૃદ્ધ સૌ માટે છે. આમ, શિવમ સુન્દરમે અનેક રીતે બાળકથાના ક્ષેત્રને માતબર કર્યું છે.

શ્રી રતિલાલ નાયકે વિવિધ વયકક્ષાનાં બાળકોને ધ્યાનમાં રાખી બાળસાહિત્યનું સર્જન કર્યું છે. નવમા દાયકામાં પણ તેમણે અનેક રીતે આ કાર્ય ચાલુ રાખ્યું છે. પણ તેમા ઉલ્લેખપાત્ર પ્રકાશન છે. 'બાલમહાભારત' (ભાગ ૧–૨) અને 'સંપૂર્ણ રામાયણ' (ભાગ ૧–૨) નું ઈ.સ. ૧૯૮૩ માં તેમણે આ બન્ને મહાન કૃતિઓનું બાલોપયોગી અને બાલભોગ્ય દૃષ્ટિએ પુનઃકથન કર્યું છે. વળી ચંદ્ર ત્રિવેદી અને રજની વ્યાસના ચિત્રોથી આ પ્રકાશનો આકર્ષક બન્યા છે.

શ્રી ધનંજય શાહે અનેક પાત્રપ્રધાન હાસ્યરસિક કથાઓ આપી બાળકોને હસાવ્યા છે. તેમજ આગલા બે દાયકામાં જેમણે પોતાની કલમથી બાળકોને પ્રસન્ન કરી દીધાં હતાં તેવા આપણા કથાસમ્રાટ પન્નાલાલ પટેલે ૧૯૮૬માં 'લોકમિનારા' માં ચાર બાળકથાઓ આપી છે.

આપણા જાણીતા હાસ્યલેખક શ્રી મધુસૂદન પારેખે બુધિયો, અડવો, માખણલાલ વગેરે પાત્રો દ્વારા સારા પ્રમાણમાં બાળસાહિત્ય આપ્યું છે. ઈ.સ. ૧૯૯૦માં 'એક હતો બુધિયો' (ભાગ ૧–૫) માં તે બુધિયાના ૭૩ જેટલા પ્રસંગો કથાત્મક શૈલીમાં આપે છે.

શ્રી વિજયગુપ્ત મૌર્ય નવમા દાયકામાં એક આગવી જ કથા લઈને આવે છે. ઈ.સ. ૧૯૮૩ માં 'સરકસ ડોકટરનાં રોમાંચક સાહસો' દ્વારા ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં તેઓ એક બહુ જ ઓછા કે નહીંવત ખેડાયેલા વિષયવસ્તુની વાત છેડે છે.

ગુજરાતી બાળસાહિત્યમાં એક કથાપ્રવાહ લોકકથાઓ પર આધારિત ચાલતો જ આવ્યો છે. શ્રી દોલત ભટ્ટે ઘણી જ લોકકથાઓ આપી જ છે. 'રણબંકા' (ઈ.સ.૧૯૮૨) માં લોકકથાઓ અને દંતકથાઓ પર આધારિત કથાઓ તે આપે છે.

બાળવાર્તા સર્જક પણ આમ કલાકાર જ છે છતાં પણથ તે ચિત્રકાર પણ હોય તો કેવું સુખદ આકર્ષક પરિણામ લાવી શકે તેનો ખ્યાલ શ્રી રજની વ્યાસનું બાળકથાસર્જન જોતાં આવે છે. તેઓએ આ દાયકામાં વિશેષ કાર્ય કર્યું છે. 'મિજબાની' (ઈ.૧૯૭૯) માં તેઓ સિંહ, ઉંદર, વાઘ, બિલાડી વગેરેને સાંકળતી અદ્‌ભુત વાર્તા આપે છે. તે પછી ઈ.સ. ૧૯૮૫ માં તેમની પાસેથી 'પંચતંત્ર' પર આધારિત (પર્યાવરણની) સોનેરી ચિત્રવાર્તાઓ અને (પર્યાવરણની) રૂપેરી ચિત્રવાર્તાઓ' મળી છે. રજની વ્યાસે ચિત્રમય

બાળસાહિત્ય આપીને ગુજરાતી બાળસાહિત્યની ઉલ્લેખનીય સેવા કરી છે. તેમનું ચંદ્ર ત્રિવેદી સાથેનું ૧૪,૦૦૦ થી વધુ બનતી ચિત્રકથાઓવાળું પુસ્તક પણ નોંધવું જોઈએ. અલબત, અહીં ખરેખરા અર્થમાં કથાઓ ઓછી બની છે. જો કે બાલસૃષ્ટિના પ્રિય પાત્રોનાં સુંદર ચિત્રો અને 'સ્પાઈરલ' બાંધણી વાળું આ પુસ્તક આગવી ભાત જરૂર પાડે છે. એક ખાનાનાં પાંચ ભાગ પાડવામાં આવ્યા છે અને એ રીતે તેમાં ચિત્રોની ગોઠવણી કરવામાં આવી છે. બાળકને કથાનો આનંદ ખાસ ન મળે પણ સુંદર ચિત્રો અને અક્ષરની ઓળખનો તો આનંદ મળે જ એવી એની કરામત છે.

હવે જેમના લેખનનો પ્રારંભ લગભગ નવમા દાયકામાં જ થયો છે તેવા સર્જકોના બાળવાર્તાના પ્રદાનને અવલોકીશું. આગળ જોયું તેમ, કેટલાક સર્જકોએ આ પૂર્વેના દાયકાઓમાંથી બાળવાર્તા ક્ષેત્રે પોતાનું પ્રદાન કરવાનું આરંભી દીધું હતું, જયારે કેટલાકે તો આ જ દાયકામાં આ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. બને ત્યાં સુધી સમયાનુક્રમે ધ્યાનમાં રાખીને તેમના વાર્તાપ્રદાનને તપાસસું.

શ્રી કનૈયાલાલ લ. રામાનુજ વિશિષ્ટ પ્રકારની કથાઓ લઈને આવ્યા છે. 'પંચતંત્ર' થી આપણે ત્યાં પ્રાણીકથાઓ આવી છે. અહીં પણ પ્રાણીકથાઓ જ છે પણ તે વિશિષ્ટ પ્રકારની છે. 'સાવજનું અપમાન' (ઈ.૧૯૮૧) માંની કેટલીક કથાઓ જંગલના ખૂંદનાર આ લેખકના સ્વાનુભવો પર આધારિત છે. 'લોખંડી રાક્ષસ' (ઈ.૧૯૮૮) માં નવતર શૈલીની અલગ પ્રકારની વિજ્ઞાન કથા છે.

શ્રી ચંદ્રકાન્ત અમીન કેટલુંક પ્રચલિત બાળવાર્તાસાહિત્ય લઈને આવે છે. 'મિયાં લબ્બે' (ઈ.૧૯૮૧) તેમનું પ્રખ્યાત પાત્ર છે. તે જ રીતે 'લઠ્ઠા પંડિત' (ઈ.સ. ૧૯૮૩) નો પણ નિર્દેશ કરી શકાય. આ ઉપરાંત 'અકબરી રામાયણ' 'તુર્કસ્તાનનો બીરબલ' 'રાજપૂત કથાઓ' વગેરે વાર્તાસંગ્રહો આવે છે.

નવમાં દાયકામાં કેટલીક આવકાર્ય કલમો મળી છે તેમાં એક છે શ્રી ઈશ્વર પરમારની 'બહુબીન' (ઈ.૧૯૮૨) થી વિશ્વાસ પૂર્વક તેઓ આ ક્ષેત્રે પ્રવેશે છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું 'શ્રી નટવરલાલ માળવી પારિતોષિક' પ્રાપ્ત કરતું આ પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. 'ટણકટોળી' અને 'પલકપરી' માં પૌરાણિક વાતની આગવી

રજૂઆત વાળી કૃષ્ણ બલરામની કથા છે. 'પંજરી' નામના સંગ્રહમાં ૭ વાર્તાઓ છે. મેઘધનુષ્યના સાત રંગોની જેમ અહીં દરેક કથામાં લેખક બાળકના ચિતાકાશના સાત ભાવને કલ્પનાને કથા રૂપે રજૂ કરે છે. 'લીલું કરો ગામ તો મેઘ આવે આમ' કથામાં વૃક્ષના જતનની વાત રજૂ કરે છે.

'વડવાનલ' જેવી નવલકથા અને 'ભવની ભવાઈ' જેવા ચિત્રપટની પટકથાનાં લેખિકા શ્રી ધીરૂબેન પટેલ 'બતકનું બચ્ચું' (ઈ.૧૯૮૨) માં મૌલિક શિશુકથાઓ આપે છે. લેખિકા મૌલિકતાના આગ્રહી છે.

ગુજરાતી બાળસાહિત્ય ખેડવામાં લેખિકાઓની સંખ્યા અલ્પ હોય ત્યારે બાળસાહિત્યનું આકંઠ રસપાન કરી, બાળકોનાં રસ રુચિનો પૂરતો અભ્યાસ કરી અનુભવસંપન્ન થયેલાં શ્રી શ્રદ્ધાબેન અ. ત્રિવેદી એમના બાળકથાઓના સંગ્રહોથી ધ્યાન ખેંચી રહે છે.

બાળસાહિત્યકાર તરીકે એમની કારકિર્દીને દોઢ દાયકો પૂરો થયો છે. પણ કારકિર્દીના આરંભથી જ તે એમની અનેરી સર્જકતાથી તેમના ભાષાકર્મથી સુજ્ઞ સાહિત્યારો દ્વારા પોંખાતા રહ્યાં છે. 'રામપૂરમાં સૂર્યોદય' (ઈ.૧૯૮૫) નામની કથાકૃતિ ભારત સરકારના પ્રોઢસાહિત્ય વિભાગમાં પારિતોષિકને પાત્ર બની તે પછી તુરત જ એમની કલાશકિતનો પ્રસન્ન અનુભવ કરાવે તેવો એમનો બાલકથાસંગ્રહ 'પહેલું ઈનામ' પણ NCERT દ્વારા ૧૯૮૬માં પાચરિતોષિકને પાત્ર નીવડયો. 'છમ્મકછલ્લો' (ઈ.૧૯૮૯) અને 'ઠેરનાં ઠેર' (ઈ.૧૯૮૨) પણ તેમના આસ્વાદ્ય બાળવાર્તાસંગ્રહો છે. 'મનગમતી વાર્તાઓ' (ઈ.૧૯૮૯) નું તેમણે ત્રણ ભાગમાં સંપાદન કર્યું છે. તેમ જ 'તનીભાઈ અને બીજી વાર્તાઓ' કહેવતકથાઓ જેવી સચિત્ર કથાઓના સંગ્રહો પણ તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. શ્રદ્ધાબેન ત્રિવેદીની બાળાવર્તાઓમાં ખાસ કોઈ માનસિક તનાવ પ્રગટતો નથી અને સમસ્યા સરળતાથી ઉકેલાઈ જાય છે. બાળમાનસની સહજ સૂઝએ દાખવી શકે છે. એમની આ શકિતનો સુભગ પરિચય અનેક કથાઓમાં મળશે.

શ્રદ્ધાબેન અ. ત્રિવેદીએ બાળસાહિત્યનો વિષય લઈ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. એટલે બાળકથાના સ્વરૂપ વિકાસની તેમની સમજ તેમને બાળવાર્તાઓના

સર્જનમાં પણ સારી પેઠે ખપ લાગી હોય એ સ્વાભાવિક છે. એમનામાં સર્જકતા અને સજ્જતાનો સુયોગ છે. બાળકોનાં અંતરને સ્પર્શી જાય તેવાં કથાનક કલ્પી કાઢવાની કલા છે. બાળમાનસને પ્રસન્નકર નીવડે તેવી તેમની સરળ, રસિક શૈલી છે, નવા યુગની સમસ્યાઓને કથાઓમાં ગૂંથી લેવાની સહજ કોઠાસૂઝ છે. એમની બાળકથાઓ બાળકોને પથ્ય નીવડે જ એમ શ્રદ્ધાપૂર્વક કહી શકાય.

શ્રી રમેશ પારેખે મૌલિક અને બાળમાનસને વ્યકત કરતાં ઓછા પણ ઉત્તમ સર્જનથી ગુજરાતી બાળસાહિત્યમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. તેમણે અલ્પ પણ સત્ત્વશીલ, મૌલિક, વાસ્તવિક, બાલમનને છતું કરતું વાર્તાસાહિત્ય અને કાવ્યો આપ્યાં છે. શુદ્ધ સાચું બાળસાહિત્ય આપનાર ઘણા ઓછા સર્જકો છે. બીજો 'ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક' તેમને આપીને બાળસાહિત્યની તેમની ઉત્કૃષ્ટ કામગીરીને યોગ્ય રીતે પુરસ્કારવામાં આવી છે, તેમ કહીં શકાય. શ્રી રમેશ પારેખ બાળકોના રોજબરોજના અનુભવોને 'દે તાલ્લી' (ઈ.સ.૧૯૭૯) માં કથારૂપે આપે છે.

તે ઉપરાંત તેઓ 'હફરક લફરક' (ઈ.૧૯૮૬) માં વાર્તાસંગ્રહ આપે છે. તેમાં નવી જ શૈલીમાં બાળકોને નિર્ભેળ આનંદ આપે તેવી કથાઓ છે. તેમની 'કોનું કોનું જાંબુ?' જેવી વાર્તાની તો અલગ પુસ્તિકા પણ થઈ છે. લેખકની ઉત્તમ સર્જકતાનો લાભ આ બાળવાર્તાસંગ્રહને પણ મળ્યો છે. શ્રી રમેશ પારેખના બાળકાવ્યોની વાત કરીએ તો 'હાઉક' (ઈ.સ. ૧૯૭૯), 'ચીં' (ઈ.સ. ૧૯૮૦) 'દરિયો ઝુલ્લમ ઝુલા' (ઈ.સ.૧૯૮૮) (સચિત્ર) તથા તે ઉપરાંત હસીએ ખુલ્લમ ખુલ્લા' (ઈ.સ. ૧૯૮૮) (સચિત્ર) છે. તેમજ ૧૯૯૦માં 'જંતર મંતર છૂ' નામે વાર્તાસંગ્રહ મળે છે.

શ્રી સ્મિતા જોશી 'રાષ્ટ્ર ચેતન ગ્રંથાવલિ' નિમિત્તે ચાર પુસ્તિકાઓ આપે છે. ઈ.સ. ૧૯૮૨માં પ્રકાશિત થયેલી આ પુસ્તિકાઓમાંની 'સપનાનું વાવેતર' માં એક સંત ગામનો કેવી રીતે સર્વાંગી ઉત્કર્ષ કરે છે તેની વાત છે. 'પ્રકાશનાં પગલાં' માં મહાપુરુષોના જીવનપ્રસંગો રજૂ કર્યા છે. 'મંગળપ્રભાત' માં બહેનપણીઓની વાત છે. આ પુસ્તિકાઓ વિષયદષ્ટિએ નોંધપાત્ર છે.

શ્રી હુંદરાજ બલવાણી બાળસાહિત્યમાં રસ અને સૂઝપૂર્વક કામ કરે છે. 'ગુલિસ્તાં' નામક સિંધી બાળસામયિકના તે વર્ષો સુધી તંત્રીપદે રહેલા. સિંધી સાહિત્ય તેમની પાસેથી વધુ મળ્યું હોય તે સ્વાભાવિક છે. આમ છતાં તેમની પાસેથી કેટલુંક ગુજરાતીમાં બાળસાહિત્ય પણ મળ્યું છે. 'ચોથો વાંદરો' (ઈ.૧૯૮૩) માં તે સાત કથાઓ આપે છે. તેમાં કલાત્મક રીતે સદ્ગુણોનો બોધ અપાયો છે. 'સોનાની માટી' કે 'એક જ રસ્તો' જેવી સુંદર કથાઓ અહીં મળી છે. 'અકકડ અને ફકકડ' માં પણ તેમણે નવા જમાનાની અસર ઝીલેલી કથાઓ આપી છે.

નવમા દાયકાની આવકાર્ય મૌલિક કલમોમાં શ્રી રક્ષા દવેનું નામ ઉમળકાથી લેવું પડે તેવું તેમનું પ્રદાન છે. વ્યવહાર જીવનમાંથી પોતાના સ્વજનોના અને આસપાસના બાળકો સાથેના રોજિંદા જીવનમાંથી જ તેમણે સુંદર બાળભોગ્ય કથાસાહિત્ય આપ્યું છે. નવમા દાયકામાં તેમની પાસેથી સ્વરૂપગત નાવીન્ય દાખવતી બે કૃતિઓ મળે છે. તે બે કૃતિઓ એટલે 'જાનીવાલીપીનારા' (ઈ.૧૯૮૩) અને 'તીતીડાં' (ઈ.૧૯૮૫) અને તે મળી છે ગીતકથા રૂપે. તો 'કૂકડેકૂક' (ઈ.૧૯૯૨) માં તેમણે સુંદર શિશુકથાઓ આપી છે.

રમેશ પારેખ જેવા બીજા અગ્રણી ગીતકવિ તરીકે પ્રખ્યાત શ્રી અનિલ જોશીએ 'ચકલી બોલે ચીં... ચીં... ચીં' (ઈ.સ.૧૯૮૭) માં સરસ વર્ણકથાઓ આપી છે. આ કૃતિમાં તેના સર્જકની સર્જનશકિતનો અને તે સાથે ચિત્રોનો પણ સરસ લાભ મળ્યો છે. કવિની સર્જક ચેતનાનો તેની કલ્પનાનો સ્પર્શ પામી મૂળાક્ષરના પ્રત્યેક વર્ણને પુનરાવૃત કરતી કુલ ૩૦ કથાઓ અહીં મળે છે. આથી બેવડો લાભ થયો છે.

વિજ્ઞાનને બાળભોગ્ય રીતે રજૂ કરવામાં શ્રી નગીન મોદીનો ફાળો અભિનંદનીય છે. આજના બાળક માટે વૈજ્ઞાનિક શોધો – શોધકો, આસપાસની સૃષ્ટિના બનાવો કે પાણી જેવી અનિવાર્ય ચીજ વિષયક માહિતી આપવી અને તેય રસાળ રસિક કથાનાત્મક પદ્ધતિએ એ અભિગમ તેમના આ પ્રકારના સર્જનમાં જોઈ શકાય છે. ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત થયેલ 'વિરાટદાદાની વિજ્ઞાન વારતાઓ' (ઈ.૧૯૮૬) માં ટીનુ મુન્નાનાં પાત્રો લઈને લેખકે ૨૪ કથાઓ આપી છે. તો 'કૌતુક' માં શોધો અને શોધકોના જીવનની

જરૂર પડયે ત્યાં વાતો વણીને લેખકે બાળકો વિજ્ઞાન પ્રત્યે વળે તેવો રસિક પ્રયત્ન કર્યો છે. લેખકનું લક્ષ્ય વૈજ્ઞાનિક માહિતી આપવાનું છે. તેમની રજૂઆત કથનાત્મક છે.

વ્યવસાયે અધ્યાપક શ્રી બિપિન પટેલ ઈ.સ. ૧૯૮૮ માં બાળકો માટે 'બાળવિજ્ઞાન કથાઓ' માં લગભગ સત્તર જેટલી વિજ્ઞાન કથાઓ લઈને આવે છે. અને ગુજરાતી બાળકથાસાહિત્યના આ વિજ્ઞાનલક્ષી કથાપ્રવાહમાં મૂલ્યવાન ઉમેરો કરે છે. અહીં વિજ્ઞાનનાં સાધનો કે યંત્રોની વાત નથી, પણ માણસની તંદુરસ્તના સંદર્ભમાં જે રસીઓ શોધાઈ કે જંતુનાશક દવાઓ શોધાઈ તેની વાત છે. વળી માહિતી તો આ નાની નાની વાતોમાં છે જ પણ તે જીવંત, વાતચીતની શૈલીમાં રજૂ થઈ છે તેથી તે બાળકોને રમતાં રમતાં જ્ઞાન આપી દે છે.

શ્રી મહેન્દ્ર રે. ત્રિવેદી પણ આ જ વર્ષે 'ઘડતર કથાઓ' અને 'ભણતર કથાઓ' લઈને આવે છે. બાળકોના મનોઘડતરના લક્ષને ધ્યાનમાં રાખીને લખાયેલી 'ઘડતર કથાઓ' માં ૧૯ નાની નાની સરળ ભાષામાં લખાયેલી વાર્તાઓ છે. તો 'ભણતર કથાઓ' માં મહાન માણસોના વિદ્યાર્થીકાળના પ્રેરણાત્મક પ્રસંગોનું આલેખન સુંદર રીતે થયું છે.

આવતીકાલની દુનિયા તો બાળકો દ્વારા સર્જાવાની ત્યારે પર્યાવરણ એટલે શું ? અને તેમાં વૃક્ષોનો ફાળો શું ? વગેરે બાબતો બાળકોને સમજાવવા તાતી જરૂરિયાત ઊભી થઈ છે. તે સંજોગોમાં શ્રી વંદના સોલંકી પાસેથી મળેલી 'તરુવર સહુનાં તારણહાર' (ઈ.૧૯૮૮, ભાગ ૧–૫) એ બાળસાહિત્ય શ્રેણી ખરેખર ખૂબ ઉપયોગી જણાય છે.

શ્રી યશવંત કડીકર ઈ.સ. ૧૯૮૯માં 'રમઝટ બાળકથા માળા' આપીને અલગ રીતે બાળમનોઘડતર કરવાનો પ્રયાસ કરે છે. પાંચ ભાગની આ માળામાં વિવિધ પ્રકારની કથાઓ છે. ઐતિહાસિક, કાલ્પનિક અને સામાજિક કથાઓ સારી રીતે રજૂ થઈ છે. ઈ.સ. ૧૯૮૭માં તેમની પાસેથી 'દાદાજી માંડો વાત' એ કૃતિ પણ મળી છે. આ કૃતિ માટે તેમને ગુજરાત સાહિત્ય અકાદમી અને ભારત સરકારનો પુરસ્કાર પણ મળેલો.

જેમ શ્રી ધનંજય ભટ્ટે 'ભૂખાલાલ ભોજાલાલ' દ્વારા ગુજરાતી બાળકથા ક્ષેત્રે હાસ્યરસના પ્રવાહને પુષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે, તેમ શ્રી ધીરજ બ્રહ્મભટ્ટે 'મૂંછાળા મેનામાશી' દ્વારા આપણે ત્યાં બકોર પટેલ, મિયાં ફૂસકી, શેખચલ્લી જેવાં પુરૂષ પાત્રોએ

બાળકોને હસાવ્યાં છે. ધીરજ બ્રહ્મભટ્ટ સ્ત્રી પાત્ર દ્વારા આ કાર્ય કરે છે. 'મૂંછાળાં મેનામાશી' (ઈ.૧૯૮૯) માં મેનામાશી મૂછાળા મર્દની જેમ, કોઈનીય શેહશરમમાં રહ્યા વગર જીવનસંગ્રામ ખેડે છે. આ પહેલાં પણ ધીરજ બ્રહ્મભટ્ટ પાસેથી 'હાસ્ય વાર્તામાળા' (ભાગ ૧–૩) મળી છે.

નવલકથાકાર પણ કેવી સરસ બાળવાર્તા લખી શકે તેનું ઉદાહરણ મોહમ્મદ માંકડે 'શહેરની સફર' અને 'કીડીબાઈની મુસાફરી' જેવા સંગ્રહો દ્વારા પૂરું પાડયું છે. ચંપૂ વાંદરાનાં તોફાનોની વાત બાળકોને ખૂબ ગમે તેવી છે. પ્રાણીપાત્રોની આ કથામાં લેખકે બોધ પણ સરસ રીતે વણી લીધો છે. 'કીડીબાઈની મુસાફરી' માં નાની નાની પંદર કથાઓ કલાત્મક રીતે રજૂ થઈ છે.

શ્રી હિમાંશી શેલત પાસેથી 'રૂપેરી પતંગિયું' નામના સંગ્રહમાં બે વાર્તાઓ મળે છે. 'પંચતંત્ર' ની અસર નીચે આજનો વાર્તાકાર પણ પ્રાણીઓ નિમિત્તે પ્રાણીસ્વભાવ અને માનવસ્વભાવનું સુંદર મિશ્રણ કરી સરસ બાળવાર્તાઓ આપે છે. હિમાંશીબહેનની કથાઓ પણ આ પ્રકારની છે. તથા મૌલિક બાળસાહિત્ય રચનારા જે કેટલાંક સર્જકો મળ્યાં છે તેમાં શ્રી ઘનશ્યામ દેસાઈ એક છે. નવમા દાયકાના અંતિમ વર્ષમાં 'મૌલિક કથામાળા' આપીને તેઓ આ ક્ષેત્રે પ્રવેશે છે અને અધિકારપૂર્વક પોતાનું સ્થાન અગ્રિમ હરોળમાં મેળવી લે છે.

આ સિવાય પણ કેટલાક સર્જકોએ પત્રમ્ પુષ્પમ્ ફલમ્ રીતે પોતાનું અર્પણ કર્યું છે. તેમાં શ્રી હરિત પંડયા ઈ.૧૯૮૧ માં 'વ્યાપ્તિનું ફૂલ' આપે છે. શ્રી મૂળશંકર ન. દ્વિવેદી ('ગૌતમ') પાસેથી એ જ વર્ષ 'સુગંધ કથામાળા' મળી છે. શ્રી પૃથ્વીસિંહ ઝાલા ઈ.સ. ૧૯૮૩ માં 'લાલપરી' નામે એક ઉલ્લેખનીય કૃતિ આપે છે. એ જ વર્ષે શ્રી રમેશ ચાવડા પાસેથી 'પુષ્પવાટિકા બાળવાર્તાઓ' મળે છે.

શ્રી અરવિંદ વિભાકર દવે તેમની 'ગટો ડંફાસી' (ઈ.૧૯૮૫) અને 'શાંતિનો દસ્તાવેજ' (ઈ.૧૯૮૬) નામની લાંબી લગભગ બાલનવલ કહી શકાય તેવી કથાઓથી ધ્યાનપાત્ર છે. જૂની કથાઓથી કંટાળેલા શ્રી ભોગીલાલ શાહના નવા દૃષ્ટિકોણથી જૂની કથાઓ તથા મોટે ભાગે નવી મૌલિક કથાઓ આપી, 'કેવી કરી કમાલ ?' (ઈ.૧૯૮૮)

દ્વારા પોતાનો અજંપો દૂર કરવા પ્રયત્ન કરે છે. તો શ્રી પૂર્ણિમા હ. ભટ્ટ 'ગધેડો તે ગધેડો' (ઈ.૧૯૮૯) માં લોકકથા પર આધારિત ચાર કથાઓ આપે છે.

વિષયગત દૃષ્ટિએ જોતાં પૌરાણિક સાહિત્ય, અરેબિયન નાઈટસ ને ઈસપની કથાઓ જેવું સાહિત્ય ઠીક ઠીક મળ્યું છે. પણ આ દાયકામાં તેની સરખામણીમાં મૌલિક બાળવાર્તા સાહિત્ય સવિશેષ મળ્યું છે. ઈશ્વર પરમાર, રક્ષા દવે, બેપ્સિ એન્જીનિયર, ધીરૂબેન પટેલ, યશવંત કડીકર, ધનંજય ભટ્ટ, રમેશ પારેખ, ઘનશ્યામ દેસાઈ વગેરેએ કેટલીક સુંદર મૌલિક કથાઓ આપી છે. બાળસાહિત્યની ભાષાકીય રજૂઆત બાબતે સભાનતા દાખવનારાઓમાં અનિલ જોશી, રક્ષા દવે, ઈશ્વર પરમાર, બોસી એન્જિનયર અને પીઢ સાહિત્યકારો ર.પી.સોની, હરીશ નાયક, યશવંત મહેતા વગેરેની કામગીરી ધ્યાનાર્હ છે.

'પંચતંત્ર' થી શરૂ થયેલી પ્રાણીકથાનું સાતત્ય આજે પણ ચાલુ છે. તેમાં હવે માત્ર બોધકતાનો અભિગમ રહ્યો નથી. પ્રાણીના જીવનમાં રસ લેવાની વાત મહત્ત્વની બનતી જાય છે. કનૈયાલાલ રામાનુજની 'સાવજનું અપમાન' કે 'રીંછ દરબારમાં અગિયાર રાત' જેવી પ્રાણીકથાઓમાં પ્રાણીઓના વર્તન અને તે પરથી તેમની લાગણીઓને વ્યકત કરવાનો વિશિષ્ટ અભિગમ દૃષ્ટિગોચર થાય છે. વિષય વસ્તુના નાવીન્યની દૃષ્ટિએ આ દાયકાની એક વિશિષ્ટ ઉપલબ્ધિ તે વિજયગુપ્ત મૌર્ય પાસેથી મળેલ 'સરકસ ડોકટરના રોમાંચક સાહસો' ને ગણાવી શકાય. એ જ રીતે રાષ્ટ્રીય પુરસ્કાર પામેલાં બાળકોની સત્ય ઘટનાને કનૈયલાલ જોશીએ કથાઓ રૂપે બાળકો સુધી પહોંચાડી છે તે બાબત પણ ખાસ ઉલ્લેખનીય છે.

હાસ્ય અને સાહસમાં બાળકોને ખૂબ જ રસ હોય છે. એ તેમના અત્યંત પ્રિય ક્ષેત્રો છે. સાહસરસને પોષતી અનેક કથાઓ અનેક લેખકો પાસેથી આ દાયકામાં મળી છે. હાસ્યરસમાં મધુસૂદન પારેખ, ધનંજય ભટ્ટ, ધીરજ બ્રહ્મભટ્ટ, ચંદ્રકાંતઅમીન, હરીશ નાયક વગેરેનું પ્રદાન પણ યાદ કરવું જોઈએ.

વળી મુદ્રણકલા, ચિત્રકલા વગેરેના ઉચિત ઉપયોગથી અનેક વિષય અને તે તરફના નવા નવા અભિગમોથી આજનો સર્જક બાળકને શકય તેટલી બધી રીતે સંતોષવા

સતત ક્રિયાશીલ છે. જો કે અસીમ આકાશની જેમ હજી આ ક્ષેત્રમાં અનેક સર્જકોને અનેક રીતે મોકળાશથી વિહરવાની અનંત તકો છે. ક્રમશઃ સર્જક એ બાબતે સભાન પણ થતો રહ્યો છે. બાળકોની કલ્પનાશકિત આજના અણુયુગમાં વધુને વધુ સતેજ બની છે. તેની સમજશકિત ઘણી વિકસી છે ને તેથી બાળસાહિત્યે તેને કેન્દ્રમાં રાખી, આજની વૈજ્ઞાનિક શોધોનો પૂરેપૂરો લાભ ઊઠાવી તેને સંતોષવા હજી ઘણાં નવાં શિખરો સર કરવાનાં રહે છે. હજી બાળકના માનસને વ્યકત કરતું શુદ્ધ બાળભોગ્ય સાહિત્ય પ્રમાણમાં ઓછું મળે છે. જે રીતે આ ક્ષેત્ર તરફ સર્જક પ્રકાશક સમાજ વગેરે સજાગ સભાન સક્રિય થયાં તે જોતાં તેના ઉજજવળ ભવિષ્ય માટે શ્રદ્ધા રાખવાને પૂરતાં કારણો છે.

## પાદટીપ


૧. ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ગાતા અને બીજાં વ્યાખ્યાનો, ગુજરાત યુનિવર્સિટી, ઈ.સ. ૧૯૬૩, પૃ.૧૦૩

૨. એજન, પૃ. ૧૦૪

૩. એજન, પૃ. ૧૦૫

૪. રાષ્ટ્રીય કેળવણી, શ્રી અરવિંદ, ઈ.સ. ૧૯૭૪, પૃ. ૧૪–૧૫.

૫. વાત્સલ્યમૂર્તિ મા, જયોતિ થાનકી, ઈ.સ. ૧૯૭૭, પૃ. ૨૨૯

૬. એજન, પૃ. ૨૩૨

૭. એજન, પૃ. ૨૩૩

૮. જ્ઞાનગંગોત્રી – ગ્રંથશ્રેણી–૧૦, ઈ.સ.૧૯૭૨, 'બાળકિશોર સાહિત્ય' મૂળશંકર ભટ્ટ, પૃ.૨૨૩

૯. 'બાળક', સંપા. પ્રવીણ શાહ, હરિત પંડયા, ઈ.સ. ૧૯૮૦, પૃ.૧૬૬

૧૦. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, કાર્યવહી, ઈ.સ.૧૯૪૩–૪૪, પૃ.૫૯

૧૧. ગુજરાત સાહિત્ય સભા, કાર્યવહી ઈ.સ. ૧૯૪૦ પૃ.૯૬

૧૨. શબ્દલોકના યાત્રીઓ ૧ લે. રમણલાલ જોશી, ઈ. ૧૯૮૩, પૃ.૧૦૦

૧૩. એજન પૃ.૨૫૦


☆☆☆

# પ્રકરણ-૪
# જીવરામ જોશી : વ્યક્તિત્વ અને વાઙ્મય

- ક્રાંતિકારી જીવરામ જોશી
- મૃત્યુ સાથે બે વખત સાક્ષાત્કાર
- હિમાલય તરફ
- ભૂતનાં ભડકા અને અઘોરી
- વાઙ્મય

# પ્રકરણ-૪
# જીવરામ જોશી : વ્યકિતત્વ અને વાઙ્મય

શ્રી જીવરામ ભવાનીશંકર જોશીનો જન્મ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના ગરણી (પાનસડા) ગામમાં તા. ૬–૭–૧૯૦૫ના રોજ થયો હતો, તેના માતાનું નામ સંતોકબેન હતું. ઈ.સ.૧૯૨૭માં કાશી રહીને સંસ્કૃત સાથે અંગ્રેજી ભણવાનો પ્રયત્ન કર્યો. તેમણે યુવાનીમાં સ્વતંત્રતા માટેની ચળવળમાં સત્યાગ્રહની લડતમાં ભાગ લીધેલો. તેમણે બાળવાર્તા ક્ષેત્રે બીજુ કશું ન આપ્યું હોત અને કેવળ 'મિયાં ફુસકી' ની ગ્રંથમાળા જ આપી હોત તો પણ ગુજરાતી બાળવાર્તા સાહિત્યમાં તે જાણીતા હોત. ગુજરાતી બાળસાહિત્યને વિપુલ પ્રમાણમાં મૌલિક કથાસાહિત્ય આપી એને સમૃદ્ધ કરનાર શ્રી જીવરામ જોશીએ મિયાં ફુસકી ઉપરાંત પણ બીજાં ઘણાં યાદગાર પાત્રો આપ્યાં છે.

તેમના વ્યકિતત્વ વિશે વિસ્તારથી જોઈએ તો ગરણી (પાનસડા) નામના નાનકડા ગામમાં તેના પિતા ભવાનીશંકર જોશી કથાકીર્તન કરે અને તે ઉપરાંત તિથિવાર કહી શકાય તેટલી જયોતિષની જાણકારીનો ઉપયોગ કરીને જીવન નિર્વાહ ચલાવતા હતા. ભવાનીશંકર પોતે તો ઝાઝું ભણેલા નહોતા, પરંતુ શિક્ષણનું મહત્ત્વ જાણતા હતા. એટલે તેમણે બન્ને દીકરાઓને શાળામાં ભણવા માટે બેસાડયા હતા. જસદણથી લગભગ પાંચેક માઈલના અંતરે આવેલા પાનસડા ગામમાં ત્રણ ધોરણ સુધીની સ્કૂલ હતી. ભવાનીશંકરે આ સ્કૂલમાં જીવરામને બેસાડયો. જીવરામ અહીં કકકો બારાક્ષરી શીખ્યો.

પોતાની મુલાકાતમાં વાત આગળ ચલાવતા તેઓ કહે છે કે : હું ઘેરથી સ્કૂલ સુધી ચાલીને જતો અને પાછો ઘેર પણ ચાલીને જતો. આ રીતે સ્કૂલે જવા અને આવવામાં રોજના બે કલાક તો ચાલવાની કસરત કરવામાં જ નીકળી જતા.' હું ભણવા માટે ખૂબ મહેનત કરતો. પહેલા ધોરણતમાં સારા માર્કસ મળ્યા પછી બીજા ધોરણમાં હું પહેલા નંબરે પાસ થયો.

દરમ્યાન, એક મજાની ઘટના બની ગઈ. તે વિશે વાત કરતા જીવરામ દાદા કહે છે કે : એ જર્મન વોરના દિવસો હતા. ચારેબાજુ યુદ્ધનું વાતાવરણ હતું. સ્કૂલમાં તો જર્મન નામનો શબ્દ બોલવા સામે પ્રતિબંધ મૂકી દેવાયો હતો. એ વખતે અમારે ત્યાં લગ્નપ્રસંગમાં ગવાતા એક ગીતના બોલ હતા ''જરમરિયા ઝાલા આવ્યા'તા....' પરંતુ તે ગીતમાં જરમર શબ્દનો ઉચ્ચાર જર્મન સાથે મળતો આવતો હોવાથી તે ગીત ગાવા કે ગણગણવા સામે પણ પ્રતિબંધ મૂકી દેવાયો હતો.

આવા નાના મોટા પ્રસંગો વચ્ચે બીજું ધોરણ પસાર કરીને જીવરામદાદા ત્રીજા ધોરણમાં આવ્યા ત્યારે એક કરુણ પ્રસંગ બની ગયો. અચાનક જ ભવાનીશંકરનું મૃત્યુ થઈ ગયું. તે વખતે જીવરામ જોશીની ઉંમર માંડ દસ વર્ષની હશે. .ઓચિંતા જ પિતાનું મૃત્યુ થઈ જવાથી જોશી પરિવાર પરતો દુઃખના ડુંગર ખડકણાં, પરિવાર બેસહારા બની ગયો. આર્થિક સ્થિતિ સાવ જ વણસી ગઈ. એટલે જીવરામે ભણવાનું છોડી દીધું, પણ પેટનો ખાડોતો પૂરવો જ પડે ને ? એ માટે શું કરવું ?

'મેં પેટની આગ ઠારવા માટે ગરણી અને પાનસડા ગામમાં લોટ માગવા જવાનું શરૂ કરી દીધું 'જીવરામ' જોશી દાદા દારૂણ ગરીબીમાં વિતાવેલા દિવસો વિશે વાત કરી રહ્યા છે ત્યારે તેમની પાંપણો ભીની થઈ જાય છે : 'હું રોજેરોજ બે ગામમાં ભિક્ષા માગવા જતો. પરિણામે બે ટંક રોટલા થાય તેટલો લોટ તો મળી જ રહેતો હતો. આ રીતે અમારું ગાડું ગબડતું રહ્યું.

આ સમય દરમિયાન સાતમા ધોરણ સુધી ભણેલા જીવરામ જોશીના મોટા ભાઈ દુર્લભજી જોશી બાજુમાં આવેલા નડાળા ગામમાં કાઠી રાજાએ શરૂ કરેલી શાળામાં બે રૂપિયાના પગારે શિક્ષક તરીકે જોડાઈ ગયા. એ જ અરસામાં બીજી ઘટના બની ગઈ. આ સંદર્ભમાં વાત કરતા જીવરામદાદા કહે છે : 'અમારા ગામનાં એક બ્રાહ્મણ અમદાવાદની હોટેલમાં રસોઈની નોકરી કરતા હતા. તે અચાનક જ એક વાર આવી ચડયા. તે મોટા ભાઈને અમદાવાદની હોટેલમાં નોકરી અપાવવા માટે તેમની સાથે લઈ ગયા'

દુર્લભજીભાઈ તો બિસ્તરા પોટલા વાળીને અમદાવાદ ચાલ્યા ગયા. તેમના ગયા પછી બાળ જીવરામ ફરી એકવાર ભિક્ષા માગવાના કામમાં જોતરાઈ ગયો. એ દૈનિક ક્રમ

મુજબ સવાર સાંજ લોટ માગી આવતો, અને મા–દીકરો બે ટંક રોટલા ભેગા થતા. આ રીતે કેટલાક દિવસો પસાર થયા.

'એક દિવસ મને વિચાર આવ્યો કે જો હું અમદાવાદ જાઉં તો ત્યાંની શાળામાં અભ્યાસ આગળ વધારી શકાશે. જીવરામ દાદા આમ કહીંને અટકી જાય છે. પછી માથે ચમકતી ટાલ પર હાથ ફેરવી લઈને વાતનો દોર આગળ ચલાવે છે : 'તે વખતમાં જસદણથી બોટાદ થઈને ટ્રેન અમદાવાદ જતી હતી, પરંતુ ટ્રેનમાં જવા માટે રેલવેટિકિટ લેવી પડે અને ટિકિટના ત્રણ રૂપિયા થતા હતા. મારા માટેતો ત્રણ પૈસા ભેગા કરવા પણ અશકય હતા. એટલે મુશ્કેલી એ હતી કે ટિકિટ માટેના ત્રણ રૂપિયા લાવવા કયાંથી ?

આ સવાલના જવાબમાં જીવરામ તેની માતા સંતોકબેન પાસે પહોંચી ગયો. ત્યાર પછી મા દીકરા વચ્ચે આ સંવાદ થયો.

'બા, મને ત્રણ રૂપિયા જોઈએ છે,' જીવરામે સહેજ ખચકાઈ ને માગણી કરી.

'ત્રણ રૂપિયા... આટલા બધા રૂપિયાનું તારે શું કરવું છે ? સંતોકબેન ચોકી ઊઠયા.

'મારે અમદાવાદ ભણવા જવું છે' જીવરામે પોતાની માગણીનું કારણ સમજાવ્યું.

'પણ દીકરા, એવડી મોટી રકમ મારી પાસે કયાંથી હોય ? સંતોકબેન ગળગળાં થઈ ગયા.

'પરંતુ મારે તો પૈસા જોઈએ જ' જીવરામે જીદ પકડી.

'સારું ત્યારે. ત્રણ રૂપિયા તો મારી પાસે નથી પણ આ અઢી રૂપિયા ભેગા થયા છે તે લઈ જા...' સંતોકબેને પાલવના છેડે બાંધેલી બચતની બધી રકમ દીકરાને આપી દીધી.

જીવરામના હાથમાં એકસાથે અઢી રૂપિયાની રકમ આવી જવાથી એને તો જાણે જંગ જીતી લીધો હોય તેવો આનંદ થયો. એણે ખમીસના ખિસ્સામાં અઢી રૂપિયા સાચવીને મૂકી દીધા, પછી પોટલું વાળીને એ તો જસદણ ઉપડયો....

'જસદણ સ્ટેશનેથી બોટાદ જતી ટ્રેનનું ટિકિટભાડું આઠ આના થતું હતું' જીવરામદાદા ઘડપણમાં બાળપણનાં સંભારણાં તાજાં કરી રહ્યા છે : 'મારી પાસે તો અઢી

રૂપિયા જેવી મોટી રકમ હતી. છતાં એ રકમમાંથી આઠ આના ઓછા થઈ જશે એવી બીકમાં ને બીકમાં મે ટિકિટ લીધી નહીં અને ખુદાબક્ષ મુસાફર બનીને બોટાદ જતી ટ્રેનમાં ચડી ગયો'

ટ્રેન થોડી વારમાં જ ઉપડી. ત્યારબાદ થોડા સમયમાં ટિકિટચેકર આવ્યો. એ વારાફરતી બધા મુસાફરોની ટિકિટ તપાસવા લાગ્યો. એમ કરતાં કરતાં ચેકર જીવરામ પાસે આવ્યો.

'તારી ટિકિટ બતાવ'

'મેં ટિકિટ લીધી જ નથી'

'તારે કયાં જવું છે?'

'અમદાવાદ, ભણવા માટે...'

'આમ વગર ટિકિટે ભણવા ન જવાય. હવે એમ કરજે કે બોટાદ સ્ટેશનેથી અમદાવાદ જવા માટેની ટિકિટ લઈ લેજે'

આ સંવાદ થયા પછી થોડીવારમાં જ બોટાદ સ્ટેશન આવી ગયું. જીવરામે અહીંની ટિકિટબારી પરથી ટિકિટ લીધી અને અમદાવાદ જતી ટ્રેનમાં એ બેસી ગયો.

અમદાવાદ સ્ટેશન પર ઉતરીને હું સીધો જ મારા મોટાભાઈએ આપેલા સરનામે પહોંચી ગયો. જીવરામદાદા અહીં સુધી કહ્યા પછી વાતનો દોર આગળ વધારે છે : 'અમદાવાદમાં ચંદ્રવિલાસ હોટેલ પાસે આવેલા એક મકાનમાં મારા મોટા ભાઈ હરિશંકર જોશી નામના સદગૃહસ્થ સાથે રહેતા હતા. હું પૂછતા પૂછતા તે સરનામે પહોંચી ગયો અને દુર્લભજીભાઈને મળ્યો'

જીવરામને અચાનક જ આવી ચડેલો જોઈને દુર્લભજીભાઈને ઘણો આનંદ થયો. એકમેકના ખબરઅંતર પૂછયા પછી બન્ને ભાઈઓ વચ્ચે આ વાતચીત થઈ.

'જીવરામ તું અહીં કેમ આવ્યો છે?'

'ભણવા માટે'

દુર્લભજીભાઈ આ જવાબ સાંભળીને ભડકી ગયા. એ પોતાનું તો માંડ પૂરું કરી શકતા હતા. એવામાં જીવરામને ભણાવવાનું અને ખવડાવવાનું તો કયાંથી પરવડે ?

દુર્લભજીભાઈએ સ્પષ્ટ શબ્દોમાં જીવરામને કહી દીધું : 'મારામાં આપણાં બન્નેનું પૂરું કરવાની ત્રેવડ નથી. તું ગામ પાછો ચાલ્યો જા'

જીવરામ તો આ વાત સાંભળીને એકદમ જ રડમસ થઈ ગયો. .એ બિચારો માંડ માંડ તો જસદણથી અમદાવાદ આવ્યો હતો. હવે મોટાભાઈ એને ઘેર પાછા જવાનું કહી રહ્યા હતા. જીવરામની આંખમાં આંસુ આવી ગયાં. એણે પોટલું બાંધી લેવાની તૈયાર કરી લીધી, પરંતુ એટલામાં તો હરિશંકર જોશી મદદે આવ્યા. અમદાવાદ સુધી ભણવા લાંબો થયેલો છોકરો નિરાશ થઈને પાછો ફરે એ તેમને ગમ્યું નહીં, એટલે વચલો ઉપાય વિચારીને તે બોલ્યા :

'દુર્લભજીભાઈ, ભલેને જીવરામ અહીં રહેતો. એ ચંદ્રવિલાસમાં નોકરી કરશે અને સાથે સાથે ભણશે પણ ખરો'

દુર્લભજીભાઈના ગળે આ વાત ઉતરી ગઈ. તેમણે જીવરામને અમદાવાદમાં રહીને ભણવાની સંમતિ આપી દીધી. તેમણે જીવરામને નવી ગુજરાતી રાષ્ટ્રીય શાળામાં દાખલ કરી દીધો. ત્યાર પછી એ ચંદ્રવિલાસ હોટેલના માલિક સાથે નોકરીની વાત કરવા ગયા.

'સાહેબ, મારા નાના ભાઈને નોકરીમાં રાખી લ્યો' દુર્લભજીભાઈએ જીવરામની ભણવાની ઈચ્છા વિશે વાત માંડી.

'ના, ના... નોકરી કરવાની જરૂર નથી, હું દિવસમાં એક વાર તેને મફતમાં જમાડી દઈશ' હોટેલ માલિક ઉદાર હતા.

આ રીતે જીવરામનો ભોજનનો અને ભણવાનો બંદોબસ્ત થઈ ગયો. તેણે રાષ્ટ્રીય શાળામાં અભ્યાસનાં ત્રણ વર્ષ પૂરાં કર્યાં. ત્યાર પછી પાનાચંદ ઝવેરચંદ સાંઘાણી નામના શિક્ષકની ભલામણથી ત્રણ દરવાજે આવેલી બળવંતરાય ઠાકોરની પ્રોપરાયટરી સ્કૂલમાં તેને પ્રવેશ મળી ગયો.

'એ જ અરસામાં મુસીબત ફરી એક વાર સામે આવીને ઊભી રહી ગઈ' જીવરામ દાદા આમ કહીને આગળ ઉમેરે છે : 'ચંદ્રવિલાસ હોટેલના માલિકને કોણ જાણે શું થયું કે તેને મને જમાડવાની ના કહી દીધી. મારે માટે ફરીથી જમવાની સમસ્યા ઊભી થઈ. હવે આ સમસ્યાનું નિરાકરણ કઈ રીતે કરવું ?'

આખરે જીવરામે પોતાની મુશ્કેલી વિશે પાનાચંદ ગુરુજીને વાત કરી. તેમણે કંઈક વિચારીને રસ્તો કાઢયો અને જીવરામને પૂછી લીધું :

'તને રસોઈ બનાવતાં આવડે છે ?'

'હા, આવડે તો ખરી'

'તો તો કામ થઈ જશે'

વાત જાણે એમ હતી કે જાણીતા સાહિત્યકારશ્રી રામનારાયણ વિ. પાઠકને એક રસોઈ બનાવનાર માણસની જરૂર હતી. જો જીવરામ રા.વિ.પાઠકને બે ટંકની રસોઈ બનાવી આપે તો તેને રહેવા માટેનું ઠેકાણુંય મળી જાય. અને અભ્યાસ પણ આગળ વધારી શકાય... આ જ ગણતરી કરીને પાનાચંદ ગુરુજી જીવરામને લઈને રા.વિ.પાઠકને ઘેર ગયા અને કહ્યું, 'પાઠક સાહેબ, આ છોકરો તમને રસોઈ બનાવી દેશે'

રા.વિ.પાઠક તો ઘડીભર જીવરામની સામે જોઈ જ રહ્યા. ત્યાર પછી બન્ને વચ્ચે આ પ્રકારનો સંવાદ થયો.

'તને બધી રસોઈ બનાવતા આવડે તો છે ને?'

'હા, પાઠકસાહેબ'

'તો કહે જોઉ, દાળ કેવી રીતે બનાવાય?'

'પહેલાં પાણી ચડાવવાનું, પછી તેમાં દાળ મૂકવાની'

'દાળ ધોવાની કે નહીં?'

'હા, ધોવાની'

'સારું ત્યારે... આજથી તું અહીં જ રહી જા. તને જે નહીં આવડે તે હું શીખવી દઈશ'

જીવરામ જોશીની રહેવાની, જમવાની અને ભણવાની સગવડ થઈ ગઈ. એ રોજ પાઠકસાહેબને જમાડીને શાળાએ જતો અને શાળાએથી આવ્યા પછી પણ તેમને જમાડતો. આ રીતે એક પછી એક દિવસો પસાર થતા ગયા.

'એ દિવસોમાં સ્વદેશી આંદોલનથી પ્રેરાઈને મેં જીવનભર ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લઈ લીધી' જીવરામદાદા ખાદીના ઝભ્ભા પર હાથ ફેરવી લઈને વાતનો દોર

આગળ ચલાવે છે : હું આઝાદીની લડત દરમિયાન સરઘસોમાં ભાગ લઈને રાષ્ટ્રગીત ગાતો અને નવરાશની પળોમાં વાંચન કરતો હતો. પરિણામે મારી વાંચનભૂખ તીવ્ર થતી ગઈ'

જીવરામ જોશીને મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવામાં મજા પડતી. એકવાર ફુરસદના સમયમાં તે રા.વિ.પાઠક દ્વારા અનુવાદિત બૌદ્ધ સાહિત્યના પ્રાધ્યાપક ધર્માનંદ કૌસંબીનું જીવનચરિત્ર વાંચી રહ્યા હતા. તે જ વખતે પાઠકસાહેબ ઘરમાં દાખલ થયા.

ત્યાર પછી જીવરામ જોશી અને રા.વિ.પાઠક સાહેબ વચ્ચે આ સંવાદ થયો :

'જીવરામ, તું શું વાંચે છે ?'

'ધર્માનંદ કૌસંબીનું જીવનચરિત્ર....'

'એ જીવનચરિત્રમાં શું આવે છે?'

'કૌસંબી ચાલીને ભણવા માટે કાશી ગયેલા'

'તું પણ ધર્માનંદ કૌસંબી બની શકે'

શ્રી રા.વિ.પાઠક તો આમ કહીને ચાલ્યા ગયા, પરંતુ જીવરામ જોશીના દિમાગમાં આ શબ્દોએ ઘર કરી લીધું. તેના મગજ પર ધર્માનંદે કૌસંબી બનવાની ધૂન સવાર થઈ ગઈ, તેને થયું કે મારે પણ ચાલીને કાશીએ ભણવા જવું જોઈએ. ધર્માનંદ કૌસંબી કાશી સુધી પગપાળા જઈ શકે તો હું પણ જઈ શકું.

'એક દિવસ પોટલું બાંધીને હું અમદાવાદથી કાશી જવા નીકળી પડયો' જીવરામદાદાની નજર સામે અતીતનાં દૃશ્યો ચિત્ર બનીને આકાર લઈ રહ્યા છે : 'દુર્લભજીભાઈને જાણ કર્યા વગર જ મેં કાશીની યાત્રા શરૂ કરી દીધી. કોઈપણ હિસાબે મારે તો કાશી જ પહોંચવું હતું. રસ્તામાં ખાવાપીવાની તકલીફ પડે નહીં તે માટે સાધુબાવાઓની જમાતમાં ભળી જતો. અને સદાવ્રતમાં ભરપેટ ભોજન કરી લેતો. આ રીતે સમય પસાર થતો રહ્યો. આખરે એક દિવસ હું કાશી પહોંચી જ ગયો'

જીવરામ જોશીએ કાશીમાં ગંગાસ્નાન કર્યું અને ત્યારપછી તેમના મોટા ભાઈ દુર્લભજીભાઈને એક લાઈનનું પોસ્ટકાર્ડ લખી નાખ્યું : હું વિદ્યાભ્યાસ માટે કાશી પહોંચી ગયો છું.

'મેં કાશી વિદ્યાપીઠમાં આગળ ભણવાનું શરૂ કરી દીધું' જીવરામદાદા વિદ્યાર્થી તરીકે પસાર કરેલા દિવસોની વાતો કરી રહ્યાં છે : મેં તો ભણવાની સાથે જ ભોજનનો પ્રબંધ પણ કરી લીધેલો. તે માટે હું પણ બીજા વિદ્યાર્થીઓની જેમ જ માધુકરીના નિયમોનું પાલન કરતો. હું નિયમ મુજબ ઝોળીમાં થાળી, કટોરો લઈને ત્રણથી ચાર ગુજરાતી ઘરોમાં ભિક્ષાર્થે જતો. ઘરની બહાર ઊભી રહીને 'ભવતિ ભિક્ષાદેહિ' ની બૂમ પાડતો. પછી ભિક્ષામાં જે મળે તે પ્રેમથી જમી લેતો'

આ રીતે એકાદ વર્ષ પસાર થયું ત્યારે એક ઘટના બની ગઈ અને જીવરામ વિદ્યાર્થી મટીને સત્યાગ્રહી બની ગયો. બન્યું એવું કે ઈ.સ. ૧૯૩૦ની સાલમાં કાશી વિદ્યાપીઠની મુલાકાત લઈને ગયા પછી મહાત્મા ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કરવા માટે દાંડીકૂચનો આરંભ કર્યો.

'મહાત્માજીએ દાંડીકૂચ શરૂ કરી તે જ દિવસે કાશીમાં મે નમકનો સત્યાગ્રહ કર્યો' જીવરામ જોશીનું સત્યાગ્રહી તરીકેની બાજુ અહીં ખુલે છે :

'એ વખતે સ્થાનિક સરકારની નીતિ એવી હતી કે કોઈપણ સત્યાગ્રહીની ધરપકડ કરવી નહીં. પરિણામે લોકોમાં સત્યાગ્રહ માટે જોઈએ તેવો ઉત્સાહ નહોતો. એથી પોલીસ લાઠીચાર્જ અને ધરપકડ કરે તેવા સંજોગોનું નિર્માણ કરીને, લોકોનો જુસ્સો વધારવાનો ઉપાય મે વિચારી લીધો'

એ ઉપાય મુજબ જીવરામ જોશીએ કાશીના કોટવાળી વિસ્તારમાં આવેલા હરિશ્ચંદ્ર ચોકમાં નમક બનાવવાની જાહેરાત કરી હતી. ત્યારપછી એ દસ માણસોની ટુકડી સાથે ચોકમાં પહોંચી ગયા. તેમણે સગડીમાં ભઠ્ઠા સળગાવ્યા અને ત્રણેક કડાયામાં નમક ધોળેલું પાણી ઉકાળવા મૂકી દીધું... જીવરામના પાસા પોબાર પડયા.

'અમે તો અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદ કરાવવા માટે હોંશે હોંશે પોલીસનો માર ખાધેલો' જીવરામ દાદા અહીં સુધી કહીને અટકી જાય છે. પછી નિસાસો નાખે છે : 'પરંતુ અત્યારના રાજકારીઓએ આઝાદ દેશની જે અવદશા કરી છે તે જોઈને હૈયું વલોવાઈ જાય છે. આપણા મહાન નેતાઓએ આઝાદ ભારતની આવી કલ્પના કરી નહોતી. હાલના રાજકીય નેતાઓને તો દેશની જરાય પરવા જ નથી. તેમણે દેશને તારાજ

કરી દીધો છે. જાતજાતના કાવાદાવાઓથી ખદબદતા આપણા રાજકારણીઓ માટે એમ કહીં શકાય કે રાક્ષસો ફરી વાર જનમ્યા છે !'

આ રીતનો આક્રોશ જીવરામ જોશીમાં ભારોભાર ભરેલો હતો. તેમના દિલમાં સરફરોસીની તમન્ના હતી. કાશીમાં વિદ્યાભ્યાસ માટે ગયેલા જીવરામ જોશીમાં પરિવર્તન આવે છે અને દેશદાઝ તો તેમનામાં પહેલેથી જ હતા. તેથી ભારતને આઝાદી અપાવા તેઓ ક્રાંતિકારી બને છે અને અંગ્રેજોને હંફાવે છે.

આ ક્રાંતિકારીનું પાસું ગુજરાતી વાચકોને બિલકુલ અજાણ્યું છે. તે પાસાને જાણવાનો પ્રયાસ કરીએ.

## ✫ ક્રાંતિકારી જીવરામ જોશી :

તેમના કાશીના જીવનકાળ દરમિયાન એક ઘટના બને છે તે તપાસીએ :

'આપણી રિવોલ્વરો તૈયાર તો છે ને....'

'હા, એકદમ તૈયાર છે'

'કેટલી રિવોલ્વરોની સગવડ થઈ શકી છે'

'હાલ ત્રણની સગવડ થઈ છે'

'અત્યારે તો એટલી પણ ચાલશે'

૧૯૩૦નો દાયકો અને બરેલીની નજીક આવેલા રામપુર નામના નાનકડા ગામનું દૃશ્ય... મધરાતનો સમય છે. અત્યારે આખ્ખું ગામ ઘસઘસાટ ઊંઘી રહ્યું છે, પરંતુ ગામના છેક છેવાડે આવેલા ઝૂંપડાની ઊંઘ વેરણ બની ગઈ છે. અહીં હથિયારોની લેવડદેવડ માટે એકઠા થયેલા બે ક્રાંતિકારીઓ અત્યંત ધીમા અવાજે ગુસપુસ કરી રહ્યાં છે. રાતનાં ઘોર અંધકારમાં, સ્વાતંત્ર્ય સંગ્રામના બન્ને લડવૈયાઓ વચ્ચેની વાતચીતનો દોર આગળ વધે છે...

'રિવોલ્વરો કેટલા બોરની છે?' બનારસથી આવેલા ક્રાંતિકારીએ ચોકસાઈ કરવા માટે પૂછી લીધું.

'અગિયાર બોરની...' રામપુરવાસીએ જવાબ દીધો.

'લાવો, એ ત્રણેય રિવોલ્વરો મને સોંપી દો' બનારસથી આવેલા ક્રાંતિકારીના સ્વરમાં અધીરાઈ હતી.

'આ લ્યો...' રામપુરવાસીએ ઝૂંપડાના અંધારા ખૂણામાં દાટેલી હથિયારોની પોટલી કાઢીને પેલા ક્રાંતિકારીના હાથમાં આપી દીધી.

'તો હવે હું ઉપડું' બનારસથી આવેલા ક્રાંતિકારીના પગમાં ઉતાવળ આવી ગઈ.

'પણ આ રિવોલ્વરોને કયાં ઠેકાણે પાડશો...' રામપુરવાસીએ ચિંતા વ્યકત કરી.

'કાશીમાં રહેતા એક મિત્રને ઘેર...' બનારસથી આવેલા ક્રાંતિકારી વાકય અધૂરું જ મૂકી દઈ ઝૂપડાની બહાર નીકળી ગયા.

ક્રાંતિકારીએ, ત્યાર પછી ત્રણેય રિવોલ્વરો વસ્ત્રોમાં સંતાડી દીધી અને કાશીના રસ્તે ચાલી નીકળ્યા. લપાતા છુપાતા, દબાતા પગલે એ ઝડપથી ચાલતા રહ્યા. બસ ચાલતા જ રહ્યા....

'હું વહેલી સવારે તો કાશી પહોંચી પણ ગયો...' અમાવાદ સ્થિત મીઠાખળી છ રસ્તા વિસ્તારમાં આવેલ પોતાના ઘેર મારી સાથેની વાતચીત દરમ્યાન, અઠ્ઠાણું વર્ષના એકવડિયાને મજબૂત બાંધો ધરાવતા વયોવૃદ્ધ બાળસાહિત્યકાર જીવરામ જોશી રાજકીય ક્રાંતિકારી તરીકે પસાર કરેલ જીવન પૂર્વાર્ધની કથામાંડણી કરી રહ્યા છે, ત્યારે અહીં સુધી કહીને અટકી જાય છે. પછી આંખ પર કાળી ફ્રેમના ચશ્માં ચડાવીને, ધોળી દાઢી પર હાથ પસવારીને કથાનો દોર સાંધી લે છે : 'કાશીની ગોદલિયા ગલીમાં આવેલી ધર્મશાળામાં મારો એક અંગત મિત્ર રહેતો હતો. મેં પેલી ત્રણેય રિવોલ્વરો તેને સોંપી દેવાનું નકકી કર્યું. એ ગલી બહુ દૂર નહોતી. હું થોડી વારમાં જ ત્યાં પહોંચી ગયો. હવે મારી અને ધર્મશાળા વચ્ચે માંડ સો ફૂટનું અંતર હતું. મને થયું કે લાંબી ફાળ ભરીને એક વાર ધર્મશાળામાં પહોંચી જાઉં એટલે ગંગા નાહયા...'

'પરંતુ નસીબ બે ડગલાં આગળ જ હતું. ના, બે નહીં બાવીસ ડગલાં... ક્રાંતિકારી જીવરામ જોશીએ હજુ તો ગલીમાં પગ મૂકયો, ન મૂકયો કે તેની નજર એક ઈન્સ્પેકટર પર પડી.

'એ જ સમયે ઈન્સ્પેકટરની નજર મારા પર પડી...' જીવરામદાદા ક્રાંતિકારી જીવનનું રોચક પ્રકરણ સંભળાવી રહ્યા છે ત્યારે તેમની નજર સામે અતીતનું દૃશ્ય ખડું થઈ જાય છે : 'મારી અને ઈન્સ્પેકટરની નજર મળી કે તરત જ હું બાજુની ગલીમાં વળી ગયો. ઈન્સ્પેકટરે તેમની ટોળકીના દસબાર ખબરીઓ સાથે મારો પીછો પકડયો. હું ઝપાટાભેર દોડવા માંડયો. એમ કરતાં દૂધવાળા ભૈયાઓ અને એકકાવાળાનાં રહેઠાણો વચ્ચેની બે ગલીઓ વટાવીને હું રેવાભાઈની ધર્મશાળાના પાછલા ભાગમાં પહોંચ્યો....'

પરંતુ હજુ સુધી બદનસીબીએ પીછો છોડયો નહોતો. જીવરામ જોશી રેવાબાઈની ધર્મશાળાના પાછલા ભાગમાં પહોંચ્યો ત્યારે ઈન્સ્પેકટર અને ખબરીઓ તેના સ્વાગત માટે તૈયાર જ ઊભા હતા. એ લોકો જીવરામ જોશીનો રસ્તો રોકીને ઊભા રહી ગયા. હવે, જીવરામ જોશી જો જલદી જે કાંઈ ઉપાય ન કરે તો તેની ધરપકડ થઈ જવાની પૂરેપૂરી શકયતા હતી. એટલે એક પળનો પણ વિલંબ કર્યા વિના જીવરામ જોશીએ રિવોલ્વર કાઢી અને તાકી.

'હેન્ડઝ અપ...' જીવરામ જોશીએ ઈન્સ્પેકટરના હૃદયનું નિશાન લીધું.

જીવરામ જોશીના હાથમાં રિવોલ્વર રમતી જોઈને ઈન્સ્પેકટર અને ખબરીઓ થરથર કાંપવા લાગ્યા. તેમણે જીવ બચાવવા માટે હાથ ઊંચા કરી દીધા.

'સબકો શૂટ કર દૂંગા... જૈસે હો ખડે રહો...' જીવરામ જોશીએ રિવોલ્વરની ટ્રિગર પર આંગળી મૂકીને કડક શબ્દોમાં ધમકી દીધી.

બિચ્ચારા ઈન્સ્પેકટર અને તેમના ખબરીઓ... નજર સામે મોત નાચતું હોય ત્યારે એ લોકો બીજું શું કરી શકે ? એમણે શરણાગતિ સ્વીકારી લીધી. એ તમામ પૂતળું બનીને, ઊભા હતા ત્યાં જ ખોડાઈ ગયા અને જીવરામ જોશીએ તક ઝડપને નાસી છૂટયો. પણ એ નજરથી દૂર થયો કે તરત જ ઈન્સ્પેકટરે ફરી એકવાર તેનો પીછો પકડયો....

'પરંતુ એટલીવારમાં તો હું ગોળ ઘર નામની ધર્મશાળામાં ઘૂસી ગયો...' જીવરામદાદા ફિલ્મી કથાને પણ ટકકર મારે તેવી વાસ્તવિક કથાનું રસપ્રદ પ્રકરણ આગળ વધારે છે : 'હું તો ગોળઘર ધર્મશાળાના ત્રીજા માળે સડસડાટ ચડી ગયો. એ ધર્મશાળાની અગાશીમાં બાકોરાની બાંધણી એવા પ્રકારની હતી કે તેમાંથી રસ્તા પરનું દૃશ્ય પણ નજરે

પડતું હતું. મેં તો બાકોરામાંથી બહાર નજર કરી ત્યારે જોયું કે ઈન્સ્પેકટર મારા વિશે એક પાનવાળા ભૈયાજીને પૂછપરછ કરી રહ્યા હતા. મને તેમના વચ્ચેની વાતચીત સ્પષ્ટ સંભળાઈ....'

'અરે ભૈયાજી, કિસી ભાગતે હુએ આદમીકો દેખા'

'નહીં દેખા'

ત્યાર પછી થોડી ઘણી પૂછપરછ કરીને ઈન્સ્પેકટર તો ચાલ્યા ગયા, પરંતુ ત્રીજા માળના બાકોરામાંથી તેમને જતા જોઈ રહેલા જીવરામ જોશીને ભય હતો કે ઈન્સ્પેકટર સાહેબ ગમે ત્યારે પાછા આવી ચડશે...

'પરિણામે પોલીસના ડરથી હું ઓરડામાં જ ભરાઈ રહ્યો...' જીવરામદાદા અહીં સુધી કહ્યા પછી ફરી વાતનું અનુસંધાન કરે છે : 'એમ કરતાં કરતાં લગભગ અગિયાર વાગ્યા. મેં આસપાસમાં સી.આઈ.ડી. નો કોઈ માણસ નહીં હોવાની ખાતરી કરી લીધી અને ઝડપથી નીચે ઉતરી ગયો. પછી તો હું ઉતાવળે પગલે ચાલવા માંડયો. મને એમ હતું કે પોલીસને હાથતાળી આપીને હું નીકળી જઈશ, પરંતુ મારી ધારણા ખોટી નીવડી. સી.આઈ.ડી. ખાતું સાબદું જ હતું. તેમણે દરેક ગલીમાં છૂપી પોલીસનો એક એક માણસ ગોઠવી દીધેલો. હું ગોળ ઘરની બહાર નીકળ્યો ત્યારે તેમાંના એક માણસે મને જોઈ લીધો. તેણે મારો પીછો પકડયો'

જીવરામ જોશી આગળ આગળ અને છૂપી પોલીસ પાછળ પાછળ... બન્ને વચ્ચે સંતાકૂકડી રમાતી જ રહી. મોકો મળતાં જ જીવરામ ગાયઘાટના રસ્તે થઈને રેવાકોટાની ધર્મશાળામાં પહોંચી ગયો અને બીજે માળે આવેલા એક ઓરડામાં છુપાઈ ગયો....

પરંતુ જીવરામ જોશી ચતુર તો હતા જ તો સી.આઈ.ડી. ખાતું મહાચતુર હતું. તેમણે ઝડપી તપાસ કરીને રાતોરાત ભાળ મેળવી લીધી કે આ અજાણ્યો માણસ કયાં રહે છે. પછી પગેરું, કડી પકડીને સી.આઈ.ડી. રેવાકોટાની ધર્મશાળા સુધી પહોંચી જ ગઈ.

'ત્યારે બપોરનો સમય હતો. લગભગ એક વાગ્યો હશે' જીવરામદાદા અહીં સુધી કહ્યા પછી વાતનો દોર આગળ વધારે છે : 'હું ભોજન લીધા પછી આડે પડખે થયો હતો.

એવામાં અચાનક જ નીચે કૂતરું મસ્યું. એટલે હું ઊઠયો અને ગલીમાં પડતી બારીમાંથી બહાર નજર કરી. જોયું તો નીચે બે બાતમીદાર ઊભા હતા'

પોલીસના બાતમીદારોને જોઈને જીવરામ જોશીની આંખમાંથી ઊંઘ ઉડી ગઈ. તેણે ખીંટીએ ટીંગાડેલો કોટ પહેરી લીધો. તેનાથી નીચે તો ઉતરી શકાય તેમ નહોતું. એટલે એ ધર્મશાળાના ધાબા પર ચડી ગયો. હવે પોલીસના પંજામંથી બચવા માટે તેની પાસે એક જ રસ્તો હતો : એક ધાબા પરથી બીજા ધાબા પર કૂદતાં કૂદતાં ગલી પાર કરી જવી, પરંતુ એ રીતે કૂદકો મારવામાં જોખમ રહેલું હતું. હવે શું કરવું ?

'આખરે મેં ધાબા પરથી ભૂસકો મારવાનું સાહસ ખેડવાનો નિર્ણય કરી જ લીધો' કથા પરાકાષ્ઠા તરફ આગળ વધી રહી છે ત્યારે જીવરામદાદાની આંખમાં ચમક આવી જાય છે : 'હું જે ધાબા પર ઊભો હતો ત્યાંથી બીજું ધાબું વીસ ફૂટના નીચાણ પર હતું. મેં તો હિંમત કરીને, આંખ મીંચીને ભૂસકો મારી દીધો. એક તો બપોરનો બળબળતો તડકો અને ઉપરથી મારા પગ પણ ઉઘાડા હતા. એટલે કૂદકો મારતાં જ મારા પગ દાઝી ગયા. દાઝયાની બળતરા થતી હોવા છતાં હું તો એક ધાબા પરથી બીજા ધાબા પર, એમ ધાબે ધાબે કૂદતો ગયો. એ રીતે હું કૂદકે ને ભૂસકે થોડી જ વારમાં મણિકર્ણિકા ઘાટની નજીકના ધાબા પર પહોંચી ગયો'

આ ધાબાની અડોઅડ વીસ ફૂટ ઊંચી દીવાલ હતી. જીવરામ જોશીએ એ દીવાલ ઓળંગવા માટે જબરદસ્ત છલાંગ લગાવી અને એ દીવાલની બીજી બાજુએ જઈને પડયા. જીવરામ જોશીએ જો કે કૂદકો મારતાં તો મારી દીધો પણ એ જયાં પડયો ત્યાં નીચે કાંટા પથરાયેલા હતા.

'મારા પગની પાનીમાં એક કાંટો ખૂંચી ગયો હતો. અને પીડાને કારણે મારાથી ઉંહકારો થઈ ગયો, 'જીવરામ દાદા આ વાત કરી રહ્યા છે ત્યારે તેમના ચહેરા પર વેદનાના ભાવ ઉપસી આવે છે : 'પગમાં શૂળ ખૂપી જવાને લીધે મને અત્યંત પીડા થઈ હતી છતાં હું દોડતો જ રહ્યો. થોડી જ વારમાં મણિકર્ણિકા ઘાટ પર પહોંચી ગયો. પણ ત્યાં સુધીમાં તો શૂળ ખૂબ ઊંડે પેસી ગઈ હતી. મારું દર્દ અસહ્ય થતું જતું હતું. હું માંડ માંડ પગ ઘસડતો એક મિત્રને ઘેર પહોંચ્યો. તે બાજુમાંથી એક હજામને બોલાવી લાવ્યો. હજામે ચીપિયાથી

શૂળ ખેંચી કાઢી. શૂળ નીકળી ગયા પછી પગમાંથી લોહીની ધાર થઈ. તે લોહી વહેતું અટકાવવા માટે મેં પગ પર કચકચાવીને પાટો બાંધી દીધો'

ત્યારબાદ થોડા જ કલાકોમાં જીવરામ જોશીનો પગ સાજોનરવો થઈ ગયો. એ છૂપી પોલીસની નજર ચૂકવીને સ્વામી સત્યાનંદ નામના ક્રાંતિકારી પાસે પહોંચી ગયો. સત્યાનંદને ત્રણેય રિવોલ્વરો સોંપી દઈને જીવરામ ત્યાંથી નીકળી ગયો.

જોકે ત્યાર પછી તો અંગ્રેજ પોલીસે સ્વામી સત્યાનંદ પર ખોટું આળ ચડાવીને તેને મણિકર્ણિકા ઘાટ પર ફાંસીએ ચડાવી દીધો' અહીં સુધી કહેતાં કહેતાં તો જીવરામદાદાની આંખમાં ઝળઝળિયાં બાઝી જાય છે. આંખમાં ધસી આવેલાં આંસુ પરાણે ખાળીને એ વાતનો દોર આગળ વધારે છે : 'સત્યાનંદને ફાંસી થયા પછી હું કાશીથી બિહાર ચાલ્યો ગયો. ત્યાં મે કાળી મજૂરી કરી. જો કે બિહાર પણ રહેવા માટે સલામત નહોતું. કેમ કે તે સમયમાં અંગ્રેજ પોલીસ પોતાનો માનમરતબો વધારવા લોકોને વીણીવીણીને ખોટી રીતે ફાંસીએ ચડાવી દેતા. મને થયું કે બિહારમાં રહીશ તો આજે નહીં તો કાલે પકડાઈ જ જઈશ. એટલે એક રાત્રે અંધારપછેડી ઓઢીને મેં બિહારને આખરી સલામ કરી દીધા અને હું ગુજરાતમાં પાછો ફર્યો.'

પોતાના જીવનકથાની અનેરી દાસ્તાન સંભળાવી રહેલા જીવરામદાદા કાશીથી ગુજરાત સુધીની સફર વિશે કહ્યા પછી વાતનો દોર આગળ વધારે છે : 'ગુજરાત પાછા ફર્યા પછી હું ભાવનગર ગયો. ત્યાં શ્રી ગિજુભાઈ બધેકા દ્વારા સંચાલિત દક્ષિણામૂર્તિ ગ્રામશાળામાં મારા મોટાભાઈ દુર્લભજી જોશી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. હું ત્યાં ગયો એટલે દુર્લભજીભાઈએ ગિજુભાઈને મારી ભલામણ કરી ને કહ્યું કે આને કયાંક ગોઠવી દઈએ...'

પરંતુ ગિજુભાઈ જીવરામ જોશીને કયાંક ગોઠવે એ પહેલાં જ ગિજુભાઈના જમાઈએ જીવરામ જોશીને એક શાળામાં ગોઠવી દીધો. જીવરામદાદા આ વિધાનના અનુસંધાનમાં કહે છે : 'ગિજુભાઈનો જમાઈ ચંદ્રકાંત મારો મિત્ર હતો. હું નોકરીની શોધ કરતો હતો તે દરમિયાન અચાનક જ એક વાર એ મને મળી ગયો. મેં નોકરીની મૂંઝવણ

વ્યકત કરી ત્યારે તેણે મને ખાડિયા વ્યાયામશાળાની સામે આવેલી સ્કૂલમાં શિક્ષક તરીકે ગોઠવી દીધો'

અને જીવરામ જોશી રાજકીય ક્રાંતિકારી મટીને બાળકોના શિક્ષક બની ગયા. બાળશિક્ષક તરીકે કામ કરતાં કરતાં જ તેમણે બાળકો માટેના સાહિત્યનું સર્જન કરવાનો પણ પાકો નિર્ણય કરી લીધો.

## ✰ મૃત્યુ સાથે બે વખત સાક્ષાત્કાર :

જીવરામ જોશી એક સાહસિક અને નીડર વ્યકિત હતા. ૯૯ વર્ષની ઉંમરમાં તેમણે અનેક સાહસો ખેડયા છે, પણ મૃત્યુની બીક કદી તેમને લાગી નથી. તેઓ તે અંગે વાત કરતા જણાવે છે કે : 'હું સુરતમાં હતો ત્યારની આ વાત છે. હું એક દિવસ દૈનિક કેમ પ્રમાણે પરોઢિયે ચાર વાગ્યે ઊઠયો અને ચોવીસ કલાક અગાઉ પાણીમાં પલાળી રાખેલી બે તોલાં હીમેજ પીધી. પછી નિયમ પ્રમાણે તાપીના કિનારે ગયો. ત્યાં શીર્પાસન અને પ્રાણાયામ કર્યા. એટલામાં તો તાપી નદીમાં ભરતી ચડી એટલે નિત્યક્રમ મુજબ નદીમાં નાહવા પડયો, પણ હું સમયસર કિનારે પાછો ફરી શકયો નહીં. હું પાણીનું વહેણ પારખી શકયો નહીં અને પાણી સાથે ખેંચાતો ગયો, તણાતો ગયો. મને લાગ્યું કે જાણે મૃત્યુ મારાથી હાથવેંત જ છેટું છે. હું જોશભેર હાથપગ હલાવતો રહ્યો, પરંતુ પાણીનો પ્રવાહ એવો હતો કે કિનારા તરફ આગળ વધવાને બદલે હું અંદર જ ખેંચાતો ગયો. આખરે મારા હાથ થાકી ગયા. બાવડાનું બળ ખૂટતું ગયું. મને થયું બે બસ, હવે જિંદગી પૂરી થઈ ગઈ.'

એવામાં જીવરામ જોશીની નજર દૂર ઊભેલા એક વહાણ પર પડી. એથી તેમણે જોરથી, હતું તેટલું બળ એકઠું કરીને બૂમ પાડી : બચાવો, કોઈ બચાવો, તેમના સદ્ભાગ્યે વહાણવાળાએ બૂમ સાંભળી, પરંતુ દોડીને આવે અને જીવરામ જોશીને બચાવે એટલો સમય તેની પાસે નહોતો. વળી તે નદીનાં પાણી, ભરતી અને ઓટથી વાકેફ હતો. એ જાણી ગયો કે પાણી ઓસરવાં માંડયા છે એટલે તેણે ત્યાં ઊભા ઊભા જ બુલંદ અવાજે સલાહ આપી : પૈર નીચે રખો.

'મેં તેની સલાહ માનીને પગ નીચે ટેકવી દીધા અને જાણે ચમત્કાર થયો.' જીવરામ દાદા ફરી એકવાર મોતને હાથતાળી આપી રહ્યા હોય તેવું લાગે છે : 'મારા પગ નીચે જમીન આવી ગઈ હતી અને પાણી માત્ર ગરદન સુધી આવતું હતું. હું પાણીમાં ટટાર ઊભો થઈ ગયો. થોડીવાર પછી જ મને ખ્યાલ આવ્યો કે હું તો મરતાં મરતાં બચી ગયો છું. તે દિવસે મેં ભગવાનને એટલા પ્રેમથી યાદ કર્યા કે ન પૂછો વાત'

સુરતમાં જીવરામ જોશીને માથેથી પાણીની ઘાત ગઈ, જયારે કાશીમાં ગંધ દ્વારા મંડરાયેલા મૃત્યુની ઘાત તેમને માથેથી ગઈ.

જીવરામદાદા આ સંદર્ભમાં વાત કરતાં કહે છે : મૃત્યુના પાંચ વાહક છે. પાણી, અગ્નિ, વાયુ, સ્પર્શ અને ગંધ, સુરતમાં પાણીની ઘાતમાંથી હું માંડ માંડ બચ્યો હતો એવામાં કાશીમાં ગંધની જીવલેણ ઘાત મારા પર આવી પડી'

વાત જાણે એમ હતી કે જીવરામ જોશી કાશીમાં એક મિત્રને ઘેર રહેવા ગયા હતા. આ મિત્રના ઘરની વરણા નદી નજીક જ હતી. વરણાથી બે માઈલ દૂર બનારસ જેલ આવેલી હતી. એ જેલમાં જેને ફાંસી અપાતી તેનું મડદું વરણામાં નાખી દેવાનો રિવાજ જ બની ગયેલો. એકવાર આ રીતે એક મડદું વરણામાં નાખી દીધુ હશે. કદાચ ઝાઝા દિવસો થઈ ગયા હશે એટલે મડદું કોહવાઈ ગયેલું. તેમાંથી દુર્ગંધ વછૂટી રહી હતી.

'આજ દુર્ગંધે મને ઝપાટામાં લીધો' જીવરામદાદા આમ કહીને વાત આગળ વધારે છે : હું વરણા નદીને કિનારે આવેલી ફળોની વાડીની લગોલગ ચાલી રહ્યો હતો. થોડે દૂર જતાં જ મને વિચિત્ર ગંધ આવી. છતાં એને અવગણીને હું આગળને આગળ ચાલતો જ રહ્યો. ધીમે ધીમે દુર્ગંધની તીવ્રતા વધતી ગઈ. મારે ત્યાંથી જ પાછા વળી જવાની જરૂર હતી. પરંતુ હું તો હિંમત કરીને ચાલતો જ ગયો. આખરે દુર્ગંધ એટલી અસહ્ય બની ગઈ કે હું બેહોશ થઈને ઢળી પડયો.'

આ રીતે કેટલોક સમય પસાર થઈ ગયો ત્યારે અચાનક જ કોઈકનું ધ્યાન જીવરામ જોશી પર પડયું. એ માણસે નજીક આવીને જોયું તો જીવરામ જોશીના નાડીના ધબકારા ધીમા પડી ગયેલા. શ્વાસોશ્વાસ મંદ થઈ ગયેલો, પરંતુ તેમનામાં હજી જીવ બાકી હતો. એટલે એ માણસે જીવરામ જોશીને મોઢેથી શ્વાસ આપવાની પ્રક્રિયા કરી. થોડીવારમાં જ

ચમત્કાર થઈ ગયો. જીવરામ જોશી હોશમાં આવી ગયા. તેમનું હૃદય બરાબર ધબકવા લાગ્યું. એ ફરીવાર મૃત્યુના મુખમાં થી પાછા આવ્યા.

મૃત્યુ સાથે બબ્બે વાર સાક્ષાત્કાર થયા પછી જીવરામ જોશીને મોતનો ડર રહ્યો નથી. તેમને મોતની જરા સરખી પણ ફડક નથી. તે કહે છે : 'આખરે તો મૃત્યુ જ સત્ય છે. માણસ ગમે તેટલું લાંબુ જીવે તોય અંતે તો તેણે મૃત્યુ સાથે જ બાથ ભીડવાની છે. એટલે મૃત્યુથી ડરવાને બદલે ચાલો આપણે તેને મિત્ર બનાવીએ.'

## ✩ હિમાલય તરફ :

જીવરામ જોશીને રાજકીય ક્રાંતિકારી તરીકે કરેલી પ્રવૃત્તિઓ બદલ કાશીમાં અંગ્રેજ પોલીસ શોધતી હતી. એટલે તે કાશી છોડીને બિહાર જાય છે અને ત્યાંથી સુરત આવે છે. ત્યાંથી ફરીવાર તેઓ હિમાલયની યાત્રાએ નીકળી જાય છે.

ઉત્તર ભારતના પ્રદેશોનો પદયાત્રા કરતાં કરતાં પૂરું ઉત્તર ભારત ફર્યા. આધ્યાત્મિક શકિતઓતો જીવરામ જોશીમાં હતી જ તેથી જ તેઓ હિમાલય તરફ આકર્ષાયા અને પદયાત્રા કરતા હતા. સાધુવેશમાં ભગવા કપડાં જ પહેરવાના અને એક યાત્રી હોય તે રીતે જ રહેવાનું. આ રીતે ધીરે ધીરે હિમાલય તરફ પ્રયાણ કર્યું. ત્યાં વચ્ચે હરિદ્વાર, ઋષિકેશ, બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી વગેરે સ્થળોએ ચાલીને ફર્યા. ત્યાંથી નેપાળ, તિબેટ સુધીના પ્રદેશમાં ખૂબ જ ફર્યા. અસંખ્ય સાધુ સંતોના પરિચયમાં આવ્યા તેની સાથે જ રહેવાનું ને જમવાનું. આ રીતે ઘણા બધા ધર્મોના સંતો, વિદ્વાનો સાથે પરિચય થયો.

સંસ્કૃત સાહિત્યમાં રસ તો હતો જ, સાથે કાશીના પંડિતો પાસેથી તેનો અભ્યાસ પણ કર્યો હતો. તેથી અધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિમાં પણ ઊંડો રસ હતો. સાથે સાથે ધર્મના પંડિતો સાથે યાત્રાઓ પણ થઈ. તેથી તેઓને ખૂબ જ નવું નવું જાણવાનું અને જોવાનું મળ્યું. તિબેટમાં બૌદ્ધ સાધુઓ સાથે રહીને તિબેટની યાત્રા કરીને બૌદ્ધધર્મનો પણ ઊંડો અભ્યાસ કર્યો. હિમાલય પ્રવાસમાં તેમને ખૂબ જ આનંદની પ્રાપ્તી થઈ.

આ બધા અનુભવને અંતે તેઓ એક વાત ચોકકસ કહે છે કે પરમ તત્ત્વ એક છે પણ અલગ અલગ ધર્મમાં પાખંડ, અંધશ્રદ્ધા, કુરિવાજો વગેરે મેં ખૂબ જ જોયા ચમત્કાર, માનતા, બાધા, આખડી આ બધું ખોટું છે. વાસ્તવિકતાથી ખૂબ જ દૂર છે.

આ રીતે તેણે કરેલ હિમાલયની પદયાત્રામાં જે અનુભવો તેમને થયા છે તે અનુભવનું એક પુસ્તક પણ લખ્યું છે. તેનું નામ છે 'ભૂતનાં ભડકાં અને અઘોરી' જીવરામ જોશી બાળવાર્તાકાર સિવાય પણ આધ્યાત્મિકતા અને અંધશ્રદ્ધા નિવારણનું આ પુસ્તકના લેખક હતા, તે તરફ ભાગ્યે જ વાચકનું ધ્યાન ગયું છે. તેને તપાસીએ.

### ✫ ભૂતનાં ભડકા અને અઘોરી :

આ સત્યકથાના મુખપૃષ્ઠ પર જ જીવરામ જોશી લખે છે કે 'આ સત્યકથા વાચકને હચમચાવી દેશે. ન જાણ્યું, ન જોયું એવા જીવનની કહાણી" આ પુસ્તકમાં હિમાલય તરફની યાત્રામાં જીવરામ જોશીને જે ગેબી અનુભવ અનુભૂતિ થઈ હતી તેનું આલેખન કરે છે. આ પુસ્તક પૂરેપૂરું આધ્યાત્મિક શકિતના આલેખનથી ભરેલું છે. જીવરામજોશી ધર્મમાં પાખંડ, ગુરુડમ, ધતિંગ, ચમત્કાર, પરચા વગેરેના પ્રખર વિરોધી હતા. તેથી તેણે આ પુસ્તક લખ્યું છે. ધૂતારાઓ ગુરુ, મહાત્માઓ બનીને લોકોને છેતરે છે તેવું પણ તેઓ માનતા અને આ વાત તેની ઘણીબધી બાળવાર્તાઓમાં પાત્રો દ્વારા પણ કહે છે.

જીવરામ જોશીનું આત્મબળ ખૂબ જ મજબૂત હતું. તેમજ પ્રાણાયામ ઉપર તેમનો ગજબનો કાબુ હતો. તેઓની સાધના ખૂબ જ હતી. તે વાત આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમના જૂના મિત્ર શ્રી વિજુભાઈએ લખી છે.

તે લખે છે કે વર્ષો પહેલાની વાત મુંબઈમાં મલબાર હીલ જવાને માર્ગે એક ડોકટરનું દવાખાનું હતું. તેઓ શ્રીદત અને શ્રી ગણેશના ઉપાસક હતા. તેમની ઉપાસના ચમત્કારી બની ગઈ હતી. દવાખાનું ઉપાસના સ્થાન બની ગયું. અને સારી 'પ્રેકટીસ' ધરાવતા ડોકટર હવે એક સિદ્ધ ચમત્કારી સાધક ગુરુદેવ તરીકે પ્રતિષ્ઠિત બની ગયા.

એક વખત જીવરામ જોશી મુંબઈ આવ્યા અને તેના મિત્રએ જીવરામ જોશીને પેલા 'ડોકટર ગુરુ' ની વાત કરી ત્યારે જીવરામ જોશી હસી પડયા અને સલાહ આપી કે એ

ગુરુડમમાં ભળ્યા તો ડૂબ્યા જાણજો. તેના કારણમાં તેમણે ઘણીવાતો કહી. અમને પ્રશ્ન થયો કે આમા ગુરુડમની કોઈ બનાવટ નથી. ગુરુ ડોકટર કેવળ ઉપાસનામાં પ્રગતિ સાધવાનો પ્રયત્ન સમજાવે છે. તેમનામાં ચમત્કારી શકિત છે. એ વાતની અમને ખાત્રી હતી. ત્યારે જીવરામ જોશીએ કહ્યું કે 'એ ચમત્કારની શકિતને હું હવા કરી બતાવું તો?'

'તો માનીએ' અમે કહ્યું.

તે માટે જીવરામ જોશીએ કહ્યું તેમ અમે કર્યું. અને એક દિવસે જીવરામભાઈ સાથે ગુરુ ડોકટર પાસે ગયા. એ આખા પ્રસંગનું વર્ણન હું કરી શકતો નથી પણ ડોકટરને ત્યાં જતાં જ જીવરામભાઈ બદલી ગયા. મોં પર એવો ભાવ લાવી દીધો કે અમે ચકિત થઈ ગયા. ડોકટર સામે જોઈને એવી એક બૂમ પાડી કે ગુરુ ડોકટર થીજી ગયા. જેમને બધાં હાથ જોડીને પ્રણામ કરે તે ગુરુ ડોકટરે જીવરામભાઈને હાથ જોડીને પ્રણામ કર્યા. હું અને સ્વ. બાબુભાઈ તો સ્તબ્ધ બની ગયા. અમને ગુરુ ડોકટરે જે ચમત્કાર બતાવ્યો હતો તે જ ચમત્કાર જીવરામભાઈએ ગુરુ ડોકટરને બતાવ્યો.

ગુરુ ડોકટર પાણી પાણી થઈ ગયા અને એ જ સમયે જીવરામભાઈએ ભાવાવેશમાં ગુરુ ડોકટરને બે શબ્દો કહ્યા : 'સાધના અપને લીયે હે, ગુરુ કે લીયે નહીં, નરકમેં ગીરોગે'

આટલું કહીને ગુરુ ડોકટરના સ્થાનમાંથી બહાર નીકળી ગયા. ઘેર આવીને જીવરામભાઈએ વેશ ઉતારી નાખ્યો. મઝાનો ખેલ કર્યો હોય તેમ ઘણું હસ્યા. અમને કહ્યું હવે હું તે નથી. જે હતો તે જ મિત્ર છું. જીવરામ જોશીની સાધનાનો અહીં પરિચય થાય છે. તે સાધના તેમણે સદાય અંગત વિષય રાખ્યો છે.

ગુરુડમના તેઓ પ્રચંડ વિરોધી રહ્યા છે. ઠગ લોકો બુદ્ધિ ચાતુરીનો પ્રયોગ કરીને લોકોને ઠગી જાય છે, તેમ ધર્મ ધ્યાનના નામે ગુરુડમ જમાવીને છેતરી ખાનારા ધાર્મિકોને પણ તેઓએ ઠગનાય ઠગ કહ્યા છે. તેમની એ ઠગ વિદ્યાથી લોકોને ચેતવવા જોઈએ એવું તેમને મનમાં આવ્યું અને આ 'ભૂતના ભડકા અને અઘોરી' લખ્યું.

એક જ વાત કહેવા જેવી છે તે એ કે, જીવરામ જોશી પોતે યોગ, ધ્યાન, જ્ઞાન, ધર્મ કે ઈશ્વરત્વના વિરોધી નથી. પોતે શાકત પ્રકારમાં પરમ શ્રદ્ધાળુ છે. ચંડીપાઠનું પઠન

પણ કરે છે. પરંતુ ધર્મ ચમત્કારના નામે જેઓ ગુરુડમ જમાવીને લોકોને છેતરી રહ્યા છે તેમનાથી લોકોને સાવધાન બનાવવા આ પુસ્તક લખ્યું છે.

જીવરામ જોશી આ પુસ્તકની શરૂઆતમાં લખે છે કે લોકોમાં ભૂત અને અઘોરીનો એક પ્રકારનો ડર જોવા મળે છે. અહીં ભૂત થાય છે , કે ફલાણી જગ્યાએ કૂતરામાંથી માણસ થયો તેમાંથી એક અઘોરીનું રૂપ લીધું. આવી આવી ઘણી વાતો અઘોરી વિશે લોકોમાં પ્રચલિત છે.

તેઓ પોતે પોતાના બાળપણને પ્રસંગ લખે છે કે : 'એક દિવસે મારી બાએ મને પકડીને ઘરમાં પૂરી દીધો. હળવેકથી અને બીકથી મને કહ્યું : 'ગામમાં અઘોરી બાવો આવ્યો છે. ગમી જાય તેવા છોકરાંને ઊઠાવી જાય અને તેનું લોહી પી જાય'

'અઘોરી કુમળાં બાળકોનું લોહી પીએ છે. આ વાત મેં આ રીતે બાળપણમાં સાંભળી હતી'[1] શું અઘોર ધારે તેવું રૂપ ધારણ કરી શકે, અને લોહી પીતા હશે ? તે સાચું કે ખોટું તે મારે તમને સમજાવવું છે. મેં જાતે અનુભવ્યું છે તે' આ રીતે જીવરામ જોશી આ પુસ્તકની શરૂઆતમાં કહે છે.

ભૂત શું છે, અઘોરી કેવા હોય છે. મારણમંત્ર કે વશીકરણ મંત્ર હોય છે કે કેમ? તે વાત આ પુસ્તકમાં લખે છે. ધ્યાનયોગી બની બેઠેલા પાખંડીઓ અને ચમત્કાર બતાવનારા મહાત્માજીઓની ગુરુડમ લીલા તેઓએ સાચા રૂપમાં જાણી છે અને સમજાવી છે. તે માટે તેઓ લખે છે કે : 'તે માટે મેં એક યાત્રા સફર કરી હતી. મારી તે સફર મોતની સફર બની ગઈ હતી. મોતની બાથમાંથી નાસી છૂટેલો હું જીવી ગયો અને મારો તે અનુભવ તમને વંચાવવા લખવાનું આ સૌભાગ્ય સાંપડયું'

'મારી એ સફર એક નવલકથા જ છે. નવલકથામાં બનાવટી રસ ઊભો કર્યો હોય છે. મારી આ સત્યકથામાં રસ આપોઆપ વહેતો થશે. મારી આ કથામાં આવતાં બધાં પાત્રો સાચાં છે.[2]

'ભૂતના ભડકા અને અઘોરી' સત્યકથામાં જીવરામ જોશી અંબાજી દર્શન કરવા જાય છે. ત્યાંથી આબુ પર્વતમાળામાં ચાલતા ચાલતા જંગલમાં નીકળી જાય છે. ત્યાં જંગલમાં શાકત પંથના એક અઘોરી મળી જાય છે, અને તે અઘોરી પાસે એક બકરી હોય

છે. તેની સાથે સત્સંગ થાય છે. પેલા અઘોરી જીવરામ જોશીને સાથે લઈ જાય છે. ભયંકર જંગલ, રાત્રિના નીરવ અંઘકારમાં ચાલ્યા જાય છે. ત્યાં એક ટેકરી ઉપર એક સંન્યાસી આસન જમાવીને બેઠા હોય છે. પેલો અઘોરી આ સંન્યાસીને જીવરામ જોશી વિશે વાત કરે છે ને કહે છે કે : 'જિજ્ઞાસુ આત્મા છે એટલે સાથે લેતો આવ્યો' જીવરામ જોશી પેલા સંન્યાસીને પ્રણામ કરે છે. અને બેસે છે. પેલા બે સાધુ ઘોર અંધારી રાત્રે શાકત ઉપાસના અને યજ્ઞ અને બકરીના બલિદાનની વિધિનો પ્રારંભ કરે છે. રાત્રિથી લઈને વહેલી સવારે ૪ વાગ્યા સુધી બલિદાનનો યજ્ઞ ચાલે છે. જીવરામ જોશીની બડો અલૌકિક અનુભવ થાય છે. ત્યાર બાદ જીવરામ જોશીને ઘણા બધા પ્રશ્નો થાય છે. તે પ્રશ્નોનું સમાધાન પેલા સંન્યાસી કરે છે. કથામાં વાર્તારસ રોચક છે. વાતાવરણની જમાવટ અને અસર એટલી બધી છે કે વાચક પણ એક વખત થથરી જાય. આ રીતે આવો દિવ્ય અનુભવ લઈને સવારે ચાલતા ચાલતા જીવરામ જોશી અંબાજી આવે છે. તે પહેલાં પેલા સંન્યાસીએ કહ્યું કે તને આ વિષયમાં વધારે જિજ્ઞાસા છે તો તું હિમાચલ પ્રદેશમાં કાંગડા જિલ્લો છે ત્યાં જવાલામુખી માતાજીનું મંદિર છે ત્યા તને તારા પ્રશ્નોનું વધારે સમાધાન મળશે માટે તું ત્યાં જા.

જીવરામ જોશી જવાલામુખી જવાનો મનથી નિર્ધાર કરી લીધો હતો. તે નિર્ધાર સાથે તે અંબાજી મંદિરમાં આવે છે ને માતાજીનાં દર્શન કરે છે. ચંડીપાઠ કરે છે અને અંબાજીમાં એક વડલા નીચે એક ખાલી બાવા ધુણી ધખાવીને બેઠા હોય છે. તેની સાથે જીવરામનો સત્સંગ થાય છે. અને ઘણો બધો સત્સંગ થાય છે ત્યારબાદ પેલો ખાખી પણ જ્ઞાની હતો. તે જીવરામને જવાળામુખીની વાત કરે છે અને તેના વિશે માર્ગદર્શન આપે છે.

જીવરામ જોશી અંબાજીથી આબુ રોડ આવે છે ત્યાંથી તે રેલમાર્ગે દિલ્હી થઈને હિમાચલ પ્રદેશના જવાલામુખી પહોંચી જાય છે. ત્યાં ઘણા બધાં તાંત્રિકો, અઘોરીઓ, શાકતપંથી સાધુ મહાત્મા મળે છે. તેની સાથે સત્સંગ થાય છે. અને તેઓ જાતજાતની વિદ્યાના પ્રયોગો કરે છે. તે વિદ્યાના પ્રયોગથી જીવરામ જોશીને અલૌકિક આનંદ મળે છે. વાતાવરણ કુતૂહલથી ભરેલું હોય છે. આ રીતે જીવરામ જોશીએ પોતાની પદયાત્રા

દરમ્યાન જાતજાતના અનુભવો મેળવ્યા અને એમાંથી ઘણુંબધું જાણવાનું અને જોવાનું મળ્યું.

હવે આ કથાની વાત આપણે જીવરામ જોશીના જ શબ્દોમાં જોઈએ તો તેણે આખી કથાનો સાર આપી દીધો છે. તે ખૂબ જ રસપ્રદ છે :

'મારી સફર' એ મથાળાથી 'કુમાર' અને 'ઉર્મિ નવરચના' માસિકમાં કેટલીક કથા હું લખતો હતો. તે સમયે મુંબઈ માટુંગાના બાગમાં ગુજરાતના નવલકથાકાર શ્રી પીતાંબર પટેલ મળ્યા. તેમણે પૂછયું : તમારી સફરના પ્રસંગો ખરા જ છે ?'

'મે મારી વાચાશકિત પ્રમાણે ઉત્તર આપ્યો. મને લાગ્યા જ કરતું હતું કે, મારી આ સફરમાં વાચકોને શું રસ પડશે ? જે કંઈ બન્યું છે તે હું કેવળ લખી જાઉં છું, હું કોઈ નવલકથા કે નવલિકા જેવા સાહિત્યનો લેખક નથી. મારી સફરના પ્રસંગોમાં એવો કોઈ રસ પડે છે એ હું જાણતો નથી. મારી સફરના પ્રસંગોમાં એવો કોઈ રસ હોય કે કેમ તેનો કશો જ બોધ મને નથી. આવી મૂંઝવણ અનુભવતાં મેં લખવા લીધું. તેથી લખવામાં મને પોતાને રસ પડયો નથી જે લેખકને હોય છે. આ પ્રસંગમાં વાચકને શું રસ પડશે ? આવા પ્રશ્ને હું સંકોચ અનુભવીને કેટલાક પ્રસંગો છોડતો ગયો છું. કદાચ એ વધારે રસપ્રદ નીવડી શકયા હોત'

'મારી સફર' વિશે એક અંગત ખુલાસો કરી લઉં, વાચક મિત્રોને તે વધારે ઉપયોગી બનશે.

આ સાચું હશે ? એમ કોણ કહે ? એવી શંકા એને જ થાય, જેના અનુભવમાં એવું નથી આવ્યું. મારી પરિસ્થિતિમાં કોણ મૂકાય અને કોને એવા અનુભવ થાય ? એટલે મારા અનુભવને મારી રીતે સમજતાં તો કેવળ કલ્પના જ કરવી રહી. બાવાઓને તમે નિત્ય જૂઓ છો. તેમને પૂજો છો, છતાં બાવાનું જીવન શું છે, એ તમે કદી નહીં સમજી શકો. તમે પોતે બાવા બનો તો સમજાય. છતાંય તમે જેટલી કક્ષાના બાવા હશો તેટલું જ બાવા જીવન તમને સમજાવાનું. બીજું તો એમજ રહી જવાનું.

મારી અગિયાર વર્ષની વયથી મેં આ જગતની મુસાફરી આરંભી હતી. અગિયારમે વર્ષે મેં ઘર છોડેલું. ત્યારથી આજ સુધી, એટલે ચાલીશમાં વર્ષ પૂરા ઓગણત્રીસ વર્ષ સુધી

એક સ્થાનમાં એક વર્ષ ટકીને ભાગ્યે જ રહ્યો હોઈશ. જીવનનો કોમળમાં કોમળ સમય અને ઉછળતા પૂર શો મત સમય પણ મેં સંયોગોની ભીંસમાં, મથામણમાં અને અનિશ્ચિત પરિણામની રાહમાં વિતાવ્યો છે. ઘોડે ચડી, મલપતા માંડવે જઈ, લાડી પરણી, જીવનની મહાનમાં મહાન હોંશ પૂરી કરવાના સૌને કોડ જાગે તેવે કાળે, તેવી વયે માથે મોતનું કફન બાંધીને, દેશની પરાધીનતા મીટાવવા, ક્રાંતિકારી તરીકે ભૂખ્યો ને તરસ્યો, વગડામાં ને વેરાનમાં ભટકતો હતો. મારા એક સાથી સત્યાનંદને કાશીમાં ફાંસીની સજા મળી ત્યારે આંસુભીની આંખે બાબુ શ્રીપ્રકાશે, જેઓ મુંબઈ રાજયના રાજયપાલ બનેલા તેમણે મને કાશી છોડીને ચાલ્યા જવા કહ્યું : તારા જેવા વીર યુવાનને બરબાદ થતો હું જોઈ શકતો નથી... આમ કહી બાબુ શ્રીપ્રકાશે અમદાવાદ સુધીની ટિકિટ કઢાવી આપી. 'છતાં મે તો જીવન એક સંકલ્પમાં દાન દઈ દીધું હતું. ક્રાંતિકારી તરીકે એવી સ્થિતિમાં જીવવું પડયું છે કે જેનું સ્મરણ કરતાં આજે મને જ લાગે છે કે આવું બને ખરું ?'

'સેંકડો બંદૂકધારીઓ અને બડાબડા નિષ્ણાત પોલિસ અધિકારીઓના ઘેરમાંથી હું એક નમૂછિયો છોકરો છટકી શકું, એ પ્રસંગ સંભારું છું તો લાગે છે કે એ કોણ જાણે કેમ બની ગયું ! એવું બને તો હવે બચી શકું ખરો ? હિંમત ના કહે છે'

તમે વાંચકો તો મારા એવા અનેકવિધ જીવનથી તદન અજાણ્યા છો. તો પછી તમને એમાં શંકા જ થાય કે આમ બનતું હશે ? આ ખરું હશે ? મારે તમને વિશ્વાસ આપવો રહ્યો કે હા, એ બધું સાચું છે.'

'મેં જે અનુભવ્યું છે, એમાંથી મેં જે મેળવ્યું છે, એ બધું પૂરેપૂરી રીતે તો હું લખી જ નથી શકતો. કેટલુંક સમજાવવા માટે મને વાકયો જ નથી મળતાં. એક વાત હું સમજુ છું, પરંતુ સમજાવવાની કોઈ ભાષા નથી મળતી. સ્વાદનું નામ આપી શકાય પરંતુ સ્વાદનું વર્ણન સમજાવી શકાય નહીં.'

'પ્રસંગ કેમ બન્યો તેનું વર્ણન લખી શકાય છે. તેનો અનુભવ તો લખીને સમજાવી શકાતો જ નથી, અને ખરું મહત્ત્વ અનુભવનું છે. પ્રસંગ ત્યારે ગૌણ બની જાય છે.'

'જે વાંચકો મારા પ્રસંગો સાથે પોતાના એવા પ્રકારના ગમે તે પ્રસંગના અનુભવને ચકાસશે તો તરત મારા અનુભવ બોધે મને આપેલી અનુભૂતિ વાચક અનુભવશે. એ બોધમાં જીવનનું ધ્યેય વિચારી શકાય છે. સમજી શકાય છે. ત્યારે જીવનદૃષ્ટિ સાંપડે છે'

'મેં જગતના મુખ્ય પાંચ ધર્મો અનેક સંપ્રદાયોનો અનુભવ કર્યો. મુસ્લીમ સમાજમાં એક મુસ્લીમ તરીકે જીવ્યો, ક્રિશ્ચિયનોનો ચૂંટાયેલો બન્યો. યહૂદીના જૂના કરારને તાજા કરીને પાળ્યો. બૌદ્ધોના શરણે બેઠો. સનાતની ધર્મીતો હતો જ. અનેક સંપ્રદાયોને ચકાસ્યા. આ સામૂહિક અનુભવે એક બોધની આંખ ઉઘાડી. બધામાં પોતાની વાડાબંધી અને ભેદ સિવાય મુખ્ય બીજું કશું જ નહોતું. સત્ય તો બધામાં એક જ રૂપે દેખાયું પણ વાડાબંધીના ભારણ નીચે તે કચડાઈ ગયું.'

'અહીંથી મને માનવતાનો સાચો અને અભેદ ધર્મ દેખાયો. એમાં મને શાંતિ મળી. એવી શાંતિ કે ટાળી ન ટળે. એમાંથી મેળવી જીવનની કળા. એને માનવતા કહો, એને જીવન ધર્મ કહો. હવે આ માનવ જીવનનું રહસ્ય સમજવા મથતો હતો.'

આવા અનેક અનુભવોમાંથી અનેક બોધ મળ્યો છે. એ બોધમાંથી મેં જ્ઞાનનો મહાન ગ્રંથ ધોળીને પીધો છે'

'અનેકવિધ અનુભવોમાંથી અનેકવિધ બોધ પામ્યા પછી મને લાગ્યું કે ઓહો ! બધું ગહન છે. સમજાય તેટલું સમજવું. બસ,એમાં જ આનંદ છે. વધારે સમજયાનું ભાન એ જ સંતોષનું કારણ બને છે. ત્યારે સમજાય છે કે, આપણે કશું જ જાણતા નથી. જાણ્યા પછી પણ એટલા જ અજ્ઞાન છીએ, જેટલું એક નાનું બાળક જેને આપણે મહાત્મા મહાન યોગીશ્વર કહેવા બેસીએ છીએ એ આપણા અજ્ઞાનનું એક કારણ છે. એક એક વ્યકિત મહાન છે અને સૌ તુચ્છ છે'

'મારો દૃઢ નિર્ણય છે કે સંત, મહાત્માઓ અને આધ્યાત્મિક ચમત્કાર કરવાનો દાવો રાખી પૂજાવનારાઓએ માનવ સમાજને ભયંકર અજ્ઞાનમાં ધકેલી દીધો છે. કેટલાકોએ તો માનવ સમાજનું સત્યાનાશ વાળી દીધું છે. છતાં આજ તેઓ સૌથી મહાન પુરુષો તરીકે પૂજાય છે'

'અનુભવની અનેકવિધતા મને ન સાંપડી હોત તો હું એક પામર માનવી હોત. આ લખી શકું છું, એ મારી સફરને કારણે જ મારી સફરના પ્રસંગો એ મારી મહાશાળા, એ મારો સદ્ગુરુ.'[3]

આ રીતે દેશદાઝની ભાવનાવાળા જીવરામ જોશી ખૂબ જ ફરતા રહ્યા. અને તેમાંથી તેને અનુભવો થયા. સાહસિક તો હતા જ મૃત્યુનો ડર કોઈ દિવસ નહોતો. તે રીતે તેનું વ્યકિતત્વ ખૂબ જ રોચક છે.

એક સફળ બાળસાહિત્યકારે પણ આવાં આવાં કાર્યો કર્યાં હતા. તે એક નીડર ક્રાંતિકારી હતા. દેશને આઝાદ કરવાની ઝંખના હતી. આધ્યાત્મિક રીતે પણ ખૂબ સારા સાધક હતા તે બાબતે લોકોને ભાગ્યે જ ખ્યાલ છે. લોકો અને બાળકોમાં તો તે બાળસાહિત્યકાર તરીકે જ પ્રિય છે. તેમનું આવું વ્યકિતત્વ લોકો સમક્ષ ઉજાગર થાય તેવો મારો આ નમ્ર પ્રયાસ છે.

## ✫ વાઙ્મય :

જીવરામ જોશી વર્ષો સુધી ભારત ભ્રમણ કરીને અમદાવાદ આવે છે. અને એક સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાય છે. બાળશિક્ષક તરીકે કામ કરતાં કરતાં જ તેમણે બાળકો માટેના સાહિત્યનું સર્જન કરવાનો પાકો નિર્ણય કરી લીધો.

'મને બાળકો અત્યંત પ્રિય છે. મને તેમના નિર્દોષ ચહેરામાં ઈશ્વરનાં દર્શન થાય છે. એટલે જ મેં બાળસાહિત્યના ક્ષેત્રમાં ખેડાણ કરવાનું નકકી કરી લીધું' (રૂબરૂ મુલાકાત અમાવાદ તા.૪–૧–૨૦૦૪) આ રીતે તેઓએ બાળસાહિત્યકાર તરીકે કઈ રીતે શરૂઆત કરી ? તો તેઓ સૌ પ્રથમ કાશી વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા હતાં ત્યારે ત્યાં હિન્દી છાપું પ્રગટ થતું હતું તેનું નામ 'આજ' હતું તે તેઓ વાંચતા હતા અને તેમાંથી તેમને લખવાની પ્રેરણા મળતી. તેના એક સંસ્કૃતના પ્રોફેસર હતા. તે પ્રોફેસરને જીવરામ જોશી જે કંઈ લખે તે બતાવતા હતા. ત્યારબાદ પેલા પ્રોફેસર 'આજ' છાપામાં મોકલતા હતા. અને જીવરામ જોશીની વાર્તાઓ સૌ પ્રથમ હિન્દીમાં છપાવવાની શરૂઆત થઈ હતી.

હાસ્યપ્રસંગવાળી વાર્તાઓ તેઓ લખતા હતા. અને તે વાર્તાઓ ત્યાંના લોકો વાંચીને વખાણતા હતા. તેથી તેઓને પ્રેરણા મળતી હતી.

આ રીતે જીવરામ જોશી ધીરે ધીરે જમાવટ કરે છે. તે સમયે ઈ.સ. ૧૯૩૦ની આસપાસ જયારે ગાંધીજી મીઠાનો સત્યાગ્રહ શરૂ કરવાના હતા, તે પહેલા તેઓ કાશીમાં આવે છે. તેની સાથે ઈન્દ્રવદન ઠાકોર (ગુજરાત સમાચાર અમદાવાદના પૂર્વ માલિક) પણ હતા. એટલે તેમને થયું કે આપણો ગુજરાતનો એક છોકરો અહીં અભ્યાસ કરે છે એટલે તે ખૂબ જ ખુશ થયા અને જીવરામ જોશીને મળે છે. બાદમાં ગાંધીજી સાથે પણ મુલાકાત થાય છે. તે વખતે ઈન્દ્રવદન ઠાકોરે જીવરામ જોશીને કહ્યું કે અમદાવાદ આવ તો મારું કંઈ કામકાજ હોય તો ગુજરાત સમાચારમાં મને મળજો.

ત્યારબાદ જીવરામ જોશી અમુક સમયે કાશી છોડી દે છે ને અમદાવાદ આવે છે. ને ઈન્દ્રવદન ઠાકોરને મળે છે. અને ઈન્દ્રવદન ઠાકોરે કહ્યું કે તમો વાર્તા લખો હું ગુજરાત સમાચારમાં છાપીશ. જીવરામ જોશીએ એક વાર્તા લખીને મોકલી. તે વાર્તા ઈન્દ્રવદન ઠાકોરને ગમી અને ગુજરાત સમાચારમાં છાપી. આ રીતે જીવરામ જોશી ગુજરાત સમાચારમાં નિયમીત રીતે બાળવાર્તાઓ લખવાનું શરૂ કરે છે.

બસ ત્યારની ઘડીને આજનો દિવસ... જીવરામ જોશીએ બાળસાહિત્યની લખેલી ઢગલાબંધ બાળવાર્તાઓના પાંચસો કરતા પણ વધુ પુસ્તકો પ્રગટ થઈ ચૂકયા છે. તેમની બાળવાર્તાઓનાં પાત્રોનું વૈવિધ્ય ગજબનું છે. તેમાંનાં કેટલાંક પાત્રો જેવાં કે મિયાં ફુસકી, તભા ભટ્ટ, છકો–મકો, છેલ છબો, ગપ્પીદાસ, અડૂકિયો દડૂકિયો, રંગલો વગેરે.

બાળવાર્તાઓમાં રસ કઈ રીતે પડયો ? આ પ્રશ્નના ઉત્તરમાં તેઓ જણાવે છે કે આઝાદીની ચળવળ છોડીને હું ગુજરાત પાછો આવ્યો. ત્યારે ભાવનગર નજીકનાં સોનગઢ માં રહીને હિન્દીના અનુવાદક તરીકે કામ કર્યું તે સમયે વડોદરાથી 'બાલમિત્ર' નામનું માસિક પ્રગટ થતું હતું. તેના સંચાલક શ્રી મોતીભાઈ અમીને એમનો રસ જોઈને એમને બાળસાહિત્યના પુસ્તકોની યાદી બનાવવા કહ્યું. એમણે ચાર પાંચ હજાર પુસ્તકો જોઈ વાંચીને તેમાંથી બાળસાહિત્યનાં પુસ્તકો અલગ કર્યાં. અને તેની યાદી બનાવી આપી. ત્યારથી જીવરામ જોશીને બાળસાહિત્યમાં રસ જાગ્યો.

અમૃતલાલ શેઠે 'જન્મભૂમિ' શરૂ કર્યું ત્યારે જીવરામ જોશીએ તેમાં બાળકો માટે વાર્તાઓ લખી. ૧૯૪૦માં 'બાલમિત્ર' માટે લખ્યું. વાર્તા સ્પર્ધામાં એમની વાર્તાને ઈનામ મળ્યું. તે સમયે ગુજરાત સમાચારના તંત્રી ઈન્દ્રવદન ઠાકોરે દર સોમવારે બાળકો માટેની વાર્તાઓનું 'બાલતરંગ' નામથી એક આખું પાનું આપવાનું કામ જીવરામ જોશીને સોપ્યું. ત્રણ વર્ષ સુધી 'બાલતરંગ' ચાલુ રહ્યું. એ પાનાના કારણે આ દૈનિકની લોકપ્રિયતા અને નકલોની સંખ્યામાં પણ વધારો થયો. આ રીતે ગુજરાતમાં પહેલીવાર કોઈ દૈનિકપત્રમાં બાળકો માટે પાનું શરૂ થયું જેનો યશ શ્રી જીવરામ જોશીને જાય છે.

'ગુજરાત સમાચાર' ના સંચાલકો બદલાતાં ઈ.સ.૧૯૫૨ માં શ્રી શાંતિલાલ શાહે જીવરામ જોશી પાસેથી 'ઝગમગ' સાપ્તાહિક શરૂ કરાવ્યું. જે ખૂબ જ લોકપ્રિય થયું. 'ઝગમગ' બાળકો માટેનું ગુજરાતનું જ નહીં પણ ભારતનું પ્રથમ બાળકો માટેનું સાપ્તાહિક છે. બાળકો માટે પણ અલગ સાપ્તાહિક હોઈ શકે એ જીવરામદાદાએ સાબિત કરી દીધું. આજે કદાચ કલ્પના પણ ન થઈ શકે પરંતુ એ હકીકત છે કે એક જમાનામાં 'ગુજરાત સમાચાર' દેનિક કરતા પણ 'ઝગમગ' નો ફેલાવો ત્રણ ગણા કરતા પણ વધારે હતો. ઈ.સ.૧૯૫૮માં 'ઝગમગ' છોડયા પછી જીવરામ જોશીએ ઈ.સ. ૧૯૫૮માં 'રસરંજન' ૧૯૬૮માં 'રસવિનોદ' ત્યાર બાદ 'ચમક' અને 'છુક છુક' વગેરે જેવાં બાળસામયિકો પ્રસિદ્ધ કર્યાં છે. એ રીતે બાળ સાહિત્ય સંપાદન તેમજ પ્રકાશન ક્ષેત્રે પણ શ્રી જીવરામ જોશીનું પ્રદાન ખાસ્સું મોટું છે.

જીવરામ જોશીએ અત્યાર સુધીમાં બાળકો માટેનાં ૫૦૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે. મિયાં ફુસકી, છકો–મકો, છેલ–છબો, રંગલો, બિંબિસાર, ગપ્પીદાસ, માનસેન સાહસી જેવાં એમણે સર્જેલાં પાત્રો અમર બની ગયાં છે. લાખો બાળકોની જિંદગીમાં જાણે ભાઈબંધની જેમ એ પાત્રો જીવ્યાં છે.

શ્રી જીવરામ જોશીની બાળવાર્તાઓ ઉપરથી નાટકો, ટી.વી. સિરિયલો વિડિયો ફિલ્મ બની ચુકી છે. 'મિયાં ફુસકી' નામના પાત્રની સફળતાથી પ્રેરાઈને ઈ.સ.૧૯૭૮માં નિર્માતા શ્રી મુકેશ પંડયાએ 'મિયાં ફુસકી ૦૦૭' નામની ફિલ્મ બનાવી. (નિર્દેશક : મનહર રસકપૂર, કથા પટકથા : દેવેન્દ્ર પટેલ, સંવાદઃ બકુલ ત્રિપાઠી).[૪]

મિયાં ફુસકીની ભૂમિકા જોની વોકરે આબાદ રીતે ભજવી હતી. પણ ફિલ્મ બાળકોને બદલે મોટા દર્શકોને ધ્યાનમાં રાખીને બની હોય એવી હતી, '૦૦૭' નું પૂછડું ફિલ્મી અવતાર માટે અનુરૂપ હશે, પણ લાખો વાચકોના મનમાં રહેલા મિયાંના પાત્ર સાથે મેળ ખાતું ન હતું. તેમ છતાં મિયાં ફુસકીના બ્રાન્ડ નેઈમને કારણે બાળકો અને મોટેરાં થિયેટરોમાં ઉમટી પડયાં અને ફિલ્મ ટિકિટબારી પર સફળ થઈ.

મિયાં ફુસકીનોએ જાદુ ૨૦૦૬માં પણ ઓસર્યો નથી. 'ગઈકાલે જ મિયાં ફુસકીના નાટકનો શો હતો. બિલકુલ પેક ગયો' એવું કહેતા ભાર્ગવ જોશીના ચહેરા પર સંતોષ અને ગૌરવનો ભાવ છવાઈ જાય છે. (રૂબરૂ મુલાકાત અમદાવાદ)

લોકો કહે છે કે જમાનો બદલાઈ ગયો છે. અને હવેના જમાનામાં મિયાં ફુસકી ન ચાલે. એવા લોકોને હું કહું છું કે એકવાર મિયાં ફુસકીનું નાટક ચાલતું હોય ત્યારે ટિકિટબારી પર ચાલતું ટિકિટનું વેચાણ અથવા હોલની બહાર ચાલતું મિયાં ફુસકી તેમજ જીવરામ જોશીના અન્ય લોકપ્રિય વાર્તાઓનાં પુસ્તકોનું વેંચાણ જોઈ લો. પછી ખ્યાલ આવશે કે મિયાં ફુસકીની લોકપ્રિયતા માટે જમાનો બદલાયો નથી. દર પાંચ વર્ષે તેના ચાહકોની નવી પેઢી ઊભી થતી જ રહે છે. મિયાં ફુસકીના ચાહકોમાં નરેન્દ્ર મોદી, કેશુભાઈ પટેલ, ધીરૂભાઈ અંબાણી, આપણા જાણીતા હાસ્યલેખક વિનોદ ભટ્ટ તેમજ આપણા અનેક નામી સાહિત્યકારોથી માંડીને સંખ્યાબંધ ગુજરાતી વાચકોનો સમાવેશ થાય છે. જાહેર જીવનમાં કે કારકિર્દીમાં ગમે તેટલા આગળ પહોંચ્યા પછી પણ બાળપણમાં અનુભવેલો મિયાં ફુસકીનો રોમાંચ વિસરાતો નથી. હેરી પોટરની વાર્તાઓમાં જાદુઈ શકિતઓની અને આસુરી શકિતઓની વાત છે, જયારે મિયાં ફુસકીની વાર્તામાં છે જાદુ બાળકોના હૃદય સુધી પહોંચાડવાનો, ઉપદેશ આપ્યા વિના મૂલ્યોનું સિંચન કરવાનો અને કાળના પ્રવાહને પરાજિત કરવાનો જાદુ ! પુસ્તકો, નાટકો, ફિલ્મ, ઓડિયો કેસેટસ, ટી.વી. સિરીયલ પછી નવા જમાનામાં સી.ડી. ઉપર પણ મિયાં ફુસકીના અવતરણની તૈયારી ચાલી રહી છે.

યુરોપ અમેરિકાની જેમ ભારતમાં પણ મર્ચન્ડાઈઝિંગ રાઈટસનું બજાર હોત તો ? શકય છે કે જીવરામ જોશીના બંગલામાં કંમ્પાઉન્ડમાં કવર ઢાંકેલી કાર નહીં, પણ અગાસીમાં કવર ઢાંકેલું હેલિકોપ્ટર જોવા મળત.

શ્રી જીવરામ જોશીએ પોતાની વાર્તાઓમાં પાત્રાલેખન ખૂબ જ સહજ અને સ્વાભાવિક કર્યું છે. એટલે તેમનાં પાત્રો જીવંત લાગે છે. બાળકો માટે એ અજાણ્યાં નથી. જીવરામ જોશીના બાળસાહિત્યની વિશેષતા એ છે કે બાળકો સમજી શકે, તેવી ભાષામાં એમણે બાળસાહિત્ય સર્જ્યું છે. બાળકોને હસાવાં, રમાડવાં, અને મજા કરાવવાનો એમનો હેતુ રહ્યો છે. એમની વાર્તાઓમાં સમાયેલ વિનોદનાં તત્ત્વોને બાળકો હોંશેહોંશે માણતાં રહ્યાં છે. માત્ર હાસ્ય જ નહીં પણ ચતુરાઈ અને સ્ફૂર્તિ પણ એમની વાર્તાઓમાં જોવા મળે છે. એમનું બાળસાહિત્ય ઘેર ઘેર વંચાય છે, વેચાય છે. વખણાય છે. સાહિત્ય સર્જન પર જીવન જીવવું જયાં અશકય માનવામાં આવે છે, ત્યાં જીવરામ જોશીએ માત્ર બાળસાહિત્ય પર જ જીવન જીવી બતાવ્યું છે. બાળસાહિત્ય વેચાતું નથી એવી વાતોને એમણે ખોટી પાડી બતાવી છે. એમના આવા અનન્ય કાર્ય બદલ ઈ.સ.૧૯૮૧ માં ગુજરાતી બાળસાહિત્ય સભા તરફથી અને ઈ.સ.૧૯૯૪માં ભારત સરકારના કેન્દ્રીય પ્રકાશન વિભાગ તરફથી ગુજરાત રાજયના ગવર્નરશ્રીના હસ્તે તેમનું બહુમાન કરવામાં આવેલું છે. અમદાવાદ દૂરદર્શન કેન્દ્રએ એમની બે વખત મુલાકાત લઈને પ્રસારિત કરી હતી. તે ઉપરાંત આકાશવાળી ઉપર પણ તેમની મુલાકાત પ્રસારિત થઈ હતી. તે ઉપરાંત તે વર્ષે મુંબઈ ખાતે મ્યુઝીક આર્ટ્સ ફાઉન્ડેશન તથા વડોદરા ખાતે કમળાશંકર ફાઉન્ડેશને તેમનું જાહેર સન્માન કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ એમને એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા. સાહિત્ય ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન અને ઉચ્ચતમ સિદ્ધિઓ બદલ ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૦–૦૧ માટે સાહિત્ય ક્ષેત્રના રૂા. ૧ લાખના શ્રી નરસિંહ મહેતા રાજય પુરસ્કાર માટે શ્રી જીવરામ જોશીની પસંદગી થઈ હતી.

શ્રી જીવરામ જોશીને એ રીતે પણ વિરલ વ્યકિતત્વ ધરાવતા બાળસાહિત્યકાર ગણી શકાય કે બાળકો માટેનું એશિયા ખંડનું સર્વપ્રથમ બાળસાહિત્ય 'ઝગમગ' શરૂ કરવાનો યશ તેમને મળે છે. તે ઉપરાંત તેમની લખેલી બાળવાર્તાઓનું હિન્દી, અંગ્રેજી,

સિંધી, મરાઠી અને બંગાળી ભાષામાં રૂપાંતર થયું છે. આવી વિવિધ ભાષાના વાચકો તેને આનંદથી વાંચે છે.

બાળસાહિત્યના કસબી જીવરામ જોશીને તા. ૩૦–૪–૨૦૦૧ના રોજ વડોદરામાં કમળાશંકર ફાઉન્ડેશન દ્વારા તેનો સૌપ્રથમ સુવર્ણચંદ્રક અપાયો ત્યારે સમારોહના અધ્યક્ષ જાણીતા લેખક અને સમભાવ અખબાર જૂથના તંત્રીશ્રી ભૂપતભાઈ વડોદરિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે : 'જીવરામ જોશીને આજે ચંદ્રક તો મળ્યો પરંતુ સૌથી મોટું ઈનામ તો બાળકોએ અને વાચકોએ આપ્યું છે. જીવરામ જોશી બાળક જેટલા નટખટ, ચતુર, અને નિર્દોષ છે. કેટકેટલાં અમરપાત્રો વિશે તે કહે છે કે બાળક જે રીતે સંસાર જૂએ છે તેમ મનુષ્યની બડાઈ મારવાની કે ડરપોક હોવાની જે લાક્ષણિકતાઓ છે તે જીવરામ જોશીએ બરાબર નીરખી છે. આવાં તે કાંઈ પાત્રો હોય તેવું ઘણાએ તે વખતે મને પૂછયું હતું. ચાર્લ્સ ડિકન્સની પણ આવી જ હાલત હતી, પણ આવાં જ પાત્રો સફળ બને છે.' જીવરામ જોશીના સર્જનને જીવનના નિરીક્ષણ સાથે સરખાવતાં ભૂપતભાઈએ સ્વીકાર કર્યો હતો કે : તેમની વાર્તાઓ માત્ર બાળકો જ નહીં, પરંતુ અમારા જેવા મોટી ઉંમરના લોકો પણ વાંચે છે.'[૫]

તે જ રીતે આપણા જાણીતા હાસ્યલેખક શ્રી વિનોદ ભટ પણ જીવરામ જોશીની બાળવાર્તાના ચાહક છે. તેઓ શ્રી જીવરામ જોશીને એક પત્ર લખે છે ને કહે છે કે : 'મુ. શ્રી જીવરામભાઈ, મિયાં ફુસકી, અડુકિયો દડુકિયો વગેરે નાનપણમાં હું ખૂબ જ રસપૂર્વક વાંચતો હતો. આજે મારાં બાળકો તમારી કલમનાં આશિક છે. પરમ દિવસે બાળકોનાં બાળકો મારા પૌત્ર પણ તમને એ જ દિલચસ્પીથી વાંચશે. એવી તમારી પકડ છે. પ્રભુ તમને લાંબું અને તંદુરસ્ત આયુષ્ય બક્ષે એમ પ્રાર્થુ છું. મઝામાં હશો. તમારો વિનોદ ભટ્ટ'[૬]

બાળ સાહિત્ય સર્જનના ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા સાહિત્યકાર અને પત્રકાર શ્રી યશવંતભાઈ મહેતા કહે છે કે : '૯૬ વર્ષની પોતાની આયુમાં જીવરામ જોશીએ અનેક ચમત્કારો સજર્યા છે. ૧લી મે ૧૯૫૨ ના રોજ 'ઝગમગ' શરૂ થયું તે એક ઐતિહાસિક ઘટના હતી. આર્થર મીલ નામની એક વ્યકિતએ ઈ.સ. ૧૯૧૯થી ચિલ્ડ્રન્સ ન્યુઝ પેપર શરૂ કર્યું હતું. પરંતુ જીવરામ જોશીએ શરૂ કરેલું 'ઝગમગ' ભારતનું અને એશિયાનું સૌ

પ્રથમ બાલસાપ્તાહિક હતું. આજે પણ અમારા જેવા લેખકો જીવરામ જોશીની વાર્તાશૈલી અને વાર્તાઓને અનુસરીએ છીએ. લોકજીભે ચડી જાય તેવાં પાત્રો જીવરામ જોશીએ આપ્યાં છે, તેવાં પાત્રો વોલ્ટ ડિઝનીએ પણ આપ્યાં નથી. તેમણે શામળ ભટ્ટના અમર વારસાને આધુનિક યુગ સુધી લંબાવ્યો છે.'[૭]

ગુજરાતી ભાષાનાં બાળકો પાસે સમસ્યાઓ અને કોયડાઓ રજૂ કરી તેના ઉકેલ માટે બાળકોને વિચારતાં કરવાનું કામ જીવરામ જોશીએ કર્યું છે. જીવરામ જોશીએ તેમનાં સર્જનોમાં હાસ્યરસ ભરપૂર વહાવ્યો છે. ટારઝન જેવું છેલ–છબો પાત્ર અદ્‌ભુત છે. છેલ પ્રાણાયામની શકિત ધરાવતું પાત્ર છે, પરંતુ છેલએ ટારઝન નથી. તેની શકિત, સંયમ અને સચ્ચાઈની શકિત તે પાત્રમાં છે. પ્રેરક પ્રસંગો અને પ્રેરક કથાઓ લખીને બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં જીવરામ જોશીએ બહુ મોટો ફાળો આપ્યો છે. તેમનાં અમર પાત્રો હંમેશા જીવંત લાગે છે. અને બાળકોને કયારેક પણ અજાણ્યા નથી લાગ્યા. બાળકો સમજી શકે તેવી ભાષામાં તેમણે સર્જન કર્યું છે. વિનોદની સાથે તેમનાં પાત્રોમાં સ્ફૂર્તિ અને ચતુરાઈ વર્તાય છે. અને તેના દ્વારા બાળકોમાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે.

જીવરામજોશીની બાળવાર્તાઓ વાંચીને ગુજરાતની ત્રણ ત્રણ પેઢી મોટી થઈ છે, અને એ સમયમાં જે બાળકોએ તેમની બાળવાર્તાઓ વાંચી હશે એ અત્યારે દાદા બની ચૂકયા હશે. અલગ અલગ વૈવિધ્ય ધરાવતાં ઘણાં બધાં પાત્રો તેમણે આપ્યાં છે. તે બધાં પાત્રોને તેમણે વાસ્તવિક જીવનમાં કયાંક ને કયાંક જોયાં છે અને તે ઉપરથી પ્રેરણા લઈને વાર્તાઓમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. 'મિયાં ફુસકી' પાત્ર ખૂબ જ લોકપ્રિય પાત્ર છે. અને બાળકોને ખૂબ જ ગમે છે. તે પાત્રની પ્રેરણા જીવરામ જોશીને કઈ રીતે મળી તેની પાછળ એક ઈતિહાસ છુપાયો છે. જીવરામ જોશી જયારે કાશીમાં રહેતા હતા ત્યારે એક મિયાં ને જોઈને તેમને મિયાં ફુસકી પાત્ર ઘડવાની પ્રેરણા મળેલી. કાશીમાં નરસિંહ ચોતરા મહોલ્લામાં મંદિરની પાછળ આવેલા ઘરમાં અબુમિયાં નામના અત્યંત રમુજી સ્વભાવના દૂબળા પાતળા મિયાં રહેતા હતા. તે એકો એટલે કે ઘોડાગાડી ચલાવતા હતા. મિયાં પોતે મુસ્લીમ હતા. અને ખૂબ જ ભાઈચારાથી રહેતા હતા. હિન્દુ મુસ્લીમ એકતાના

તેઓ ચાહક હતા. તે હંમેશા હસતા અને બીજાને ખડખડાટ હસાવતા. તેમનો મશ્કરો સ્વભાવ અને દેખાવ જોઈને જીવરામ જોશીને એક પાત્ર ઘડવાની પ્રેરણા મળી.

જીવરામ જોશીએ ટૂંક સમયમાં જ ફતુમિયાં નામનું પાત્ર ઘડી કાઢયું. દૂબળા પાતળા, દાઢીધારી ફતુમિયાં લેંઘો અને બંડીનો પોશાક પહેરતા અને માથે ટોપી રાખતા. આ મિયાંના સ્વભાવની એક ખાસિયત હતી કે એ બહાદુર હોવાનાં બણગા ફૂંકતા, પરંતુ અંદર ખાતે અત્યંત બીકણ પ્રકૃતિના હતા. એટલે જીવરામ જોશીએ મિયાં ફુસકી નામ જોડી દેવા માટે એક વાર્તા લખી નાખી. અહીં એ વાર્તાનો સાર તપાસીએ :

'ફતુમિયાં જે ગામમાં રહેતા હતા ત્યાં ડાકુઓ ધાડ પાડે એવો ભય હતો. એટલે ગામનું રખોપું કરવું જરૂરી હતું. ફતુમિયાં આ તક કઈ રીતે છોડે ? તેમણે બહાદુરીની ડંફાસો મારીને રાતના સમયે ગામની રખેવાળી કરવાનું બીડું ઝડપી લીધું. એ રાત્રિના સમયે, તલવાર તાણીને ગામની ભાગોળે પહોંચી ગયા. પરંતુ અંધારું જોતા જ એ ડાકુઓના ડરથી ફફડી ગયા. એ તો મુઠ્ઠીઓ વાળીને નાઠા અને ઘરમાં ભરાઈ ગયા'.

થોડા સમય પછી....

'મિયાં, વાતો તો બહુ મોટી મોટી કરો છો. તો પછી ઘરમાં કેમ ભરાયા ? ગામવાસીઓએ મિયાંના ઘરની બહાર ઊભા રહીને મહેણાંટોણાં મારવાનું શરૂ કરી દીધું.

'અમે તો સિપાઈ બચ્ચા.... અમે કોઈનાથી ના ડરીએ' મિયાંએ પડયા છતાં ટંગડી ઊંચી જ રાખી. તો પછી ગામની પહેરેદારી કરવાને બદલે ઘરમાં શું કરો છો ? ગામવાસીઓએ ધારદાર વ્યંગ્ય કર્યો.

એ તો હું ડાકુઓની રાહ જોઈ રહ્યો છું. ડાકૂઓ આવે એટલી જ વાર... એમને મારી નાખીશ. મિયાંએ હવામાં તલવાર વીઝીં.

'મિયાં એમ કહી દો ને કે તમે ફૂસકી ગયા' એક ગામ વાસીએ મજાક કરી.

'ના ના ફુસકી નહીં ફુસકી... મિયાં ફુસકી...' બીજા ગામવાસીએ મશ્કરી કરી.

બસ ત્યારથી ફતુમિયાંનું નામ મિયાં ફુસકી પડી ગયું.[૮]

મિયાં ફુસકીનું મુસ્લીમ પાત્ર ઘડયા પછી કોમી એકતાના ભાવથી પ્રેરાઈને તેમણે એક હિન્દુ પાત્રનું આલેખન કરવાનો નિર્ણય કર્યો. એ રીતે જીવરામ જોશીએ કાશીમાં

જોયેલા બ્રાહ્મણનાં લક્ષણો ધરાવતું આબેહૂબ પાત્ર એટલે તભા ભટ્ટ. માથે પાઘડી અને ખભે ખેંસ અને ઉઘાડા ડીલ પર અબોટિયું ધારણ કરેલાં દુંદાળા અને જાડિયા ભટ્ટ, આ ભટ અને મિયાંએ બે પાત્રો જીગરજાન મિત્રો છે. અને એની ભાઈબંધી અત્યારે દેશને જેની તાતી જરૂરિયાત છે તે કોમી એકતાનો સંદેશ આપે છે. વાર્તાની વાર્તા અને સંદેશનો સંદેશ. એ રીતે જીવરામ જોશીને કાશીમાં જોયેલાં પાત્રોને આધારે મિયાં ફુસકી લખવાની પ્રેરણા મળી.

ગુજરાતી બાળસાહિત્યમાં એક ક્રાંતિકારી અને દેશ માટે મરી ફીટવાની તમન્ના ધરાવનાર સ્વાતંત્રસેનાની જીવરામ જોશીને શા માટે રસ પડયો તે અંગે સ્પષ્ટતા કરતાં તેઓ જણાવે છે કે 'બાળસાહિત્યની પ્રેરણા અને કોઈ વ્યકિત કે ખાસ સાધન દ્વારા નથી મળી પરંતુ મારામાં તે વિષય પ્રત્યેનો અનુરાગ પ્રકૃતિ સાથે જોડાયેલો હશે તેથી તે વિષયમાં આપોઆપ રસ પડવા લાગ્યો.'[૯] તેમની આ કેફિયત બાળવાર્તાસાહિત્ય માટેની તેમની સાહજિક પ્રતિભાનો નિર્દેશ કરે છે.

બાળસાહિત્યની સાહજિક પ્રતિભાને કારણે જ અનેક સાપ્તાહિકો સામયિકો અને પ્રકાશન તથા સામયિકપત્રની સંસ્થાઓએ તેમના સાહિત્યને બાળકો સુધી પહોંચાડવાનો લાભ લીધો છે, જેમ કે, ભારતી સાહિત્ય સંઘ, ગાંડીવ, લક્ષ્મી પુસ્તક ભંડાર, આર.આર.શેઠની કંપની, રસરંજન કાર્યાલય, નવભારત સાહિત્ય, ઝગમગ, સંદેશ, સુબોધ પ્રકાશન આદિ. તેમના મોટાભાગનાં પુસ્તકો અનેકાધિક આવૃત્તિ પામ્યાં છે. એમ કહીં શકાય કે દર વરસે તેમનાં દસ વીસ પુસ્તકો પુનરાવૃત્તિ પામતાં હોય છે.

તેમનું મોટા ભાગનું સાહિત્ય મૌલિક છે. તેમણે રૂપાંતરો કે અનુવાદો કર્યા જણાતાં નથી. અથવા તેમની ભાષામાં કહીએ તો તેમને એ 'ફાવતું પણ નથી' તેમણે વિશિષ્ટ પ્રકારનાં પાત્રો પર નિર્ભર એવી અનેક મૌલિક કથાઓ આપી છે. મિયાં ફુસકી, છકો મકો, છેલ છબો, જેવાં બાળકોના સહાયના દોસ્તો બની જાય તેવાં પાત્રો એ તેમણે બાળકોને આપેલી સ્મરણીય રમણીય ભેટ છે. તેમણે અડુકિયો દડુકિયો નિમિત્તે હાસ્યરસ તો માનસેન સાહસી નિમિત્તે સાહસરસ પીરસ્યો છે. 'ચંદારાણી' જેવી કલ્પનાકથા, 'પાવન રેણુ' 'હનુમાન' જેવી પૌરાણિક કથા અને 'બિંબિસાર' જેવી ઐતિહાસિક કથાઓ

તેમણે આપી છે. 'રાણી ચતુરા' ના નિમિત્તે કેટલીક સુંદર ચાતુરી કથાઓ પણ તેમની પાસેથી મળી છે. 'ચું ચુંની ચતુરાઈ' એ સરસ પ્રાણીકથા છે. તેમણે બાળભોગ્ય રીતે લોકકથાઓ પણ આપી છે. આ ઉપરાંત કેટલીક શિકારકથાઓ પણ તેમનું નોંધપાત્ર પ્રદાન બની રહે છે. આમ, પાત્રપ્રધાન અનેક કથાઓ નિમિત્તે રસ અને વિષયનું વૈવિધ્ય તેમની પાસેથી મળ્યું છે. એમ કહી શકાય કે પાત્રપ્રધાન લાંબી કથાઓ પર તેમને ફાવટ સારી જણાય છે. આમ, તેમની પાસેથી પાત્રપ્રધાન કથાઓ, હાસ્ય અને રહસ્યગર્ભિત સાહસરસની કથાઓ અને ઘટનાપ્રધાન અથવા ઘટનાપ્રચુર કથાઓ સવિશેષ મળી છે. ઘટના હોય કે વર્ણન સરળતા એ તેમની કૃતિઓનો લાક્ષણિક ગુણ છે.

તેમનું બીજું નોંધપાત્ર પ્રદાન છે 'બાળસાહિત્ય સર્વસંગ્રહ' પુરવણીનું ગિજુભાઈએ ઈ.સ. ૧૯૩૨ સુધીની બાળસાહિત્યની એક માહિતીસભર સૂચિ બનાવી હતી. શ્રી જીવરામ જોશીએ એ સૂચિનું કામ આગળ ધપાવ્યું અને ઈ.સ.૧૯૩૬ સુધીની સૂચિ તૈયાર કરી. ઈ.સ. ૧૯૩૬માં ગિજુભાઈની સૂચિની પુરવણી રૂપે તે કામ પ્રકાશિત કર્યું.

શ્રી જીવરામ જોશી આમ વિપુલ પ્રમાણમાં મૌલિક બાળસાહિત્ય આપી આપણા એક અગ્રગણ્ય બાળસાહિત્યકાર ઠરે છે. તેઓ સ્પષ્ટ માને છે કે શબ્દ, વાકય, ફકરો અને શૈલી તેમજ વિષય આ પાંચે બાલભોગ્ય હોવા જોઈએ. તેઓ જણાવે છે કે 'બાળવાચકની સમજમાં ન આવે કે રસ ન પડે એવું વાંચન બાળસાહિત્યમાં ન ગણાય, પછી લેખક ભલે ગમે તે હોય' (રૂબરૂ મુલાકાત તા. ૪–૧–૨૦૦૪)

'ઝગમગ' ના તંત્રી પદે રહીએ બાળસાપ્તાહિક નિમિત્તે તેમણે આપેલી પાત્રપ્રધાન કથાઓએ ઘણી બાળપ્રિયતા પ્રાપ્ત કરી હતી. કોઈને 'ઝગમગ' અને 'મિયાં ફુસકી' પર્યાયરૂપ લાગે તો નવાઈ નહીં. એક એવો પણ થોડો ગાળો ગયેલો કે વાચકો 'મિયાં ફુસકી' દ્વારા જીવરામ જોશીને ઓળખતા. જીવરામ જોશીએ ઈ.સ.૧૯૫૮માં 'ઝગમગ' છોડયું. તે જ વર્ષના ડિસેમ્બરમાં તેમણે 'રસરંજન' શરૂ કર્યું. જેમા તે ઈ.સ. ૧૯૬૪ સુધી સક્રિય રહ્યા. 'રસરંજન' ત્યારબાદ લગભગ બે વર્ષ બંધ થયું. ઈ.સ. ૧૯૬૮ થી ૭૦ ના ગાળામાં 'પ્રભાત' સમાચાર પત્રની ભાગીદારીમાં 'રસવિનોદ' માં કાર્ય થયું. ઈ.સ.૧૯૮૪ થી તેમના તંત્રીપદે 'છુક છુક' શરૂ થયું. પખવાડિક તરીકે શરૂ થયેલું આ 'છુક છુક'

પાછળથી માસિક બન્યું. તેના સંપાદક તરીકે તેમના પુત્ર ભાર્ગવ જોશી કાર્ય કરતા હતા. ખાસ કરીને ત્રીજા ધોરણથી સાતમા ધોરણ સુધીનાં બાળકોનું માનસ તેમનું લક્ષ્ય હતું.

જેમ 'ગાંડીવ' નિમિત્તે શ્રી હરિપ્રસાદ વ્યાસ પાસેથી બકોર પટેલ મળ્યા તેમ 'ઝગમગ' નિમિત્તે જીવરામ જોશી પાસેથી મિયાં ફુસકી મળ્યા. બાળ માનસમાં રમતું કરેલું આ કાલ્પનિક પાત્ર તેમનું આગવું સર્જન છે. મિયાં ફુસકી એક લાક્ષણિક હાસ્યપ્રધાન પાત્ર છે. બહારથી મૂર્ખ દેખાતો તે હકીકતે બુદ્ધિશાળી છે. અને બુદ્ધિબળથી તે વિરોધીઓને હંફાવે છે. એમને કફોડી સ્થિતિમાં મૂકી દે છે. અને એને મૂર્ખ બનાવનારને મૂર્ખ બનાવે છે. ઈ.સ.૧૯૪૫ થી તે ગુજરાતી ઘરોમાં દાખલ થઈ ગયો છે અને ત્રણ ત્રણ પેઢીથી તે પોતાના વિશિષ્ટ વેશ, વિધાનો અને વર્તનથી બાળકોના મન પર કબ્જો જમાવી બેઠો છે. આ પછી તેમણે છેલ છબો, છકો મકો, અડુકિયો દડુકિયો જેવી જોડી આપી છે. પણ મિયાં ફુસકીની બાળપ્રિયતાને કોઈ વટાવી શકયું નથી. એ બધાં પાત્રોનાં પરાક્રમોમાં મિયાં ફુસકીની આછી પાતળી છાયા વર્તાયા જ કરે છે.

વાળ વગરનું માથું, નાનકડી દાઢી, ગોળગોળ ચકળવકળ થતી આંખો ને ડરતા હોય છતાંય નીડર અને પરાક્રમી હોય તેવી રીતે વાત કરતા ડંફાસ મારતા મિયાં ફુસકી અનેક પ્રકાશકો પ્રકાશન સંસ્થાઓ દ્વારા અવારનવાર કયારેક જરાતરા ફેરફાર સાથે અને કયારેક તેવા ફેરફાર વગર પણ અવતરણ પામતા રહ્યાં છે. આગળ જોયું તેમ, તેનું અવતરણ 'ઝગમગ' સાપ્તાહિક નિમિત્તે ઈ.સ.૧૯૪૫ થી શરૂ થયું. પુસ્તકાકારે 'સંદેશ બાલસાથી ગ્રંથમાળા' દ્વારા ઈ.સ. ૧૯૪૬માં, ભારતી સંઘ દ્વારા ઈ.સ.૧૯૫૧માં, 'ઝગમગ' પ્રકાશન દ્વારા ઈ.સ.૧૯૫૩ માં અને આર.આર.શેઠની કંપની દ્વારા ઈ.સ. ૧૯૬૩ માં તેઓ પ્રચાર પામે છે.

આ મિયાં ફુસકી પ્રસંગાનુસાર બહાદુર અને ડરપોક બની શકે છે. બુદ્ધિ ચલાવવાની આવે ત્યાં તે આગળ પડતો ભાગ ભજવે નહીં તો બીકણ હોઈને છટકબારી શોધે. તેમનું ડરપોકપણું કર્વાચિત તેમની બહાદુરીમાં પણ ખપી જાય. વાદળના બદલાતા આકારથી થયેલા હાથી જોઈને ગભરાઈ જાય તેવા આ મિયાં ફુસકીની વાતો મૂળ ૩૦ ભાગમાં પ્રસિદ્ધ થઈ છે. પછી તેમાંની જ કેટલીક કથાઓ જુદા જુદા ગુચ્છમાં પ્રગટ થતી

રહી છે. તેમની નાદાનિયત, તેમનું ડરપોકપણું, તેમની ઉદારતા, તેમની દેખીતી મૂર્ખતા છતાં બુદ્ધિમત્તા દર્શાવતા અનેક પ્રસગો નોંધપાત્ર છે. ઘણીવાર તેમનાં હાડકાં ખોખરાં થાય છે ને ઘણીવાર તે આબાદ રીતે ચોરને પકડવો છે. કયારેક તે ભલાભોળા બની જાય છે. પણ મોટે ભાગે તે પરિસ્થિતિનો ચતુરાઈપૂર્વક લાભ લે છે. અનેક પ્રસંગોનું બારીકાઈપૂર્વકનું નિરૂપણ પાત્રના મનોભાવો અને પરિસ્થિતિને પ્રત્યક્ષ કરે છે. અને તેમાં લેખકના કલાકૌશલનો આપણને પરિચય થાય છે.

બકોર પટેલનું પાત્ર પહેલાં આવ્યું, મિયાં ફુસકીનું પાત્ર ત્યારબાદ. આ બન્ને બાળખ્યાત પાત્રો છે, પણ બે વચ્ચે કેટલોક ભેદ છે. બકોર પટેલમાં દેહ માનવનો છે, મુખાકૃતિ પ્રાણીની છે ને નામાકરણ મુખાકૃતિ સાથે સબંધ ધરાવે છે. અહીં મિયાં ફુસકી અને તેમના પૂરક જેવા સહનાયકરૂપે આવતા તભા ભટ્ટ માનવો જ છે. બકોર પટેલની કથા સૃષ્ટિમાં પ્રાણી સ્વભાવને પણ સાંકળી લેવામાં આવ્યો છે. જયારે અહીં સંપૂર્ણપણે માનવસ્વભાવનું ઝીણું ઝીણું આલેખન થયું છે. આથી અહીં બનતી ઘટનાઓ બહુ સહજ લાગે છે. માનવસહજ જુદી જુદી વૃત્તિઓ અને આંકાક્ષાઓ પ્રસંગોરૂપે આવે છે. જેમ કે, મિયાં બીબી કોક કારણસર ઝઘડી પડે છે. મિયાં એકદમ નાના બાળકની જેમ જીદ લઈ બેસે છે. 'જૂતા જેવી જ નવી ટોપી નથી માટે નથી જવાનો' કહીને બેસી જાય છે. તભા ભટ તેમને ખોટે ખોટું સમજાવે છે કે 'પોથીમાં કહ્યું છે કે જૂની ટોપી ચાલે' ને મિયાં ફુસકી પોતાના એ પરમ વિશ્વાસુ જીગરજાન મિત્રના વેણમાં પૂરો વિશ્વાસ ધરાવતા હોઈ તેમના કહેવાથી તૈયાર થાય છે. આવી નાદાનિયત બાળકોને હસાવે જ ને ! તો કયારેક તેમનું ડરપોકપણું તેમને હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મૂકી દે છે. લૂંટારુંઓ લૂંટવા આવે છે ત્યારે મિયાં કોલસાના પીપમાં સંતાઈ જાય છે. ને સિપાઈઓ એમને જ લૂંટારું માનીને મારે છે. મિયાં બુદ્ધિશાળી છે તેનો પરિચય તે ચોર તરીકે પકડાયેલા તાભા ભટને છોડાવે છે તે પ્રસંગમા થાય છે. 'મિયાં ફુસકી અને ભૂત', 'કુશકીના ઘા' જેવી વાર્તાઓમાં તેમની ચતુરાઈના દર્શન થાય છે. કેટલાંક સ્થળે મિયાં ભલાભોળા બની જાય છે પણ ઘણેખરે સ્થળે તે પરિસ્થિતિનો ચતુરાઈપૂર્વક લાભ લઈ લે છે. મિયાં ફૂસકી ખૂબ વ્યવહારુ રીતે વર્તે છે. અને સમયવર્તે સાવધાન થઈ ગમે તેવો વેશ લેવામાં પાછા પડતા નથી. તભા ભટ

વગર ફૂસકીનાં પરાક્રમો જામે નહીં. આથી બે પાત્રો, અગાઉ કહ્યું તેમ એક બીજાના પૂરક છે.

મિયાં ફુસકીનાં કેટલાંક પરાક્રમો એવાં છે જે વાંચતી વખતે અને વાંચ્યા પછી ગમે ત્યારે, યાદ આવે ત્યારે, આનંદ આપે છે. તે કયારેક તેના રમૂજી સ્વભાવને કારણે તો કયારેક વિદૂષકવેડાને લીધે નિર્દોષ હાસ્ય પૂરું પાડે છે. આ પાત્ર બોલકું પૂરું છે. 'અમે કોણ? મિયાં ફુસકી સિપાઈ બચ્ચા!' એમ કહી બાળકોમાં એક પ્રકારની ઉત્તેજના ઊભી કરનાર મિયાં અનેક પ્રકારની ડંફાસો મારે છે. અને આકસ્મિક રીતે એ ડંફાસો સાચીયે પડે છે !

નાનાં નાનાં વાકયોમાં, વાતચીતિયા ભાષામાં જ કથાનક રજૂ કરવું એ લેખકની ઉડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા છે. કથાનકની સંવાદાત્મક રજૂઆતમાં જ માનવસ્વભાવની કેટલીક વિચિત્રતાને સંકુલતા વિશદતાથી રજૂ થાય છે.

'છકો ને મકો' (ઈ.સ. ૧૯૫૧, ૧૦ પુસ્તકો) એટલે જીવરામ જોશીના ચાતુરી, વિનોદ અને વ્યવહારુ ડહાપણની રસભરી કહાણીઓના નાયકો. 'રમકડું' કાર્યાલય 'છકો ને મકો' થી પુસ્તક પ્રકાશન શરૂ કરે છે. 'રમકડું' માં તે ચાલુ કથા તરીકે આવતી. "એવી વાર્તા કે બીજો અંક હાથમાં આવતાં સુધી બાળકો તે વાર્તા ભૂલી તો ન જાય, પણ આગળનો ભાગ વાંચવા માટે આતુરતાથી રાહ જુએ" (પ્રસ્તાવના) આ કથા એવી બની રહે છે. આથી, કથાની યોજના પણ એવી કરવામાં આવી છે કે કથા ગમે ત્યાંથી વાંચો તો તેના કથારસમાં બાધ ન આવે. 'છકો ને મકો' ની લોકપ્રિયતા જેમ જેમ હપ્તાઓ છપાતા ગયા તેમ તેમ વધતી ચાલી. આ કૃતિમાં વર્ણનોએ અને કથાનાયકોની ચતુરાઈએ મોટેરાંઓ પર પણ જાદુ કરેલો. આ પાત્રોની ઉત્પત્તિ વિશે જીવરામ જોશી (લેખક તરફથી... નામની પ્રસ્તાવનામાં જણાવે છે :

'છકાભાઈ અને મકાભાઈ આણંદને સ્ટેશને પડયા છે એ કોઈ જાણતું નથી. એક દિવસે આણંદને સ્ટેશને હું ઉતર્યો. ઉતરવાનું નહોતું, ડબામાં એટલો ઉકળાટ કે મૂંઝાઈ ગયો. ઉતરીને જયાં જોઉ છું, ત્યાં એક ફરફરિયું નીચે પડેલું જોયું. એમાં ચિત્ર હતું. ગંદું એ ચોપાનિયું મેં ઊઠાવી લીધું. નહોતું ગુજરાતી કે અંગ્રેજી, બંગાળી હું જાણું છું, પંજાબી

ઓળખું છું. પણ હા... આ તો ઉડિયા લિપિમાં છપાયું હતું. એ વાંચી તો ન શકયો પણ ચિત્ર મઝાનું હતું. એક લાંબો લાંબો માણસ અને બીજો ઠિંગુજી અને ગોમટોળ લાંબાને મોંએ એક વાળ નહીં અને માથે મોટી જટા. ગોટમટોળ ઠિંગુજીને માથે મૂંડોને મોંએ લાંબી દાઢી. બસ, એકાએક સૂઝી આવ્યું કે આની એક વાર્તા લખું અને છકાભાઈ ને મકાભાઈ એવાં નામેય મળી આવ્યાં કે બસ... વાર્તા લખાઈ. લખાઈ કે લંબાઈ' આમ ગુજરાતી બાળકોને બે ચિરંજીવી પાત્રો મળ્યાં છકો ને મકો.

છકો મકો 'રમકડું' દ્વારા બે ભાગમાં સૌ પ્રથમ પુસ્તકાકારે મળ્યા. તે પછી ઈ.સ. ૧૯૫૯ માં આઠ ભાગમાં ભારતી સાહિત્ય સંઘ દ્વારા મળ્યાં. અને છેલ્લે ઈ.સ. ૧૯૮૬માં તેમની પરાક્રમ કથાઓ વાર્તા બીજી, ત્રીજી... એમ પાંચ ભાગમાં સંપાદિત થઈ, નવભારત સાહિત્ય મંદિર દ્વારા મળી, જે તેની ૭મી આવૃત્તિ હતી. કથાનકો જરાતરા ફેરફાર સાથે પુનરાવર્તન પામતાં રહ્યાં છે. છકાને મકાનું વર્ણન શરૂઆતથી જ ધ્યાન ખેંચે છે :

'છકાને ને મકાને બધી વાતે સુખ પણ એક વાતનું મોટું દુઃખ હતું. મકાને માથે એકેય વાળ નહીં. માથે ચમકતો મૂંડો. ચીભડા પેઠે ચળકે ને તડબૂચ જેવો સુંવાળો માથે તો મૂંડો પણ મોંએ મોટી દાઢી. વળી લાંબીય ઘણી એ કેવું લાગે ? માથે મૂંડો, ને મોંએ દાઢી, એ કાંઈ શોભે નહીં... મકાભાઈની આમ વાત છે તો છકાભાઈને વળી બીજી જ પંચાત થઈ છે. તેમને મોંએ એકેય વાળ નહીં દાઢી ઉગે જ નહીં. પણ માથે મોટો ચોટલો તે એટલો લાંબો કે, પાઘડી બાંધે એમ માથે વીંટાળવો પડે. લાંબુ હોકા જેવું મોં. દાઢી લીસી બસ. માથે મોટો ચોટલો' આથી આ જોડીને છોકરાંઓ હેરાન કરે છે. તેથી તેઓ ગામ છોડીને જાય છે. બે જુદી જુદી દિશામાં જાય છે ને જયાં પહોંચે છે ત્યાં એક મૂંડાચતુર અને બીજો ચોટીચતુર તરીકે રાજાનાં માનપાન પામે છે. રાજાઓના પ્રશ્નો તે કોઈને કોઈ રીતે હલ કરે છે. તેઓ પોતે તો કંઈ કરતા નથી, પણ એવું કંઈક થઈ જાય છે કે યશ તેમને મળે છે. હાસ્યપૂર્ણ આ ચાતુરીકથા તેમનાં નાનાં નાનાં વાકયોને લીધે વધુ આસ્વાદ્ય બને છે. નાનાં નાનાં સંવાદો દ્વારા વાતાવરણ જીવંત બન્યું છે.

તેમની એવી બીજી પાત્ર જોડી છે છેલને છબો 'છેલ ને છબો' (ઈ.સ.૧૯૫૪–૬૪, ૧૦ પુસ્તકો) એ બે કિશોર પાત્રોને કેન્દ્રમાં રાખીને લખાયેલી લાંબી પરાક્રમથા છે. આ કથાઓ પણ અનેક પ્રકાશકો દ્વારા પ્રકાશિત થઈ છે. આ પાત્રો અનેક સ્થળે જઈને ભાતભાતનાં પરાક્રમો કરે છે. કયારેક હિમાલયના ઠંડા પ્રદેશમાં જઈ હિમમાનવને પરાજિત કરી, તેની મદદથી તેઓ એક અવધૂતને વશ કરે છે, તો કયારેક તે રીંછ જેવા માનવી સાથે અથડામણમાં ઉતરી વિજય મેળવે છે. આ બે પાત્રોની અને પ્રસંગોની કલ્પના, કથાનકની ગૂંથણી અને રજૂઆતની શૈલી સંપૂર્ણ બાલભોગ્ય છે. એ કથામાં સામાન્ય જ્ઞાન પણ ઓતપ્રોત થઈ જઈ બાળકો સુધી પહોંચાડયું છે. જીવરામ જોશી પ્રસંગાનુસાર વાતાવરણની જમાવટ બરોબર રીતે કરે છે :

'અઘોર વન ધનઘોર ઝાડી, ઊંચા, ડુંગરાને ઊંડી ખીણો. નથી કયાંય મારગ કે નથી કયાંય કેડી, નથી કોઈ માનવી કે નથી કોઈ રાહગીર દેખાતા. આસામ અને બર્માની આવી સરહદ જેવા પ્રદેશમાં છેલ અને છબો જઈ પહોંચ્યા.

આજ હતી ચૌદશ.

વૈશાખ ચાલતો હતો.

કાલે પૂનમનો દિવસ હતો'

ને આમ અહીં છેલ છબાના સાહસને હિંમતને ઉપકારક એવું વર્ણન મળ્યું છે. જીવરામ જોશી અહીં નાનાં નાનાં અનેક વર્ણનો અહીં કરે છે. જેમ કે :

'સાંજ પડી સંઘ્યા આથમી પંખીઓ પોતપોતાને માળે બેસી ગયા. કોઈએ પ્રભુના ગીત ગાયાં. કોઈએ સરસ સમાચાર પૂછયાં. એ બધાંનો કલબલાટ હવે શાંત થઈ ગયો. આકાશે તારા ચમકવા માંડયા. ચાંદામામા મોટા થાળ જેવડાં પૂર્વ દિશામાં દેખાયા. ઝાડના ઝુંડ પાછળ પીળો પડદો ચીતર્યો હોય એમ દેખાયું.' (પૃ.૭–૮) વર્ણનો આ કૃતિનો રસિક અંશ છે. સ્થળ, વ્યકિત કે વાતાવરણ આ બધાનાં ટૂંકા પણ રસપ્રદ વર્ણનો અહીં પ્રાપ્ત થયાં છે.

વળી, ઘટના હોય કે વર્ણન, સરળતા એ આ કૃતિની બીજી મહત્ત્વની લાક્ષણિકતા છે. આ કથાનકોમાં નીતિબોધને પણ સારી રીતે સાંકળી લેવામાં આવ્યો છે, જેમ કે

અહીંનો હિમમાનવ કહે છે : "અસત્ય અને દુરાચાર છેવટે નમે છે. એનો કદી વિજય નથી થતો. માણસની એમાં જ કસોટી થાય છે. સત્યનો વિજય છેલ્લે થાય છે અને કૂટકપટનો વિજય વહેલો આવી જાય છે. તે વિજય ટકતો નથી. સત્યનો વિજય ટકે છે" (હિમમાનવ, પૃ.૧૦૬) એ જ રીતે હિમમાનવના મુખમાં મૂકવામાં આવેલુ નીચેનું વિધાન પણ નોંધપાત્ર છે : 'બધા જીવ એક પ્રભુનો અંશ છે. જેમ એક નદીનું પાણી વહેંચાઈ જાય અને તેનાં ટીપાં બની જાય છે. એ ટીપાં એક જ પાણી ગણાય, તેમ બધા જીવ એક જ આત્મારૂપ છે, માટે કોઈને શત્રુ ન ગણો. કોઈનેય નુકસાન કરવાનો વિચાર ન કરો. બધાંનુ ભલું જ કરો' (હિમ માનવ, પૃ.૧૦૯)

આમ છતાં આ સાહસપ્રિય પાત્રજોડી રચવા પાછળ લેખકનો હેતુ 'ટારઝનની વાતો' માંના ટારઝન જેવું 'સાહસ અને શૌર્યનું પાત્ર ગુજરાતમાં વાચકોને આપવું જોઈએ' (પ્રસ્તાવના) એ હતો. છેલ અને છબાની પરાક્રમગાથાની શરૂઆત તો ઈ.સ. ૧૯૫૩ થી થયેલી. છેલ અને છબો હિમાલયમાં ફરવા નીકળે છે. તે પહોંચે છે સિંહકોટમાં, ને પછી "જેનામાં મોતની બીક ન હોય અને સાહસનું જોમ હોય તે વીર" (પૃ.૩૮) એમ કહી, તે સિંહ સાથે લડવા તૈયાર થાય છે ને સાહસકથા આગળ ચાલે છે.

'અડુકિયો દડુકિયો' પણ તેમના તરફથી મળેલાં બાળપ્રિય પાત્રો છે. તેનો પ્રથમ ભાગ ઈ.સ. ૧૯૫૩ અને બીજો ભાગ ઈ.સ. ૧૯૫૬ માં 'ઝગમગ' પ્રકાશન દ્વારા પ્રગટ થયેલો. બે પાત્રોને નાયક સ્થાને રાખતી આ કથા પ્રમાણમાં નાનાં બાળકો માટેની કથા છે. આથી, એનાં વાકયો પણ નાનાં અને વચ્ચે વચ્ચે જોડકણાં પણ ખરાં, સુંદર માંડણી ધરાવતી આ હાસ્યરસપ્રધાન કથા 'તીન તીન તા, બાર ખુલજા' જેવાં બાલભોગ્ય ચમત્કારોથી વધુ આસ્વાદ્ય બને છે. કથાના નાયકો મામાને ઘેર મળવા જાય છે ત્યારે રસ્તામાં પક્ષી, પશુ, માણસ વગેરે બધાં જ એમને મદદ કરે છે. એ રીતે તેઓ મામાના ચાંદાનગરમાં પહોંચે છે. કથા ભાવવાહી બની છે. રંગમંચ પરથી એક પછી એક પડદા હઠતા જાય, એક પછી એક ઓરડામાં આપણે પ્રવેશ કરતા જઈને છેલ્લે મુખ્ય ઓરડો આવે, તેમ અહીં એક એક પગલે આગળ વધતાં, રહસ્યો એક પછી એક ઉકલતા જાય છે. ને મુખ્ય કથાનો દોર સંધાતો છેવટના લક્ષ્ય સુધી વાચકને દોરી જાય છે.

આ પાત્રોની જ કથા ઈ.સ. ૧૯૬૫માં 'રસવિનોદ ગ્રંથમાળા' માં વાર્તા વિશેષાંકના વધારામાં મળે છે. તો ઈ.સ. ૧૯૬૯માં પાંચ ભાગમાં તે પુનઃ પ્રાપ્ત થાય છે. માત્ર તેનો પુસ્તકગત દેખાવ તેનું કલેવર થોડાં બદલાય છે. પહેલાં કરતાં વધુ આકર્ષક થયાં છે એટલું જ. આ સર્વ પાત્ર બેલડીઓએ જીવરામ જોશીને ચિરંજીવ બનાવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે.

'માનસેન સાહસી' (ઈ.સ. ૧૯૫૪) તેમુનં સાહસપ્રિય મૌલિક પાત્ર છે. માનસેન મોટાભાઈ સાથે લંકાની સફરે જાય છે. એ નિમિત્તે એમણે જે દરિયાઈ અને જંગલનાં સાહસો ખેડયાં તે અહીં નિરુપાયાં છે. વનમાનવની સૃષ્ટિનું અહીં થયેલું આલેખન વિશિષ્ટ છે. તેમાં વનની ગીચતા અને ભયાનકતાના ઓથે તેની પશ્ચાદ્‌ભૂમાં જે રીતે માનસેનની સાહસિકતા ઉપસાવામાં આવી છે તે રસાવહ છે. પ્રસંગોપાત્ત, લેખક જેમ તેમની અન્ય કૃતિઓમાં તેમ અહીં પણ વાચકને ચારિત્રઘડતરના સંદર્ભે શીખ દે છે. ઉદા. ત. : 'કોઈ કામ ન બને એમ નથી. જે ધારીએ તે થઈ શકે છે, પરંતુ કામ જેટલું અઘરું હોય તેવી જ વધારે આપણામાં ધીરજ જોઈએ. મહેનત જોઈએ. થાકવું ન જોઈએ. ગમે તેમ થાય પણ તે કામ કરીને જ જંપવાની ટેક જોઈએ' (પૃ.૫૮)

'ગુજરાત સાહિત્ય મંદિર' દ્વારા ઈ.સ. ૧૯૫૮માં 'માનસેન સાહસી' ની પાંચ સફરો પ્રકાશિત થયેલી મળે છે. જો કે સફરો તો બે જ છે, પણ તેને પાંચ ભાગમાં વિભાજિત કરી છે. માનવતાના પાસાવાળી આ એક સરસ સાહસકથા છે.

તેમની અન્ય પાત્રપ્રધાન કથાઓમાં 'રાણી ચતુરા અને રાજા વિક્રમ' તથા 'વાહ રંગલા કથાશ્રેણી' (૫ પુસ્તકો, ઈ.સ.૧૯૬૯) ગણી શકાય. રાણી ચતુરા ચાતુર્યની બાબતમાં બીરબલની યાદ અપાવે છે. અહીં તેના ચાતુર્યની અવનવી કથાઓ ચાતુરીકથાઓ રજૂ થઈ છે. એ જ રીતે 'વાહ રંગલા' શ્રેણીમાં પણ અકબર બીરબલ ને નામે ચઢેલી કથાઓનું અનુકરણ કરતી હોય તેવી કથાઓ છે. જોકે આ કથાઓમાં હાસ્યરસ પણ અલબત, વધુ પ્રમાણમાં સ્થૂળ એવો સારો એવો છે. રંગલા રંગલીનું પાત્ર ભવાઈની અસર પણ દાખવે છે. છકો મકો જયારે જયારે કોયડાનો ઉકેલ ન મળે ત્યારે ત્યારે ભાગી જવાનું ગોઠવતા, જયારે અહીં રંગલો અવારનવાર મૂંઝવણભરી સ્થિતિમાં

ભાગી જવાનું વિચારે છે ખરો પણ ભાગી જતો નથી. રાજા રંગુજીના આ રંગલાભાઈ બુદ્ધિશાળી ગણાય છે. ને રાજસભામાં આવતાં જુદાં જુદાં પાત્રો દ્વારા ઊભા થતા પ્રશ્નોના ઉત્તરો આપે છે. એ રીતે અહીં અનેક નાના મોટા ચાતુરીના પ્રસંગોનું રસિક રીતે આલેખન થયું છે. બૌદ્ધિક સંતોષ આપતો, હાસ્યરસયુકત આ એક આસ્વાદ્ય કથાસંપુટ છે.

'ગુલુ સરદાર' (ઈ.સ.૧૯૫૫) અને 'રઘુ સરદાર' તેમની પાત્રપ્રધાન લાંબી કથાઓ છે. તેમાંય ગુલુની કથા વિશેષ હૃદયસ્પર્શી છે. જેના નામથી લોકો ધ્રુજે છે એવાં લૂંટારુ ગુલુને નાનકડી રેણુ નીડરતાથી છકકડ ખવડાવે છે. અને કથાને અંતે ક્રૂર ગુલુ પ્રેમાળ હૃદયનો બને છે. તેનું આ હૃદયપરિવર્તન અસરકારક રીતે રજૂ થયું છે.

આમ અનેક મૌલિક કાલ્પનિક પાત્રોની કથા સાથે તેમની પાસેથી પૌરાણિક, ઐતિહાસિક પાત્રોની કથાઓ પણ મળી છે. 'પાવન રેણુ' (ઈ.સ.૧૯૬૫) એ પૌરાણિક કથા નિરુપણના નાવીન્યને કારણે ખાસ નોંધપાત્ર છે. અહીં ક્રોધ અને વિવેક એ બે ગુણો પાત્ર રૂપે આવી જમદગ્નિ રેણુકાની જીવનચર્ચા રજૂ કરે છે. 'વીર હનુમાન' (ઈ.સ.૧૯૫૫) માં અનેક સ્થળેથી માહિતી એકત્રિત કરી રસિક રીતે રજૂ કરવામાં આવી છે. હનુમાનના પ્રચલિત કથા પ્રસંગો ઉપરાંત કેટલાક ઓછા જાણીતા બીજા પ્રસંગો પણ અત્રે ઉપલબ્ધ થયા છે, જેમ કે, સીતામાતાએ વિનોદ માટે મંથરા સાથે ગોઠવેલા લગ્નને ચતુરાઈથી દૂર કરતા હનુમાન. ભકત, સેવક અને આદર્શવાદી યુવાન કેવો હોય તે હનુમાનના ચરિત્ર નિમિત્તે સરસ રીતે અહીં બનાવવામાં આવ્યું છે. 'વીર અર્જુન' (ઈ.સ. ૧૯૭૬) ચરિત્ર હોવા છતાં કથાસર્જક જીવરામ જોશીની કલમના સ્પર્શને લીધે જીવંત બન્યું છે. સંવાદાત્મક પદ્ધતિએ થયેલું ચરિત્રાલેખન તેને કથાની દિશામાં લઈ જતું મહત્ત્વનું પરિબળ છે. 'બિંબિસાર' (ઈ.સ. ૧૯૫૬, સહ લેખકઃ દેવેન્દ્ર જોશી) એક એતિહાસિક કથા છે. જેમાં અઢી હજાર વર્ષ પહેલા થઈ ગયેલા મગધના રાજા બિંબિસારની વાત રજૂ થઈ છે. બિંબિસારના પુત્ર અભયકુમારની કથાના આલેખનમાં અનેક રસો નિષ્પન્ન થયા છે. પણ ચાતુરીકથા તરીકે તે સવિશેષ પ્રભાવક લાગે છે.

જેને શિશુસાહિત્ય કહેવાય તેવું જે સાહિત્ય તેમની પાસેથી મળ્યું છે તે આ પ્રમાણે છે : 'ચિત્રવાર્તા ગ્રંથાવલિ' (૫ પુસ્તકો, ઈ.સ.૧૯૬૬) એક નોંધપાત્ર પ્રયોગ છે.

બાળસાહિત્યમાં ચિત્ર કેટલાં ઉપકારક થઈ શકે તે આ ગ્રંથાવલિ બતાવે છે. બગદાદના હારુન અલ રશીદ, અને ચંદ્રગુપ્તમોર્યની કથાઓ ચિત્રોને કારણે વધુ અસરકારક બની છે. આમ બાળકોને જેની ખૂબ જરૂર છે તે સામગ્રી આ શ્રેણી દ્વારા પૂરી પડાઈ છે. જીવરામ જોશી સામાન્યતઃ કથાનકની વચ્ચે વચ્ચે કંઈક બોધાત્મક વાકય મૂકતા હોય છે. અહીં તે તેવું કરી શકયા ન હોઈ કથાતત્ત્વનું આપોઆપ પ્રાધાન્ય રહે છે આથી બાળકોને તે સવિશેષ રુચિકર થાય છે.

'બાલબંધુ ગ્રંથમાળા' (ઈ.સ.૧૯૫૧) ની છ પુસ્તિકાઓમાંની એક 'રંગીલારાજા' વિશિષ્ટ કથા છે. એમાં જોડકણાંનો સારો ઉપયોગ થયો છે. અને તે દ્વારા પણ કથાનક આગળ વધે છે. રાજાને ગધેડે ફેરવતો હાંસીગર છેવટે ફાંસીએ ચડે છે. જયારે 'કેસરકુંડ' વાર્તામાં ઉપદેશક જીવરામ જોશી પ્રાધાન્ય ભોગવે છે. 'બે ચતુર' એ ચતુર વાણિયો અને ચતુર કાગડો એકબીજાને જે રીતે ચતુરાઈપૂર્વક છેતરવાનો પ્રયત્ન કરે છે તેની સૂક્ષ્મ હાસ્યરસ પીરસતી સુંદર ચાતુરીકથા છે. 'વિનોદ માળા' ની છ પુસ્તિકાઓમાં પણ સ્થૂળ સૂક્ષ્મ હાસ્ય પ્રાપ્ત થયું છે. મોજીલો નવાબ, ગપીદાસ, ચતુર બીરબલ જેવાં પાત્રો નિમિત્તે આ હાસ્ય નિપજાવવામાં આવ્યું છે.

'સંદેશ' બાલસાથી ગ્રંથમાળા' ના દરેક ગુચ્છમાં છ પુસ્તકો છે. ઈ.સ. ૧૯૪૬થી તેનો પ્રારંભ થયો છે. મિયાં ફુસકીની કેટલીક વાતો પુનરાવર્તન પામી છે. એ જ રીતે બીજી કેટલીક કથાઓનું પણ પુનરાવર્તન થયું છે. 'ટીડો સાંઢ' (ઈ.સ.૧૯૪૮) એક સરસ સાહસકથા છે. જે પછીથી લક્ષ્મી પુસ્તક ભંડાર દ્વારા સ્વતંત્ર રીતે પણ મળી છે. 'ભોજની ચતુરસભા' માંની ભોજની બુદ્ધિબળની કથા અને 'ચતુર શિરોમણિ' માંની 'ડાહ્યોડમરો' તરીકે પ્રસિદ્ધ થયેલ દામોદર નાગર બ્રાહ્મણની બુદ્ધિચાતુર્યની કથા, 'કહે બીરબલ' આદિ કથાઓ અકબર–બીરબલની રીતિની ચાતુરીકથાની પરંપરામાં ઉમેરો કરે છે. 'પુરાણની વાતો' (ઈ.સ.૧૯૪૯)માં જે કથાઓ છે તે સ્પષ્ટતયા પૌરાણિક છે. તેમ છતાં તેમાં સામાજિકતાનો સંદર્ભ પણ પ્રભાવક રીતે પ્રગટ થયો છે. 'ભેદી બોલ' (ઈ.સ.૧૯૫૦) માં લેખક વૈજ્ઞાનિક સાહસકથા આલેખે છે, પણ લેખકને હાસ્યરસના આલેખનમાં જેટલી ફાવટ છે તેટલી વૈજ્ઞાનિક કથાઓના આલેખનમાં નથી એવું આ કથા પરથી લાગે છે.

કથામાં ઊંડાણના મુકાબલે પથરાટ વધુ છે. અહીં આવતા દરેક ગુચ્છમાં એકાદ પૌરાણિક, એકાદ હાસ્યરસની, એકાદ ચાતુરીની અને એકાદ સાહસરસની કથા હોય છે. આમ અનેક રસો નિરુપતી પ્રમાણમાં લાંબી કથાઓ આ ગ્રંથમાળામાં મળે છે.

એજ રીતે 'નવરસ વાર્તાવલિ' (ઈ.સ.૧૯૬૭) ની ૧૦ પુસ્તિકાઓની શ્રેણીમાં તેના શીર્ષકમાં જણાવ્યું છે તેમ, અનેક રસોની કથાઓ રજૂ કરવામાં આવી છે. લગભગ ૪૫ જેટલી કથાઓ અહીં પ્રાપ્ત થાય છે. માત્ર બાળકો માટે જ નહીં, બધાં જ વાંચીને માણી શકે તેવી આ માળા છે. અહીંની મોટા ભાગની કથાઓને લેખકની કથનકલાનો લાભ મળ્યો છે. કથાઓ બહલાવ સાથે રજૂઆત પામી છે. રસવૈવિધ્ય જાળવતી આ કથાઓમાં ચાતુરી અને કલ્પનાનું તત્ત્વ વિશેષ ભાગ રોકે છે. કથાઓમાં એક પ્રકારની હળવાશ પણ અનુભવાય છે. 'રેખા' નામક કથામાં એક જયોતિષી દલકા નામના પાત્રને અનુલક્ષીને આગાહી કરે છે કે તે ધનવાન થશે. તે સમયનો જોશી અને દલકા વચ્ચેનો સંવાદ જોઈએ :

''પંડિત બોલ્યા : તું રાજા થઈશ. રાજા નહીં તો રાજાનો પ્રધાન થશે. પ્રધાન નહીં તો મોટો ધનવાન થઈશ'

છોકરો ખી ખી ખી કરતો હસી પડયો અને બોલ્યો : 'પછી એમ કહોને કે ધનવાન નહીં તો ધનવાનનો ગુમાસ્તો થઈશ. અને ગુમાસ્તો નહીં તો ગુમાસ્તાના ચોપડા ઉપાડનાર નોકર થઈશ અને નોકર નહીં તો પછી મજૂર તો થઈશ'' (પૃ.૪૩–૪૪)

ને આ તોફાની દલકો કથાને અંતે દલીચંદ વેપારી બને છે, જેમાં કારણભૂત તો તેની ચાતુરી જ છે. 'શું વધારે?' 'બાદશાહના બાદશાહ', 'લોહીની ધાણી', 'અમ્બુ', 'ભૂતિયા ખીણ' જેવી કથાઓ તેમાનાં કથાનકોને કારણે ધ્યાન ખેંચે છે. એકંદરે, આ એક સારો વાર્તાસંગ્રહ બન્યો છે.

'આનંદ વાર્તાવલિ' (ઈ.સ.૧૯૬૪) ની ૮ પુસ્તિકાઓમાં જીવન ઘડતર થાય એવી સઘનગૂંથણીવાળી કથાઓ છે. લેખકનો હેતુ આનંદ આપવાનો મુખ્ય હોઈ કલ્પના, હાસ્ય અને ચાતુર્યનું તત્ત્વ એમાં વિશેષ છે. 'જાદુઈ લખોટી' તેની રજૂઆતને લીધે તો 'ચાતુરીનો હાર' તેના સ્વરૂપને કારણે ધ્યાન ખેંચે છે. 'ઉજ્જેનના ઠગ' માંનો માનચંદ તેની ચતુરાઈથી

યાદ રહે છે. 'નીલરતન' મંત્રતંત્ર ના ઉપયોગવાળી એક ચમત્કારપ્રધાન સરસ કથા છે. એકંદરે શીર્ષક મુજબ ગુણ ધરાવતી આ એક આનંદદાયક કથામાળા છે. આમ છતાં કોઈને કથાશિલ્પવિધાનની એકવિધતાને કારણે કંટાળો પણ આપે તો નવાઈ ન લેખાય.

ઐતિહાસિક પૌરાણિક કથાની જેમ તેમની પાસેથી લોકકથાઓ પર આધારિત 'લોકકથા વાર્તાવલિ' (૮ પુસ્તકો, ઈ.સ.૧૯૬૮) મળી છે. સામાન્ય રીતે મોટા ભાગની લોકકથાઓ હાર્દની દૃષ્ટિએ મોટેરાં માટે હોય એવું જોવા મળે છે, તેથી જેટલી મોટેરાંઓ તે ભોગવી શકે તેટલી બાળકો કદાચ ન ભોગવી શકે. અલબત, અહીં કેટલીક લોકકથાઓને બાલભોગ્ય બનાવવાનો પ્રયત્ન થયો છે. આ બધી કથાઓ ૧૦૦ થી ૧૫૦ પાન જેટલી લાંબી છે. જેમ ચિત્રવાર્તાઓ તેમ આ લોકકથા વાર્તાવલિ પણ તેમનું વિશિષ્ટ પ્રદાન છે. આ લોકકથાઓમાં ચાતુરી કથાઓમાં તત્ત્વો સવિશેષ વરતાય છે, અને નાટ્યાત્મક રીતની રજૂઆત તેની રસિકતા વધારી દે છે. એ રીતે આ કથાઓ ખૂબ આસ્વાદ્ય નીવડી છે. 'ફૂલબાળા' જેવી કથામાં નીતિબોધ કાવ્યાત્મક રીતે રજૂઆત પામ્યો છે. 'એકકાનો ગુલામ' કથા વસ્તુ સંકલનાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. કથાના એક મુખ્ય દોરમાં જુદાં જુદાં પાત્રો નાની નાની કથાઓ રજૂ કરે છે. 'મગરકુંડ' એ લોકકથા કરતાં કલ્પનાકથાનો આનંદ સવિશેષ આપે છે. ઉડતા સાપ અને વિશિષ્ટ જળચરની કથાથી અહીં અદ્ભુતરસનો અનુભવ થાય છે. 'ચાતુરીનો ભેદ' કથા લેખકની કથનશકિતનો ઉત્તમ પરિચય કરાવતી કથા છે. એમ લાગે કે લોકકથાના અખૂટ ખજાનામાંથી લેખકને બાલભોગ્ય લાગ્યાં તે કથાનકોને અહીં ચૂંટીને રજૂ કરવામાં આવ્યાં છે. આ કથાઓ કલ્પનાકથા તરીકે ખૂબ આનંદ આપે તેવી થઈ છે. ગુજરાતી બાળકથા સાહિત્યમાં આવા પ્રયત્નો ખૂબ જૂજ થયા હોઈ જીવરામ જોશીની આ વાર્તાવલિ ખાસ ઉલ્લેખનિય છે. આમ છતાં લેખકનો એવો દાવો છે કે આ લોકકથાઓ વર્તમાન જીવનને ઉપયોગી બને એવી વસ્તુગૂંથણીવાળી છે તે બહુ સ્વીકાર્ય બનતો નથી. મંત્ર તંત્રાદિ થતા ચમત્કારોના ઉપયોગો આધુનિક યુગમાં કેવી રીતે સ્વીકારાય ? આ કથાઓને તેમણે કહ્યું છે તે રીતે જોવાથી તેમનું બાળકથાઓ તરીકેનુ મૂલ્ય કંઈ વિશેષ પ્રતીત થતું નથી. આ લોકકથાઓને બાલભોગ્ય રીતે કેવી રીતે રજૂ કરવામાં આવી છે તે જ તપાસવું જરૂરી છે. અહીં ઘણી વસ્તુઓ એવી છે જે બાળમાનસના

ઘડતરનો પ્રશ્ન વિચારતાં આપવી યોગ્ય નથી. એટલે કે કેળવણી કે સંસ્કારઘડતરની દૃષ્ટિએ આ કથાઓ તેના મૂળ હેતુથી ઘણી દૂર છે. આમ છતાં લોકકથાઓનાં બાલમનોરંજક સંસ્કરણની દૃષ્ટિએ ઉલ્લેખનીય છે.

તેમણે કેટલીક ચાતુર્યપ્રધાન કથાઓ આપી છે. જેમાં 'બળબુદ્ધિ વાર્તાવલિ' (૫ પુસ્તકો, ઈ.સ. ૧૯૭૦) મુખ્ય છે. 'ચંદારાણી' 'ફૂલરાણી' જેવી ચમત્કારપ્રધાન કલ્પનાકથાઓ અહીં પણ છે. અને સ્વતંત્ર પુસ્તકરૂપે પુનરાવર્તન પણ પામી છે. 'પુરુષ નામનો દાણો' અને 'હીરા કંકણ' બુદ્ધિતત્ત્વને પ્રાધાન્ય આપતી કથા છે. તેમાંય 'હીરાકંકણ' એ 'ઉનાળામાં શિયાળો બતાવી દે' (પૃ.૯૫) તેવી ચપળ ને બુદ્ધિશાળી ગાંગલીની રસમય કથા છે. કથાને અંતે બોધ પણ રમણીય રીતે તારવી બતાવ્યો છે. ગાંગલીના બધાં છળકપટ ઉઘાડાં પડી જાય છે. તે પકડાય છે ત્યારે રાજા બોલે છે :

"પાપનો ઘડો છેવટે ફૂટે છે. સત્ય હોય તે છેવટે પ્રગટ થાય છે. સત્ય જીતે છે અને કપટ હારે છે." (પૃ.૧૧૧)

બોધક છતાં આ એક સારી ચાતુરીકથા વાંચ્યાનો આનંદ આપે છે. આ સંપુટની કથાઓનું વસ્તુ નાટ્યાત્મક અને સંવાદાત્મક ગતિએ આગળ વધે છે. વારંવાર થતા ભાવપલટાઓ બાળકને સતત કથારસમાં જકડી રાખે છે. એ પણ આ કથામાળાની વિશેષતા ગણાય.

સ્વતંત્ર પુસ્તકરૂપે મળતી 'બુદ્ધિની પોથી' (ઈ.સ.૧૯૫૪) પણ તેમણે આપેલી એક સુંદર બુદ્ધિચાતુર્યની કથા છે. જોકે છે તો બોધકથા જ. 'બુદ્ધિની પોથી' ની શિખામણો નિમિત્તે કેટલીક ખૂબ ઉપયોગી વાતો અહીં રજૂ થઈ છે.

ઉદાહરણ તરીકે.

"ભીખ માગવાનો કયારેય વિચાર કરીશ નહીં. ચોરી કરવાનું તો ધારીશ જ નહીં. પોતાની મહેનતનું જે મળે તે જ ખાવું. ન મળે તો ભૂખ્યા પડી રહેવું જે ધંધો મળે તે કરવા માંડ. એક ન આવડે તો બીજો કરજે. બીજો ન ફાવે તો ત્રીજો, મથતો રહેજે. છેવટે બળદની પેઠે કોઈની રેંકડી ખેંચજે. પણ મહેનતથી કમાજે' (પૃ.૨૧)

એટલે આવાં અનેક બોધવચનોને લીધે તે ચાતુરીકથા કરતા બોધકથા વધુ લાગે છે. પણ આ બોધવચનો એના નાયકને મદદરૂપ થવા પ્રયોજાયેલાં છે. આ કથા એકંદરે તો તેના નાયકની ચતુરાઈનો જ આપણને ખ્યાલ આપે છે, ને એ રીતે તે એક સરસ ચાતુરીકથા બની છે. સાત કથાઓના સંગ્રહ 'અકકલકથાઓ' નો, તે ખાસ નવીન ન હોવાથી, અને માત્ર ઉલ્લેખ કરીને જ વિરમીશું.

તેમનું ગણનાપાત્ર પ્રદાન તે બુદ્ધિચાતુરીની કથાઓ કરતાં શૌર્યકથાઓ અને શિકારકથાઓ છે. 'શિકારકથાઓ' (ઈ.સ.૧૯૪૮) માં સૂવર, સાહુડી, સિંહ, વાઘ વગેરેના શિકારની કિશોરભોગ્ય કહી શકાય તેવી કથાઓ મળે છે. 'સાગર ચાંચિયા' (ઈ.સ.૧૯૫૩) અને 'ઘોર સાગર' (ઈ.સ. ૧૯૫૬) સામાન્ય પ્રકારની દરિયાઈ સાહસની કથાઓ છે. શિક્ષણકથાઓના સાહસકર્મના અનુસંધાને તેમની પાસેથી 'શિકારિકા' (ઈ.સ.૧૯૩૬) 'ચિતાનો શિકાર' (ઈ.સ.૧૯૪૪) અને 'શિકારકથાઓ' (ઈ.સ.૧૯૪૮) એ કથાઓ બાલવિનોદ કાર્યાલયદની 'અશોક બાલપુસ્તકમાળા' નિમિત્તે તેમજ ગાંડીવી અને ગૂર્જર ગ્રંથરત્ન તરફથી પ્રગટ થયેલી છે. આ મતો આ ત્રણેય કથાઓ કિશોરભોગ્ય વધુ છે. પણ આ વિષયક્ષેત્રે ગુજરાત રાંક હોઈ તેમનું મૂલ્ય છે. વળી આ શિકારકથાઓ તેની કલાત્મક રજૂઆતથી પણ ધ્યાન ખેંચે છે :

"નાટકના રંગમંચ પર ધીમેથી પડદો ફાટે અને એકાદ નટ સ્વાંગ સજીને ઊભો રહે, તેવું દૃશ્ય બનાવતો વાઘ એ જ વખતે નજરે પડયો" (પૃ.૮૪)

લેખકના સ્વાનુભવની છાપ આ કથાઓને સચોટ બનાવે છે. દૃશ્યો હૂબહૂ કંડારવામાં આવ્યાં હોય તેવાં અહીં રજૂ થયાં છે. આ કથાઓમાં લેખકના સ્વાનુભવનો પાસ લાગ્યો હોઈ કયાંય કૃતકતા લાગતી નથી. આથી, મિયાં ફુસકી જેટલું જ ગુણવત્તા ધરાવતું પ્રદાન આ નીવડયું છે.

'શૌર્યચાતુરી વાર્તાવલિ' (૬ પુસ્તકો, ઈ.સ.૧૯૭૦) માં માત્ર શૌર્યરસની જ કથાઓ નથી, એના શીર્ષક ઉપરથી અલબત, ભ્રમણામાં પડી જવાય ખરું ! આ વાર્તાવલિમાં ચાતુરીકથા, ઐતિહાસિકકથા અને 'પાવનરેણુ' જેવી પૌરાણિકકથાઓ પણ છે. 'માથાનું દાન' જેવી રજપૂતી શોર્ય અને ટેકને રજૂ કરતી શોર્યકથાઓ તો છે જ. જો કે

ઈતિહાસ પુરાણની જે કેટલીક કથાઓ અહીં છે તે પણ શોર્યરસવાળી છે. 'બત્રીસાં માથાં' એક સુંદર કૃતિ છે. લેસખક કથા કેવી રીતે માંડે છે. તે જોઈએ :

"ઘોર કાળી રાત.

પર્વતની ટેકરી.

ટેકરી પર મંદિર.

મંદિરમાં માતાજીની મૂર્તિ

મૂર્તિ આગળ એક દીવો જલે છે.

રાતનો સમય છે અને અંધારું જામ્યું છે.

ઝમ ઝમ કરતાં તમારાં બોલી રહ્યાં છે.

સમ સમ કરતું અંધારું ગુંજી રહ્યું છે.

એવે સમયે મંદિરમાં માતાજી સામે

કોઈ બેઠું છે. હાથ લાંબા કર્યા છે.

અને માતાજીના ચરણને અડકાડી દીધા છે.

એ હાથ પર પોતાનું માથું ઢાળી દીધું છે." (પૃ.૧)

નાની નાની વાકયવલિથી કથા ક્રમબદ્ધ આગળ વધે છે. ને પછી રાણા પ્રતાપના અપ્રતિમ શૌર્ય, સહનશીલતા અને દેશાભિમાનની કથા નાટ્યાત્મક રીતે રજૂ કરી છે.

તેમની પાસેથી 'સુબોધમાળા' 'સુબોધ ગ્રંથાવલિ' 'પ્રેરક પ્રસંગવાર્તાવલિ', અને 'ચરિત્ર વાર્તાવલિ' નિમિત્તે કેટલુંક બોધક સાહિત્ય મળ્યું છે. 'સુબોધમાળા' (ઈ.સ.૧૯૫૧) નાં ૧૦ પુસ્તકોમાં હાસ્યરસ સાથે બોધ આપવામાં આવ્યો છે. અહીં સામાજિક સંદર્ભોવાળી અને કથાસરિતસાગર, ઉપનિષદ આદિની કેટલીક કથાઓને નાનાં બાળકો માણી શકે તેવી રીતે રજૂ કરી છે. 'સુબોધ ગ્રંથાવલિ' (ઈ.સ.૧૯૬૫) નાં ૧૦ પુસ્તકોમાં થઈ લગભગ ૫૦ જેટલી કથાઓ મળે છે. કથા રજૂઆતની રીતે તે વિશિષ્ટ છે. દરેક કથાની ઉપર 'શુભેચ્છા' શીર્ષક નીચે સુભાષિત જેવું જ પંકિતનું લખાણ મૂકયું છે. અલબત, તેમાં બોધનો ઉત્સાહ જેટલો છે એટલી પદ્યાત્મક રજૂઆતમાં અનિવાર્ય એવી સુઘડતા સફાઈ નથી. ઉદાહરણ તરીકે :

"કરો લાખ ઈચ્છા, નહીં પાઈ મળશે,
રટો લાડુ લાડુ, નહીં લાડુ વળશે.
કરો કામ, તો નકકી ઈચ્છા ફળશે,
બધાં દુઃખ ઉદ્યોગથી નકકી ટળશે"

પછી ઉદ્યોગ કરવાથી કેવો મોટો લાભ થાય અથવા કામ કરવું કેટલં જરૂરી છે તે સિદ્ધ કરતી મહદ અંશે સત્યઘટના પર આધારિત કે કવચિત કાલ્પનિક કથાઓ રજૂ થાય છે. દરેક કથાની શરૂઆતમાં આવતી આવી પદ્યકંડિકાઓ બોધ ભરેલી હોય છે. અને પછી રજૂ થયેલી કથાઓ પણ બોધતત્ત્વનું પ્રાધાન્ય દાખવે છે. પદ્ય સરળ છે પણ છંદોલય જળવાતો નથી. એટલે તે વિભાગ નબળો રહે છે.

'પ્રેરક પ્રસંગ વાર્તાવલિ' (ઈ.સ. ૧૯૬૭, ૨૦ પુસ્તકો) માં શીર્ષકમાં ભલે 'પ્રસંગ' શબ્દ મૂકવામાં આવ્યો હોય, હકીકતે અહીં પૂરા કદની કથાઓ મળી છે. ઘણીવાર એવું બન્યું છે કે શીર્ષકમાં 'કથા' શબ્દ પ્રયોજાયો હોય છતાં તે કૃતિ કથા ન બનતાં, પ્રસંગ બનીને જ અટકી જતી હોય ! અહીં એનાથી ઉપર જોયું તેમ, ઉલટું થયું છે. બાળકોને હિંમત પ્રેરે તેવા મહાનુભાવોના જીવનપ્રસંગો ભાવવાહી રીતે થયા છે. પ્રસંગો અહીં ઘૂંટાઈને રજૂ થયા છે. પછી તે પરુાણના હોય કે ઈતિહાસના, લેખક તેમાં એકસરખી સિદ્ધહસ્તતા દાખવે છે. ઉચ્ચમૂલ્ય ધરાવતાં વસ્તુવાળાં કથાનકો અહીં કલાત્મક માવજત પામી શકયાં છે. આમ, જીવરામ જોશીની બાળકોને આ એક રુચિકર ભેટ છે. 'ચરિત્ર વાર્તાવલિ' (ઈ.સ.૧૯૬૬, ૨૦ પુસ્તકો) માં પણ વિભિન્ન દેશોની, વિભિન્ન ક્ષેત્રમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી વ્યકિતઓની જે તે શકિત તરફ ધ્યાન દોરતા પ્રસંગોને જ નાની નાની કથાઓ રૂપે સંકલિત કરીને આપ્યાં છે, અને એ રીતે લગભગ ૭૦–૮૦ જેટલા મહાનુભાવોનો અહીં અછડતો પરિચય થાય છે. અહીં કથાનકો રસાત્મક હોવા છતાં 'પ્રેરક પ્રસંગ વાર્તાવલિ' માં છે તેવી જમાવટ થઈ શકી નથી. અપવાદરૂપે અમેરિકાના મહાન પુરુષ બુકર ટી. વોશિંગ્ટનનું ચરિત્ર ટૂંકમાં પણ સરસ રીતે આલેખાયું છે. એજ રીતે થોડા ભણતરથી ડાકુગીરી ભૂલી સરદાર જગતસિંહ બનેલો જગ્ગો ડાકુ પણ આ

વાર્તાવલિનું આકર્ષક પાત્ર છે. અહીં કેટલાંક આદર્શ નારીચરિત્રો પણ રજૂ થયા છે. એમ કહી શકાય કે પ્રમાણમાં ઓછાં પ્રચલિત એવાં ઘણાં કથાનકો અહીં મળ્યાં છે.

'ગુજરાત સાહિત્ય મંદિર' તરફથી તેમનું કેટલુંક બાળસાહિત્ય પ્રગટ થયું છે. જો કે તેમાંનું ઘણુંખરું સાહિત્ય આ પૂર્વે અન્ય સ્થળેથી પ્રકાશિત થઈ ચૂકયું હતું. સામાન્યતઃ જીવરામ જોશીનાં લખાણોમાં પુનરાવર્તનનું પ્રમાણ ઓછું છે, આમ છતાં તે નથી જ થયું તેવું નથી. મિયાં ફુસકી, માનસેન સાહસી વગેરેની કથાઓ અનેક સમયે અનેક પ્રકાશકોએ પ્રગટ કરી જ છે. તે આપણે જોયું છે. 'ગુજરાત સાહિત્ય મંદિર' તરફથી પણ તેમાનું કેટલું સાહિત્ય પ્રકાશિત થયું છે. એ સિવાય જે કેટલુંક નવું પ્રકાશન થયું છે તેમાં 'આકાશીફુલ' (ઈ.સ.૧૯૬૦) એક સરસ કલ્પનાકથા છે, જયારે 'સોના રૂપાનો ભાગ' (ઈ.સ.૧૯૫૯) સામાન્ય કક્ષાની ઉલ્લેખપાત્ર કથા છે.

ગુજરાતી બાળસાહિત્યમાં જીવરામ જોશીનું કાર્ય સાતત્ય, વિપુલતા અને મૌલિકતાની દષ્ટિએ સૌનું ધ્યાન ખેંચે તેવું છે. તેમણે સૌથી વિશેષ પ્રદાન હાસ્યરસમાં કર્યું છે. આ ઉપરાંત સાહસરસની, ચાતુરીની અને કેટલીક સુંદર બોધ આપતી કથાઓ તેમણે આપી છે. તેમણે અનેક પાત્રપ્રધાન હાસ્ય અને સાહસકથાઓ આપી ગુજરાતી બાળકથાસાહિત્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પાંચમો દાયકો મિયાં ફુસકીનો હતો તેમ કહેવામાં ભાગ્યે જ અતિશયોકિત લાગશે. 'ઝગમગ' સાપ્તાહિકના તંત્રી તરીકે બાળસાહિત્યના પ્રચાર પ્રસારમાં ખૂબ નોંધપાત્ર કાર્ય કર્યું છે. એજ રીતે 'છુક છુક' નું પ્રદાન પણ પ્રશંસનીય છે. બાળસાહિત્યના સર્જનને તેમણે પોતાનું ધર્મકાર્ય માન્યું હોય તેમણે જે રીતે બાળકોને આનંદ મળે તેવું જ સાહિત્ય આપવામાં પોતાનું કર્તવ્ય લેખ્યું છે. આથી જ કદાચ હાસ્યરસ, સાહસરસ અને ચાતુરીભરી કથાઓ તેમણે થોકેથોક આપી છે.

તેમના બાળકથા નિરૂપણમાં રંગોના ગોટા દેખાય પણ રેખાઓની સૂક્ષ્મતા અને સફાઈ કદાચ ન લાગે, એ રીતે એમની બાળકથાઓમાં બાલભોગ્યતા છતાં બાલમાનસના સ્વચ્છ સુરેખ સાક્ષાત્કારનો પ્રશ્ન અવારનવાર ઉપસ્થિત થાય. જોકે એમના જેટલી બાલપ્રીતિ અને બાલજીવન વિશેની અભિજ્ઞતા ઘણા ઓછા બાળલેખકોમાં હશે. અને તેથી આપણા ગણ્યાગાંઠયા બાળકથાસર્જકોમાં જીવરામ જોશીને અગ્રિમ સ્થાન આપવું જ રહ્યું.

## પાદટીપ


૧. ભૂતનાં ભડકા અને અઘોરી, પૃ.૪

૨. ભૂતનાં ભડકા અને અઘોરી, પૃ.૧૦–૧૧,

૩. ભૂતનાં ભડકા અને અઘોરી, પૃ. ૧૪૧ થી ૧૪૭

૪. ગુજરાત સમાચાર, રવિ પૂર્તિ તા. ૧૩–૭–૨૦૦૩, પૃ.૧૩

૫. 'સમભાવ્' તા. ૨–૫–૦૧ બુધવાર.

૬. 'રંગલાની ગમ્મત' લે. જીવરામ જોશી, ઈ.સ.૧૯૯૦, પ્રસ્તાવના, પ્રકાશકઃ નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

૭. 'સમભાવ', તા.૨–૫–૦૧ બુધવાર

૮. ફતુમાંથી મિયાં ફુસકી વાર્તા, લે. જીવરામ જોશી

૯. બાળક, સં.પ્રવીણ શાહ, હરિત પંડયા, ઈ.સ.૧૯૮૦, પૃ.૧૮૧–૧૮૩


✩✩✩

# પ્રકરણ-૫
# જીવરામ જોશીનું બાળવાર્તા ક્ષેત્રે પ્રદાન

(૧) કથાઘટકો

(૨) પાત્રાલેખન

(૩) અતિ વાસ્તવિક તત્ત્વો (ફેન્ટસી)

(૪) રસસૃષ્ટિ

(૫) બોધાત્મક તત્ત્વ

(૬) ભાષા

(૭) તર્કપૂતતા

# પ્રકરણ-૫
# જીવરામ જોશીનું બાળવાર્તા ક્ષેત્રે પ્રદાન

જીવરામ જોશીનું બાળવાર્તા ક્ષેત્રે પ્રદાન ખૂબ જ વિશાળ અને વિષયની દૃષ્ટિએ વૈવિધ્યપૂર્ણ છે. તેમણે ઘણીબધી પાત્રપ્રધાન બાળવાર્તાઓ આપી છે. તેનો આપણે વિસ્તારથી અભ્યાસ કરીએ.

## (૧) કથાઘટકો :

જીવરામ જોશી કથાઘટકનો તેમની બાળવાર્તાઓમાં અદ્‌ભુત સેતુ રચે છે, નેવાર્તા જીવંત હોય તેવી લાગે છે. એક પછી એક કથાઘટકો આવતા જાય છે ને વાર્તા પ્રવાહી રીતે આગળ વધે છે. તેમની અલગ અલગ વાર્તાઓમાં કયાં કયાં કથાઘટકો રહેલા છે તેની ચર્ચા વિગતે કરીએ.

'અડુકિયો દડુકિયો' વાર્તામાં આ બન્ને ભાઈઓ મામાને ઘેર ચાંદનગર જવા નીકળે છે અને વચ્ચે મોટું જંગલ આવે છે. નદી આવે છે, છતાં પણ આ બન્ને ભાઈઓ સાહસિક અને નીડર હતા, તેથી તેઓ ઘોડા ઉપર ચાંદનગર જવા નીકળે છે. જંગલમાં વચ્ચે બે વાઘ સામા મળે છે. ઘોડા ઉપર તે તરાપ મારે છે. આ બન્ને ભાઈઓ ભાગી નીકળે છે.જંગલમાં એક મોટી નદી આડી આવે છે, તે પાર કરીને સામે કિનારે મામાનું ગામ હતું. ત્યાં પહોંચવાનો બીજો એકેય રસ્તો ન હતો. હોડી વગર નદી પાર ન થાય. તેથી તે હોડીની તપાસ કરે છે. આ પહેલા જંગલમાં એક વૃદ્ધ વ્યકિત તેમને જંગલમાં મળેલા હતા. તેને ખૂબ જ ભૂખ લાગી હોય છે. તેથી અડુકિયો દડુકિયો તેમને ખાવાનું આપે છે તેથી પેલા વૃદ્ધ વ્યકિત ખુશ થઈને એક જાદુઈ ઢોલક આ બન્ને ભાઈઓને આપે છે અને કહે છે કે "મારી પાસે બીજું કંઈ નથી પણ આ ઢોલક છે તે હું તમને ભેટ આપું છું. આ ઢોલક વગાડશો એટલે તેમાંથી એવો મીઠો બોલ ગાજશે કે આકાશે ઉડતા પંખી તમારી પાસે આવી જશે. ગાય, ભેંસ, ઘોડા જેવા ઢોર પણ તમને વહાલ કરવા દોડી આવશે"

અડુકિયો : એમ ?

ડોસા કહે : હા બેટા ! (૧)

આ રીતે પેલા ડોસા તેમને ઢોલક આપે છે ને નદી પાર કરવા માટે જંગલમાં એક સુતારનું ઘર હતું તે હોડી બનાવતો હતો. આ બન્ને ભાઈઓ ત્યાં પહોંચી જાય છે અને સુતારને કહે છે કે અમને હોડી બનાવી આપો અમારે મામાને ઘેર જવું છે. સુતારે કહ્યું કે હોડી અત્યારે નહીં બને કારણ કે મારી એકની એક દીકરી વેણુને કોણ જાણે કેવો રોગ લાગુ પડયો છે કે આજ આઠ દિવસથી ઉંઘતી જ પડી છે. તે જાગતી નથી. ત્યારે આ બન્ને ભાઈઓ પેલા ડોસાએ આપેલ ઢોલક વગાડે છે ને વેણુ આળસ મરડીને બેઠી થાય છે. સુથાર ખૂબ જ રાજી થાય છે ને એક હોડી અડુકિયા દડુકિયાને આપે છે. ને બન્ને ભાઈઓ નદી પાર કરે છે. ત્યાં સામે કિનારે એક હાથીવાળા ભાઈ મળે છે ને કહે છે કે તમારે જંગલમાં હાથી કામ આવશે, એની ઉપર સવારી કરીને જંગલપાર કરીને ચાંદનગર પહોંચો, મારી નદી પાર કરવી છે એટલે તમો મને હોડી આપો. આ રીતે હાથી હોડીની અદલાબદલી કરે છે. આમ જીવરામ જોશી કથાઘટકનો ખૂબ જ સરસ રીતે ઉપયોગ કરે છે ને વાર્તા રસમય રીતે આગળ વધે છે.

'છકો–મકો' નામની વાર્તામાં છકો મકો એ બન્ને ભાઈઓ હોય છે. છકાને માથે જટા હોય છે પણ દાઢી ઉગતી નથી. અને મકાને મોટી દાઢી હોય છે પણ માથે ટકો હોય છે. તેથી ગામમાં તેના મિત્રો તેને ખૂબ જ હેરાન કરતા હતા. તેઓ બન્ને ભાઈઓ શુકન–અપશુકનમાં શ્રદ્ધા ધરાવતાં લાક્ષણિક પાત્રો છે. તેમની ઉંમર પંદર સત્તર વર્ષની થાય છે ત્યારે તેઓ શુકન જોઈને પોતાનું ગામ છોડીને બીજા ગામ વસવાટ કરવા જાય છે. ચાલતા ચાલતા જાય છે ત્યારે રસ્તામાં વચ્ચે બે રસ્તા ફંટાય છે શું કરવું ? ફરી પાછા તેઓ શુકન જોવે છે.

શુકનમાં એ આવ્યું કે મકાને ડાબી બાજુના રસ્તે જવું ને છકાને જમણી બાજુના રસ્તે જવું બન્ને ભાઈઓ આ રીતે જુદા પડી જાય છે. ચાલતા જાય છે, ભાતું ખાતા જાય છે. ઘણે દૂર પહોંચી જાય છે. મકો થાકીને એક વૃક્ષની નીચે સુતો હોય છે. ત્યાં લોકો તેને

જોવે છે ને ત્યાંના પ્રધાનને વાત કરે છે. પ્રધાન રાજાને કહે છે. લોકો બહુ રાજી થાય છે ને રથ તૈયાર કરાવીને મકાને તેડવા જાય છે.

હવે જાણે વાત એક હતી કે મુંડાપુરના રાજા હતા, તેના દરબારમાં સો વર્ષ પહેલાં ચતુરપુરૂષ કરીને એક વ્યકિત હતા. તે રાજયના સન્માનનીય વ્યકિત હતા. હવે જયારે પેલા વ્યકિતએ મકાને વૃક્ષ નીચે સુતેલો જોયો ત્યારે તે વ્યકિતને મકામાં ચતુરપુરૂષનાં દર્શન થાય છે, કારણ કે મુંડાપુરના ચતુરપુરૂષને માથા ઉપર એકપણ વાળ ઉગતો નથી ને મોટી કાળી દાઢી હોય છે. તેથી મુંડાને બધા ચતુરપુરૂષ માની લે છે, ને તેનું સ્વાગત કરે છે. મોટો બધો મહેલ રહેવા માટે આપે છે. વસ્ત્રો, અલંકાર વગેરે આપે છે. સરસ મજાના ભોજનીયા જમાડે છે.

જયારે પેલો છકો ચાલતો ચાલતો જાય છે ને તે પણ વૃક્ષ નીચે સુતો હોય છે. તેને પણ એક વ્યકિત જોઈ જાય છે. છકાને માથા ઉપર મોટી જટા છે ને દાઢી ઉપર એકપણ વાળ ઉગતો નથી. તેથી ચોટીપુરનો તે વ્યકિત છકાને ચતુરપુરૂષ માની લે છે, ને રાજાને વાત કરે છે. ફોજદાર તપાસ કરે છે ને વાત સાચી લાગતા રાજા તેનું સ્વાગત કરે છે. વસ્ત્ર, અલંકારથી તેનું સ્વાગત કરે છે. રહેવા માટે મહેલ આપે છે અને રાજદરબારમાં તેનું આસન પડે છે. ચોટીપુરના લોકો ચતુરપુરૂષ ચોટીચતુરનો જયજયકાર બોલાવે છે. આ પૂર્વે આ બે રાજય (મુંડાપુર અને ચોટીપુર) માં છકા મકા જેવા લાગતા જ બે ચતુરપુરૂષ હતા તેથી તે બે રાજયોના રાજા અને લોકોને આ છકા મકાને ચતુર પુરૂષ માની લે છે પછી સરસ રીતે કથાઘટકનો વિનિયોગ જીવરામ જોશી કરે છે.

ત્યારબાદ ત્યાના લોકો અને રાજા છકા મકાને અલગ અલગ પ્રશ્નો પૂછે છે ને આ બન્ને ચતુરપુરૂષ તેનો જવાબ આપે છે. આ રીતે વાર્તાનો ક્રમ આગળ ચાલે છે. છકોને મકો મૂર્ખ પાત્રો છે પણ તેની મૂર્ખતા લોકોમાં જ્ઞાની તરીકે પ્રસ્થાપિત કરે છે. ને રાજા અને પ્રધાન પણ તેને ચતુર સમજે છે. આ રીતે છકો–મકો (ભાગ–૫) વાર્તા આગળ વધે છે.

'છેલ–છબો' નામની વાર્તાનું કથાઘટક રસ ઉત્પન્ન કરે એવું છે. છેલ–છબો ફોઈબાના મહેલની શોધ કરવા નીકળી પડે છે. જંગલમાં એક તપસી મળે છે તે છેલ

છબાને વાર્તા કરે છે. આ રીતે એક વાર્તા પછી બીજી વાર્તા એમના કથાઘટકનો તંતુ સંધાતો જાય છે. અને તેના દ્વારા બાળકોને આનંદ સાથે નીતિ, બોધ પણ મળે છે.

એક વાર્તામાં જીવરામ જોશી લખે છે કે એક રાજા હતા. તેના મહેલમાં એક ઓરડો હતો. તેમાં ગોખલામાં સોનાની એક પેટી હતી. રાજારાણી રોજ સવારે તે પેટીને ધૂપ દીવા કરીને પૂજન કરે છે. આ પરંપરા સદીઓથી રાજમહેલમાં ચાલી આવે છે. રાજાના એક કુંવર હોય છે તેના લગ્ન થાય છે. કુંવરી રાજમહેલમાં આવે છે. તે આ સોનાની પેટીના દર્શન કરે છે ને તે સોનાની પેટી અંદર શું છે ? તે જોવાનો આગ્રહ રાખે છે. રાજા ના પાડે છે. કુંવરી રીસાઈને પોતાના પિતાને ઘેર ચાલી જાય છે. તે પણ એક રાજા હતા. તેથી તે કહે છે કે મારી કુંવરીનું અપમાન કર્યું છે તેથી યુદ્ધ માટે તૈયાર રહો.

હવે આ રાજા ઉપર યુદ્ધનું સંકટ આવે છે. આ વાતની ખબર રાજા વિક્રમ અને રાણી ચતુરાને પડે છે. તે યુદ્ધને રોકવા માટે મારતે ઘોડે આવે છે, ને રાજાને સમજાવે છે કે આ પેટી સંકટનો સમય હોય ત્યારે ખોલવી એમ પરંપરા કહે છે, તો યુદ્ધ એ સંકટ કહેવાય ને તમારા કુંવરની રાણી પેટી ખોલવાની હઠ લઈને બેઠા છે. તો તેને પણ બોલાવો અને પેટી ખોલો તો તેમાંથી આપણને બધાને રસ્તો મળશે. બધાં સહમત થાય છે ને સોનાની પેટી ખોલે છે. તેમાં કાંસાની ધાતુનાં દસ પતરાં હતાં તેમા સોનાના અક્ષરોથી એક એક વાત લખી હતી. તે તેમનાજ શબ્દોમાં જોઈએ :

"પહેલા પતરામાં લખ્યું હતું : ગુસ્સો અને અપમાન સદાય ગળી જજો.

બીજામાં લખ્યું હતું : વિદ્યાની આંખ નહીં હોય તો તમે આંધળા રહેશો.

ત્રીજામાં હતું : સદ્‌ગુણ એજ સાચું લાખ રૂપિયાનું ધન માનજો. ધન જાયતો જવા દેજો પણ એક જરા સરખોય સદ્‌ગુણ જવા ન દેશો.

ચોથામાં હતું : હદ કરે તે હારે છે. નમે છે તે સહુને ગમે છે.

પાંચમું હતું : લોભ અને સ્વાર્થ છોડી દેજો એ પાપનું મૂળ છે.

છઠામાં હતું : સાદાઈ અને ધીરજ રાખશો તો કદી દુઃખી નહીં થાઓ."[૨]

આ રીતે દસે દસ પતરામાં નીતિની વાત વાંચે છે ને બધાંનું વેર શમી જાય છે, અને બાળકોને પણ તેના દ્વારા જીવન ઘડતરના પાઠ મળે છે. આ રીતે 'છેલ છબા' વાર્તામાં કથા–ઘટક ઉત્તમ છે.

'વીર હનુમાન' નામની વાર્તામાં જીવરામ જોશી હનુમાનનો જન્મ, તેના માતા પૂર્વ જન્મમાં કોણ હતા તેની કથા કહીને વાર્તાની શરૂઆત કરે છે. અને રામાયણ તેમજ હનુમાનજીની કથા સરળ રીતે કહી દે છે. હનુમાનજી શિવજીનો અગિયારમો અવતાર હતા અને તેઓ રાવણના અભિમાનને નાશ કરવા માટે પૃથ્વીલોક પર જન્મ લે છે. આ પૌરાણિક કથામાં કથાઘટકનો સેતુ રચીને, બાળભોગ્ય બનાવીને જીવરામ જોશીએ રજૂ કરી છે.

'ભેદી બોલ' નામની વાર્તાનું કથાઘટક એક દરિયાઈ સાહસ કથા હોય એવું છે. વિષયવસ્તુ ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૪૫ આસપાસ બીજું વિશ્વયુદ્ધ થયું તેને આધારિત છે. તેમાં જર્મન સેના આફ્રિકા ઉપર હુમલો કરે તે પહેલા અંગ્રેજ સેનાએ આફ્રિકામાં રહલો સોનાનો જથ્થો દરિયાઈ જહાજમાં ભારત રવાના કરે છે. કારણ કે ભાતમાં અંગ્રેજોનું રાજ હતું અને જર્મન અંગ્રેજોનું દુશ્મન હતું તે સોનાનો જથ્થો લઈને જહાજ આફ્રિકાથી ભારત રવાના થાય છે. તેમાં હરિસિંહ અને કેસરીસિંહ નામના બે ભારતીય નાયક હોય છે. આ રીતે દરિયાઈ સાહસ અને યુદ્ધકથા આગળ ચાલે છે અને તે રીતે કથાઘટક વાર્તાના રૂપે આગળ વધે છે, આમ આ વાર્તામાં કથાઘટક દ્વારા બાળકોમાં રોચકતા ખૂબ જ વધે છે.

'વાહ રંગલા કથાશ્રેણી' એક હાસ્ય અને ચાતુરીની કથા છે. તેમાં રંગીલાપુર નામે એક નગર હતું. તેમાં રંગુજી નામનો રાજા રાજય કરતો હતો. તેરાજયમાં રંગલો કરીને એક વ્યકિત હતો. તે પોતાની ચાતુરીથી કોયડાના ઉકેલ કરતો હતો. રાજયમાં અને રાજા પાસે તેનું માન ખૂબ જ હતું. પણ રાજાનો એક પ્રધાન હતો. તેનાથી રાજા આ રંગલાને માન આપે તે સહન થતું ન હતું. તેથી તે રંગલાની ઈર્ષા કરતો હતો. અને જુદા જુદા પ્રશ્નો રાજા દ્વારા પૂછાવીને રંગલાને ફાસવવાના પ્રયાસ કરતો હતો. રંગલો કયારેક કોયડામાં સપડાય જતો તો તેની પત્ની રંગલીને પણ પૂછતો. રંગલી પણ ચતુર હતી. તે પ્રશ્નનો ઉકેલ આપતી હતી.

આ રીતે રંગલો પોતાની મૂર્ખાઈથી કે કયારેક ચતુરાઈથી ઉકેલ આપતો હતો. રંગીલાપુરમાં તેની વાહ વાહ થતી હતી. રંગુજીરાજા પણ આનંદમાં આવી જતા.

આ રીતે પરિસ્થિતિ કે કોયડા અને તેનો ઉકેલ રંગલા પાસેથી મળે છે, એ રીતનું કથાઘટક ધરાવતી વાર્તા બાળકોમાં પ્રિય છે. તેમને આનંદ સાથે ચતુરાઈ આપે છે. તેમની બુદ્ધિ વિકસે છે.

'વાહ રંગલા કથાશ્રેણી' માં રંગલાની વાર્તામાં અવાન્તર કથા દ્વારા પણ કથાઘટક આગળ વધે છે અને વાર્તાનો તંતુ સંધાય છે. 'મોતના ગોળા' નામની વાર્તામાં એક ડોસો હોય છે તે એક થાંભલો ગોઠવે છે, તેની ટોચ ઉપર દડો હોય છે. તે દડો નીચે ઉતારી આપે તેને પોતાની ડોકમાં પહેરેલો કિંમતી મણકો ઈનામમાં આપશે તેવી જાહેરાત કરે છે. એક ભાઈ બંદૂક તાકીને દડો નીચે ઉતારવા બેઠા છે. તેમને જોઈને ડોસા હસે છે. બધા લોકો તૈયાર થઈ ગયા. પેલા બંદૂકવાળાને સૌ જોઈ રહ્યા. આ રીતે સરસ પેટા કથા આગળ વધે છે. જોઈએ :

"ડોસા જરા મોઢું મલકાવીને બોલ્યા : વાહ વાહ ! તમે બધાંદડો ઉતારી આપવા તૈયાર છો તે જાણી અમને આનંદ થયો. મહેનત કરીને મેળવવા ચાહે છે તેને મળી શકે છે. મહેનતુ માણસ ધારે તે મેળવી શકે છે, પણ એક મૂરખા માણસની એક વાત તમને કહું એવા તમે હશો તો કશું નહીં મળે. આ બંદૂકવાળા ભાઈ ધ્યાનથી સાંભળે.

આમ કહીને ડોસાએ કથા કહેવા માંડી. કથામાં એક પંડિતની વાતા આવે છે, તે પંડિતે કહ્યું કે સખત અને થાકયા વગર રાત દિવસ મહેનતો જ રહે છે, તે ધારે તે મેળવી શકે છે. આ કથા એક પહેલવાને સાંભળી, તેણે વિચાર કર્યો કે, હું ગરીબ છું. હું ધનવાન બની જાઉં તો સરસ. પંડિતે કહ્યું તેવી મહેનત કરવી. સખત એટલે થાકી જઈએ તેવી મહેનત હું કરું, રાતદિવસ જોયા વગર મહેનત કરું.

પહેલવાન ભાઈ બુદ્ધિ દોડાવે છે ને એક મણ વજનનો પથ્થર લીધોને માંડયો ડુંગર ચડવા અને ઉતરવા. આ રીતે અટકયા વગર રાતદિવસ મહેનત કરે છે, કારણ કે પેલા પંડિતે કહ્યું હતું અને અંતે ભૂખ, તરસ, થાકને લીધે બેભાન થઈ જાય છે. લોકો સારવાર કરે છે, કથા ફરી આગળ ચાલે છે.

''પહેલવાનભાઈ ભાનમાં આવ્યાં, એકદમ બેઠા થઈ ગયા અને બોલી ઊઠયા : હું ધનવાન બની ગયો ને?

લોકો હસી પડયા. પહેલવાનભાઈને કશું ધન મળ્યું નહીં. અને તેને રીસ ચડે છે ને ડંડો લઈને દોડયા પેલા પંડિતની પાસે. ત્યાં જઈને કહે : ઓ પંડિત, જૂઠી કથા કહો છો ? તમારું માથુ ફોડી નાખીશ. અમે સખત મહેનત કરી, બેભાન થઈને પડયા ત્યાં સુધી અટકયા નહીં. છતાં અમે ગરીબ કેમ મટયા નહીં ?

પંડિતજી બોલ્યા : ગાંડાભાઈ ! એમ સમજયા વિના કે બુદ્ધિ વિનાની ગમે તેટલી મહેનત કરીએ છતાં કશું મળે નહીં. એમ તો હજાર વર્ષ સુધી ડુંગરો ચડો અને ઉતરો તોય તમને કંઈ મળવાનું નથી. આપણે જે મેળવવું હોય તે મળી શકે એવી મહેનત કરવી જોઈએ. બુદ્ધિથી સમજીને મહેનત કરવી જોઈએ. તમે તો ગદ્ધાવૈતરું કર્યું. તમારે વકીલ થવું હોય ને ભણવા માંડો ડોકટરનું ભણતર તો તમે વકીલ નહીં બની શકો. રસ્તો યોગ્ય હોય તેમાં સતત મહેનત કરો તો તમને ધારેલું ફળ મળે.

ડોસાએ આ કહાની સંભળાવી અને કહ્યું : એનુ નામ મૂરખાની મહેનત કહેવાય. તેમ તમે મૂરખાની મહેનત કરવા તો તૈયાર નથી થયાને ?''[3]

આ રીતે બાળકોને યોગ્ય દિશામાં બુદ્ધિપૂર્વકની મહેનત હોય તો સફળતા મળે છે તેવા કથાઘટક દ્વારા સંદેશ આપીને જીવરામ જોશી વાર્તા આગળ ચલાવે છે.

'રંગલાની ગમ્મત' નામની વાર્તામાં કથાઘટક એ રીતનું છે કે રંગલો, રાજા અને પ્રધાન કયારેક રાજસભામાં, કયારેક હરતા ફરતા રંગલાને પ્રશ્ન પૂછે છે અને તેનો ઉકેલ મેળવવાનું કહે છે. રંગલો પોતાની ચાતુરીથી તે પ્રશ્નનો ઉકેલ શોધી આપે છે. તેમા અલગ અલગ ઘણી બધી મુશ્કેલ પરિસ્થિતિ પણ રંગલા માટે ઊભી થાય છે. ઘણી વખત રંગલો રાજાને આવતીકાલે ઉત્તર આપું એમ કહીને તે રાત્રે ઘરેથી ભાગી પણ જાય છે. રાતના તે ભાગે છે, કયારેક બીજા દિવસે પણ ભાગતો રહે છે. ત્યારે તે દરમ્યાન તે કોઈ દૃશ્ય જૂએ છે કે વાત સાંભળે છે, તેમાંથી તેને પેલા રાજાના કોયડાનો ઉકેલ તેને મળે છે.

આ બાજુ રાજા રંગલાને પકડવાનો આદેશ પણ કરે છે. સિપાઈઓ તેને પકડે પણ છે. ઘણીવાર રંગલાને રાજા ફાંસીનો હુકમ પણ કરે છે. પણ રંગલો એમ પાછા

પગલાંભરતો નથી. અને રાજાને હિંમતપૂર્વક કહે છે કે અમે કાંઈ ઘેરથી ડરીને ભાગી નથી ગયા, પણ સમસ્યાનો ઉકેલ મેળવવા માટે જંગલના એકાંતમાં ચાલ્યા ગયા હતા. તો કયારેક તપ કરવા ગયા હતા તેમ પણ તે સિપાઈ કે રાજાને કહેતો હતો. આ રીતે રંગલો રાજાની સભામાં હાજર થઈ જતો હતો, અને ગમે તેવી સમસ્યાનો ઉકેલ તે બતાવતો હતો. રાજા રંગીલા ખૂબ જ ખુશ થતા હતા. અને રંગલાને સોનામહોરના ઈનામ આપતા હતા. સભામાં રંગલાની વાહ વાહ થઈ જતી હતી. પણ આ વાત પ્રધાનથી સહન થતી ન હતી. તે ગમે તે ભોગે રંગલાને ફસાવવા માંગતા હતા. પણ ફસાય તો રંગલો શાનો ! આ રીતે રંગલો પોતાની ચાતુરીથી સમસ્યાનો ઉપાય બતાવતો હતો. આમ સરસ રીતે કથાવસ્તુ આગળ ધપે છે.

જીવરામ જોશી કથાવસ્તુ તરીકે ભવાઈનો પ્રયોગ પણ ખૂબ સરસ રીતે કરે છે. વાર્તાની શરૂઆતમાં જ ઘેલુ નાયડુ નામના ભવાઈના કલાકાર રાજા રંગીલાના દરબારમાં આવે છે, અને વાર્તાની શરૂઆત થાય છે. કથાઘટક બાળકોને રસ પડે તેવું છે. જોઈએ ?

"રંગપુરની સભા જામી છે. રંગીલાપુરના રાજા રંગીલા મોજમાં બેઠા છે. રંગલો આનંદમાં ડૂબી ગયો છે. ત્યાં ઘેલુ નાયક આવ્યા. રાજાને માથું નમાવીને ઊભા રહી ગયા.

રાજા કહે : કોણ તમે ?

ઘેલુ નાયક કહે : હું ઘેલુ નાયક, ભવાઈના વેશ કરું. મારા જેવો વેશ કોઈ કરી શકતું નથી. અને કરી પણ શકશે નહીં.

રાજા બોલી ઊઠયા : શાના વેશ કરો છો ?

ઘેલુ નાયક કહે : આપ કહો તો આજ દરબારગઢમાં એક વેશ કરી બતાવીએ.

રાજા રાજી થયા અને પ્રધાનજી સામે જોયું.

પ્રધાનજી બોલ્યા : ઘણું સારું.

રંગલા સામે જોયું. રંગલે તાળી પાડી અને કહ્યું : સરસ સરસ ઘણું સરસ ભવાઈમાં ડાગલો આવે ડાગલાની ભારે મઝા થાય.

ઘેલુ નાયક બોલી ઊઠયા : મહારાજ, આ કોણ ડગલાના ભાઈ છે ?

આ વાત સાંભળી કે પહલા તો પ્રધાનજી ખડખડ હસી પડયા.

રાજા કહે : ઓળખો છો એમને ?

ઘેલુ નાયક બોલ્યો : આવી જ ટોપી અમારી ડાગલો ઓઢે છે આવું જ લાંબું ને ગાજરના માથાં જેવું નાક અમારા ડાગલાનું છે, એટલે ડાગલાના કોઈ સગા હોય તો નવાઈ નહીં.

ખી ખી ખી ખી કરતાં પ્રધાનજી હસ્યા.

રાજા હસ્યા.

પછી તો આખી સભા હસી"[૪]

આ રીતે ઘેલુ નાયકની ભવાઈ શરૂ થાય છે. પ્રધાનજી રંગલાને ફસાવવાનો દાવ ગોઠવે છે તે અગાઉ ઘેલુ નાયકને મળે છે, અને કહે છે કે તમોને હું ઈનામ આપીશ પણ આ રંગલાને તમે ભવાઈમાં પ્રશ્ન પૂછીને ફસાવો અને તે સભામાં હારી જાય તેવું કંઈક કરો. ઘેલુ નાયક કહે છે કે ભલે.

આમ ભવાઈના વેશમાં ડાગલો આવે છે તે રંગલાને કોયડાઓ પૂછીને હરાવવાના પ્રયત્ન કરે છે. પણ રંગલો ખૂબ જ ચતુર છે. તેથી તે ડાગલાને હરાવી દે છે. રંગલાનો જયજયકાર થાય છે. પ્રધાનજી ગુસ્સામાં લાલચોળ થઈ જાય છે. આ રીતે આ વાર્તામાં જીવરામ જોશીએ કથાઘટક તરીકે ભવાઈને લઈને વાર્તાને સરસ રીતે સજાવી છે.

'ગુલુ સરદાર' ભાગ ૧–૨ એ ડાકુની વાર્તા છ. વાર્તાનો નાયક ગુલુ સરદાર એક ખુંખાર ડાકુ છે. આ વાર્તામાં રેણુ નામની એક બાળા છે. તેનું અપહરણ ગુલુ સરદાર કરી જાય છે. રેણુને પોતાની દીકરીની જેમ આ ગુલુ સરદાર રાખે છે. રેણુ તે ડાકુનું હૃદય પરિવર્તન કરાવે છે તેની આ રસદાર કહાની છે.

જીવરામ જોશી આ વાર્તાની પ્રસ્તાવનામાં જ લખે છે કે : "ચંબલની ખીણ કે ચંબલના ડાકુઓનું નામ જાણીતું બન્યું ન હતું તે સમયે ચંબલના એક ખુંખાર ડાકુની કહાણીનું આ પુસ્તક લખાયું હતું. આ કહાણીમાં ચંબલના ડાકુની પાપલીલા નથી, પણ અદ્‌ભુત એવી એક બાળકથા છે. ગુલુ સરદારની કહાણીનો ઉપયોગ એક હિન્દી ચિત્રપટમાં પણ થયો છે. નાનકડી બાળા રેણું એક ભયાનક ડાકુનું હૃદય પરિવર્તન કઈ રીતે કરાવે છે તેની આ એક સરસ કથા છે"[૫]

ગુલુ સરદાર રેણુના ઘરે ધાડપાડે છે. રેણુ નીડરતાની તેનો સામનો કરે છે, ને પિસ્તોલ તાકીને રેણુ સામે ઊભી રહી જાય છે. રેણુની આ હિંમત જોઈને ગુલુ સરદાર દિગ્મુઢ થઈ જાય છે. તે તેની હિંમતને દાદ આપે છે. પછી તેના સાથીદારો ચપળતાથી રેણુ પાસેથી પિસ્તોલ પડાવી લે છે.

ગુલુ સરદાર આ છોકરીની હિંમત જોઈને તેને સાથે લઈ લો એવો હુકમ તેના સાથીદારોને કરે છે. રેણુને ગુલુ સરદારને તેના સાથીદારો ઊઠાવી જાય છે. પણ આ રેણુ ગજબની નીડર છોકરી હતી. જરા પણ ગભરાતી નથી.

આ બાજુ રેણુના પિતાજી પણ ખૂબ જ દુઃખી થઈ ગયા અને રેણુના વિરહમાં વ્યથિત થઈ જાય છે.

રેણુને પકડીને ગુલુ સરદાર જંગલમાં પોતાના આશરે આવે છે. રેણુ ઉપર ગુલુને ખૂબ જ ક્રોધ આવે છે. ગુલુ સરદારનો એક વિશ્વાસુ સાથી જગન હોય છે. તેને ગુલુ હુકમ કરે છે કે આ છોકરીને પૂરી દો. જગન તેને લઈ આવે છે. જગનની વહુને રેણુ ઉપર દયા આવે છે કે સવારે ગુલુ સરદાર આ છોકરીને મારી નાખશે, માટે રેણુને તે રાત્રે ભગાડી દે છે. સવારે ગુલુ સરદાર આવે છે. રેણુનો કોઈ પતો નથી. ગુલુ સરદાર લાલચોળ થઈ જાય છે. ત્યારે રેણુ ઓરડાના બારણાં પાછળથી નીકળે છે.

ગુલુ સરદારને રેણુ ઉપર પ્રેમ ઊભરાય છે અને રેણુને તે દીકરી બનાવે છે તે જોઈએ :

"ગુલુ સરદારે એનીવહુને કહ્યું : જા, એના મોઢામાં મીઠાઈ મૂક અને અહીં લઈ આવ.

આ વાત સાંભળીને બધાં નવાઈ પામી ગયા. ગુલુ સરદારે આમ શા માટે કહ્યું ? એનું શું કારણ હશે ?

ગુલુ સરદારની વહુ ઊભા થયાં. રેણુની પાસે ગયાં, ગોળની ગાંગડી લીધી. રેણુના મોઢામાં મૂકી દીધી તેને ધીરેથી ગુલુ સરદાર પાસે લઈ ગયાં.

ગુલુ સરદાર બોલ્યા : સાંભળો ભાઈઓ ! આ રેણુને આજથી અમારી દીકરી બનાવીએ છીએ. આવી બહાદુર દીકરી ગણવી. કોઈએ એનું અપમાન કરવું નહીં. એને અમારી દીકરી ગણીને માન આપજો.

ગુલુ સરદારની આ વાત સાંભળીને તો બધા દંગ થઈ ગયા"[૬]

ત્યારબાદ રેણુ ગુલુ સરદારને ત્યાં આનંદ કરે છે. પિસ્તોલ ચલાવતા શીખે છે. ઘોડેસ્વારી કરે છે. બહાદુરીના ખેલ કરે છે. આ રીતે કથાઘટક આગળ ચાલે છે. ત્યારબાદ રેણુ ઘોડા ઉપર ફરવા નીકળે છે. ફરતા ફરતા ભુલી પડી જાય છે. ત્યાં ગુલુ સરદારનો એક દુશ્મન ડાકુ ઈસરદા છે. તેના માણસો જંગલમાં નીકળે છે તે રેણુને જૂએ છે, ને તેની સાથે તેના સરદાર ઈસરદા નામના ડાકુ પાસે લઈ જાય છે. રેણુને પૂછે છે. રેણુ બધી વાત કરે છે. ગુલુ સરદાર તો ઈસરદાનો કટર દુશ્મન હતો. બન્ને વચ્ચે લડાઈ થાય છે.

ઈસરદા કહે છે કે રેણુને મારી નાખું. ત્યારે ગુલુ સરદાર કહે છે કે રેણુ મારી દીકરી નથી, પણ દિલ્હીના હેમુ શેઠની દીકરી છે. તેને ન મારતો. આવા સમયે વચ્ચેથી કયાંક રેણુ ઘોડા પર સવાર થઈને ભાગી નીકળે છે ને છેક દિલ્હી પહોંચે છે. ત્યાં જઈને સિપાઈઓને વાત કરે છે. તેના માતાપિતાને સમાચાર મળે છે. તે ભાવવિભોર થતા દોડતા આવે છે તેનું પુત્રી સાથે સુખદ મિલન થાય છે. રેણુ બધી વાત કરે છે અને તેઓ જંગલમાં ગુલુ સરદારને મળવા જાય છે. ગુલુ કહે છે કે મારે પણ એક દીકરી હતી. તે રેણુ જેવી જ હતી. તેથી રેણુ ભલે મારી સાથે રહે. આવો ઉત્કટ પ્રેમ ગુલુ સરદારનો હતો. આ રીતે ખૂબ જ સરસ રીતે કથાવસ્તુગૂંથાયેલું છે, ને વાર્તા રોચક રીતે આગળ વધે છે.

'મિયાં ફુસકી' વાર્તામાં મિયાં ફુસકી અને તભા ભટ્ટ એ બન્ને જીગરજાન મિત્રો હોય છે. તે બન્ને આખો દિવસ સાથે જહોય છે. તેઓ બુદ્ધિ ચાતુરીના કામ કરે છે. મિયાં ફુસકી બહારથી મૂર્ખ જેવું વર્તન કરે છે, પણ ખૂબ જ ચતુર છે. આ બન્ને પાત્રો બહારગામ જતા હોય કે ગામમાં અલગ અલગ પ્રસંગોએ તે પોતાની ચાતુરીથી સમસ્યાનો ઉકેલ મેળવે છે. સમાજમાં જે કપટ, દંભ, પાખંડ, અંધશ્રદ્ધા ચાલતી હોય છે તેને પોતાની બુદ્ધિથી દૂર કરે છે. આ રીતે જુદા જુદા પ્રસંગોની સરસ મજાની નાની નાની વાર્તાઓ જીવરામ જોશીએ આપી છે એ રીતે આ વાર્તાઓમાં કથાઘટક એ રીતે પ્રસંગો દ્વારા આગળ વધે છે,

ને બાળકોને આનંદ મળે છે. સાથે સાથે તેની બુદ્ધિનો પણ વિકાસ થાય છે. આ રીતે જીવરામ જોશી પોતાની અલગ અલગ કથાશ્રેણીમાં બહુ સરસ રીતે કથાઘટકનો ઉપયોગ કરીને વાર્તાને બાળકોને આનંદ મળે, તેની બુદ્ધિનો વિકાસ થાય તેવી બનાવે છે.

## (૨) પાત્રાલેખન :

શ્રી જીવરામ જોશીએ પોતાની વાર્તાઓમાં પાત્રાલેખન ખૂબ જ સહજ અને સ્વાભાવિક કર્યું છે. તેમણે પાત્રોને જાણે કે પૂરેપૂરા ખિલવી દીધા છે. તેમની બાળવાર્તાઓમાં. તેમની બાળવાર્તાઓ પ્રમાણે પાત્રાલેખનનો અભ્યાસ કરીએ તો સૌ પ્રથમ "અડુકિયો દડુકિયો" એ બે પાત્રો બન્ને ભાઈઓ છે. મોટો અડુકિયો નાનો દડુકિયો. બન્નેને માથા ઉપર માત્ર ચાર–પાંચ વાળને બાદ કરતા ટકો. એ બન્ને ભાઈઓ તેના મામાને ઘેર ચાંદનગર જાય છે ને વાર્તા આગળ ચાલે છે. બન્ને ભાઈઓ નીડર અને સાહસી હતા. તેઓ જીવસટોસટનું સાહસ કરતા, અને ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ સર્જાય તેમાંથી તેઓ ડરવાને બદલે લડતા હતા. અને તેમાંથી પોતાનો માર્ગ કરી લેતા હતા. અડુકિયા – દડુકિયાની ચાતુરી જોઈને વડીલો પણ દંગ રહી જતા હતા.

જીવરામ જોશીનાં આવાં જ બીજાં બે પાત્રો છે. જેનું નામ છે છકો અને મકો. તે પણ બાળકોને ખુશ કરી દે છે. આ પાત્રોની વાર્તા શરૂ થાય છે ત્યારે શરૂઆતથી જ જીવરામ જોશી સરસ રીતે તેનું પાત્રાલેખન કરીને આગળ વધે છે. તેમના જ શબ્દોમાં તે જોઈએ :

"નાનું એક એવું ગામ  
ગામમાં એક નબા ગોર  
નબા ગોરને બે દીકરા  
મોટા દીકરાનુ નામ છગનલાલ  
બધા તેને છકો કહીને બોલાવે  
નાનાનું નામ મકનજી રાખેલું.  
બધા તેને મકો કહે છે.

છકો પાંચ વરસનો અને મકો ત્રણ વરસનો.

છકો દૂબળો અને પાતળો પણ લાંબો વાંસ જેવો.

મકો જાડો અને ઢીચકો, જાણે કે હાથીનું બચ્ચું.

નાનાં બાળકો ગમે તેવા હોય પણ તે બધાને વહાલા લાગે છે. લાંબા એરંડા જેવા છકાને દોડતો જોઈને બધાને આનંદ થાય જાણે કે હવામાં ઘાસનો પૂળો ઉડતો જાય છે એવું લાગે.

મકો દોડે ત્યારે તો બધાને હસવું આવી જાય. એમ જ લાગે કે જાણે નાનકડું પીપ ગબડતું જાય છે."[૭]

આ રીતે વાર્તાની શરૂઆત થાય છે ને છકો સાત વર્ષનો અને મકો પાંચ વર્ષનો થાય છે અને તેનાં માતાપિતા આ બન્ને બાળકોના માથાના વાળ ઉતરાવે છે. તેનાં નાના નાં મિત્રોને ભારે મજા પડે છ. શેરીનાં બાળકો દોડી આવે છે ને તાલીઓ પાડીને ગીત ગાવા માંડે છ. જોઈએ :

"ટકા મૂંડા તેલ તેલ
ઘોઘા ઘાંચીનું પીસેલ
તેલ પીધું સવાશેર
ટકા મૂંડાને થઈ લહેર
છકો મકો
માથે ટકો
ટકો લીસોલસ છે
સાત ટકોરા બસ છે"[૮]

જીવરામ જોશીના પાત્ર ઘણી વખત સત્ય બોલી નાખે છે. અને સમાજ વ્યવસ્થા પર કટાક્ષ કરતા હોય છે. આપણી જૂની કહેવત 'નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ' એ છકા નામનું પાત્ર એજ સંદર્ભમાં બોલે છે, જોઈએ :

"મકો કહે : ગામમાં જઈશું એટલે બધાં આપણને ચીડવશે. છકો હસ્યો અને બોલ્યો : હવે તો તું જ બેવકૂફ બની ગયો.

મકો કહે : કાં ?

છકો કહે : કાંશું, તું એટલુંય જાણતો નથી કે, જેની પાસે રૂપિયા હોય તે ધનવાન ગણાય ! ધનવાન હોય તેને બધા માન આપે છે. ધનવાનના બધા અવગુણ લોકો ભુલી જાય છે. ધનવાન મૂરખ હોય તો પણ ડાહ્યો ગણાય છે. આપણે ગામમાં જઈશું, લોકો જાણશે કે આપણી પાસે સોનામહોરનો પાર નથી, ત્યારે બધા આપણને સલામો ભરશે"[૯]

'છેલ છબો' જીવરામ જોશીની પાત્રજોડી છે. બે કિશોર પાત્રોને કેન્દ્રમાં રાખીને લખાયેલી લાંબી પરાક્રમ કથા છે. આ પાત્રો અનેક સ્થળોએ જઈને ભાતભાતનાં પરાક્રમો કરે છે.

છેલ નામનું પાત્ર અપાર બળ ધરાવતું હતું. તેણે પ્રાણાયામની વિદ્યા મેળવી હતી. શ્વાસ રોકે અને મૂઠીઓ વાળે એટલે તેના શરીરમાં અપાર બળ આવી જતું હતું.

છેલ અને છબો પરસ્પરનાં પૂરક પાત્રો છે. છતાંય છેલને માથે કથાપ્રસંગોનો ભાર વિશેષ રહે છે. છેલ માત્ર આંધળું સાહસ કરનારો નથી, પણ માનવતાસભર ભલાં કાર્યો કરનારો, જીવનની સાચી સૂઝ ધરાવનારો, નીડર સાહસિક જીવ છે. માનવતાનાં કાર્ય કરતા, અનિષ્ટને સંહારતા, પરાક્રમી એવા આ છેલ–છબાના પાત્ર બાળકો માટે જીવરામ જોશીની એક આકર્ષક ભેટ બની રહે છે.

'વીર હનુમાન' નામની બાળવાર્તામાં હનુમાનજીનું પાત્રાલેખન લેખકે બાળકો એકદમ સમજી શકે તેવું કર્યું છે. તેમાં માતા અંજનીનો પૂર્વજન્મ, હનુમાનજી શિવજીના અગિયારમાં અવતાર, તેમજ રાજા દશરથ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરતા હતા અને છેલ્લે પ્રસાદનો પડિયો તેમની રાણીઓને આપે છે. તે પડિયો એક સમડી આવીને લઈ જાય છે ને માતા અંજની પર્વત ઉપર ધ્યાન કરતા હતા, તેને મળે છે તે પડિયો માતા અંજની પ્રભુ પ્રસાદ માનીને ખાઈ લે છે. ત્યારબાદ વાયુદેવ બોલે છે કે તમારે ત્યાં પુત્ર જન્મશે ને તે મારું સ્વરૂપ હશે. આ રીતે ચૈત્ર મહિનાની પૂનમે હનુમન્તજીનું પ્રાગટય થાય છે. આ રીતે આ બાળવાર્તામાં બાળકો સમજી શકે તે રીતે હનુમાનજીનું પાત્રાલેખન જીવરામ જોશી ખૂબ જ સરળ રીતે કરે છે.

'પાવન રેણું' નામની વાર્તા પણ પૌરાણિક કથાવસ્તુ આધારિત છે. તેમાં જમદગ્નિ ઋષિ અને રેણુકા નામના ઋષિપત્નીનું પાત્રાલેખન સરસ છે. તેમના પુત્ર તે પરશુરામ તેની આ બાળવાર્તા છે. પરશુરામનું પાત્રાલેખન ઉત્તમ થયું છે. અન્યાય સામે તે નીડરતાથી લડે છે, અને તેના દ્વારા બાળકોને અન્યાય સામે લડવાનો અને નીડરતાથી જીવન જીવવાનો બોધ મળે છે. આમ આ બાળવાર્તામાં પૌરાણિક કથાવસ્તુનો આધાર લઈને પરશુરામનું પાત્રાલેખન ઉત્તમ રીતે થયું છે.

'વાહ રંગલા કથાશ્રેણી' માં રંગલાનું મુખ્ય પાત્ર છે તે ઉપરાંત રંગીલાપુરના રાજા રંગુજી, પ્રધાન અને રંગલાની પત્ની રંગલી વગેરે પાત્રો પણ છે. રંગલો કયારેક મુર્ખ જેવું વર્તન કરે છે તો કયારેક ઉત્તમ બુદ્ધિશાળી વ્યકિત જેવું કામ કરે છે. રંગુજીરાજાના દરબારમાં તે વિદ્વાન તરીકે પૂજાય છે. રાજા કે પ્રધાન કોઈ પ્રશ્ન કે કોયડો આપે તેનો ઉકેલ રંગલો આપે છે. કયારેક તે ઉકેલ શોધવામાં મૂંઝાય જાય છે. ત્યારે તેની પત્ની રંગલી તેનો ઉકેલ રંગલાને બતાવે છે. રંગલાનું પાત્ર ખૂબ જ તર્કબુદ્ધિવાળું અને હોશિયાર છે. અને સાથે સાથે રમુજી તો ખરું જ ! આ રંગલા નામના પાત્રનો પ્રવેશ જીવરામ જોશી ખૂબ જ નાટ્યાત્મક રીતે કરાવે છે. તેમના જ શબ્દોમાં જોઈએ :

"એક નટ હતો. ભવાઈ અને નાટકના ખેલો કરનાર એક નાટક મંડળીમાં તે કામ કરતો હતો. તે લોકોને હસાવવાનો વેશ ભજવતો હતો. તે રંગલાનો વેશ,

રંગલો એટલે ડાગલો અથવા વિદૂષક.

તેનું કામ ખેલ જોનારાને હસાવવાનું.

એ એવો સરસ વેશ ભજવતો હતો કે, લોકો આનંદમાં ડૂબી જતાં. તેના બોલથી, તાલથી અને ચેનચાળાથી ખડખડાટ હસતા અને આનંદમાં નાચી ઊઠતા.

પછી તો તેનું નામ જ રંગલો પડી ગયું. લોકો તેને રંગલો કહીને જ બોલાવતા અને તેની વહુને રંગલી કહેતા હતા.

એક દિવસે રંગલો વીલું મોઢું કરીને બેઠો હતો. આજે ગજવામાં એક નવો પૈસો નહોતો.

રંગલીએ રંગલાને કહ્યું : તમે ચતુરાઈની વાતો કહીને લોકોને હસાવો છો તો જાઓને આપણા રાજાજીની સભામાં, રાજા રંગીલાસિંહજી ચાતુરીની અને મોજમઝાની વાતો સાંભળીને એવા રાજી થાય છે, કે સોનામહોરોનું ઈનામ આપે છે. ખરેખરા રાજી થશે તો આપણને કોઈ વાતનું દુઃખ નહીં રહે. તમનેય ઈનામ મળશે.

રંગલો કહે : હાં, એ વાત સાચી, તો ઉપડું, રંગીલાસિંહજીને એવી મોજ કરાવી દઉં કે બસ,

રંગલી કહે : તો ઉપડો, વીલું મોઢું કરીને બેસવું નહીં. ઉપાય વિચારવો અને જે ઉપાય મળે તે કરવો."[10]

જીવરામ જોશીની બાળવાર્તાઓમાં 'પંચતંત્ર' ની જેમ પશુ, પંખીઓ, વૃક્ષો વગેરે પણ બોલે છે. તેનું પાત્રાલેખન પણ સુંદર રીતે થયું છે. અને તે પણ જાણે બાળકોને બોધ આપતા હોય તેવું લાગે છે. 'રંગલાની રંગત' વાર્તામાં એક પ્રસંગમાં કાગડા વચ્ચેનો સંવાદ થાય છે, તે આકર્ષક છે, જોઈએ :

"હવે કાગડાને થાંભલા પર ગોઠવ્યો છે. બહાર ઉડનારા કાગડા જોઈ શકે તેમ છે. ઘણાં કાગડાઓ એકઠા થયા.

એક કાગડો બોલ્યો : આપણે જાણીએ છીએ કે, માણસની જાત વિશ્વાસઘાતક છે. દગો કરવો અને બીજાને છેતરવો એમાં માણસો ચતુર હોય છે, તેથી કોઈ પંખી માણસની નજીક જતું નથી. તેમાંય આપણે કાગડાઓ તો કદી માણસનો વિશ્વાસ કરીએ જ નહીં. છતાં આપણો એક જાતભાઈ સભાનાં થાંભલા પર કેમ બેઠો છે ?

બીજો બાગડો બોલ્યો : નકકી એ કોઈનો પાળેલો હોવો જોઈએ.

ત્રીજો કાગડો કહે : પણ એ તો આપણી સામે ય જોતો નથી. આપણે બોલીએ છીએ તો બોલતો પણ નથી.

એક કાગડો કહે : ભાઈ, માણસની જાત બડી ઘમંડી હોય છે. સગો ભાઈ પણ પોતાના ભાઈને ભૂલી જાય છે. દીકરો બાપને ભૂલે છે, એવા માણસનું જૂઠું ખાવાથી એ કાગડો પણ એવો બની ગયો છે.

એક બીજો કાગડો બોલ્યો : આપણા જાતભાઈને આપણે ગુલામીમાંથી છોડાવવો જોઈએ.

ચતુર તો એક એક કાગડો હોય છે, પણ માણસોની સભામાં જવું એ ઉપાધિનું કામ છે.

એક કાગડે હામ ભીડીને પેલા બનાવટી કાગડા પાસે જાય છે. પણ બનાવટી કાગડો ચૂપ હોય છે. હવે આ કાગડો પેલા બનાવટી કાગડાને કહે છે :

"ભાઈ કાગડા, કોઈએ તમને પાળ્યા હોય તો ચેતજો. માણસના ગુલામ ન બનશો. ચાલો, આપણી નાતમાં. તોય પેલા બનાવટી કાગડાએ સામે જોયું નહીં.

સભાના લોકો અને રાજા જોઈ રહ્યાં કે, એક કાગડો કાગ, કાગ, ક્રાંઉ, ક્રાંઉ, કરતો પેલા નકલી ઘાટના કાગડા પાસે બેઠો છે."[૧૧]

જીવરામ જોશીની વાર્તા 'ટીડો સાંઢ' માં ટીડા નામનો એક વ્યકિત હોય છે. તે નાનો હતો ત્યારે શારીરિક રીતે ખૂબ જ નબળો હતો. ગામના બધાં છોકરાઓ તેને હેરાન કરતા હતા, અને મારતા હતા. એક દિવસ ગામના છોકરાઓએ ટીડાને ખૂબ જ માર્યા. ટીડો ઘરે આવીને તેના બાપાને વાત કરે છે. તેના બાપા ટીડાને કહે છે કે તું મરી જાય તો સારું આવો નબળો છોકરો શાં કામનો ? બધાનો માર ખાઈને ઘેર આવે છે ? આ શબ્દો સાંભળીને ટીડાને ખૂબ જ લાગી આવે છે, ને મનોમન તે પોતાના શરીરને બળવાન બનાવવાનું નકકી કરે છે.

એક દિવસ ગામમાં મલ્લની ટોળી આવે છે. રાતે અંગ કસરતનાં ખેલ થાય છે. સૌ વાહ વાહ પોકારે છે. ટીડાને તો પેલા મલ્લ છોકરાની ભારે નવાઈ લાગે છે. બીજા દિવસે ટીડો પેલા મલ્લની પાસે જાય છે. તે પ્રસંગે જીવરામ જોશીએ મલ્લનું સરસ પાત્રાલેખન કર્યું છે. તેજોઈએ :

"ટીડાએ પૂછયું : રાતે તે ખેલ કર્યા હતા તે બહુ સરસ હતા. તે છાતીએ સાંકળી બાંધીને તોડી એ તો ખરેખરું હતું. એવું કામ શી રીતે કરી શકે છે ?

મલ્લનો છોકરો કહે : અમે નિત કસરત કરીએ છીએ. તેથી અમારામાં બળ આવે છે.

ટીડો કહે : હું કસરત કરું તો એવું બળ આવે ?

છોકરો કહે : હા

ટીડો કહે : પણ મારામાં તો જરાય બળ નથી.

છોકરો કહે : હુંય પહેલા સાવ નબળો હતો. મારા બાપુ મને કસરત કરાવવા માંડયા, તેથી મારામાં ઘણું બળ આવ્યું.

છોકરાના બાપુએ બૂમ પાડી. તે દોડતો જતો રહ્યો. ટીડો ઘેર ગયો. તેના મનમાં કસરતની વાત વસી ગઈ. વિચારે છે કે, હું કસરત કરું અને બળવાન બનું, પણ કસરત કોણ શીખવે ! ગામમાં કોઈ કસરત જાણતું નથી.

મલ્લની ટોળી જતી રહી. પછી તો બે ત્રણ વરસ વીતી ગયા. ટીડો સોળ વરસનો થયો. મોટો થયો પણ નબળો તો એવો જ. પોતાના ગામથી ચારેક ગાઉ એક મોટું ગામ હતું. ત્યાં એક સરકસ આવ્યું. ગામના બે ત્રણ માણસો સરકસ જોઈ આવ્યા હતા. તેઓ સરકસની વાતો કરતા હતા. એમાંય કસરત અને બળના ખેલ થાય"[૧૨]

આ રીતે ટીડો સાંઢ કસરત કરીને બળ મેળવવાનો વિચાર કરીને સરકસ જોવા જાય છે. અને ત્યાંજ કામ મેળવી લે છે. ઘણાં વર્ષો સુધી સરકસમાં કામ કરીને કસરતો કરીને પોતાના શરીરને સુદ્દઢ બનાવે છે. એક બળ વગરનો છોકરો પહેલવાન જેવો બની જાય છે. અને પોતાના ઘેર પાછો આવે છે.

ટીડાનું નામ ટીડો સાંઢ કઈ રીતે પડયું તેની પાછળ પણ એક પ્રસંગ જોડાયેલો છે. તે જીવરામ જોશીના શબ્દોમાં જ જોઈએ. :

"એક દિવસની વાત છે. બહારગામથી એક મસ્તાનો સાંઢ આવી ચડયો. ગાંડા હાથી જેવો દેખાય. ન ડરે કે ન હઠે. માણસને દેખે કે મારવા દોડે. બાપ રે ! શાં અણિયારાં એનાં શિંગડાં ! ભાલાની અણી જોઈલો. લોકો એને દેખતાં જ નાસીને સંતાઈ જાય. કોઈનામાં સાહસ ન મળે કે એ સાંઢની સામેથી નીકળે.

ફૂંફાડા મારતો અને ઓગ્ઘાં, ઓગ્ઘાં કરતો સાંઢ ચારેકોર ભમવા માંડયો. વાડીઓમાં ઘૂસીને લીલા છોડ ચરી જાય. વાવેલાં ખેતરો ખૂંદી નાખે. ઘણું નુકસાન કરે. પણ કોઈ ઉપાય ન મળે"

તે સાંઢ ગામમાં ઘૂસી આવ્યો. લોકો પોતાના ઘરમાં ઘૂસી જાય છે. ટીડાભાઈ નદીએ ગયેલા. સાંજે પાછા આવે છે તો ગામમાં કોઈપણ માણસ દેખાતો નથી. ત્યાં કોઈએ બારીમાંથી બૂમ પાડી કે ટીડાભાઈ જટ ઘરમાં ભરાઈ જાઓ. ગાંડો સાંઢ ગામમાં

ઘૂસી ગયો છે. એ દેખશે તો મારી જ નાખશે. આ રીતે સરસ મજાના પાત્રાલેખન સાથે વાર્તા આગળ વધે છે.

"ટીડાભાઈ કહે : એ વાત છે, એમ કહોને ! ત્યારે કોઈ દેખાતું નથી. કયાં છે એ સાંઢ?

ત્યાં સામેની શેરીમાં સાંઢના છીંકોટા સંભળાયા. ટીડો તે ભણી ચાલ્યો. બારી બારણામાંથી ડોકિયાં કરતા લોકો બૂમો પાડી ઊઠયા કે : એ ભણી ન જશો. સાંઢ ગાંડો છે. મારી નાખશે.

ટીડો કહે : કોઈ ચિંતા કરશો નહીં. મારે એવા ગાંડા સાંઢની જ જરૂર છે.

આમ, કહી ટીડો પેલી શેરીને નાકે ગયો. જુએ તો સામેથી સાંઢ ચાલ્યો આવે. લોકોનાં હૈયાં કાંપી ઊઠયાં. સૌને એમ જ લાગ્યું કે, હાથે કરીને ટીડો મરવા જાય છે.

સાંઢને જોતા જ ટીડાએ બૂમ પાડી : ઓ રે ગાંડા ! આમ આવ આમ. તારાથી ડરીને બધા નાસે છે. આજ મારે તારી સાથે કુસ્તી કરવી છે.

સાંઢે ગરદન ઊંચી કરીને સામે જોયું. પોતાના જેવો જ મસ્ત ટીડો દેખાયો. ઓગ્ઘાં.... છી.... કરીને ત્રાડ નાખી. સામેથી ટીડાએ પણ પડકારો દીધો. એ સાંભળી સાંઢ ચિડાયો. ને છીંકોટા નાખતો દોડયો"[૧૩]

આ રીતે ટીડાની સાંઢ સાથે લડાઈ થાય છે. સાંઢને પછડાટ આપે છે. ને સાંકળે બાંધી દે છે. લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. તે દિવસથી ટીડાનું નામ ટીડો સાંઢ પડી જાય છ. આ રીતે આ બાળવાર્તામાં જીવરામ જોશીએ ટીડા સાંઢનું પાત્રાલેખન અદ્‌ભુત કર્યું છે. બાળકોને એ સંદેશ મળે છે કે શરીરને બળવાન બનાવવું જોઈએ અને કસરતનું સ્થાન જીવનમાં હોવું જોઈએ. આ રીતે બાળકોને જીવરામ જોશી દ્વારા એક બળવાન પાત્ર મળે છે.

'ગુલુ સરદાર' નામની બાળવાર્તામાં ગુલુ સરદારનું પાત્રાલેખન ઉત્તમ છે. તે એક ખુંખાર ડાકુ હતો. ૧૮૫૭ના બળવા પછીના સમયને આ વાર્તામાં બતાવવામાં આવ્યો છે. ચંબલના ડાકુઓ કુખ્યાત થયા નહોતા તે પહેલાની આ વાત છે. ગુલુ સરદાર અને તેની ટોળી જંગલમાં રહેતી અને મારધાડ કરતી હતી. આ વાર્તામાં ગુલુ સરદારનું પાત્રાલેખન

જોરદાર થયું છે. તેની આગળ શોલે ફિલ્મનો ગબ્બરસિંહ ઝાંખો લાગે છે. વાર્તાના પ્રારંભે જ જીવરામ જોશીએ ગુલુ સરદારનું પાત્રાલેખન સરસ કર્યું છે. જોઈએ :

"ગુલુ સરદાર એનું નામ.

નામ સાંભળતાં જ કાંપી ઊઠીએ એવી એની ધાક

ગુલુ સરદારના નામની હાક વાગે.

લોકો એનું નામ સાંભળતાં જ ઘરમાં હોય તો વગડામાં ભાગે અને વગડામાં હોય તો પહાડની કોઈ ગુફામાં સંતાય. લોકો તો આમ ડરે છે, પણ સરકારના શૂરવીર સિપાઈઓ અને બડેખાં અમલદારો પણ ધ્રૂજી રહેતા. સમાચાર આવે કે ગુલુ સરદાર આણંદમાં આવ્યો છે. તો એને શોધવા સિપાઈઓનું દળ વડોદરા દોડી જાય. કોઈની હામ ના ચાલે કે ગુલુ સરદારની સામે જાય.

વાતો થાય છે કે, ગુલુ સરદાર એટલે એક રાક્ષસ જોઈ લો. એવો જ એનો વેશ અને એવોજ એનો દેહ, એવું જ એનું રૂપ અને એવું જ એનું કામ"[૧૪]

'ગુલુ સરદાર' વાર્તામાં બીજું એક પાત્ર 'રેણુ' છે. તે નાનકડી બાળા છે. તે એક શેઠની દીકરી હતી. દિલ્હીમાં તે રહેતા હતા. ખૂબ જ મોટો તે શેઠનો વેપાર. દિવાળીના સમયે તે પોતાના વતનમાં ગામડે આવે છે. સાથે રેણુ પણ હોય છે. રેણુનું પાત્રાલેખન આકર્ષક રીતે કર્યું છે. બાળકોમાં તે ચિરસ્મરણીય બની જાય છે. રેણુ ખૂબ જ હિમ્મતવાન પાત્ર છે. ગમે તેવી પરિસ્થિતિમાં તે ડરતી નથી, પણ તેનો સામનો કરે છે. ગુલુ સરદાર જયારે રેણુના ઘરે લૂંટ કરવા માટે આવે છે. ત્યારે રેણુ જરા પણ ડર્યા વગર ગુલુ સરદારનો સામનો કરે છે તે દશ્યમાં રેણુનો નીડરતાનો ગુણ પ્રગટ થાય છે. જોઈએ :

"ગુલુ સરદાર પોતે ઓરડામાં દાખલ થયો. ચારે બાજુ જોયું રેણુને ઊભેલી જોઈ.

ગુલુ બોલ્યો : આ તારી બા છે ?

રેણુ બોલી : હા

ગુલુ બોલ્યો : કહે કે ઘરેણાં કાઢી આપો.

રેણુ બોલી : એ બેભાન છે.

ગુલુ બોલ્યો : તો તું કાઢી આપ અને તારા ગળામાં હાર છે ને ? એ હાર તું કાઢી આપ.

આ બોલે છે ત્યાં ધડાકો થયો. જાણે બંદુક ફૂટી. ગુલુ સરદાર ચમકી ગયો. જોયું તો રેણુના હાથમાં પિસ્તોલ હતી. તેણે ઊંચે છાપરા ભણી તાકીને તમંચો ફોડયો હતો. ગુલુ સરદાર તો થંભી જ ગયો. રેણુએ પિસ્તોલ તાકીને કહ્યું : બહાર ચાલ્યા જાઓ. જરાય હાલશો ડોલશોને, તો ગોળી મારી દઈશ. નિશાન તાકતા જાણું છું. અમે પહેલેથીજ બધી તૈયાર કરી હતી. જોયો આ તમંચો ?

ગુલુ હસ્યો અને બોલ્યો : વાહ બહાદુર દીકરી.... તુ પિસ્તોલ ચલાવતા જાણે છે ?

રેણુ બોલી : ના જી, ચલાવતા નથી જાણતી પણ વીંધી નાખતાં જાણું છું. ઝટ ઘર બહાર નીકળી જાઓ નહીં તો છાતીમાં ગોળી વાગશે.

ગુલુ સરદારને હવે બીક લાગી. ભલે રેણુને નિશાન તાકતાં ન આવડતું હોય પણ ગોળી છોડે અને પોતાની છાતીમાં વાગી જાય તો ?"[૧૫]

ગુલુ સરદાર ખૂબ જ ખુંખાર ડાકુ હતો. પણ તે અંદરથી કોમળ હૃદયનો હતો. તેને એક દીકરી હતી. તેનું નાની વયે અવસાન થયું હતું. રેણુ તેને પોતાની દીકરી જેવી લાગતી હતી. તેથી રેણુનું અપહરણ તો થઈ જાય છે, પણ તેને જરાપણ હેરાન કરતો નથી. અને રેણુ માટે થઈને ઈસરદા નામે એક બીજો ડાકુ હતો તેની સાથે લડાઈ પણ કરે છે અને અંતે રેણુને દિલ્હીમાં તેના પિતા રહેતા હતા તેને સોંપી દે છે.

બીજું એક પાત્ર આ વાર્તામાં 'રેણુ' નું છે. આ રેણુ ખૂબ જ સાહસિક અને નીડર બાળા છે. તે ગમે તેવા જોખમ ઊઠાવે છે. મૃત્યુનો ડર તેને લાગતો નથી. તેના પરાક્રમો વાંચીને બાળકો વાહ વાહ પોકારી ઊઠે એવા છે. આ વાર્તામાં આ સિવાય પણ બીજાં થોડાં સહાયક પાત્રો છે. પણ આ બે મુખ્ય પાત્રો બાળકોના મનમાં વસી જાય તેવાં છે.

જીવરામ જોશીએ ઘણીબધી પાત્રપ્રધાન વાર્તાઓ આપી છે. તેમાં સૌથી વધારે બાળપ્રિય અને લોકપ્રિય પાત્રજોડી હોય તો તે છે 'મિયાં ફુસકી અને તભા ભટ્ટ' હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતીક રૂપ આ બે અદ્‌ભુત પાત્રો છે. આ જોડી બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે. આ પાત્રોની અંદર સંપૂર્ણપણે માનવ સ્વભાવનું ઝીણું ઝીણું આલેખન થયું છે. આથી અહીં બનતી ઘટનાઓ બહુજ સહજ લાગે છે. માનવસહજ જુદી જુદી વૃત્તિઓ અને આકાંક્ષાઓ પ્રસંગો રૂપે આપે છે. જેમ કે મિયાં બીબી કોક કારણસર ઝઘડી પડે છે.

મિયાં એકદમ નાના બાળકની જેમ જીદ લઈ બેસે છે. કે "જૂતા જેવી જ નવી ટોપી નથી માટે નથી જવાનો" એમ કહીને બેસી જાય છે. ત્યારે તભા ભટ તેમને ખોટે ખોટું સમજાવે છે કે 'પોથીમાં કહ્યું છે કે જૂની ટોપી ચાલે' ને મિયાં ફુસકી પોતાના પરમ વિશ્વાસુ એ જીગરજાન મિત્રના વેણમાં પૂરો વિશ્વાસ ધરાવતા હોઈ તેમના કહેવાથી તૈયાર થાય છે. આવી નાદાનિયત બાળકોને હસાવે જ ને!

## (૩) અતિ વાસ્તવિક તત્ત્વો (ફેન્ટસી) :

બાળકોને સૌથી વધારે આનંદ અને વિસ્મય ફેન્ટસીમાં મળે છે. જીવરામ જોશી તેની વાર્તાઓમાં ખૂબ સરસ રીતે ફેન્ટસીનું પ્રયોજન કરે છે. અને બાળકો તે વાર્તા વાંચે કે સાંભળે ત્યારે તેમાં રસતરબોળ થઈ જાય છે. 'અડુકિયો દડુકિયો' વાર્તામાં આ બન્ને ભાઈઓ મામાને ઘેર જાય છે ત્યારે જંગલમાં એક વાવ આવે છે. તેમાંથી એક ડોશી બહાર આવે છે ને અડુકિયા દડુકિયાને પકડી લે છે અને વાવની અંદર લઈ જાય છે ને એક પથ્થરને ત્રણ વખત ખખડાવે છે તો પથ્થર ખસી જાય છે ને અંદર એક સ્વપ્નસૃષ્ટિ ખડી થઈ જાય છે. સરસ બગીચા, ફુવારા, ફુલો, ઝરણા, મહેલો, સોનારૂપાના હિંડોળા હોય છે. ત્યાં આ બન્ને ભાઈઓને પેલી ડોસી લઈ આવે છે અને પ્રથમ જમાડે છે. ત્યારબાદ અડુકિયો દડુકિયો બગીચામાં ફરવા નીકળે છે. સુંદર મજાનો બગીચો છે. તે બગીચામાં એક પિંજરામાં મેના હતી. તે મેના આ બન્ને ભાઈઓને જુએ છે, એટલે તે બોલે છે કે :

"ઝટ ઝટ આવો
પાણી લાવો
હું છું મેના
વહાલી બેના"[૧૬]

આવો બોલ સાંભળીને બન્ને ભાઈઓ ચમકી ગયા. અડુકિયો કહે : આ મેના તરસથી તરફડે છે તેને પાણી જોઈએ છે.

દડુકિયો કહે : પાણી લાવશું ક્યાંથી ?

મેના બોલી : લાલ શીળાં પાણી

લીલા પીળા પાણી

હોજમાંથી ભરી લાવો

દોટ મૂકો તાણી.

આ સાંભળીને અડુકિયો અને દડુકિયો હોજ પાસે જાય છે. અને પાણીના ખોબા ભરી લાવી મેનાને પીવડાવે છે. એટલામાં તો જબરો ઘોંઘાટ મચી ગો. પવન જોર જોરથી ફૂંકાવા લાગ્યો. અને હમમમમમ કરતો મોટો બોલ સંભળાયો. તે સાથે પાંજરું ચૂરેચૂરા થઈ ગયું તેમાંથી મેના બહાર નીકળી, પણ એવડી મોટી મેના કે મોટા ગરૂડપંખી જેવી. તેને જોઈને અડુકિયો દડુકિયો ચમકી ગયા.

"મેના બોલી : અડુકિયાભાઈ દડુકિયાભાઈ ! મારી પાંખો ઉપર બેસી જાઓ. જો પેલી ડોશી દોડતી આવે છે, પકડાશો તો તમને જીવતા નહીં રહેવા દે.

પેલાં ડોશીમાં ઉડતાં આવતાં હોય એવું દેખાયું. મેનાએ પાંખો પહોળી કરી તેની ઉપર અડુકિયો દડુકિયો બેસી ગયા. ઊંચે ઊંચે આકાશમાં મેના પહોંચી ગઈ. વાદળામાં થઈને જાય છે. વાદળાનાંગોટામાં ઢંકાઈ જાય છે"[૧૭]

આ રીતે જીવરામ જોશી તેની વાર્તામાં ફેન્ટસી મૂકીને બાળકોને ખૂબ જ રસ આપે છે અને મનોરંજન કરાવે છે.

'અડુકિયો દડુકિયો આગિયો ભૂત' વાર્તામાં દૂર દૂર જંગલ પ્રદેશમાં સાત નદીના સંગમમાં એક મહેલ હતો ત્યાં અડુકિયો દડુકિયો જાય છે તે મહેલની બધી બાજુ પાણી જ પાણી હતું. ત્યાં પહોંચી તો જાય છે પણ ત્યાંથી જવું કઈ રીતે ? તે વિચારે છે. ત્યાં કિલ્લામાં સોનેરી ચકલી તેની દોસ્ત બની જાય છે ને ત્યાં ઘણા બધા પંખીઓ હતા તે બધા પંખીઓ તેના પીંછા એકઠા કરીને તેની સાદડી બનાવે છે અને તે સાદડી પાણી ઉપર તરે છે. તેની ઉપર બેસીને આ ચડુકિયો દડુકિયો નદી પાર કરે છે. આ તરંગ બાળકોને ખૂબ જ આનંદ પમાડે છે. જોઈએ :

"મેં પાછા જવાનો વિચાર કર્યો પણ પાછા જવા માટે પાણીમાં થઈને જવું પડે. મારો જૂનો તરાપો તો કોણ જાણે કયાં ગયો હશે ? ત્યાં મેં નવાઈ જોઈ. એક ઓરડામાં સોનેરી ચકલીનાંપીછાંનો ઢગલો પડયો હતો. કેટલાંક વરસનાં એકઠાં કરેલાં પીંછાં હશે.

નવાઈ તો એ જોઈ કે કેટલાંક પંખી એકઠાં થયાં હતાં. પીછામાંથી સાદડી બનાવતાં હતાં. ચાંચ વડે પીછું તે પગ વડે ગોઠવે. એમ કરીને સાદડી જેવું બનાવતાં હતા. હું તો જોઈ જ રહ્યો. હું તો ભૂખ લાગે ત્યારે મધ જમું છું, અને મોજથી રહું છું.

પેલાં પંખીઓએ સાદડી બનાવી કાઢી પંખીની શી ચતુરાઈ કેવી મઝાની સાદડી બનાવી દીધી ! પણ આ સાદડીનું તેઓ શું કરશે ? ત્યાં તો બધાં પંખી સાદડીને વળગી પડયા. સાદડી લઈને ઊઠયાં. જઈને સાદડી ગુફાના પાણી ઉપર મૂકી દીધી. સાદડી પાણી ઉપર તરવા માંડી. સોનેરી ચકલી ટપ દઈને સાદડી ઉપર બેસી ગઈ. મને પણ સાદડી ઉપર બેસી જવા કહેતી હોય તેમ ચકલી મારા ખભા પર બેઠી. મને બીક લાગી.

મને થયું કે, આ સાદડી પાણીમાં ડૂબતી નહીં હોય, કારણ કે તે સોનેરી ચકલીના પીછાંની બનેલી છે. સોનેરી ચકલીનો માળો પણ પાણીમાં ડૂબ્યો નહોતો.

એવામાં મોટી મોટી બતકો આવી. સાદડીના છેડા ચાંચમાં પકડી લીધાં.

સોનેરી ચકલીએ વારંવાર મને ઈશારા કર્યા કે સાદડી પર બેસી જાઓ.

હિંમત કરીને હું સાદડી ઉપર બેઠો. પગ સાદડી ઉપર મૂકયો ત્યારે તો મને બીક લાગી હતી કે હમણાં જ સાદડી પાણીમાં ડૂબશે. પણ જરાય હાલી ડૂલી નહીં. હું સાદડી ઉપર બેસી ગયો. બતકો માંડી ખેંચવા સાદડી પાણી ઉપર ચાલવા માંડી"[૧૮]

જીવરામ જોશીની બીજી એક વાર્તા અડુકિયો દડુકિયો અને ગાલુ જાદુગરમાં એક ચાખડીની વાત આવે છે. તે ચાખડી દ્વારા સુંદર રીતે ફેન્ટસીનું નિરૂપણ થયું છે. તેમાં એક જુવાન કેવડાના વનમાં એક સાપ રહેતો હોય છે તેને પકડવા માટે જાય છે, ત્યારે બડા ગુરુ નામના જાદુગર તેને પગમાં પહેરવાની ચંદનની ચાખડી આપે છે. તેનું વર્ણન જોઈએ :

"બડા ગુરુને આ જુવાન ગમી ગયો.

બડા ગુરુએ કહ્યું : જરા રહે. બીજી એક વસ્તુ તને આપું.

બડા ગુરુએ પગમાં પહેરવાની ચાખડી આપી.

જુવાને પૂછયું : આનું હું શું કરું ?

બડા ગુરુ બોલ્યા : આ ચાખડી સફેદ ચંદનની છે. બારબા વરસે ચંદ્રની કળા બદલાય છે તે દિવસે સફેદ ચંદનના ઝાડ પર અજબ અસર થાય છે. બરાબર પૂનમની રાત હોય, ચંદ્રમાં

મધ્ય આકાશમાં આવી ગયા હોય, ત્યારે ચંદનનું ઝાડ કાપવું તેના વચલા ભાગનું લાકડું લઈને ચાખડી ઘડાવવી. પછી બાર મહિના સુધી ચાખડી પર સૂરજનાં કિરણ પડવા દેવાં નહીં કે દિવસે બહાર કાઢવી નહીં. પણ દર પૂનમે સૂરજ આથમે અને અંધારું જામવા દેવું બરાબર ચંદ્રમાં ઉગે એ જ સમયે ચાખડી બહાર કાઢવી અને આખી રાત ચાખડીને ચાંદાના અજવાળામાં રાખવી. આ રીતે બાર મહિનાની બાર પૂનમનાં અજવાળાં પીએ ત્યારે એ ચાખડીમાં જાદુઈ ગુણ ઉતરે છે.

જુવાન કહે : શું ?

બડા ગુરુએ કહ્યું : આ ચાખડી પહેરીને ચાલે તો ઘોર અંધકારમાં પણ જોઈ શકે છે. પાણી ઉપર ચાલે તો પાણીમાં તે ડૂબતી નથી. આ ચાખડી પહેરીને તું ચાલીશ એટલે ભીંતની થેલી બાજુ પણ જોઈ શકીશ. આવી આ ચંદનની ચાખડી મેં મેળવી છે તે તેને આપું છું"[૧૯]

આવી જ રીતે આ વાર્તામાં બીજી પણ વસ્તુઓ છે. જે બાળકોને આનંદ આપે છે. પેલા જુવાન પાસે એક જાદુઈ લખોટી પણ છે જે લખોટી મોઢામાં રાખવાથી વ્યકિતઅદશ્ય થઈ જાય અને બીજી એક વસ્તુ છે તુંબડું. જેમાંથી પાણી પીએ તો સાંજ સુધી ભુખ જ લાગતી નથી. આ રીતે જીવરામ જોશીએ પોતાની બાળવાર્તાઓમાં ઘણી બધી રીતે અતિવાસ્તવિક તત્ત્વોનું પ્રયોજન કર્યું છે.

જીવરામ જોશીએ છકો મકો નામની વાર્તામાં સરસ રીતે ફેન્ટસીનો ઉપયોગ કર્યો છે. આ વાર્તામાં છકો સાત વરસનો અને મકો પાંચ વરસનો થાય છે ત્યારે તેનાં મા–બાપ આ બન્ને બાળકોને માથા ઉપરથી વાળ ઉતરાવવાનો ઉત્સવ કરે છે. બન્ને ભાઈઓને માથે ટકા થઈ જાય છે. તેના મિત્રોને ટકા ઉપર હાથ ફેરવવાની મજા પડે છે. રાત પડે છે ને બન્ને ભાઈઓ સુઈ જાય છે. સવારે ઊઠે છે ત્યારે બન્ને ભાઈઓ આશ્ચર્યમાં ડૂબી જાય છે. જીવરામ જોશીના જ શબ્દોમાં જોઈએઃ

"જમી પરવારીને બધાં ઊંઘી ગયાં.

રાત વીતી અને થયું સવાર.

પહેલો જાગી ગયો છકો, ઝટ દઈને તેણે પોતાના માથા ઉપર હાથ ફેરવ્યો કે હાથમાં વાળ આવી ગયા.

અરે! આ શું ?

છકાને માથે બે ઈંચ લાંબા વાળ ઉગી ગયા હતા. એક રાતમાં આટલા મોટા વાળ ઉગે શી રીતે ?

મોટી નવાઈ

બૂમો પાડતો છકો તેની બા પાસે ગયો.

છકાના માથા ઉપર બે ઈંચ લાંબા વાળ છે. તે જોઈને તેની બા પણ નવાઈમાં ડૂબી ગઈ.

આવું શી રીતે બને ?

ત્યાં તો મકો જાગી ગયો.

બધાં લોકો એકઠાં થઈ ગયા. છકાના મુંડા ઉપર લાંબા વાળ જોઈને નવાઈમાં ડૂબી ગયા. અને હવે મકાનું માથું જોયું તો બમણી નવાઈ થઈ. મકાને માથે એવો ને એવો મુંડો હતો. કાલના જેવો જ લીસોલસ.

હવે એથી પણ વધારે નવાઈની વાત આવી.

બીજા દિવસની રાતે છકો મકો ઊંઘી ગયા.

સવારમાં જાગ્યા.

છકો છક અને મકો મક.

છકાને માથે બમણા લાંબા વાળ વધી ગયા.

ચારના આઠ ઈંચ થયા કપાળ અને આંખો ઢંકાઈ ગઈ અને હડપચી સુધી પહોંચી ગયા હતા.

જયારે મકાભાઈ પોતાના માથે હાથ ફેરવે છે તો મુંડાનો મુંડો જ છે. વળી, કાલના કરતાં વધારે લીસો બની ગયો હતો. ભારે નવાઈની વાત બની''[૨૦]

'છેલ–છબો' જીવરામ જોશીની અદ્‌ભુત વાર્તા છે. તેમાં લેખકે અતિવાસ્તવિક તત્ત્વોનો ભરપૂર ઉપયોગ કર્યો છે. છેલ અને છબો પાતાળલોકમાં જાય છે અને તેને જે નીતનવા અનુભવો થાય છે તેમા બાળકોને ખૂબ જ રસ પડે છે. પાતાળલોકના માણસો જુદા જ હતા. તેનું વર્ણન જીવરામ જોશીએ બખૂબી કર્યું છે. જોઈએ :

"માથું માણસના આકાર જેવું જ છે પણ નાક મુદલ નથી. નાક જેવો જરા આકાર છે ખરો. માથે વાળ નથી. આંખો ગોળ મણકા જેવી છે, પણ ઊંડી નથી. ગોળ ચપટી કોડીઓ ચોંટાડી દીધી હોય એવા ડોળા જ દેખાય છે. તે ઝગમગી રહ્યા છે. એવો ઝગમગાટ આંખના ડોળામાં ન હોય, તે મોટું છે. મોઢામાં દાંત નથી, જીભ છે ખરી આકાર તદન લંબગોળ છે. કાન છે પણ ઘાટ જુદો છે. જેમાં કાણાં નથી ગોળ મીંડા જેવો વચમાં આકાર છે. એ પણ ચમકી રહ્યો છે.

છેલ અને છબો નવાઈ પામી ગયા. આવો માણસ હોય એવું તો સાંભળ્યું પણ નથી.

છબો બોલ્યો : ભાઈ ! આ કયાં દેશનો માનવી હશે ?

છેલ કહે : પૃથ્વી ઉપર તો આવા માનવી કયાંય જોયા નથી"[૨૧]

'છેલ–છબો ઘોર ગુફામાં' નામની વાર્તામાં છબો ખોવાઈ જાય છે. ત્યારે છેલ તેને શોધવા માટે નીકળે છે. હિમાલયનો પહાડી વિસ્તાર હતો, તે પર્વતમાળામાં છેલ છબાને શોધવા લાગે છે. એમ કરતાં કરતાં છેલ એક ગુફામાં પ્રવેશે છે. અને ત્યાં લેખક સરસ મજાની ફેન્ટસીનો પ્રયોગ કરે છે તે જોઈએ :

"ગુફાની અંદર મોટો ઓરડો છે. તેની સામે જ બુદ્ધ ભગવાનની એક મૂર્તિ છે. કાળા પથ્થરમાંથી મૂર્તિ કોતરી હોય એમ લાગ્યું. પણ તેની બે આંખો ચમકી રહી હતી. એ પછી જોયું તો ત્યાં એકેય દીવો બળતો નથી. દીવા વિના આવું અજવાળું શી રીતે થાય ? ચારે ખૂણે જોયું કયાંય દીવો નથી. ઉપર નીચે બધે જોયું હવે સમજયો. બુદ્ધ ભગવાનની મૂર્તિની આંખમાંથી જ અજવાળું ફેલાયું હતું. છેલને થયું કે, કદાચ હીરા જેવી વસ્તુઆંખમાં જડી દીધી હશે તેનું આ અજવાળુ પડતું હશે.

હીરો આવું તેજ આપે છે, ત્યાં બીજો ચમત્કાર થયો. બારણાંમાં એક પથ્થર હતો. તાંબા જેવો તેનો રંગ હતો. તેની ઉપર સફેદ અક્ષરો લખાઈ ગયા. પોતે જોયું કે એવા અક્ષરો લખેલા પથ્થર તો પહેલાં ન હતો. નકકી આ અક્ષરો હમણાં જ લખાયા છે.

લખાયું હતું કે :

'અંદર પગ મૂકીશ નહીં'

હજી તો છેલ આમ વિચાર કરે છે અને પથ્થરને જોઈ રહ્યો છે એટલામાં એકદમ અક્ષરો અલોપ થઈ ગયા. છેલ એકીટસે પથ્થર સામે જોઈ રહ્યો. તરત જ પથ્થર ઉપર લખાવા માંડયું કે :

'તું પાછો જા તો સારું
તારો ભાઈ મઝામાં છે.
એને અહીં કોઈ જાતનું દુઃખ નથી.
નવાઈ પામીશ નહીં.
આ કોઈ જાદુ નથી.
આ તો કળા છે''[૨૨]

'છેલ છબો સોનાના માનવી' નામની વાર્તામાં છેલ છબો હિમાલય પ્રદેશમાં જાય છે. ત્યાં તેમણે હિમમાનવનાં મોટા પગલા જોયા તેનું વર્ણન પણ રોચક છે. છેલ–છબો માનસરોવરને કિનારે સાધુની રાવટીમાં રાતવાસો કરે છે, ને સવારે રાવટીમાં એક સાધુ ન હતા. બહાર જુએ છે તો હિમમાનવના પગલા હોય છે. તે ફેન્ટસી બાળકોમાં વિસ્મય જગાડે છે. તે જોઈએ :

''બધાં ત્યાં ગયાં. જોયું તો નવાઈમાં ડૂબી ગયાં. મોટાં પગલાં જોયાં. બરફ ઉપર પગલાં પડયાં હતાં. એક પગલું દોઢ ફૂટ લાંબું હતું. એ પગલા રાવટી સુધી આવ્યાં હતાં. રાવટીની પેલી બાજુથી જબરાં પગલાવાળું કોઈ આવ્યું હતું અને રાવટી પાસે થઈને સીધું ચાલ્યું હતું.

સાધુ બોલ્યા : આવડાં મોટાં પગલાં કોનાં હશે ?

છેલ અને છબો પગલાં જોઈ રહ્યા.

છેલ બોલ્યો : આ પગલાં હિમમાનવનાં છે.

સાધુ કહે : હિમમાનવ કોણ ?

છેલ બોલ્યો : હિમાલયના બરફવાળા ભાગમાં કોઈ હિમમાનવ રહે છે તેને હજી સુધી કોઈ જોઈ શકયું નથી. કોઈ વાર તેનાં પગલાં દેખાય છે નકકી આ પગલાં હિમમાનવનાં જ છે.''[૨૩]

આ પ્રમાણે જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં અલગ અલગ રીતે અતિવાસ્તવિક તત્ત્વોનો વિનિયોગ કરીને પોતાની વાર્તામાં રોચકતા, જિજ્ઞાસા, આનંદ વગેરેનો વધારો કરે છે ને તેથી તેની બાળવાર્તાઓ બાળપ્રિય બની છે.

## (૪) રસસૃષ્ટિ :

જીવરામ જોશીની બાળવાર્તાઓમાં રસસૃષ્ટિ અદ્‌ભુત છે. સર્જક પોતાની કલમ દ્વારા અલગ અલગ રસોનું બાળકોને સરસ રીતે પાન કરાવે છે અલગ અલગ વાતાવરણનું શબ્દચિત્ર ખડું કરીને બાળકોને રસતરબોળ કરી દે છે. બાળવાર્તાની શરૂઆત જ એટલી સરસ કરે છે કે બાળકને તે વાર્તા જિજ્ઞાસા જગાડે છે.

અડુકિયો દડુકિયો વાર્તાસંગ્રહમાં એક વાર્તાની શરૂઆતમાં જ વર્ણન દ્વારા બાળકોને રસ પડે છે અને તે બાળક વાર્તાની દુનિયામાં ખોવાઈ જાય છે. જોઈએ :

"નગર તો ઘણાં હશે, પણ આ ચાંદનગર જેવું બીજું કોઈ નગર નહીં હોય.

હિમાલયની ઊંચી ટેકરી અને ટેકરીની ટોચ પર સફેદ પથ્થરનો કિલ્લો.

જાણે માખણનાં ચોસલાં ગોઠવી દીધાં હોય એવો ધોળો. કિલ્લામાં પીળા અને લાલ ગુલાબી આરસનો મહેલ છે.

તે છે ચાંદનગરનો રાજમહેલ.

તેમાં રહે છે રાજા–રાણી

અડુકિયા દડુકિયાના તેઓ મામા થાય."[૨૪]

જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં હાસ્યરસનો પ્રયોગ પણ સહજ રીતે કરે છે. તેનાં પાત્રો બેધડક રીતે સત્ય વાત કહી દે છે ને બાળકોને હાસ્ય મળે છે. તેની એક બાળવાર્તામાં આનું સરસ ઉદાહરણ મળે છે. જોઈએ :

"ડોસા બોલ્યા : ચલો, હસવાની વાત મૂકી દો. સાફ સાફ ઉત્તર આપો. બોલો કે કોને તમને અહીં મોકલ્યા છે ? સાચું બોલશો તો તમને હું મોજ કરાવીશ. જૂઠું બોલશો તો આ બખોલમાં જ પૂરી રાખીશ. ખાવાનુંય નહીં આપું અને પાણી પણ નહીં આપું. ભૂખ્યા અને તરસ્યા મરી જશો. હું એવો કડક છું. બોલો, કોણે તમને મોકલ્યા છે ?

અડુકિયો દડુકિયો, અને બટુક ચૂપ થઈ ગયા. કોણે મોકલ્યા છે એ કહેવાય નહીં. ન કહે તો પણ દુઃખ છે.

ડોસા બોલ્યા : વિચાર પછી કરજો, ઝટબોલી નાખો. તમે બાળક છો. કોઈએ તમને ફસાવી દીધા છે, પણ સાચું કહી દેશો, તો હું તમને છોડી મૂકીશ. અને એવા પાપી નથી, બોલો.

દડુકિયો બોલ્યો : 'અને ન બોલીએ તો?'

ડોસા હોઠ પીસીને બોલ્યા : તો તારુંમાથું કાપી નાખીશ.

દડુકિયો બોલ્યો : અને માથું ન કાપવા દઈએ તો ?

ડોસા હસી પડયા અને બોલ્યા : બેટા, તું કાચો છે, તારું માથું કાપતા કેટલી વાર ? કાચો મૂળો કાપીએ તેમ કપાશે.

દડુકિયો બોલ્યો : અમે કાચા મૂળા જેવા નથી.

ડોસા કહે : કેવા છો ?

દડુકિયો બોલ્યો : ભાલાની અણી જેવા''[૨૫]

તેઓ વરસાદના વાતાવરણની રસસૃષ્ટિ અદ્‌ભુત ઊભી કરે છે. રાતનો સમય હોય, ધોધમાર વરસાદ વરસતો હોય તો કેવું ભયાનક વાતાવરણ રચાયને બાળકને આ વાતાવરણ વાર્તામાં વાંચે તો થોડો ડર ઉત્પન્ન થાય ને હવે શું થશે ? હવે શું થશે ? તેવી જિજ્ઞાસા ઊભી થાય છે ને વાર્તા આગળ વાંચવા માટે રસ પડે છે. એક વાર્તામાં સરસ રીતે રસની જમાવટ કરે છ. જોઈએઃ

''રાતનો સમજય છે

વરસાદ ધોધમાર વરસે છે.

એમાં પાછું અંધારું જાણે કે કાળા કાળા કોઈ કૂવામાં આપણને ડૂબાડી દીધા. એવું અંધારું કે કશું દેખાય જ નહીં !

વરસાદ કહે મારું કામ, એવો વરસે, એવો વરસે કે રમઝટ બોલે.

પાણીની ખળખળાટી બોલે છે.

જાણે મેઘરાજાની સવારી નીકળી.

નોબતને નગારા માંડયા છે વાગવા. કડાકાને ઘડાકા માંડયા છે બોલવા. વીજળીના ચમકારા થાય છે.

પાણીનો સાગર છલકાયો, નદીઓ ડૂબી ગઈ, તળાવો ડૂબી ગયાં. ઊંચા ઊંચા ટેકરા ડૂબી ગયા હવે ઝાડ પણ ડુબવા માંડયાં.

ભોંય પર રહેવાય એમ નથી. ટેકરા ટીંબા ડૂબી ગયા છે.

હવે કયાં જવું ?

પાણી ઉછાળા મારે છે અને ઘસતું આવે છે.

રાત માંડી વીતવા.

તેમ તેમ વરસાદ માંડયો વધવા.

ઊંચા ઊંચા ડુંગરાય હવે તો ડૂબી ગયા.

ઝાડની ટોચો પણ ડૂબી ગઈ.

અડુકિયો કહે : ભાઈ દડુકિયા, પાણી વધે છે.

દડુકિયો કહે : શા ભાઈ, ટેકરીની ટોચ પાણીમાં આવી ગઈ. આપણા પગને પાણી અડી ગયા હવે?

અડુકિયો કહે : હવે મેઘરાજાને વિનંતી કરીએ. પ્રાર્થના કરીએ"[૨૬]

'છેલ અને છબો' વાર્તાના પ્રારંભે જ જીવરામ જોશીએ સંદર રસસૃષ્ટિ ઊભી કરી છે. જયારે બાળકો વાંચે છે ત્યારે બાળકો તે રસસૃષ્ટિમાં સરી પડે છ. જોઈએ :

"હિમાલયની સુંદર ટેકરીઓ

થોડે દૂર માનસરોવર

ત્યાં રૂપાળી એક જગા

એનુ નામ મૃગવન

આ વનમાં કસ્તૂરી મૃગ થતા હતા. ટોળાનાં ટોળાં મૃગવનમાં હરતાં ફરતા હતાં.

રૂપાળી એક ટેકરી હતી. એ ટેકરી પર રૂપાળું એક નગર વસ્યું હતું. ટેકરીની ટોચ પર રાજાનો મહેલ હતો."[૨૭]

'છેલ છબો ફોઈબાના મહેલમાં' નામની વાર્તામાં હિમાલયની પર્વતમાળામાં છેલ અને છબો ફરવા નીકળે છે. ત્યારે નદીએ જતા હોય છે. તેવામાં એક વાઘ સામે મળે છે. છેલ છબા કરતાં વધારે તાકાતવર ને સાહસી હતો. તે દૃશ્યમાં બાળકોને ખૂબ જ રસ પડે છે, ને જીવરામ જોશીનું વર્ણન પણ અદ્‌ભુત છે. તેમના જ શબ્દોમાં જોઈએ :

"છેલે છબાને કહ્યું કે : મારી પાછળ રહેજે.

છબો પાછળ ગયો. છેલ આગળ રહ્યો.

છેલ ઊભો જ રહ્યો.

વાઘ લફાલફ કરતો આવ્યો પણ છેલ એમનો એમ ખડો જ રહ્યો. વાઘને નવાઈ લાગી કે, આ મીઠા લોહીનો શિકાર આવો કેવો કે બીતો નથી !

ભાગતો નથી !

ડગતો નથી !

લાવ પછાડી દઉં

વાઘને મોજ પડી. દોડીને માર્યો કૂદકો.

કૂદકો મારીને છેલ ઉપર ચડવા ગયો કે છેલ જરા ખસી ગયો. વાઘે જબરી ઘુરઘુરાટી કરી. નીચે પડયો કે છેલે તરાપ દીધી. વાઘનું ગળું પકડી લીધું. જેમ નાના ગલૂડિયાને ડોકમાંથી પકડીને ઊંચુ લટકાવી રાખીએ એમ વાઘને ઊંચો કર્યો.

છેલે બન્ને હાથે વાઘનું ગળું પકડયું અને ઊંચો કરી દીધો. વાઘે ઘણાં તરફડિયાં માર્યાં પણ ચસકી શકે નહીં.

છેલે ઊંચો કરીને કરી દીધો ઘા"[૨૮]

'વીર હનુમાન' નામની બાળાવર્તામાં હનુમાનચરિત્રની કથા છે. તેમાં હનુમાન સુગ્રીવને મિત્ર બનાવવા માટે તેની કિંષ્કિંધા નગરીમાં જાય છે. ત્યાં દશેરાના દિવસે કુસ્તીનું આયોજન કરવામાં આવેલું. તેમાં સુગ્રીવ કુસ્તી માટે આવે છે અને કહે છે કે મારી સાથે કુસ્તી કરવાવાળું છે કોઈ ? હનુમાનજીએ વિચાર્યું કે મિત્રતા માટે આ દાવ સરસ છે. અને સુગ્રીવ અને હનુમાનજી વચ્ચે કુસ્તી થાય છે. તેમા જીવરામ જોશીએ સરસ રસસૃષ્ટિ ખડી કરી છે. જોઈએ :

"તરત જ હનુમાનજી ઊભા થયા. બધાંનાં મોઢાં એમની સામે મંડાઈ રહ્યાં. હનુમાનજીનું શરીર જોઈને તો બધાને થયું કે, આ જુવાન છે તેજ.

હનુમાનજી અખાડામાં ઉતર્યા. સુગ્રીવ તો મોજમાં આવી ગયો કે, આજ પોતાની સાથે લડનારો કોઈ આવ્યો ખરો ! છેલ્લા બે ચાર વરસથી તો કોઈ હામ ભીડતું નહીં.

હસીને સુગ્રીવે હનુમાનજી સાથે હાથ મિલાવ્યો અને અખાડાની માટીને વંદન કર્યા. સુગ્રીવ બોલ્યો : જુવાન ! શરીર તો ઘાટદાર બનાવ્યું છે, પણ મને જીતી જાઓ એટલું બળ બતાવો તો ખરા !

હનુમાનજી બોલ્યા : મિત્ર ! એ તો હવે દેખાશે.

હનુમાનજીથી મિત્ર બોલાઈ જવાયું અને તે સાંભળીને સુગ્રીવને પણ લાગ્યું કે, જાણે એ પોતાના મિત્ર જ છે.

કુસ્તીનો આરંભ થયો. તાલ ઠોકયા અને જોડી જામી પડી. દાવ પર દાવ અને બાંધછોડ માંડી ચાલવા. જોનારા તો એકરસ થઈ ગયા. સુગ્રીવ અને હનુમાનજીની જોડી જે બાજુ નમે એ બાજુ જોનારા પણ ઢળતા જાય છે. સુગ્રીવને થયું કે માળું જીતાશે નહીં. હનુમાનજીને એમ થાય છે કે સુગ્રીવને હરાવવો નથી. હારશે તો એને મનમાં ઓછું આવશે. એ રીતે બેમાંથી એકેય પાછા પડતા નથી. એટલે જોનારાઓને તો રંગ ચડી ગયો. સુગ્રીવને થાક ચડવા માંડયો. પોતે નકકી હારશે એમ લાગ્યું. પણ જયાં પછાડવાની અણી આવે છે ત્યાં હનુમાનજી ઢીલું મૂકી દે છે"[૨૯]

'વાહ રંગલા કથાશ્રેણી' માં રંગુજી રાજાના દરબારમાં અકકલશંકર નામનો વ્યકિત અકકલની પડીકી વેંચવા માટે આવે છે તેની સાથે ઢોલક હોય છે, તે વગાડે છે ને દરબારમાં કહે છે કે અમારી અકકલની પડીકી ખરીદે એવો કોઈ ચતુર માણસ આપની સભામાં છે ખરો ? હોય તો અમારી સામે આવે. મૂરખાઓને અમે અકકલની પડીકી વેંચતા નથી. અકકલવાળા હોય તેની પરીક્ષા કરીએ છીએ. આ પ્રસંગે સરસ રસસૃષ્ટિ રચાય છે, તે જોઈએ :

"ત્યાં રાજાજી બોલ્યા : આપણી સભામાં કોઈ ચતુર માણસ નથી ? બધા મૂરખાઓ જ બેઠા છે કે શું ?

ત્યાં સડાક કરતો રંગલો ઊભો થયો.

આખી સભાના લોકો રંગલા સામે જોઈ રહ્યા. રાજાજી અને પ્રધાનજી પણ જોઈ રહ્યાં.

અકકલશંકરે પણ ડોકું ફેરવીને રંગલા સામે જોયું.

જોતાં જ ઢોલક ઉપર દાંડી મારી દીધી અને ધમધમાકનો બોલ ગાજી ઊઠયો.

રંગલો હવે ચાલ્યો.

અકકલશંકર સામે ઊભો રહ્યો. રંગલાના પગની મોજડી જોઈને અકકલશંકરે ઢોલક ઉપર એક થાપ મારી. પછી રંગલાનો ચુડીદાર પાયજામો જોઈને ઢોલક ઉપર બે થાપ મારી. તે પછી રંગલાનો લાલ રંગનો ડગલો જોઈને ત્રણ થાપ મારી. અને પછી રંગલાની ટોપી જોઈને તો અકકલશંકર એવો રાજી થયો કે ધીન, ધીન, ધીન ધીન એમ ઢોલક બજાવતાં બજાવતાં ટોપીનું ફુમકું પડકયું ટોપી ઊંચી કરી દીધી. રંગલો ચૂપ.

ના બોલ્યો, ના ડોલ્યો કે ના ચમકયો. જેમ પૂતળું હોય તેમ ઊભો જ રહ્યો.

'વાહ વાહ, વાહ વાહ' આ બોલીને અકકલશંકરે રંગલાની ટોપી તેના માથા ઉપર પાછી ગોઠવી દીધી.

પછી રાજાજી સામે જોઈને અકકલશંકર બોલ્યો : મહારાજ ! આ મૂંગું પ્રાણી ભારે રૂપાળું છે હો !'[30]

'રંગલાની રંગત' માં જીવરામ જોશીએ જોડકણાં રૂપી રસસૃષ્ટિ પણ ખડી કરી છે. અકકલશંકરને રંગલો પોતાની ચતુરાઈથી હરાવી દે છે. અને અકકલશંકર રાજી થઈને રંગલાના વખાણ કરતાં જોડકણાં ગાય છે ને તે જોડકણાં વાંચવાની અને સાંભળવાની બાળકોને મજા પડે છે, ને આનંદના રસમાં ડૂબી જાય છે તે જોડકણાંની રસાનુભૂતિ કરીએ :

''વાહ રંગલા

ચતુર મંગલા

બુદ્ધિના છો તમે જ ઢગલા

તમે હંસને બધા જ બગલા

ઘણાય આવ્યા

કોઈ ન ફાવ્યા

આવ્યા તેને તમે હરાવ્યા

માથું મૂંડી અને ભગાવ્યા

જે જે આવ્યા

કોઈ ન ફાવ્યા

નામ અમારું અકકલશંકર

ચાતુરીની કરું કચુંબર

કદી ન હારું

કામ એ મારું

ચાતુરીના ચણા વધારું

બુદ્ધિનાં ભજિયાં ઉતારું.

મને હરાવ્યો, વાહ રંગલા,

જરા ન ફાવ્યો, વાહ રંગલા

ભાઈ રંગલા, વાહ રંગલા,

અમને તમે બનાવ્યા પગલા

વાહ રંગલા, વાહ રંગલા"[૩૧]

જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં નાનાં નાનાં વાકયો દ્વારા વર્ણન કરીને રસસૃષ્ટિ રચાય છે. તેમણે 'રંગલાની રંગત' વાર્તામાં વન, ડુંગર, ખીણ વગેરેના વર્ણન દ્વારા અદ્‌ભુત રસસૃષ્ટિ રચી છે. તે જોઈએ :

"નગર દૂર હતું. કેટલાંય ગામ વચમાં આવ્યાં. ગામ ગયાં અને ડુંગર આવ્યાં. ડુંગરમાં ઝાડી છે તે વટાવે છે પછી નગરનો સીધો રસ્તો આવે. વન અને ડુંગરમાં કોઈ માણસની વસ્તી ન મળે. પણ એક ડાકુની ટોળી ડુંગરાની ઊંડી ખીણમાં રહેતી હતી. એની

પાસે પાણીદાર ઘોડા હતા. રાતના સમયે જાય અને લૂંટફાટ કરે. રાતોરાત પાછા આવી જાય એનો પતો લાગે નહીં. સૂરજ આથમ્યા પછી ડાકૂ ઉપડે અને સૂરજ ઉગ્યા પહેલાં પાછા આવી જાય. એમ એકવાર સૂરજ આથમ્યો કે ડાકૂ ઘોડા પર ચડયા અને ચાલી નીકળ્યા. કોતરમાંથી નીકળીને મારગમાં પહોંચ્યા. એક આંધળો અને એક બહેરો ડુંગરના માર્ગમાં બેઠેલા. સાંજ થઈ ગઈ હતી. તેથી રાત કયાં વિતાવવી તેનો વિચાર કરતા હતા. ત્યાં ઘોડાનાં પગલાંની તડબડાટી સાંભળી, આંધળાએ બહેરાને ઈશારાથી કહ્યું કે, તડબડાટ કરતા ઘોડા ચાલ્યા આવે છે. ત્યાં તો બહેરાએ ઘોડા જોયા. જોતજોતામાં ડાકૂના ઘોડા ત્યાં પહોંચી ગયા. ડાકૂએ આંધળાને અને બહેરાને જોયા. સરદારે એકદમ ઘોડાં ઊભાં રખી દીધાં. ભારે નવાઈ લાગી કે, આ મારગે થઈને કોઈ માણસ જતું નથી કે આવતું નથી. આ બે માણસ કયાંથી આવ્યાં ? ભેદિયા હશે અને ભેદ લેવા આવ્યા હશે તો ?"[૩૨]

જીવરામ જોશીની 'રંગલાની રેવડી' વાર્તાઓ મોટેભાગે જોડકણાંથી શરૂ થાય છે. તે જોડકણાં વાંચતાં જ બાળકો રસમાં તરબોળ થઈ જાય છે. જોઈએ :

"વાહ રંગલા, અકકલનાં તે ઘોડા ઘણા ભગાવ્યાજી
બુદ્ધિની તે કરી રેવડી, ફૂટલા ઘડા વગાડયાજી"[૩૩]

આ રીતે શરૂઆત કરીને વાર્તા માંડે છે. એકદમ ટૂંકાં વાકયો છે. વાકયોમાં સરળતા છે. કારણ કે બાળકો તે તુરન્ત સમજી શકે છે, અને વાર્તા શરૂઆતથી જ જમાવટ કરે છ. જોઈએ :

"રાજા બેઠા છે.

પ્રધાનજી ઊભા છે.

રંગલો તાલ પર તાલ દે છે અને મોજમાં તડાકા મારી રહ્યો છે. એવામાં એક માણસ રાજાજી સામે આવીને બોલ્યો કે, જય હો મહારાજનો.

આ માણસને ખભે એક થેલો હતો.

રાજા કહે : શું લાવ્યા છો આ થેલામાં ?

આ માણસ બોલ્યો : થેલામાં લાવ્યા છીએ જાદુના પોટલાં એકથી એક ચડે એવું જાદુ બતાવું.

રાજા કહે : એમ ? તમે જાદુગર છો ?

જાદુગર કહે : હાજી, અમારા જેવો કોઈ જાદુગર નથી.

રાજા કહે : તો બતાવો તમારું જાદુ.

જાદુગર એનું નામ.

ટપ દઈને નીચો બેસી ગયો.

પહેલાં તો ગીત ગાવા માંડયો. પોતાના થેલામાં હાથ ઘાલ્યો. રાજાએ પૂછયું : હા, તમારું નામ તો કહો !

જાદુગરે ગીત ગાતાં ગાતાં વાત કહી કે :

મારું નામ અજબ જાદુગર
આખી દુનિયા છે મારું ઘર
જંતર કરતો,
મંતર કરતો,
કરતો તંતર મોટાં,
ફાંદા ફંદર ધંતર બંતર
કરતો કમાલ ખોટા''[૩૪]

આ રીતે આ વાર્તામાં ઘણાં બધાં જોડકણાં આવે છે. ને તે બાળકોની જિજ્ઞાસા અને વિસ્મય વધારે છે. બાળકોને વાર્તામાં રસ પડે છે કે હવે વાર્તામાં આગળ શું આવશે ? એ રીતે બાળકો વાર્તા સાથે તાદાત્મયતા આવે છે.

'રંગલાની રેવડી' વાર્તામાં એક પ્રસંગમાં રંગુજીરાજાના દરબારમાં દશબુદ્ધિ નામના પંડિત આવ્યા હતા. તે રંગલાને પ્રશ્ન પૂછે છે ને, રંગલો ગપ મારે છે ને તેના ગપ્પા સાચા પડે છે. તે પ્રસંગ રસ ઉત્પન્ન કરે છે. વાર્તાના પ્રારંભમાં જ જીવરામ જોશી એક જોડકણું મૂકે છે. તે જોઈએ :

'વાહ રંગલા, આ દુનિયામાં ગપનું ચાલે રાજજી,

ગપીદાસને માથે મૂકે લોકો મોટો તાજજી'

''રંગલો કહે : અમે ગપ માર્યા તે પંડિત દશબુદ્ધિએ સાચાં માની લીધાં ઓ રંગલી ! આ દુનિયામાં બધું જ ગપ જ ચાલતું લાગે છે. મોટા મોટા માણસો મોટાં ગપ મારે અને નાના હોય તે નાનાં ગપ મારે. જેનું ગપ મોટું તે મોટો બુદ્ધિમાન ગણાય છે.

રંગલી કહે : એ કેવી રીતે ?

રંગલો કહે : એટલે એમ કે, પેલા પંડિતે અમને પૂછયું કે બુદ્ધિ કેવી હોય ? અમને કંઈ સમજાયું નહીં પણ એક એ વાત સાંભળી કે બુદ્ધિ ચોખ્ખીહોય. ચોખ્ખામાં ચોખ્ખું તેલનું ટીપું હોય એ વાત પરથી અમે ગપ મારી દીધું કે, તેલનાં ટીપાં જેવી તે વાત દશબુદ્ધિ પંડિતે સાચી માની લીધી''[૩૫]

'ટીડો સાંઢ' નામની વાર્તામાં નદીમાં છોકરાઓ ઉનાળામાં નહાતા હતા. તેનું વર્ણન બાળકોમાં એક પ્રકારની રસસૃષ્ટિનું નિર્માણ કરે છે. જોઈએ :

''એક દિવસની વાત છે. ઉનાળાના દિવસો છે. વૈશાખ મહિનાની ગરમી, એવો તાપ પડે કે વાત ન પૂછો. ધરતી ધગે. પગ ન મુકાય. ઉકળાટનો પાર નહીં. ગામને પાધર નદી છે. સરસ મઝાનું પાણી છે. ગામનાં છોકરા બપોરે નહાવા ઉપડે. થોડે દૂર મહાદેવનું મંદિર હતું. ત્યાં ઊંડુ માથોડાભર પાણી. ત્યાં બધાં જાય અને નહાય દોડીને કિનારેથી ગુલાંટ ખાવામાં તો ખરી મઝા પડે. બધા ના'વા જાય અને ટીડો કંઈ રહે ? એય ઉપડે. જાય તો ખરો પણ નહાવા પામે નહીં. ઊંડું પાણી એટલે પોતે જ ડરે. કિનારે બેસીને નહાવાનું મન થાય, પણ છોકરાં પજવે, કોઈ મોં પર પાણી છાંટે કોઈ પણ ખેંચીને પાણીમાં ઘસડી ચાલે. ટીડો ડરે ને બરાડા પાડે. બધાને ગેલ થાય. હસે ને તાળીઓ પાડે. કોઈ મોટો છોકરો વળી છોડાવે''[૩૬]

'ગુલુ સરદાર' વાર્તામાં રેણુ નામની બાળા હોય છે. તે ખૂબ જ સાહસિક અને નીડર હોય છે. તે જંગલમાં વછેરી ઉપર સવારી કરીને ફરવા માટે નીકળે છે. એ રસસૃષ્ટિ બાળકોને આકર્ષે છે. જોઈએ :

"એ તો વછેરી પર બેઠી છે અને વછેરી પવનવેગે માંડી છે દોડવા. કયે મારગે જવું એ કંઈ નકકી નથી. જે માર્ગ મળ્યો હતો એ મારગે માંડી દોડવા. રેણુ સમજી ગઈ કે વછેરી ચમકી ગઈ છે. એ હવે ઝટ ઊભી રહેશે નહીં. ઊભી રાખવા મહેનત કરી. ચોકડાની લગામ જોરથી ખેંચી. એટલે તો વછેરી બમણા જોરથી ભાગવા માંડી રેણુ સમજી ગઈ કે, જો બેસવામાં જરાય ભૂલ થશે તો પોતે નીચે ગબડી પડશે. પોતાની નિશાળમાં એક ભારે તેજદાર ઘોડી હતી. તેના પર પોતે ચડતી એ ઘોડી પૂરપાટ જ દોડે એને લીધે પોતાને બરાબર બેસતાં આવડી ગયેલું. પણ આ વછેરી તો એના કરતાંય ચાર ગણી વધારે દોડતી હતી. આમ દોડતી દોડતી વછેરી દૂરની દૂર જતી રહી. એમને એમ સાંજ પડી ગઈ. સૂરજ આથમ્યો. એવામાં એક મોટી નદી આવી. ત્યાં વછેરી અટકી ગઈ. ટપ દઈને રેણુ નીચે ઉતરી પડી. લગામ પોતે હાથમાં જ રાખી. એક વાત સૂઝી ગઈ. કદાચ વછેરી નાસી જાય તો ? પાસે જ એક ઝાડ જોયું. ફટ દઈને લગામ ઝાડના થડ સાથે બાંધી દીધી"[૩૭]

આ પ્રસંગે રેણુના સાહસની અદ્‌ભુત રસસૃષ્ટિ બાળકો સમક્ષ ખડી કરી દે છે.

આમ જીવરામ જોશી પોતાની વાર્તાઓમાં અલગ અલગ પ્રસંગોએ પોતાની શૈલી, વર્ણન, શબ્દો દ્વારા ખૂબ જ જોરદાર રસસૃષ્ટિ રચે છે ને બાળકો તેમાં રસતરબોળ થઈ જાય છે.

## (૫) બોધાત્મક તત્ત્વ :

જીવરામ જોશીની બાળવાર્તાઓમાં બાળકોને ઘણુંબધું બોધાત્મક તત્ત્વ મળે છે, જે બાળકોને જીવનોપયોગી થાય છે. તેમાંથી તે બોધ ગ્રહણ કરે છે ને અમુક બાબતોનો ત્યાગ કરે છે. સારાં વાકયો કે સાર તે જીવનમાં ગ્રહણ કરે છે.

તેમની બાળવાર્તાઓમાં કયાં કયાં કઈ રીતે બોધાત્મક તત્ત્વો મળે છે, તેનો વિગતે અભ્યાસ કરીએ.

તેમની બાળાવાર્તા 'લીસો મૂંડો' માં મિયાં ફુસકીને એક મુસાફર ફસાવાનો પ્રયાસ કરે છે ને મુસાફર પોતેજ ફસાય જાય છ. તે જોઈએ :

"મુસાફર કહે : ઝટ દોરડું નાખો.

દોરડું નાખ્યું, દોરડું ટૂંકું હતું. કૂવાને તળિયે બેસી ગયું નહોતું.

દરવાન કહે : મુસાફર ભાઈ ! તમે કૂવામાં થોડા લટકો પછી દોરડું ઉતારો તો તળિય પહોંચે.

બીચારા મુસાફર ભાઈ કૂવામાં ઉતર્યા. કૂવાના કઠેરાના સળિયા પકડીને લટકયા. દોરડું ઉતાર્ય. એક હાથે સળિયો પકડવાનો અને બીજે હાથે દોરડું ફેરવવાનું એટલે બીચારા મુસાફરભાઈનો દમ સુકાઈ ગયો. ઘણીવારે સળિયામાં ધોતિયું ભેરવાયું. ધીમેથી ખેંચી કાઢ યું. હાશ, હવે મુસાફરભાઈને શાંતિ વળી, ધોતિયું નીચોવીને ભીનું પહેરી લીધું. બબડતા બબડતા પાછા ઓરડી પર ગયા. ફુસકી મિયાંની સામેય જોયું નહીં.

મિયાં બોલ્યા : મુસાફરભાઈ ! એક શિખામણ યાદ રાખજો કે, મુસાફરીમાં કોઈને બનાવવા નહીં કે ખોટી મશ્કરી કરવી નહીં. બીજાને બનાવવા જતાં આપણે પોતે બની જઈએ. મુસાફરભાઈ ટાઢાટમ બની ગયા''[૩૮]

'મિયાં ફુસકી ડાગલો' બાળવાર્તામાં મિયાં ફુસકી લોકોને અંધશ્રદ્ધા દૂર કરવા માટે મૂર્ખ બનાવે છે, ને છેલ્લે સરસ સબોધ આપે છે તે તેમના જ શબ્દોમાં જોઈએ :

''મિયાં ફુસકી હરખાતા જાય છે, હસતા જાય છે. તાળીઓ પાડે છે અને આનંદ આનંદ થઈ ગયા.

બીબી બોલ્યા : ગાંડા તો નથી થઈ ગયા ને ?

મિયાં કહે : ભારે મઝા થઈ એ... અમે સિપાઈ બચ્ચા !

બીવી કહે : તેનું શું છે ?

ત્યાં તભા ભટ આવી પહોંચ્યા.

ભટજી બોલ્યા : શી લડાઈ છે ?

બીબી કહે : આ તમારા મિયાંને સમજાવો. કોણ જાણે શું કઈક કરી આવ્યા છે કે, એકલા એકલા હસે છે.

ભટજી કહે : શું ?

મિયાં કહે : તમારી પોથીમાં એમ લખ્યું છે કે દેવતા બોલે ?

ભટજી કહે : ના ભઈ, દેવતા કશું ના બોલે એ તો એકધ્યાન થવા માટે છે. એ કંઈ બોલે નહીં. પણ આપણું મન સાચું હોય તો આપણું મન દેવરૂપ બની જાય.

મિયાં કહે : તો બસ, પોથીની વાત ખરી. કપટી માણસો સાચું ખોટું કશું ના સમજે, પછી બની જાય''[૩૯]

'મિયાં ફુસકી દડમશા' નામની વાર્તામાં બાળકોને હિન્દુ મુસલમાનની એકતાનો બોધ મળે છે. કોઈપણ ધર્મ અંતે તો માનવતા જ શિખવે છે તે બોધ બાળકોને સરળતાથી આપે છે. તે જોઈએઃ

''મિયાં ઊભા ઊભા વિચાર કરે છે ત્યાં તો દડમશાએ માથું ફેરવ્યું. મિયાંને જોઈને દડમશા બોલ્યા : આવો બિરાદર આવો. ઊભા છો કેમ ? બેસો.

મિયાં કહે : બસ ઊભા છીએ એટલે ઊભા છીએ. પણ હવે બેસીશું, અમારા ભાઈબંધ પાછળ રહી ગયા છે.

દડમશા, કહે : વાહ.... વાહ ! તો તો તમારે બેસવું જ પડશે, ખરું ને ?

મિયાં કહે : હા.

દડમશા કહે : બિરાદર, દેખાવ ઉપરથી તમે મુસલમાન લાગો છો.

મિયાં મોઢું ચડાવીને કહે : કરીને ગમાર જેવી વાત !

દડમશા કહે : કેમ ?

મિયાં કહે : ભલા માણસ, હિન્દુ હોવું કે મુસલમાન હોવું એ તો પછીની વાત છે. અમે તો ઈન્સાન છીએ ઈન્સાન.

દડમશાએ મિયાંની પીઠ પર ધબ્બો માર્યો અને કહે : વાહ

બિરાદર વાહ ! અમે પણ ઉપરવાળાના બંદા છીએ. ઈન્સાન છીએ. ત્યાં તો દૂર તભા ભટ દેખાયા.

મિયાં કહે : જુઓ, પેલા અમારા ભાઈબંધ ચાલ્યા આવે. દડમશા આંખ ઉપર હાથની છાજલી કરીને જોવા માંડયા.

બરાબર જોઈને કહે : અરે.... પણ, એ તો કોઈ બામણભટ જેવું લાગે છે.

મિયાં કહે : ફરી ફરીને ગમાર જેવી વાત એ બામણભટ નથી એ તભા ભટ છે તભા ભટ. અમારા જિગરજાન ભાઈબંધ.

દડમશા નવાઈથી મિયાં સામે બે ઘડી જોઈ રહ્યાં અને પછી કહે : વાહ ઈન્સાન વાહ ! તમે જ સાચા ઈન્સાન છો. બે ભાઈબંધ, મિયાં અને મહાદેવ. જબરો મેળ બેસાડયો છે''[૪૦]

'જીવતો વાઘ' બાળાવાર્તામાં જીવરામ જોશી કહે છે કે માણસ જો માત્ર મોજમજા કરે તો ભૂખમરો નકકી આવે છે. તે બોધ જોડકણાં દ્વારા સરસ રીતે બાળકોને આપે છે તે જોઈએ :

''ભોજપરા નામે એક ગામ

ગામમાં એક રાજા

મોટો એમનો મહેલ.

રાજસભાની મોટી બેઠક. તેમાં રાજની સભા મળતી.

એક સમયની વાત છે.

રાજાના બાપદાદા મોજમાં ને મઝામાં પડી ગયા....

મોજને મઝામાં પડે વાણિયો

તે પૈસા ન પામે કાણિયો.

મોજ ને મઝામાં પડે રાજા,

એને ત્યાં વાગે ભૂખનાં વાજા.

આ વાતા રાજાના બાપદાદ સમજયા નહીં. રંગરાગમાં પૈસા ખરચવા લાગ્યા. ભંડાર ખાલી થવા માંડયો. છેવટે પોતાના ગામ અને ગરાસ ઉપર પૈસા ઉધાર લેવા માંડયા. કરજ પણ ઘણું થઈ ગયું.''[૪૧]

આ રીતે આ બાળવાર્તા દ્વારા પણ બાળકોને બોધ મળે છે કે માત્ર મોજમઝામાં પૈસા ખર્ચે તો નકકી ભૂખમરો આવે છે. આ ઉપરાંત જીવરામ જોશી પોતાની બાળવાર્તા દ્વારા બાળકોને ઈશ્વરના નામે ચમત્કાર, પરચા, ઢોંગ વગેરેથી પણ પરિચિત કરે છે ને કહે છે કે આ બધું લોકોને મૂર્ખ બનાવવા માટે હોય છે. હકીકતમાં આ બધું ખોટું હોય છે એવો

બોધ તે બાળકોને આપે છે. આ બોધાત્મક તત્ત્વ 'ભગતની ભવાઈ' વાર્તામાં સરસ રીતે આપે છે. જોઈએ :

"ભટજી કહે : કાં ને ફાં, દેવતાની વાતોમાં તમે મશ્કરી ના કરશો.

મિયાં કહે : દેવતા તો બધા સાચા, દેવતાની મશ્કરી થાય જ નહીં.

ભટજી કહે : તો હમણા શું બોલ્યા ?

મિયાં કહે : અમે કંઈ દેવતાને બેવકૂફ કહીએ છીએ અને તમારા જેવા એ ધતિંગ માની બેસે એને અમે બડા બેવકૂફ કહીએ છીએ.

પેલા અમારા એક પીર નહોતા આવ્યા ? શીશીમાં પાણી ભરીને આપતા હતા અને કહેતા હતા કે, ચમત્કારી પાણી છે. જે પીએ તેનો રોગ મટી જાય.

રોગ તો કોઈનો મટયો નહીં પણ બધાના રૂપિયા લઈને નાસી ગયા. પછી એવા ચમત્કાર માને એ બેવકૂફ નહીં તો શું ?"[૪૨]

આ જ બાળવાર્તામાં મિયાં ફુસકી ધર્મના નામે લૂંટતા એક ઠગની પોલ ખુલ્લી કરે છે, તે વાતથી બાળકોને બોધાત્મક તત્ત્વ બાળકોને મળે છે તે જોઈએ :

"લોકોનું સાચું નાળિયેર લઈ ભકતરાજ પાટલા નીચે મુકતા. તરત જ પેલો માણસ ધીમેથી તે નાળિયેર લઈ લે અને બનાવટી નાળિયેર મૂકી દે. પહેલેથી જ એમાં કંકુ કે, ધૂળ ભરી રાખ્યા હોય.

પછી તો લોકોએ ભકતરાજને ખૂબ પીટયા. બધા રૂપિયા પડાવી લીધા. મિયાં ફુસકીની વાહ વાહ બોલ્યા.

ભટજી કહે : મિયાં તમે ખરી કરી.

મિયાં બોલ્યા : ધર્મના નામે આવી ચાલાકી કરીને ઠગ લોકો ધુતી ખાય છે.

ભટજી બોલ્યા : ધર્મના નામે આવી ઠગાઈઓ જ ચાલતી હોય છે.

મિયાં બોલ્યા : બધા ઠગ નથી હોતા. ઘણાય સાચા હોય છે. પણ આવા ઠગોને લીધે તે બીચારા પણ ઠગમાં ગણાઈ જાય છે.

ભટજી કહે : સો વાતની એક જ વાત. સાચા માણસો તો આવી ચમત્કારની વાતો કરીને રૂપિયા લેવા બસે જ નહીં. એ કામ ઠગના મિયાં એ એક ઠગની પોલ પકડી પાડી"[૪૩]

'વીર હનુમાન' નામની બાળવાર્તામાં હનુમાનજીનું ચરિત્ર સરળ રીતે આલેખાયું છે. તેમાં હનુમાનજીના ગુણો હતા, તે સરસ રીતે વ્યકત થાય છે. અને બાળકોને તેના સદ્‌ગુણ રૂપે બોધ મળે છે. ને તે ગુણ બાળકો પોતાના જીવનમાં ઉતારે છે. આ રીતે જીવરામ જોશી સરળ શૈલીમાં 'વીર હનુમાન' બાળવાર્તા રૂપે સમગ્ર રામકથા આપે છે. તે ટૂંકમાં જોઈએ :

''સીતામાતાએ શ્રીરામને કહ્યું : હનુમાનજીની સેવા જોઈને મને આનંદનો પાર નથી રહેતો. તેના બદલામાં આપણે હનુમાનજીને કંઈ આપ્યું નથી. કંઈક આપો.

શ્રી રામે કહ્યું : એ પરમ સેવક છે. સેવા એ એનો ધર્મ છે એનો એક રતીભાર પણ બદલો લે તો તો એ સેવા મટી જાય.

સીતામાતાએ કહ્યું : પણ એને સભામાં બેસવા ઉચું આસન તો આપો ! એ તો આપણા ચરણ પાસે હાથ જોડીને બેસી જાય છે. એવી દયામણી વાત મને ગમતી નથી.

શ્રીરામે કહ્યું : સેવક સદાય નમ્ર રહે છે. એને માન ન જોઈએ. હનુમાનજીનું ચરિત્ર સેવકનું આદર્શ ચરિત્ર છે. સેવક કેવો હોય તો કે હનુમાન જેવો. કોઈ એમને મોટો ન માની લે એ માટે પોતે ચરણોમાં બેસે છે. એને અપમાન ગણતા નથી. જેનામાં પોતાના કરતાં વધુ શકિત હોય તેને નમવું એ પણ સેવા છે.

હવે અયોધ્યાથી સુગ્રીવ, વિભીષણ, અંગદ વગેરે સાથે આવ્યા હતા. તેમણે જવાનો સમય આવ્યો. શ્રીરામે તેમને બધી રીતે રાજી કર્યા.

ત્યારે હનુમાનજીએ હાથ જોડીને જરા વિનોદ કર્યો કે : પ્રભુ ! બધાને મનપસંદ વસ્તુ આપીને રાજી કર્યા પણ અમનેય કઈ રાજી કરશો કે નહીં ?

શ્રી રામ તો જાણે છે કે હનુમાનજીને કોઈ વસ્તુનો લોભ નથી. કોઈ વસ્તુ ચાહતા નથી. પણ એમને ગમે એવી વસ્તુ આપીએ તો રાજી થાય.

શ્રીરામ બોલ્યા : અમે આપીએ તે તમે લેશો ?

હનુમાનજી બોલ્યા : ગમે એવી વસ્તુ આપો તો રાજી થઈએ.

શ્રીરામ બોલ્યા : યાવદ્રામકથા વીર ચરિષ્યતિ મહિતલે ।

તાવચ્છરીરે વત્સ્યન્તુ પ્રાણા મમ સંશયઃ ॥

જયાં સુધી રામકથા આ પૃથ્વી ઉપર રહેશે ત્યાં સુધી તમારામાં મારો પ્રાણ રહેશે.

હનુમાનજીએ આનંદથી માથું નમાવ્યું અને પગે લાગ્યા. એમને ગમે એવું જ શ્રીરામે આપ્યું, રામકથા તો એમને ઘણી ઘણી વહાલી. જયાં સુધી રામકથા રહે ત્યાં સુધી તેઓ અમર.

શ્રીરામે કહ્યું : હે હનુમાનજી ! તમારા મારા ઉપર અપાર ઉપકારો છે. તેના એકના બદલામાં મારો પ્રાણ આપી દઉં તોય બીજો તો બાકી જ રહી જાય.

હનુમાનજી તો રડું રડું થઈ ગયા. અસહ્ય દુઃખમાં માણસ રડે છે, કાં તો અપાર સુખમાં માણસોને આંસુ આવે છે. એ આંસુ સુખના છે. એ સુખ હનુમાનજીને થયું.

આ રીતે હનુમાનજી હજી પણ અમર છે. જયાં જયાં રામકથા થતી હોય ત્યાં કોઈપણ વેશે હનુમાનજી ત્યાં જઈને પ્રેમથી રામકથા સાંભળે છે, તેથી રામાયણની કથા જયાં થાય ત્યાં પહેલુ આસન હનુમાનજીનું મૂકે છે."[૪૪]

'નાટકનું નાટક' નામની બાળવાર્તામાં ગાપીદાસ નામનું એક પાત્ર હોય છે. તે મિયાં ફુસકી સાથે ગપ્પા મારવા બેસે છે. અને ગપ્પા શરૂ કરે છે, અને કહે છે કે તેનો એક જમાલ નામે મિત્ર હતો, તેને છરો મારીને મારી નાખ્યો. તે વાત મિયાં ફુસકી સાચી માની લે છે ને ગોપીદાસને મારવા દોડે છે. આ પ્રકારે આ બાળવાર્તામાંથી ઉત્તમ બોધ મળે છે તે જીવરામ જોશીના શબ્દોમાં જ જોઈએ :

"મિયાં કહે : તો અમારો હાથ છોડો. આજ એનો પતો લાગી ગયો. એ છરો ભોંકનાર આ અમારો પાકો ભાઈબંધ ગપ્પીનો બચ્ચો હતો. એને આખો ને આખો કાપી નાખું. હા, અમે સિપાઈ બચ્ચા ! ખૂનનો બદલો ખૂન.

બીબી બોલ્યા : ગાંડા થયા છો ? પછી તો એ જમાલઈભાઈને કોઈએ બચાવી લીધેલા. છરાનો ઘા સારો થઈ ગયેલો અને જીવતા પાછા આવેલા.

મિયાં નવાઈથી બોલ્યા : હેં ?

બીબી કહે : હા.

મિયાં હસી પડયા અને બોલ્યા : લો એ તો અમે ભૂલી જ ગયા. સારું થયું ને કે બીબીએ તે અમને કહ્યું, નહીં તો આજ અમે ગપ્પીદાસને કાપી નાખત. લો, હવે દેડકા પેઠે પડી કાં રહ્યાં ? ઊભા થાઓ. અમને ભેટી પડો. આજે તમે બચી ગયા.

ગપ્પીદાસ બેઠા થયા અને બોલ્યા : અરે, પણ આ વાત તો અમે ગપ જ હાંકતા હતા. હજી ગપ પૂરેપૂરું જામ્યું નહીં ત્યાં તમે કૂદી પડયા.

ત્યાં આવ્યા ભટજી, ભટજીએ વાત સાંભળી

ભટજી બોલ્યા : ગપની વાતો કયારેક ઉપાધિ કરી મૂકે છે. મોટા મોટા નેતાઓ સારી સારી વાતોના બડાં બડાં ગપ હાકે છે. કોઈ ફૂલણજી પોતાની બડાઈ બતાવવા ગપ હાંકે છે. પણ એમાં ફસાઈ જાય છે પછી મરવાનો વારો આવે છે. માટે ગપ મારવું નહીં. અને ગપને સાચું માનવું નહીં. ગપ ઘણીવાર બંધ બેસતું થઈ જાય છે તો ઉપાધિ થાય છે."[૪૫]

'છત્રીનો તાલ' નામની બાળવાર્તામાં મિયાં ફુસકી અને તભા ભટના સંવાદમાં બાળકોને સરસ બોધ મળે છે અને માણસમાં જો બુદ્ધિ હોય તો તે માનપાન મેળવે છે એવી સરસ વાત મૂકી છે. તે જીવરામ જોશીના શબ્દોમાં જોઈએ.

"મિયાં તાલી પાડીને હસી પડયા.

ભટજી ચિડાયા.

મિયાં બોલ્યા : ચિડાશો નહીં. તમે સાવ સાચી વાત કહી, કે અમને તમે ગધેડા જેવા જોયા પણ અમે ગધેડાની આંખથી નથી જોતા પણ માણસની ત્રીજી આંખથી જોયા. બોલો, કે તમે ગધેડા ના હો અને ખરેખરા માણસ હો તો કહી આપો, માણસની ત્રીજી આંખ એટલે શું ?

ભટજી વધારે ચિડાત પણ મિયાં ફુસકીએ કોયડા જેવી વાત કહી એટલે ભટજી વિચારમાં પડી ગયા.

ફુસકી મિયાં મોઢું મલકાવતા બડા ઠાઠથી બોલ્યા : લો, સાચા માણસ હો તો કહો, કે તમે શું સમજયા ?

ભટજી બોલ્યા : તમારી મૂરખાઈ.

મિયાં કહે : શી

ભટજી કહે : જગતમાં કોઈ નહીં કહે કે, માણસને ત્રીજી આંખ હોય છે. એટલે કોઈ પાગલખાનામાં જ એવું કહેનારા હશેને ?

મિયાં જરાક કડક મોઢું બનાવી બોલ્યા : અમે પાગલ છીએ ?

ભટજી કહે : હા જ તો ! ગાંડા હોય તેજ એવી વાત બોલે કે અમે ત્રીજી આંખથી જોઈએ છીએ. ત્રણ આંખો કોઈને હોય ખરી ?

મિયાં બોલી ઊઠયા : આખા જગતમાં જેને ત્રીજી આંખ હોય તે જ માન ને સુખ મેળવે છે.

ભટજી કહે : કહો તો તમારે ત્રીજી આંખ છે ?

મિયાં મોઢું મલકાવીને બોલ્યા : હો....

ભટજી કહે : કયાં છે ?

મિયાંએ કપાળ પર આંગળી મૂકીને કહ્યું : આ ભેજામાં. જરા સમજો. પારકા લાડવા ખાઈ ખાઈને પેટ મોટા પીપ જેવડું કરી લીધું પણ.....

ભટજી બોલ્યા પણ બણ કરતા બંધ થાઓ. ભલે અમે ગઘેડા તો ગઘેડા પણ.

મિયાં બોલી ઊઠયા : તો તમે બોલશો નહીં. અમારા પ્રશ્નનો ઉત્તર આપો, પછી પણબણ કરો.

ભટજી કહે : એવા મૂરખાઈના કોયડા કોઈ નાનાં બાળકોને પૂછજો. ત્રણ આંખ વળી કોઈને હોતી હશે ?

મિયાં બોલ્યા : તો તમારે ત્રીજી આંખ નથી. તેથી તમે અમને ગઘેડા દેખાયા ?

ભયજી બોલ્યા : એમ.

મિયાં વધારે હસ્યા અને બોલ્યા : અકકલથી ના સમજે તે ડબલ ગઘેડા કહેવાયા. તમારા કપાળમાં ત્રીજી આંખ છે.

ભટજી બોલ્યા : અમારા કપાળમાં તમે જુઓ. ત્યાં કયાં ત્રીજી આંખ છે ?

મિયાં કહે : કપાળમાં જ અકકલની ત્રીજી આંખ હોય છે. બે આંખથી જોઈને જે ન સમજાય તે અકકલની ત્રીજી આંખથી સમજાય છે. અકકલ એ ત્રીજી આંખ.

ભટજી હસી પડયા અને બોલ્યા : ઓહો હો હો હો ! એ તો જૂની કહેવત જ છે કે બુદ્ધિ એ ત્રીજી આંખ છે. તો તમે અમને બુદ્ધિની આંખથી ગઘેડા માની લીધા ?"[૪૬]

આ પ્રકારે જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં બાળકોને સરળ રીતે બોધ આપે છે. ને તે બોધ પોતાના જીવનમાં ઉતારે છે. આ રીતે તેમની બાળવાર્તાઓમાં બોધાત્મક તત્ત્વ ભરપૂર જોવા મળે છે.

## (૬) ભાષા :

જીવરામ જોશી સરળ ભાષામાં બાળવાર્તાઓ રચે છે. વાકયો એકદમ ટૂંકા અને વાતચીતની શૈલીમાં આવે છે. બાળકને એકદમ સમજાય જાય તેવા શબ્દો વાપરે છે તથા ભાષા દ્વારા સરસ મજાનું વાતાવરણ રચાય છે.

'અડુકિયો દડુકિયો' બાળવાર્તામાં ભાષાનો ઉત્તમ પ્રયોગ કર્યો છે તે જોઈએ :

"ચોકીદાર પોતાનો ઘોડો ધીમે ધીમે ચલાવવા માંડયો.

અડુકિયો કહે : ઘોડો દોડાવતાં કેમ નથી ?

ચોકીદારે ઉત્તર દીધો કે : આડાં ઝાડ આવે છે. ઘોડા પુરપાટ દોડી શકે નહીં.

વન મોટું હતું.

વનમાં સૂરજ આથમી ગયો.

હવે રાત પડી.

અંધારું વધતું ગયું.

આવા ગીચ વનમાં રાતે તો આગળ જવાય જ નહીં.

અડુકિયો કહે : હવે શું કરીશું.

ચોકીદાર કહે : સૂવા જેવી જગ્યા શોધી કાઢીએ"[૪૭]

જીવરામ જોશીની બાળવાર્તાઓમાં પંખીઓ, પશુઓ વગેરે પાત્રો પણ વાતચીતની શૈલીમાં ભાષા બોલે છે. અને તેથી બાળકોને વિશેષ આનંદ મળે છે તેની આ બાળવાર્તામાં ભાષાનો ઉત્તમ ઉપયોગ કરે છે. જોઈએ :

"દડુકિયો ચુપ થઈ ગયો, બોલ્યા વિના તે તો ચાલ્યો.

નદી કિનારે ગયો.

એક જ કૂદકે નદી કૂદવાની છે એ કેમ થાય ?

સૂનમૂન થઈને નદી કિનારે બેસી ગયો.

હવે શું કરવું ?

ત્યાં મોટો વડ.

વડ ઉપર પંખીઓના માળા

ચકલી બેઠી છે. પોપટ બેઠા છે. મોરને ઢેલ પણ છે. કાબરને હોલા પણ છે. બધાં કલબલાટ કરે છે.

કાગડો કાકા કાકા કરતો હસ્યો.

ચકલી બોલી : હસો નહીં, કાગડાકાકા !

કાગડો કહે : કાં ? હસું તો ખરો જ ને ?

ચકલી કહે : તમે કંઈ જાણો નહીં ને ? ચૂપ રહો ને ભાઈ !

કાગડો વળી હસ્યો અને કહે : અમે બધુંય જાણીએ અમે ત્રણ કાળની વાત જાણીએ. આ છોકરાથી સામે પાર નહીં જવાય. પેલો ખાખી બાવો એને મારી મારીને ધોઈ નાખશે.

કાબર બોલી : આપણે એને મદદ કરીએ.

ચકલી કહે : ભાઈ આપણાથી કેમ મદદ થાય ? આપણે તો ટિનકુડાં પંખી.

પોપટ કહે : એક ઉપાય છે.

ચકલી કહે : કહોને ઝટ, ત્યારે મૂંગા કેમ છો ?

પોપટ કહે : પણ છોકરો આપણી વાત સમજે નહીં ને! નહીં તો આ વડવાઈ છે ને એને પકડીને હીંચકો ખાય. મોટો બધો હીંચકો ખાઈને મારે કૂદકો, એટલે જઈ પડે પેલે પાર"[૪૮]

આ રીતે પંખીઓ દડુકિયાને નદી કઈ રીતે પાર કરી શકાય તે પોતે વડવાઈ ઉપર લટકાઈને સમજાવે છે ને દડુકિયો નદી પાર કરી શકે છે. આ રીતે લેખક પંખીઓ દ્વારા વિશિષ્ટતાથી ભાષાનો પ્રયોગ કરે છે.

જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં યથાસમયે સરસ મજાનાં જોડકણાંનો પણ ઉપયોગ કરે છે ને પોતાની બાળવાર્તાઓમાં ગેયતત્ત્વ પણ વધારે છે.

''અડુકિયો દડુકિયો' બાળવાર્તામાં દડુકિયો ઘાસ ઉગાડવાના પ્રયત્ન કરે છે. જોઈએ ?

''ચારેકોર રેતીને કોરી કડાક ભોય... કયાંય ઘાસ પણ ન મળે.

દડુકિયો પાંદડાનો દડિયો બનાવ્યો.

નદીમાંથી પાણી ભરી ભરીને ભોય પર રેડવા માંડયો. રેડતો જ ગયો રેડતો જ ગયો.

'ભર ભર દડિયા અમરત જળ

ફૂંટજો ફૂંટજો કૂણી કૂંપળ'

ત્યાં તો ઘાસની કૂંપળો દેખાઈ

'સૂરજદાદા ધીરા તપજો,

કૂણી કૂંપળ ઝટઝટ વધજો.

વધી વધીને થાજો છોડ,

પૂરો મારા મનના કોડ.''[૪૯]

જીવરામ જોશીએ તેના બાળસાહિત્યમાં મોટેભાગે પાત્રોની જોડી આપી છે. તે જોડી બાળકોના માનસપટ પર ચિરકાલીન છપાઈ જાય છે. અને ભાષા પણ બાળકો સરસ રીતે આત્મસાત્ કરી શકે. તેવી વાપરી છે. તેના દ્વારા બાળકો જયારે વાર્તા વાંચે છે ત્યારે પૂરેપૂરું શબ્દચિત્ર ખડું થઈ જાય છે. અડુકિયો અને દડુકિયો મામાને ઘેર જાય છે, અને તે બન્ને પાત્રોને મામાના ઘેર જવાનો જે આનંદ છે તે જીવરામ જોશી ઉત્તમ રીતે પણ બાળકો વળી સમજી શકે તે રીતે વ્યકત કરે છે. જોઈએ :

''અડુકિયો મોજમાં નાચી ઊઠયો.

દડુકિયો આનંદમાં ડૂબી ગયો.

હાથમાં હાથ પકડીને ભાગ્યા.

બાએ બૂમ પાડી : અલ્યા ઓ.... ! અત્યારમાં ભાગ્યા કયાં ?

પણ ઊભા રહે તે બીજા.

દોડતા દોડતા દડુકિયે કહ્યું : એ, બા... આવજો !

બાએ બૂમ પાડીને કહ્યું : પણ જાઓ છો ક્યાં ?

બેઠકમાં બાપુજી હતા. તેમણે કહ્યું : લો ભૂલી ગયાં કે ?

બા બોલી : શું ?

બાપુ કહે : રાતે ભાથાનો ડબ્બો શાનો ભરી દીધેલો ?

બા બોલી : મામાને ગામ જવાના છે, એટલે ભાથું તો કરી આપવું પડે ને ?

બાપુ હસી પડયા.

બા બોલી : કાં ?

બાપુ કહે : હજીય સમજયાં નહીં ? એ મામાને ગામ જવા ઉપડયા.

બા બોલી : કેવા છે છોકરા ! કહેતા નથી કે જઈએ છીએ.

બાપુ કહે : હરખમાં બધું ભૂલી જવાય."[૫૦]

જીવરામ જોશી બાળવાર્તાઓમાં પોતાની ભાષા દ્વારા સમાજમાં જે દંભ, પોલંપોલ ચાલે છે બાળકોને તેનાથી પણ અવગત કરાવે છે, અને બાળકોને સીધેસીધું સત્ય કહી દે છે. તે વાત 'છકો–મકો' વાર્તામાં છે તે જોઈએ :

"મકો કહે : હે છકા ! આ જગતમાં આવાં જ ગપ ચાલતા હશે ?

છકો કહે : એમ જ લાગે છે. જેને થોડું વધારે આવડી જાય તે વધારે મોટો ગણાતો હશે.

મકો કહે : તો તો એમ ગણાય, કે વધારે ચતુર હોય તે સાદા સીધા માણસોને છેતરી ખાય.

છકો કહે : એમ જ. મોટો નાનાને મારે એવી જ આ વાત બાકી તો બધા માણસો સરખા છે.

બળવાન હોય તો નબળા લોકોના આગેવાન બની જાય"[૫૧]

જીવરામ જોશી તેની બાળવાર્તાઓમાં ભાષા દ્વારા અલગ અલગ વસ્તુઓનો પરિચય પણ આપતા જાય છે. સરળ ભાષા દ્વારા તેને ગૂંથી લે છે, અને બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પણ મળે છે. તેમની 'છકો–મકો' વાર્તામાં એક બાગનું વર્ણન કરે છે તેમાં વૃક્ષો કેટલા પવિત્ર અને ઉપયોગી છે તેનું વર્ણન પણ કરે છે. જોઈએ :

"એ બાગમાં સરસ એક પીપળાનું ઝાડ હતું. બધાં છોડમાં તુલસીનો છોડ પવિત્ર ગણાય છે. કારણ કે, તુલસીના છોડમાં ઘણા ઘણા ગુણ છે. તેમ બધાં ઝાડમાં પીપળાનું

ઝાડ પવિત્ર ગણાય છે. કારણ કે પીપળાના ઝાડના પાન, છાલ, લાકડું અને તેના મૂળમાં ઘણા ગુણો છે. એટલું જ નહીં પણ પીપળાની છાયામાં પણ ગુણ છે. પીપળાની છાયામાં બેસવાથી મનમાં ખોટા વિચારો આવતા નથી. જે વસ્તુમાં કે માણસમાં વધારે ગુણો હોય તે પવિત્ર ગણાય"[૫૨]

જીવરામ જોશી બાળવાર્તાની ભાષા દ્વારા ઈતિહાસનું જ્ઞાન પણ બાળકોને આપે છે. જોઈએ :

"કોઈએ કાગળની વાત વાંચી ન શકે માટે પ્રધાને કાગળ ચોળી નાખ્યો. ભોજ નામના ઝાડના સૂકાં પાંદડા ઉપર એ લખ્યો હતો. મુઠીમાં મસળી નાખ્યો. તેનો ભૂકો થઈ ગયો.

જૂના વખતમાં કાગળની શોધ થઈ નહોતી. ત્યારે કંઈ લખવું હોય તો તે કોઈ ઝાડના સૂકા પાન ઉપર કે પછી ઝાડની છાલ ઉપર લખવામાં આવતું. તેને ભોજપત્ર કે તાડપત્ર કહેવામાં આવતું"[૫૩]

'વીર હનુમાન' બાળવાર્તામાં ભાષા સંવાદની રીતે આગળ ચાલે છે, ને બાળસહજ રીતે વાર્તા આગળ વધે છે. 'વીર હનુમાન' માં પૌરાણિક વિષય લઈને હનુમાન ચરિત્રનું આલેખન કરે છે. તેનો જન્મ, તેને આટલું બધું બળ અને બુદ્ધિ કઈ રીતે મળ્યાં તેની વાત સરળ ભાષા દ્વારા બાળકોને આપે છે. જીવરામ જોશીના શબ્દોમાં જોઈએ :

"બ્રહ્માની સાથે બધા દેવતા પેલી ગુફામાં ગયા. ત્યાં બાલ મારૂતિ બેભાન પડયા હતા. બ્રહ્મદેવે બાળક ઉપર હાથ ફેરવ્યો. જાણે કે ઉંઘ ઉડી ગઈ હોય તેમ બાળકની આંખ ઉઘડી. વાયુદેવે પ્રસન્ન થઈ ગયા. આખા જગતમાં પોતાનો પ્રાણ વહાવી દીધો.

બ્રહમદેવ બોલ્યા : હે દેવતાઓ ! આ બાળક કોઈ મામુલી નથી. એ પૃથ્વીનો ભાર ઉતારવા અવતર્યા છે! પ્રભુના એ પ્યારા સેવક થશે. તમે સૌ તમારા બળ એમને આપો. વરદાન દો.

ઈન્દ્ર બોલ્યા : મારા વ્રજથી એની હડપચી એટલે હનુ તૂટી છે માટે આજથી હું તેમનું નામ હનુમાન પાડું છું. હું વરદાન આપું છું કે, મારા વ્રજનું બળ પણ એને ઘાયલ નહીં કરી શકે.

યમરાજ બોલ્યા : મારા યમનાં બંધન એને બાંધી નહીં શકે.

સૂર્યદેવે કહ્યું : મારા તેજનો સોમો ભાગ હનુમાનને આપું છું. મારા તેજના બળથી હનુમાન પોતાનું રૂપ બદલી શકશે.

વિશ્વકર્માએ વરદાન આપ્યું : જગતમાં બધા હથિયારો મેં જ બનાવ્યાં છે. એનાથી એ કદી ઘાયલ નહીં થાય.

વાયુદેવે કહ્યું : એ જળમાં તરી શકશે અને વાયુના કોઈ બળથી હારશે નહીં.

બ્રહમદેવે કહ્યું : હું એને ચિરાયુ બનાવું છું. એ અમર થશે. એની ભકિત અને સેવા અજોડ બનશે. એ સદાય બ્રહમચારી રહેશે. એની વીરતાનો કોઈ જોટો નહીં જડે.''[૫૪]

આ રીતે સરસ ભાષાનો ઉપયોગ કરીને બાળકો ઉત્તમ રીતે વાર્તા તેમજ હનુમાનચરિત્ર આત્મસાત્ કરી શકે તેવો જીવરામ જોશીનો પ્રયાસ રહ્યો છે.

'વીર હનુમાન' બાળવાર્તામાં શિવજી જયારે મદારીનો વેશ લઈને નીકળે છે ત્યારે હનુમાનજી મળે છે. તે બન્ને અયોધ્યામાં ભગવાન રામનો જન્મ થયો હતો ત્યાં દર્શન કરવા જાય છે. શિવજી મદારી બને છે ને હનુમાન વાંદરો, ત્યારબાદ બન્ને અયોધ્યામાં રામના દર્શન કરવા માટે ચોકમાં મદારીનો ખેલ કરે છે, તે ભાષા બાળકોને ખૂબ જ આનંદ આપે છે. જોઈએ :

''ત્યાં છોકરાં જોઈ ગયાં. અલ્યા માંકડું ! ના ના અલ્યા ઓ... ! આ તો લંગુર. મદારી છે. ખેલ કરશે. હા હા, ચાલો જોઈએ.આમ બોલતું છોકરાનું ટોળું દોડી આવ્યું. મદારીને ઘેરી વળ્યું. મદારી મદારી ! અમને ખેલ બતાવો.

મદારી કહે : ના ભઈ ! અમે એમ ખેલ નહીં બતાવીએ. રામકુંવરને આવવા દો.

એક છોકરો બોલ્યો : તમે ખેલ બતાવશોને, એટલે રામકુંવર ઝટ ઝટ આવશે. ખલ જોવા એકદમ દોડશે. હા, રામકુંવરને ખેલ ગમે છે.

બીજો કહે : તમે ડુગડુગી વગાડોને! એ સાંભળશે કે રામકુંવર આવશે ને આવશે.

મદારી કહે : તો તો વગાડું.

ડુગડુગીય આવી ગઈ.

ડમરુંની બની ગઈ ડુગડુગી, ડમરું તો શિવજીનું વહાલું વાજિંત્ર છે.ડમ ડમ, ડમ ડમ ડુગડુગી માંડી બજવા.

બધા છોકરા તાળી પાડી ઊઠયા કે, વાહ વાહ મદારી ! તમે તો ભારે ઉત્સાદ છો !"[૫૫]

પોતાની ભાષા દ્વારા જીવરામ જોશી બાળકોને આડકતરો સંદેશો પણ આપી દે છે કે શરીરને માટે વ્યાયામનું કેટલું બધુ મહત્ત્વ છે. વ્યાયામ કરવાથી શરીર અને મન તંદુરસ્ત રહે છે. તે વાત 'વીર હનુમાન' બાળવાર્તા દ્વારા કહે છે. હનુમાન બળવાન અને બુદ્ધિમાન હતા અને તેના દ્વારા બાળકોને પ્રેરણા મળે છે. તે જોઈએ :

"હનુમાનજીનો અખાડો તો જગજાહેર થઈ ગયો. એમના અખાડાનું નામ સાંભળીને મોટા મોટા બળિયા વાનર આવે છે, કુસ્તી લડે છે. હનુમાનજીનું બળ જોઈને બધા છક થઈ જાય છે.

અંજનીમાતા કહે : બેટા ! તું આ અખાડો જમાવીને શું બેઠો છો ?

આપણે તેનું શું કામ છે ? નકામો સમય બગાડવાનો !

હનુમાન બોલ્યા બા, છોકરાની રમતો મા–બાપને નકામી જ લાગે. પણ એ રમતોને ઉપયોગી રીતે ગોઠવી આપો તો એ રમતો બાળકોને ઘડે છ. અખાડો એ નકામો સમય બગાડવાની રમતો નથી. એ છે શરીરને નીરોગી અને બળવાન બનાવવાની રમત. શરીર નીરોગી રહે તો મન અને આત્મા તંદુરસ્ત રહે છે. મન જેનું તંદુરસ્ત હોય તો જ સારા વિચારો કરી શકે. કસરત વિના શરીર કેળવાતું નથી કે ખીલતું નથી. સોનાને જેમ ટીપો, હીરાને જેમ ઘસો અને મેંદીને જેમ પીસો તેમ તેનો રંગ ચળકે છે. તે રીતે શરીરને જેટલું કસો તેટલું તાજું રહે છે. બા, એ માટે મેં અખાડો શરૂ કર્યો છે."[૫૬]

'વાહ રંગલા કથાશ્રેણી' વાર્તાની ભાષા સંવાદાત્મક છે. વાકયો ટૂંકાં છે, શબ્દોનો સરળ ઉપયોગ થયો છે ને બાળકોને તે ભાષા ખૂબ જ ગમે છે. વાર્તાની શરૂઆતની ભાષાથી જ બાળકોમાં આનંદ વ્યાપી જાય છે. જોઈએ :

"નવા રાજાનો આનંદ વધી ગયો અને બોલ્યા : આપણા નગરનું નવું નામ રંગીલાપુર થાય તો રંગીલાપુરના રાજાનું નામ પણ એવું જ હોવું જોઈએ કે નહીં ?

બધા કહે : જી હા, જી મહારાજ !

પ્રધાનજીએ તાલી પાડી અને તે સાથે સભાના બધા લોકો બોલી ઊઠયા કે : સરસ... સરસ... ઘણું સર....

રાજા કહે : તો આથી અમારું નામ રંગીલાસિંહજી થશે.

પ્રધાનજી હસતા મોઢે બોલ્યા : તો બોલો ! રંગીલાપુરના મહારાજા રંગીલાસિંહ કી...જે....

રાજગુરુએ ઊભા થઈને રંગીલાસિંહના નવા નામને આશિષ આપી.

બધા લોકોએ રંગીલાસિંહજીની જે બોલાવી.

ત્યારથી રંગીલાપુર અને રામ રંગીલાસિંહજીના નામ જાણીતા થઈ ગયા"[૫૭]

જીવરામ જોશી 'વાહ રંગલા કથાશ્રી' માં 'અકકલશંકર' નામે એક પાત્ર આપે છે. એના દ્વારા સરળ ભાષામાં અને બાળકોને હસાવે એવાં જોડકણાં મળે છે. જોઈએ :

"ખડખડખડ કરતો અકકલશંકર હસી પડયો અને બોલ્યો :

મીંચી રાખો

બંને આંખો

નથી અહીં શું કોઈ ઘરાક ?

માગો અકકલ અરે, જરાક

બંધ જ રાખો.

ગમ્મત લાખો.

જોવા મળશે કહું ખરું

અકકલના હું ઘડા ભરું.

વળી અકકલશંકર ઢોલ ટીપવા માંડયા.

લોકો નવાઈથી જોઈ રહ્યા. રામજીને બડી મઝા પડી"[૫૮]

જીવરામ જોશી 'રંગલાની રંગત' નામની વાર્તામાં ઘણી બધી નાની નાની વાર્તાઓ પણ આપે છે. તેમાં ટૂંકાં અને સરળ વાકયો દ્વારા હાસ્ય ઉત્પન્ન થાય છે. જોઈએ :

"રંગલાની આજ રેવડી થઈ.

પ્રધાનજીના આનંદનો પાર રહ્યો નહીં.

આજ સુધી રંગલાના અવળા દાવ સવળા થતા હતા પણ આજ એવી વાત આવી કે એમાં અવળું શું અને સવળું શું તેની સમજ પડી નહીં.

એક હશે પંડિત

માથે પાંચ હાથ લાંબી ચોટલી એ ચોટલીને દસ ગાંઠો વાળી હતી. તેથી તેમનું નામ દસબુદ્ધિ પડયું હતું.

આ દસબુદ્ધિ પંડિત એક વાર રંગપુરની રાજસભામાં આવીને ઊભા રહ્યાં.

પ્રધાનજી કહે : કોણ તમે ?

તરત જ પંડિતજીએ પોતાની લાંબી ચોટલી હાથમાં લીધી અને પ્રધાનજીને બતાવી.

રંગુજી રાજા ખી ખી ખી ખી કરતા હસી પડયા અને બોલ્યા : જોયું પ્રધાનજી"[૫૯]

'રંગલાની રેવડી' વાર્તામાં જીવરામ જોશી પોતાની સરળ ભાષા દ્વારા બાળકોને આનંદ સાથે જીવનમાં સદ્‌ગુણો હોય તો શું લાભ થાય ? આ વાત પણ કરે છે. જોઈએ :

"રંગીલાપુરના રંગીલારાજાને એક કુંવરી હતી.

રૂપબા નામ.

રૂપ કરતાં ગુણ ચડે અને ગુણ કરતાં બુદ્ધિ ચડે

રમતાં ને જમતાં કુંવરીબા મોટા થયાં.

રૂપબા મોટાં થયાં અને ભણવા બેઠાં.

ભણ્યાં ગણ્યાં કે રૂપબા વિદ્યાવાન બન્યાં.

રૂપબા વિદ્યવાન બન્યાં કે રૂપબાના ગુણ વધી ગયા. રૂપબાનાં રૂપ વધી ગયાં.

રૂપ તો કહેવાય તારા

ગુણ કહેવાય ચાંદો.

સૂરજ ઉગે ત્યારે તારા છુપાઈ જાય, નક્ષત્ર અલોપ થઈ જાય અને ચાંદામામા ઝાંખા પડી જાય.

વિદ્યા સૂરજ જેવી.

માણસ વિદ્યાવાન બને એટલે એના ઘણા અવગુણ જતા રહે. માણસ વિદ્યા મેળવે એટલે એની બુદ્ધિ હજાર ગણી ચમકે અને જ્ઞાનવાન બની જાય.

તેમ રૂપબા પણ વિદ્યામાં ચડિયાતાં બન્યાં કે લોકોમાં એમનું માન ઘણું વધી ગયું"[60]

'રંગલાની દિવાળી' નામની વાર્તામાં જીવરામ જોશી પોતાની ભાષા દ્વારા દિવાળીના પ્રસંગનું સરસ મજાનું વર્ણન કરે છે તે બાળકો તેમાં ભાવવિભોર થઈ જાય છે. જોઈએ :

"હા, આજ દિવાળીનો દિવસ હતો.

રંગીલાપુરની રાજસભામાં આજ રંગ જામ્યો હતો. રંગુજીરાજા બડા ઠાઠમાં હતા. મોજમઝાના આવા દિવસો રંગુજીરાજાને ઘણા જ ગમતાં હતા. મોજમઝાની વાત પહેલી અને બીજુ બધું પછી જાણે કે આજ રંગીલાપુરની રાજસભામાં દિવાળી ઉતરી પડી હતી.

રાજા રંગુજીએ બડો ઠાઠ કર્યો હતો. માથા પર સાત રંગના હીરા ચમકતા હતા. મોરપીંછની હજાર હજાર કલગી સમાઈ જાય એવી સુંદર કલગી મુગટ પર ઝલમલ ઝલમલ થતી હતી. લાલ, સફેદ, કીરમજી, નીલાં, પીળાં એવા રંગના મોતીની શોભા તો ખરેખરી હતી. ગળામાં હીરામોતીનો હાર હતો. આંગળીમાં હીરાની વીંટી હતી. આ બધો સાજ સજીને રંગુજીરાજા રાજસભામાં બેઠા હતા.

રાજા રંગુજીને આજ ખરેખરો આનંદ થયો.

આ હાહાહા !

સભા રંગરંગ થઈ રહી છે.

ભાત ભાતના પોશાક ચમકી રહ્યા છે.

રંગુજી મહારાજ સિંહાસને બેઠા છે.

ડાબી બાજુ રંગલો બેઠો છે.

તેની સામે જોતા જ રાજા બોલી ઊઠયા : વાહ ! રંગલા વાહ તારી લાલટોપીનું સોનેરી ફૂમતું સરસ છે.

રંગલાએ મોઢું મલકાવીને ડોકી સીધી કરી.

રંગલાનો ઠાઠ ખરેખરો હતો.

એની લાલ ચટક રંગની ટોપીની ચાંચ પર સોનેરી રંગનું ફૂમતું તો રાજાજી જોઈ જ રહ્યા. લીલા રંગનો પાયજામો જોવા જેવો હતો. ડગલો પીળા મખમલનો હતો. તેની ઉપર લાલ દોરાની કિનારી હતી.

વાહ, રંગલા વાહ ! ફરી વાર રાજા બોલ્યા.

પગની મોજડીની ચાંચ જોઈને તો રાજાજીએ તાળી પાડી દીધી."[૬૧]

જીવરામ જોશીએ પોતાની ભાષા દ્વારા દરિયાઈ વાર્તા અને તેનું વર્ણન પણ સરસ રીતે આલેખ્યું છે. તે ઉપરાંત ભારતનો ભવ્ય ભૂતકાળ હતો. જે વસ્તુઓ ભારતમાં બનતી હતી અને દુનિયામાં પ્રખ્યાત હતી. તેનાથી પણ બાળકોને અવગત કરાવવાનો જીવરામ જોશીનો પ્રયાસ હતો. 'રંગલાની નવી રંગત' નામની વાર્તામાં તે વાત સરળ ભાષા દ્વારા વ્યકત થઈ છે. જોઈએ :

"હીરો બોલ્યો : હવે મારે કંઈ છુપાવવાનું નથી, જે છે તે કહી દઈશ. મારી પાસે પાંચ વહાણ છે. હું સાગરનો સફરી વણઝારો છું.

રાજા બોલી ઊઠયા : સરસ, અમને સાગરની વાતો બહુ ગમે છે.

હા પછી ? હીરો કહે : મારા પાંચ વહાણમાં ઘણા માણસો કામ કરતા હતા. તેમાં બળિયા જુવાનોની એક ટુકડી રાખી હતી. તે બધા મારા વહાણના રક્ષકો હતા. તેઓ એવા બળિયા હતા કે લડવા ઉતરે તો શત્રુનો નાશ કરીને જ રહે. તેથી સાગરમાં લૂંટમાર કરનારા ચાંચિયા ડાકુઓ મારી સામે કદી આવતા નહીં. મૂલ્યવાન અને કીંમતી માલ ભરીને એક દેશથી બીજા દેશમાં વહાણો લઈ જતો. લાખો રૂપિયાનો આ માલ ત્યાં વેચી દેતો અને તે દેશનો માલ ખરીદીને બીજા દેશમાં લઈ જતો. ત્યાં એ માલ વેચીને વળી પાછો તે દેશનો માલ ખરીદી લેતો.

રાજા બોલ્યા : વાહ ભાઈ વાહ ! આવો વેપાર અમને બહુ ગમે છે હો, પછી ?

હીરો બોલ્યો : એક સમયની વાત છે. આ આપણા દેશનું રેશમ અને સોનારૂપાના તારથી ગુંથેલ જરીના કપડાં મે ખરીદી લીધાં કાશીનું રેશમ, બંગાળનું મલમલ, સુરતનું જરી કીનખાબ, ખંભાતી જાજમો અને કાશ્મીરના ગાલીચા તે એવા હતા કે જોતાની સાથે જ ગમી જાય. આવા રેશમના માલનો મેં વેપાર જ કર્યો. ચાર વહાણમાં આ માલ ભર્યો."[૬૨]

જીવરામ જોશી વાર્તાની શરૂઆતથી જ પોતાની સરળ ભાષા, ટૂંકાં વાકયો દ્વારા બાળકોમાં રસ જગાડી દે છે. 'ટીડો સાંઢ' નામની વાર્તામાં પોતાની ભાષા દ્વારા ગામડાનું વર્ણન, તેની સમાજ વ્યવસ્થા વગેરેનું આબેહૂબ દશ્યનું ચિત્રણ કર્યું છે. જોઈએ :

"નાનકડી એવી નદી તેને કાંઠે નાનકડું ગામ. ગામમાં ખેડૂતોના ઘર, એક બે બ્રાહમણ અને એકાદ વાણિયો પણ ખરો. બેચાર હરિજન પણ છે. કુંભારને હજામ તો હોય જ. નાનકડુ ગામ પણ બધી જાતના લોકો રહે. ખેડૂત અનાજ વાવે. સુથાર ખેતીનાં સાધનો બનાવે. કુંભાર ઘરકામના ઠામ પકવે, હજામ વિના ચાલે નહીં. ભંગી તો જોઈએજ. રબારી વિના ગામની ગાયો કોણ ચારે ? આમ બધી જાતના લોકો ખરા પણ બધા વચ્ચે હેત અને પ્રેમ. સગાંવહાલાંની પેઠે સૌ રહે.

ગામનાં મોટેરાં તો સૌ સંપીને રહે પણ છોકરાં ભારે કજિયાળા, વાતવાતમાં લડી પડે. રમતાં હોય તો બે ટોળી પડી જાય. કંઈ વાંધો પડે તો લડે ને મારામારી કરે. માર ખાઈ જાણે અને મારી જાણે તેની જીત થાય"[૬૩]

આ રીતે જીવરામ જોશીએ સરળ ભાષા દ્વારા સરસ રીતે પોતાની વાર્તાઓની રજૂઆત, વર્ણન, જોડકણાં વગેરે બાળકોને આપેસ છે. નેસ બાળકોને આનંદ આપે છે. સાથે સાથે તે બાળવાર્તાઓને આત્મસાત્ પણ કરી શકે છે.

## (૭) તર્કપૂતતા :

જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓના પાત્ર દ્વારા જોરદાર તર્ક પણ મૂકે છે. તેનાં પાત્રો ખૂબ જ બુદ્ધિશાળી છે. તે ગજબના તર્કો દ્વારા પોતાનો રસ્તો કરી લે છે. અને જીવરામ જોશીની આ બાળવાર્તાઓમાં જે 'તર્કપૂતતા રહેલી છે તે દ્વારા તે બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય, તર્કશકિત વધે અને પોતાની નિર્ણયશકિતથી નિર્ણય કરી શકે એવો ઉમદા હેતુ રહ્યો છે. તેમની એક વાર્તામાં તેઓ લખે છે કે :

"આહાહાહા ! સાગર જેવી જબરી આ નદી હતી. સાત સાત નદીઓ અહીં એકઠી થતી હતી.

તેથીય નવાઈની એક ટેકરી હતી. સાત સંગમની નદી વચ્ચે આ ટેકરી હતી. ચારેબાજુ પાણી હતું.

દદુકિયો બોલ્યો : ભાઈ, આપણે સામે પાર શા રીતે જઈશું ?

અડુકિયો કહે : આ તો મોટી પંચાત થઈ, કોઈ હોડી મળે તો આપણે સામે પાર જઈ શકીએ. પણ આપણા ઘોડા શી રીતે સામે પાર જશે ?

બટુક બોલી ઊઠયો : તમે ભૂલ્યા, ઘોડો પાણીમાં તરી શકે છે. હોડી મળી જાય તો આપણે તેમાં બેસીએ, અને ઘોડાને પાણીમાં છુટા મૂકી દઈએ તેઓ તરતા તરતા સામે કિનારે આવી જશે.

દદુકિયો બોલ્યો : અલ્યા હા, એ વાત સાચી.

અડુકિયો કહે : પણ હોડી કયાં ?

દદુકિયો બોલ્યો : એક વાત કહું ? અહીં કિનારે વાંસ દેખાય છે. જાડા વાંસ કાપી લઈએ. તેના ટુકડા કરીને તરાપો બનાવી લઈએ. લાંબા વાંસ હાથમાં લઈને તરાપા પર આપણે બેસી જઈએ.

બટુક બોલ્યો : એમ નહીં. તરાપાને આગલે છેડે બે દોરડાં બાંધી દઈએ. તે દોરડાં ઘોડાની ડોકે બાંધી દઈએ ઘોડો ચાલે એટલે પાછળ તરાપો ખેંચાતો જાય.

દદુકિયો કહે : અલ્યા હા, એ સરસ ચાલો એમ જ કરીએ"[૬૪]

જીવરામ જોશી 'અડુકિયો દદુકિયો જેલમાં' નામની વાર્તામાં પક્ષીઓ દ્વારા સરસ મજાનો તર્ક મૂકે છે, ને બાળકોનો બૌદ્ધિક રીતે સજગ બનાવે છે. અને ગમે તેવી કઠીન પરિસ્થિતિ આવે તો બાળકોને તે પરિસ્થિતિમાંથી રસ્તો કઈ રીતે શોધવો તે રસ્તો બતાવે છે. આ વાર્તામાં દદુકિયો એક ખાખી બાવા પાસે ફસાય જાય છે ને તે બાવો દદુકિયાને આદેશ કરે છે કે જો પેલો પાણી ભરવાનો દેગડો છે તેને ઊઠાવીને નદીએ લઈજા અને ભરીને લઈ આવ. હું સમાધિમાં બેસું છું. મારી સમાધિ બે કલાકે ઉતરશે. ત્યાં સુધીમાં દસ દેગડા પાણી ભરી લાવ. આ વૃક્ષોના દસ કયારા છે તે કયારામાં એકેક દેગડો પાઈ દેજે. જરાય ઓછું પાઈશ તો ચામડું ચીરી નાખીશ. દદુકિયો તે દેગડો જોવે છે, ફકત પાંચ મણ

વજનનો એકલો દેગડો ને એમાં દસ મણ પાણી સમાય એવડો મોટો, બાપ રે... એટલો બધો ભાર ઉપડે નહીં.

દડુકિયાથી તે દેગડો ઉચકાતો નથી, તેથી વડલા અને પંખીઓને નાનકડા દડુકિયાની દયા આવે છે. તેનું વર્ણન આનંદદાયક છે. જોઈએ :

"કાગડો બોલ્યો : ઓ ડાહીઓ... કલબલાટ મૂકો ને! કાન ફુટી ગયા !

પોપટ કહે : પણ કાગડાકાકા, આ દડુકિયાનું દુઃખ તો જુઓ !

કાગડો કહે : એ બાવલો છે જ એવો. એવાની પાસે જઈએ જ નહીં જઈએ તો ચતુરાઈ વાપરીએ.

મેના બોલી : એમાં તો બિચારાની ચતુરાઈ શું કરે ? આવડો મોટો દેગડો ચતુરાઈથી ન ભરાય.

કાગડો કહે : ભરાય

મેના કહે : કેવી રીતે ?

આમ કહીને કાગડો ઊઠે છે ને એક પાંદડું ચાંચમાં લઈને દડુકિયો તે સમજી જાય છે. કાગડો નદીએ જઈને પાંદડું પાણીમાં બોળીને એ પાણી પેલા દેગડામાં રેડે છે. દડુકિયો આ વાત સમજી ગયો કે કાગડાકાકા કહે છે કે થોડું થોડું પાણી ભરીને દેગડો ભરવો.

જીવરામ જોશી ફરી વાર્તા આગળ વધારે છે.

ચકલી કહે : દેગડો તો એમ ભરાય. થોડું થોડું પાણી લાવ્યે દેગડો ભરાય, પણ ઉપાડવો કેમ કરીને?

પોપટ કહે : ભાઈ, એવડો ભારે દેગડો તો ના ઉપડે.

કાગડો કહે : છોને બુદ્ધિના બુઠા ? અલ્યાભાઈ, દેગડો ત્યાં જ રાખવો. કયારા પાસે થોડું થોડું પાણી લઈને દેગડો ત્યાં જ ભરવો"[૬૫]

આ રીતે પંખીઓ દ્વારા દડુકિયાને તર્ક મળે છે ને દડુકિયો રાજી થતો નાના ઘડાથી બધા કયારાને પાણી પાય છે ને પેલો દેગડો પાણીથી ભરી દે છે. ખાખી બાવાની સમાધિ પૂરી થાય છે ને દડુકિયાને કહે છે કે દેગડો ભર્યો કે નહીં ? દડુકિયો હા પાડે છે. ખાખી

બાવો કયારા અને પાણીથી ભરેલો દેગડો જુએ છે. ને દડુકિયા ઉપર ખૂબ જ પ્રસન્ન થાય છે.

'વાહ રંગલા કથાશ્રેણી' નો રંગલો ભારે ચતુર છે. તેની તર્કશકિત જોરદાર છે. ગમે તેવા પ્રશ્નોનો ઉકેલ પોતાની બુદ્ધિ અને તર્ક દ્વારા કરે છે. 'રંગલાની રંગત' નામની બાળવાર્તામાં રંગુજીરાજાના દરબારમાં અકકલશંકર નામનો વ્યકિત અકકલના પડીકા વેચવા માટે આવે છે. તેના ગળામાં ઢોલક હતું તે વગાડતો જાય છે અને સભાને પ્રશ્ન કરે છે કે આપની સભામાં છે કોઈ ચતુર? મારી અકલની પડીકી લઈ શકે તેવો. આમ તે કહે છે.

સભામાં કોઈ ઊભા નથી થાતું ત્યારે રંગલો તેના પ્રશ્નનો જવાબ આપવા ઊભો થાય છે. પ્રધાનને એમ થાય છે કે ઠીક ફસાયો છે. અકકલશંકર રંગલાને પ્રશ્ન કરે છે કે તમે હિમાલયની ટોચ ઉપર ચડી શકો ? રંગલો હા કહે છે. અકકલશંકર બીજો પ્રશ્ન પૂછે છે તમે આકાશની ટોચ ઉપર ચડી શકો ? રંગલો હા પાડે છે. રાજા નવાઈ પામે છે. અકકલશંકર પણ ચકકરમાં પડી ગયો, રંગલો બડો પાકો લાગે છે. હવે એની બોલતી બંધ કરી દઉં, આમ અકકલશંકર મનમાં બબડયો.

ઉકેલનો જવાબ બીજા દિવસે રંગલાએ સભામાં આપવો એવું નકકી થાય છે ને બીજા દિવસે સવારે રાજસભા ભરાય છે. એમાં જે તર્કશકિતથી રંગલો જવાબ આપે છે તે જોરદાર છે જોઈએ :

"રંગલો બડી મોજથી તૈયાર થઈને સભામાં જવા ઉપડયો. સભા ભરાઈ હતી.

રાજસભામાં ભીડ હતી. પ્રધાનજી મોજમાં હતા. અકકલશંકરનું મોઢું પણ ફાટેલા નગારા જેવું મલકતું હતું. બધા આવી ગયા પણ રંગલો કાં ના દેખાય ?

પ્રધાનજી બોલ્યા : એ હવે નહીં આવે.

રાજાજી પણ ઊંચાનીચા થયા.

રંગલો નાસી શકે એમ નહોતું. તેને ઘેર ચોકીદાર ચોકી કરતા હતા.

ત્યાં રંગલો આવતો દેખાયો. રાજાજીને પ્રણામ કરીને બેઠો.

રાજાજી બોલ્યા : આટલી બધી વાર કેમ ?

મોઢું મલકાવીને રંગલો ચૂપ જ રહ્યો.

રાજાજી બોલ્યા : તો કાલની વાતનું શું ?

રંગલો કહે : કંઈ નહીં.

રાજા કહે : એટલે ? તારે આકાશની ટોચે ચડવાનું નથી ?

રંગલો કહે : એમાં શી મોટી વાત છે ? હમણાં ચડું, અમે તૈયાર થઈને જ આવ્યા છીએ. એટલે તો વાર લાગી.

રાજા કહે : તો ચાલ, થા તૈયાર

રંગલો કહે : તૈયાર જ છું.

આમ બોલીને રંગલો આસન પરથી ઊભો થયો. અકકલશંકર પાસે ગયો. નીચે નમ્યો અને અકકલશંકરના કાનમાં કહ્યું : આકાશની ટોચ બતાવો.

આ વાત બીજા કોઈએ સાંભળી નહીં.

અકકલશંકર ચમકીને બોલ્યા : હેં..... ?

રાજાજી બોલ્યા : શું વાત છે.

રંગલો રાજાજી પાસે જઈને બધી વાત કરે છે.

રાજા બોલ્યા : હા ભઈ, એ વાત પણ સાચી, કેમ પ્રધાનજી ? તમને આકાશની ટોચ દેખાય છે ?

પ્રધાનજી ટાઢાટપ

રાજા કહે : અકકલશંકર ઊભા થાય અને આકાશની ટોચ બતાવે. આકાશની ટોચ જોયા વિના રંગલો ચડે કયાંથી ? રંગલાની એ વાત સાચી છે"[૬૬]

આમ અકકલશંકરને પોતાની તર્કશકિતથી રંગલો હરાવી દે છે. તેનો જયજયકાર થાય છે ને રાજા સોનામહોરોનું ઈનામ આપે છે.

જીવરામ જોશી પોતાની બાળવાર્તા દ્વારા બાળકોમાં તર્કશકિતનો પણ વિકાસ થાય એવો સંદેશો આપે છે. સમાજમાં ચાલતા પાખંડ, દંભ, કપટ અંગે પણ બાળકોને સચેત કરે છે. પોતાની બાળવાર્તા 'રંગલાની રંગત' માં આવો સંદેશો તે આપે છે. જોઈએ :

"રંગલો કહે : હું ઘેરથી ભાગ્યો. ભાગેલાને બાવા સાધુ થઈને ફરવામાં સગવડ મળે છે. કોઈ પૂછે નહીં કે તમે કોણ છો ? અને મફતમાં ખાવાનું મળે. એટલે હું બાવાની ટોળીમાં ભળી ગયો. ફરતો ફરતો એક ગામમાં ગયો. ત્યાં એક મહાત્માએ બહુ ધતીંગ જમાવેલું તે આસન પર બેસી ગયો હતો. તેણે જાહેર કરેલું કે, તે ખાતોય નથી, પાણીય પીતો નથી. અને ઝાડો પેશાબ પર કરતો નથી. તેથી લોકોના ટોળેટોળાં એકઠા થતાં હતા. લોકો પેલા માણસને મોટા યોગી મહાત્મા કહીને માન આપતાં હતાં. ત્યાં એક જુવાન આવ્યો તેણે કહ્યું કે એ વાત ખોટી હોવી જોઈએ. એમાં કપટ હોવું જોઈએ. લોકો આ જુવાન સામે લડવા ઊભા થયા. જુવાન કહે કે હું તે મહાત્મા પાસે બેસીશ. તેની તપાસ કરીશ. સાચું હશે તો માની લઈશ. આમ કહીને તે જુવાન પેલા મહાત્મા પાસે બેસી ગયો. એક દિવસ ગયો, બીજો દિવસી થયો કે રાતે પેલા મહાત્મા ઊભા થયા અને છાનામાના નાસી ગયા. હવે લોકો સમજયા કેમહાત્મા કપટી હતા.
જુવાને કહ્યું : ન બને એવી વાત કોઈ કહે ત્યારે સમજવું કે તેમાં કોઈ કપટનો દાવ હોવો જોઈએ. તેની પાકી તપાસ કરશો તો તે કપટ ખુલ્લું પડી જાય છે"[૬૭]

'રંગલાની રેવડી' બાળવાર્તામાં રંગુજીરાજાની સભામાં એક અજબ જાદુગર આવે છે. તે પોતાની થેલીમાંથી જાતજાતની વસ્તુઓ કાઢે છે. બધા ખુશ થાય છે. ત્યારબાદ અજબ જાદુગર પોતાની થેલીમાંથી ટપ કરતો મોટો એક જીવડો થેલીમાંથી કાઢે છે. જીવડો મોટા નાળિયેર જેવડો હતો. અને જાદુગર એક જોડકણું બોલે છે. જોઈએ :

"ના મંકોડો
ના દેડકો
ના માખી કે મચ્છર
આપો એને કોઈ ઓળખી
બોલ્યો આ જાદુગર"[૬૮]

આ રીતે જાદુગર રાજાને કહે છે કે આ જાનવરનું નામ કહી આપો. સાચું કહેશો તો અમે ચુપ થઈ જાશું અને સાચું ના કહી શકો તો એક કિલો સોનાનું કડું લઈશું.

પ્રધાનને મોજ આવી અને વિચાર્યું કે હવે આમાં રંગલાને ફસાવી દઈશું. તેઓ રાજાને કહે છે કે આપણી સભામાં રંગલો ખૂબ ચતુર છે તે નામ બતાવશે.

રંગલો વિચારે છે, કે આ જાનવર જાદુનું છે. જગતમાં તે એવું કોઈ જાનવર હોય નહીં. બુદ્ધિ આગળ હજાર બળને કળ પાણી ભરે છે. આમ વિચારીને રંગલો કહે છે. તે જોઈએ :

"આ પંખી નથી કે કીડો નથી, તે ઢોર નથી કે જાનવર નથી. તેનું એક નામ છે જાદુઝપટ અને બીજું નામ છે જાદુકપટ એ નામ ખોટાં હોય તો સાચું નામ જાદુગર પોતે કહી દે. આ જાદુઈ જાનવર છે. સાદુંસીધું જાનવર નથી"

આ સાંભળીને જાદુગર છક થઈ જાય છે ને એક જોડકણું બોલે છે.

"વાહ રંગલા,
મોજ રંગલા,
તમે ગયા ભાઈ જીતી,
બુદ્ધિબળમાં પાકા છો ભાઈ,
જોઈ તમારી રીતિ"[૬૯]

આ રીતે રંગલો પોતાની તર્કશકિતથી અજબ જાદુગરને હરાવે છે.

'રંગલાની રેવડી' વાર્તાસંગ્રહમાં 'કોળાપુરના કુમાર બટાકાસિંહ' નામની બાળવાર્તામાં જીવરામ જોશીના પાત્ર રંગલાએ ગજબનો તર્ક લગાડયો છે. તે વાર્તામાં રંગીલારાજાની એક કુંવરી હોય છે. તેના લગ્ન માટે આજુબાજુનાં ત્રણ રાજયોના રાજાના કુંવરના માગા લઈને તેના ગોરદાદા રંગીલાપુર આવે છે, નેરંગીલારાજાને વાત કરે છે. રાજા રંગીલા મૂંઝાઈ છે કે એક ને હા પાડીશું તો બીજા બે રાજા સાથે દુશ્મની થશે ને પાછા ત્રણેય રાજાના કુંવર યોગ્ય ન હતા. આવી પરિસ્થિતિમાં રંગલો પોતાની તર્કશકિતથી કઈ રીતે રસ્તો કાઢે છે તે જોઈએ :

"રાજા કહે : પ્રધાનજી, હવે કંઈક વાત વિચારો. આ ત્રણેય ગોરદાદાને કહેવું શું ? એ ત્રણેય રાજાના કુંવર નકામા છે. આપણી રૂપબાને ત્યાં પરણાવી શકાય નહીં.

પ્રધાનજી કહે : પણ કોઈને ના ય કહેવાય એમ નથી. એ ત્રણેય રાજાઓ આપણાથી વધારે બળવાન છે. એકને હા કહીએ તો બીજો ચીડાય.

રાજા કહે : તમારે ઉપાય કરવો પડશે તમે પ્રધાન છો. એ કામ તમારે કરવું જ જોઈએ.

પ્રધાનજી મૂંઝાયા ઉપાય મળતો નથી. પણ એક ઉપાય તો છે જ. રંગલાજી યાદ આવ્યા એ વાત તો પ્રધાનજીને મીઠી મધ જેવી લાગી. આ વાત રંગલાને માથે નાંખવી. રંગલાજી ફસી જશે.

પ્રધાન કહે : મહારાજ, આપણા રંગલાજી છે ને ? ચતરુાઈનો કોઈ ઉપાય શોધી કાઢશે.

રાજા હસીને બોલ્યા : અલ્યા હા, એ તો અમે ભૂલી જ ગયા બોલાવો રંગલાને"[૭૦]

આ રીતે રાજા રંગલાને બોલાવે છે ને આ પરિસ્થિતિની વાત કરે છે. રંગલો મૂંઝાય જાય છે ને ભાગી જાય છે. રાત્રે ચાલી નીકળે છે, સવાર સુધી ચાલે છે. એક નગરમાં પહોંચે છે. આ બાજુ રાજાએહુકમ કર્યો કે રંગલાને ગમે ત્યાંથી પકડીને લાવો ને ફાંસીએ લટકાવી દો. સિપાઈ રંગલાને પકડી લે છે. રંગલો કહે છે કે અમે ભાગી જતા નથી. ચાલો હું રંગીલા રાજાના દરબારમાં આવું. આમ કહીને રંગલો રાજાના દરબારમાં પહોંચે છે. રાજા રંગલાને કહે છે કે તું ભાગી ગયો હતો માટે તને મોતની સજા કરીએ છીએ.

રંગલાએ કહ્યું કે આપણે પેલા ત્રણેય રાજાઓને પાછા કાઢવા છે ને ? તેનો ઉપાય હું તમને કાનમાં બતાવું. ખાનગીવાત છે. એમ કહીને રાજાને કહે છે કે ત્રણમાંથી એક રાજાને પત્ર લખો કે તમારા કુંવરને મારી કુંવરી પરણાવું પણ પેલા રાજા ના પાડે છે આમ થશે ને તે રાજાઓ અંદરો અંદર લડી પડશે ને આપણે આપોઆપ શાંતિ થશે. આ રીતે રંગલાએ પોતાની બુદ્ધિથી પેલા ત્રણેય રાજાઓને અંદરોઅંદર લડાવી મારે છે. રાજા ખૂબ જ ખુશ થઈને રંગલાને ઈનામ આપે છે.

રંગલો ખુશ થતો થતો પોતાના ઘેર જાય છે. રંગલી પણ રાજી થતી પૂછે છે કે તમને આવો બુદ્ધિગમ્ય ઉપાય કઈ રીતે આવ્યો ? રંગલો રંગલીને તે વાત કહે છે તે જોઈએ :

"હું રાતે ભાગી ગયો હતો. ભાગતા ભાગતા સૂરજ ઉગ્યો એવામાં એક ગામ આવ્યું ત્યાં મેં એક દૃશ્ય જોયું કે ગામમાં એક દયાળુ શેઠ હશે. તેઓ જુવાર લઈને ગામના

પાધરમાં બેઠેલા મૂઠી ભરીને જુવાર ફેકે છે. સેંકડો કબૂતર જુવારના દાણા ચણે છે. એવામાં બે ડાઘિયા કૂતરા દોડતા આવ્યા. જાણે કે હમણાં જ કબૂતર ઉપર ધસી આવશે. ત્યાં તો શેઠે એક નાનો રોટલો લીધો. દૂર ઘા કરી દીધો. બન્ને કૂતરા તે રોટલો લેવા દોડયા. એક કૂતરો પહેલાં પહોંચી ગયો. તે રોટલો મોઢામાં પકડવા ગયો કે બીજો કૂતરો દોડી આવ્યો. આ રીતે બન્ને કૂતરા એકબીજા સાથે લડવા માંડયા આ જોઈને મને આવો ઉપાય જડયો"[૭૧]

'રંગલાની ગમ્મત' નામની બાળવાર્તામાં જીવરામ જોશી હાસ્યાત્મક તર્ક મૂકે છે. રંગલો અને રાજા રંગીલા એક વખત છૂપા વેશે ફરવા નીકળ્યા હતા. રાજા કહે છે કે હરવા ફરવાથી નવું નવું જાણવાનું મળે છે, તે માટે રાજાઓ છૂપા વેશે ફરવા જતા હશે. એ રીતે વાર્તા શરૂ થાય છે તે જોઈએ :

"રાજા કહે : સાવ સાચું અમે ઘોડા જોયાં ઉંટ જોયા, ગાય જોઈ, સિંહ અને વાઘ પણ જોયા, પણ આ ગધેડા જેવી નવાઈ અમે કોઈમાં જોઈ નહીં. બોલ શી એ નવાઈ ?

રંગલો વિચારમાં પડયો કે ગધેડામાં રાજાને શી નવાઈ દેખાઈ હશે ? એ કહેવું શી રીતે ? માટે આ વાતનો પણ બુદ્ધિથી ઉત્તર આપવા દે.

રંગલો બોલ્યો : મહારાજ ! એ તો આપ જ કહી શકો, જયારે ભોજ રાજા કશીક નવાઈની વાત જોતા ત્યારે પોતે જ કહી આપતા કે આ વાતમાં એવી નવાઈ દેખાય છે.

રાજા બોલ્યા : હા હા, તો સાંભળ ! અમે જ કહી આપીએ. હાથી કેવડો મોટો છે ? પણ એના કાન તેના શરીરના માપમાં સાવ નાના કહેવાય. હાથી જેવા મોટા જાનવરને તો વધારે મોટા કાન હોવા જોઈએ. ઉંટ તો લાંબું લસ છે પણ તેનાય કાન ઉંદરના જેવા ટચુકડાંછે ? તો પછી આ ગધેડાના કાન આટલા બધાં લાંબા કેમ ? આ વાત અમને નવાઈ લાગી. રાજા ભોજને આવી નવાઈ લાગતી ત્યારે કવિ કાલિદાસને પૂછતા અને તેનો ઉત્તર કાલિદાસ આપતા હતા. કવિ કાલિદાસ બુદ્ધિમાન હતા. અને તું પણ બુદ્ધિમાન છે. માટે કહી આપ કે ગધેડાને આવા લાંબા કાન કેમ ?

રંગલો વિચારમાં પડયો. ગધેડાને લાંબા કાન કેમ તેનો શો ઉત્તર આપવો ? મૂળ વિનાનો પ્રશ્ન હોય તો તેનો ઉત્તર પણ મૂળ વિનાનો હોય. રંગલો બોલ્યો : ગધેડો કુંભાર

જ રાખે છે. કુંભાર ગરીબ હોય છે. ગધેડાને બાંધવા દોરડાંપણ તેને મળતાં નથી. તો ગધેડાને દોરીને લઈ જવો હોય તો શી રીતે લઈ જાય ? માટે ગધેડાના કાન ભગવાને લાંબા બનાવી દીધા.વળી ગધેડાના કાન પકડીને કુંભાર તેને દોરી જાય છે. ભગવાન ગાંડા નથી કે નકામાં લાંબા બનાવી દે!"[૭૨]

આ રીતે રંગલો તેની હાજરજવાબી શકિતથી રાજાને ખુશ કરી દે છે, ને જેવો પ્રશ્ન તેવો ઉત્તર તે આપે છે.

જીવરામ જોશી પોતાની વાર્તા તેમજ પાત્ર દ્વારા બાળકોને એ પણ સંદેશો આપે છે કે ચમત્કારમાં માનવું નહીં. લોકોને મૂર્ખ બનાવવા પરચા, ધતિંગ વગેરે કરે છે. તેમાં સત્ય નથી હોતું પણ હાથચાલાકી કે છેતરપીંડી હોય છે.

લેખકનું રંગલા નામનું પાત્ર બુદ્ધિશાળી પાત્ર છે. તે ગજબની તર્કશકિત ધરાવે છે. 'રંગલાના દાણા' નામની વાર્તામાં ઘેલુ નાયકનો ભવાઈનો વેશ થાય છે. તેમાં કાળકામાં નો વેશ આવે છે તે ભવાઈમાં કાળકામાં અને ડાગલો એ બે પાત્રો હોય છે. રંગલો તેમાં પોતાની બુદ્ધિ દોડાવે છે તે જોઈએ :

"ત્યાં કાળકા માતાએ પડકાર દીધો અને બોલ્યા : લેવાય મારા સતથી એ ધગધગતા સળિયાને હાથમાંલેવાય.

ડાગલો બોલ્યો : ના, ના, ના, ધગધગતો સળિયો હાથમાં લઈએ તો હાથ બળી જાય. કેમ રંગલા સાહેબ ? સાચું કે ખોટું ?

રંગલો કહે : સાચું

કાળકામા કહે : ખોટું, ડાગલાનો હાથ નહીં બળે. રંગલો હસ્યો.

કાળકામાં ગુસ્સે થઈ ગયા અને બોલ્યા : અમે કહીએ છીએ કે નહીં બળે. આ ડાગલા, હાથ લાંબા કર.

ડાગલો કહે : અમારો હાથ બળે કેમ રંગલાજી ?

રંગલો કહે : હા, બળે જ.

કાળકામા કહે : ના બળે તો તું હાથમાં ધગધગતો સળિયો લઈશ ?

રંગલો કહે : હા

ડાગલો કહે : પછી રંગલાજી સળિયો હાથમાં નહીં લે તો ?

પ્રધાનજી કહે : ના કેમ લે ? શરત લાગી ગઈ.

ડાગલે હાથ લાંબા કર્યા

કાળકામાએ ધગધગતો સળિયો સાણસીથી પકડયો અને ડાગલાના હાથમાં મૂકી દીધો. ડાગલો ધગધગતો સળિયો બે હાથની હથેળીમાં ફેરવવા માંડયો. ભારે નવાઈની વાત થઈ. ડાગલાનો હાથ બળ્યો કે દાઝયો નહીં.

પ્રધાનજી કહે : ચાલો રંગલાભાઈ, હવે તમારો વારો.

રંગલો ચિંતામાં પડી ગયો. ધગતો સળિયો હાથમાં લેવાય નહીં. લે તો બળી જાય.

ત્યાં રંગલાને વાત સૂઝી

રંગલો બોલ્યો : ફરી વાર ડાગલો હાથમાં ધગધગતો સળિયો લઈ શકશે ?

ડાગલો બોલ્યો : હા, હા, અમને બીક નથી, કાળકામાનું સત અમે જોઈ લીધું.

રંગલો કહે : તો ધોઈ નાખો તમારા હાથ અને પછી ધગધગતો સળિયો હાથમાં લો, તો અમેય લઈશું.

હાથ ધોવાની વાત આવી કે ડાગલો સમસમી ગયો.

કાળકામા કહે : હાથ ધોવાની જરૂર નથી.

રંગલો કહે : હાથ તો ધોવા પડશે.

રંગલે રાજાના કાનમાં વાત કહી : એમાં ચતુરાઈ વાપરી છે. અમે સમજી ગયા. કુંવારપાઠું થાય છે. તેનો રસ કાઢીને હાથે ચોપડે છે. તેથી હાથમાં ગરમ સળિયો લે તો દાઝે નહીં. આમાં કાળકા માતાનું સત નથી પણ ચાલાકી છે.

ડાગલાના હાથ ધોવરાવ્યા. કુંવારપાઠાનો રસ ધોવાયો. ચાલાકી પકડાઈ ગઈ. રાજા રાજી થયા. રંગલાને ઈનામ આપ્યું. ઈનામ લઈને રંગલો ઘેર ગયો.''[૭૩]

જીવરામ જોશી આ રીતે મિયાં ફુસકી નામનું એક પાત્ર બાળકોને આપે છે. તે પાત્ર પણ ભારે બુદ્ધિશાળી અને ધારદાર તર્ક કરે તેવું છે. ખોટી વાત, ખોટા પરચા, દંભ વગેરેમાં તે માનતા નથી. 'ભગતની ભવાઈ' નામની વાર્તામાં તે જોરદાર તર્કનો ઉપયોગ કરે છે. ગામમાં એક મહાત્મા આવ્યા હતા. તે બડા ચમત્કારી હતા. નાળિયેરમાંથી કંકુ,

ફૂલ, ધૂળ વગેરે કાઢતા હતા. લોકો આ ચમત્કારી મહાત્મના દર્શને જતા હતા. મિયાં ફુસકી અને તભા ભટ્ટ પણ તેના દર્શને જાય છે. પણ મિયાં ફુસકી આ વાત સ્વીકારવા તૈયાર નથી. મહાત્માને જે નાળિયેર આપે તે પાટલા નીચે મુકતા હતા. અને ત્યાંથી નાળિયેર કાઢીને તેમાંથી કંકુ કે ધૂળ કાઢતા હતા. મિયાંને આ વાત પર શંકા જાય છે. તે શંકા સાચી ઠરે છે. પેલા મહાત્મા પાટલા નીચે ચાલાકી કરીને લોકોને છેતરતા હતા. તે વાત મિયાં ફુસકીએ ખુલ્લી કરી. અને પેલા મહાત્મા લોકોની માફી માગે છે. આ રીતે જીવરામ જોશીનું આ પાત્ર મિયાં ફુસકી તર્કશકિતનો પણ ખૂબ જ ઉપયોગ કરે છે ને બાળકોના બુદ્ધિના વિકાસમાં અસરકારક થાય છે.

આ રીતે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતા જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં પાત્રાલેખનથી તેમજ કથાઘટકોથી લઈને તર્કપૂતતા સુધીનો વિનિયોગ ખૂબ જ સુંદર રીતે કરે છે. તે તેની વાર્તાને રોચક, હાસ્યવિનોદથી ભરપૂર અને બાળકોને કંઈક બોધ મળે તેવી બનાવી છે. અને તેથી જ તો જીવરામ જોશીની બાળવાર્તાઓને બાળપ્રિયતા મળી છે, તેમ કહીએ તો એ અસ્થાને નહીં ગણાય.

## પાદટીપ


૧. અડુકિયો દડુકિયો : ચાંદનગરમાં પાના નં.૨૭, ૨૮

૨. છેલ છબો ફોઈબાનો મહેલમાં, પાના ૨૯, ૩૦

૩. રંગલાની ચાતુરી, પાના ૨૫, ૨૬, ૨૭

૪. રંગલાના દાણા, પાના ૩, ૪

૫ ગુલુ સરદારની પ્રસ્તાવના

૬. ગુલુ સરદાર ભાગ–૧, પાના ૪૮, ૪૯

૭. છકો અને મકો, ભાગ–૧, પાના ૩,૪

૮. છકો અને મકો, ભાગ–૧ પાના ૬, ૭

૯. છકો અને મકો, ભાગ–૨ પાના ૧૪,૧૫

૧૦. રંગલાની રંગત, પાના ૮, ૯

૧૧. રંગલાની રંગત, પાના ૧૦૧, ૧૦૨

૧૨. ટીડો સાંઢ, પાના ૯, ૧૦, ૧૧

૧૩. ટીડો સાંઢ પાના ૧૫,૧૬,૧૭

૧૪. ગુલુ સરદાર, ભાગ–૧, પાના–૧

૧૫. ગુલુ સરદાર, ભાગ–૧, પાના ૧૭,૧૮,૧૯

૧૬. અડુકિયો દડુકિયો, ચાંદાનગરમાં, પાના ૬૫

૧૭. અડુકિયો દડુકિયો, ચાંદાનગરમાં પાના ૬૭

૧૮. અડુકિયો દડુકિયો, આગિયો ભૂત, પાના ૧૦૩,૧૦૪

૧૯. અડુકિયો દડુકિયો અને ગાલુ જાદુગર પાના નં.૨૯,૩૦

૨૦. છકો મકો, ભાગ–૧ પાના ૮,૯

૨૧. છેલ છબો, પાતાળલોકમાં પાના નં.૯

૨૨. છેલ અને છબો ઘોર ગુફામાં, પાના ૭૧, ૭૨

૨૩. છેલ છબો સોનાના માનવી, પાના ૭,૮

૨૪. અડુકિયો દડુકિયો અને આગિયો ભૂત, પાના ૧

૨૫. અડુકિયો દડુકિયો અને આગિયો ભૂત, પાના ૬૦, ૬૧
૨૬. અડુકિયો દડુકિયો જેલમાં, પાના ૮,૯
૨૭. છેલ છબો ઘોર ગુફામાં, પાના ૩,૪
૨૮. છેલ અને છબો ફોઈબાના મહેલમાં, પાના ૭
૨૯. વીર હનુમાન, પાના ૪૬, ૪૭
૩૦. રંગલાની રંગત, પાના ૨૩,૨૪
૩૧. રંગલાની રંગત, પાના ૪૦,૪૧
૩૨. રંગલાની રંગત, પાના ૮૩,૮૪
૩૩. રંગલાની રેવડી, પાના ૩
૩૪. રંગલાની રેવડી, પાના ૪
૩૫. રંગલાની રેવડી, પાના ૨૪
૩૬. ટીડો સાંઢ, પાના ૫,૬
૩૭. ગુલુ સરદાર, ભાગ–૧ પાના ૫૮, ૫૯
૩૮. ભૂવાનું ભુત, પાના–૪૦
૩૯. મિયાં ફુસકી, ડાગલો, પાના–૩૦
૪૦. મિયાં ફુસકી, દડમશા, પાના ૧૧, ૧૨
૪૧. જીવતો વાઘ, પાના ૪૬, ૪૭
૪૨. ભગતની ભવાઈ, પાના ૪
૪૩. ભગતની ભવાઈ, પાના ૨૮, ૨૯
૪૪. વીર હનુમાન, પાના ૯૪,૯૫,૯૬
૪૫. નાટકનું નાટક, પાના ૫૮,૫૯
૪૬. છત્રીનો તાલ, પાના ૫,૬,૭
૪૭. અડુકિયો દડુકિયો, ચાંદનગરમાં, પાના ૧૮
૪૮. અડુકિયો દડુકિયો, જેલમાં પાના ૧૭,૧૮
૪૯. અડુકિયો દડુકિયો જેલમાં પાના ૧૯,૨૦

૫૦. અડુકિયો દડુકિયો, મામાને ઘેર, પાના ૩,૪
૫૧. છકો મકો ભાગ–૨, પાના ૯૫
૫૨. છકો મકો ભાગ–૩, પાના ૪૫
૫૩. છેલ અને છબો, ઘોર ગુફામાં, પાના ૩૮
૫૪. વીર હનુમાન, પાના ૧૭
૫૫. વીર હનુમાન, પાના ૨૭,૨૮
૫૬. વીર હનુમાન, પાના ૩૭
૫૭. રંગલાની રંગત, પાના ૭
૫૮. રંગલાની રંગત, પાના ૧૭, ૧૮
૫૯. રંગલાની રંગત, પાના ૧૬
૬૦. રંગલાની રેવડી, પાના ૩૯,૪૦
૬૧. રંગલાની દીવાળી, પાના ૫,૬,૭
૬૨. રંગલાની નવી રંગત, પાના ૬,૭
૬૩. ટીડો સાંઢ, પાના–૧
૬૪. અડુકિયો દડુકિયો અને આગિયો ભૂત, પાના ૧૭,૧૮,૧૯
૬૫. અડુકિયો દડુકિયો જેલમાં, પાના ૨૩,૨૪,૨૫
૬૬. રંગલાની રંગત, પાના ૩૬,૩૯,૪૦
૬૭. રંગલાની રંગત, પાના ૭૭,૭૮
૬૮. રંગલાની રેવડી, પાના ૬,૭
૬૯. રંગલાની રેવડી, પાના ૧૦,૧૧
૭૦. રંગલાની રેવડી, પાના ૪૫,૪૬
૭૧. રંગલાની રેવડી, પાના ૫૩,૫૪
૭૨. રંગલાની ગમ્મત, પાના ૪૪,૪૫
૭૩. રંગલાના દાણા, પાના ૪૭,૪૮,૪૯

☆☆☆

# પ્રકરણ-૬
# ઉપસંહાર

# પ્રકરણ-૬
# ઉપસંહાર

"બાળકો માટે સાહિત્ય લખવું એ ખાવાનો ખેલ નથી. કોઈપણ પ્રકારની પ્રેરણા કે સ્ફુરણા વિના, આવડત વિના, ઊંડા તીવ્ર સંવેદન વિના, તેમનાં માનસ અને વાતાવરણમાં જીવ્યા વિના, બાલસાહિત્ય લખી શકાય નહીં. મોટેરાઓના સાહિત્ય કરતાં બાળસાહિત્ય લખવાની ઘાટી ભિન્ન છે, એમાં વિશેષ માવજત અભિપ્રેત છે, એ માટે વિશેષ પ્રકારની શકિત જોઈએ"[૧]

ઉપરની વાત સંપૂર્ણતયા સાચી છે. આપણે જોયું તેમ બાળકોના ડોકટર પાસે જેમ તબીબી દૃષ્ટિએ બાળક વિશેની સર્વોતમ જાણકારીની અપેક્ષા રહે છે. આપણે ત્યાં આવી અપેક્ષિત જાણકારીવાળા બાળકથાસર્જકો ઝાઝા થયા નથી, તો સાથે જ ગુજરાતી બાળકથાસાહિત્ય કંગાળ કહેવાય તેવું પણ નથી.

ઈ.સ. ૧૮૩૧ માં Children's Friendના 'બાળમિત્ર' નામે થયેલા ભાષાંતરને તેની પ્રસ્તાવનામાં 'પ્રથમ બાળભોગ્ય' રચના તરીકે દર્શાવવામાં ભલે આવ્યું હોય, ઈ.સ. ૧૮૨૬ માં ડાડસ્લીની કથાઓના ભાષાંતર સાથે ગુજરાતીમાં બાળભોગ્ય કથાસાહિત્યનો પ્રારંભ થયો ગણી શકાય. ટૂંકમાં, અનુવાદ ભાષાંતરથી ગુજરાતી બાળસાહિત્યનો પ્રારંભ ઈ.સ. ૧૯મી સદીના પૂર્વાર્ધથી થયો. બાળસાહિત્યની નાની જરૂરિયાત અનુભવાઈ અર્વાચીન કેળવણીનો પ્રારંભ થતાં અર્વાચીન કેળવણીના પ્રાદુર્ભાવથી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટેનાં પાઠયપુસ્તકો તથા ઈતરવાચન માટેની સમુચિત સાહિત્ય સામગ્રીની જરૂરિયાત ઊભી થઈ. તેના પરિણામે 'હોપ વાચનમાળા' અને અન્ય કેટલુંક સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું. આમ કેળવણીના નિમિત્તે બાળસાહિત્યના સર્જન પરત્વે સભાનતા આવી. અલબત, હજી બાળકેન્દ્રી સાહિત્યનો સૂરજ ગુજરાતમાં ઉગ્યો નહોતો, પણ બાળઘડતરના હેતુથી બાળભોગ્ય સાહિત્ય અપાવું જોઈએ એવા ચોકકસ ખ્યાલથી

નીતિબોધથી ભરેલું, અનૂદિત રૂપાંતરિત સાહિત્ય મળવા માંડયું હતું. ઈ.સ. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ સંદર્ભે હરગોવિંદદાસ કાંટાવાળાની 'ટચૂકડી સો વાતો' ના સંગ્રહો તુરંત ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત આપણા કેટલાક આદિમ સનાતન સ્ત્રોતો છે, જેવા કે, પુરાણ ઈતિહાસ, પંચતંત્ર હિતોપદેશની કથાઓ, સંસ્કૃત સાહિત્ય, અરેબિયન નાઈટસ કે ઈસપતી વાતો હાન્સ એન્ડરસન કે ગ્રીમની કથાઓ, અંગ્રેજી કથાઓ કે લોકકથાઓ આ સર્વમાંથી રૂપાંતર ભાષાંતર વગેરે પ્રારંભથી મળતા રહ્યા છે. અને આ પ્રવાહ આજ સુધી વણથંભ ચાલુ રહ્યો છે. એમ કહી શકાય કે જો ગંગા યમુના સુકાય તો આ કથાસ્ત્રોતો સુકાય. વળી, બહુ અલ્પ પ્રમાણમાં કેટલાંક ચોપાનિયાં સામયિકોમાં પણ બાળકથાસાહિત્યના પ્રચારમાં ફાળો આપ્યો છે, પણ ત્યાં પણ નીતિબોધ અને તેથી ગાંભીર્ય વધુ જોવા મળે છે.

ક્રમશઃ આગળ જતાં ઈસવીસનની ૨૦મી સદીમાં અને તેમાંય તેના ત્રીજા ચોથા દાયકામાં આવીએ છીએ ત્યારે લાગે છે કે ગુજરાતી બાળકથા જે ધીમે ધીમે ચાલતી હતી તે હવે દોડતા શીખી ગઈ છે. તેનું મોટું કારણ એ જણાય છે કે બાળકો માટેનું જ અલગ યા વિશિષ્ટ સાહિત્ય હોવું જોઈએ એવી માન્યતા ત્યારે દૃઢતર થયેલી હતી. એક બાજુ વસો ગામે શ્રી મોતીભાઈ અમીન બાળકોને મોન્ટેસોરી પદ્ધતિએ કેળવતા હતા. બીજી બાજુ વડોદરા રાજયની આ ક્ષેત્રે પ્રગતિ ખૂબ થયેલી. તેની સેન્ટ્રલ લાઈબ્રેરીમાં વાર્તાકથનના કાર્યક્રમો યોજાતા દરમ્યાન શ્રી ગિજુભાઈ પોતાના પુત્રની કેળવણી અંગે મૂંઝાતા હતા. એ મૂંઝવણના ઉકેલ અર્થ તેઓ મોતીભાઈને મળ્યા. ત્યાંથી તેમને સાચી ને નવી દિશા સાંપડી, સમયને તકાદો જ હોય. તેમ તેમને બાલઘડતરના ક્ષેત્રે પોતાની રીતે કામ કરવાનું મોકળુ મેદાન મળ્યું. નાનાભાઈ ભટ્ટ સ્થાપિત 'દક્ષિણામૂર્તિ' માં કામ કરવાના નિમિત્તે, આમ ગજુરાતને ગુજરાતની બાળ કેળવણી અને  બાળસાહિત્યને એક ચોકકસ દિશા લાધી. 'બાળકોને રમકડાં નહીં, કામકડાં આપો' કહી જુગતરામે બાળકોની શકિતને સર્જનાત્મક પ્રવૃત્તિમાં વાળવાની હિમાયત કરીને થોડા જ વખત પહેલાં જે ગુજરાતમાં બાળસાહિત્ય અંગે નિરાશાની હવા હતી ત્યાં એને વીસરાવી દે તેવું સુંદર સાહિત્ય 'દક્ષિણામૂર્તિ' 'ગાંડીવ' અને 'બાલવિનોદ' કાર્યાલય દ્વારા સાંપડવા લાગ્યું. કેળવણીની

વિભાવના સ્પષ્ટ થઈ અને બાલકેન્દ્ર કેળવણી આપવી જોઈએ એ વિચારે જોર પકડયું. પરિણામે બાળસાહિત્યના પ્રવાહે સાંકડા કિનારા ત્યજી વિશાળ પટને આવરી લીધો. ગાંધીજીની સ્વરાજયની લડત ચાલુ જ હતી, ત્યાં કેળવણીની વિચારણાએ જે અસર કરી તેવી બાળકથાસાહિત્યમાં જાણે કે જુવાળ આવ્યો. અને એ જુવાળમાં કેટકેટલું મળ્યું !

બાળકોને પોતાની આગવી દુનિયા હોય છે, તેઓ પોતાનું આગવું સ્વતંત્ર વ્યકિતત્વ ધરાવતાં હોય છે એવો ખ્યાલ કેળવણીકારો તેમ જ સર્જકો વગેરેમાં સ્પષ્ટતર થતો ગયો. બાળસાહિત્યની ચોકકસ વિચારણા ઉપરાંત મુદ્રણકલાનો થતો રહેલો વિકાસ પણ બાળસાહિત્યને ઉપકારક થયો છે. બાળમનોવિજ્ઞાનને બાળમાનસ અંગે કરેલી સ્પષ્ટતાઓએ પહેલા બે દાયકામાં જે ધૂંધળાપણું હતું તે પણ દૂર કર્યું. આ બધાને લીધે ગાંધીજીની બુનિયાદી કેળવણીની વાત અને ગિજુભાઈની વાત લોકોમાં સ્વાભાવિકતયા સ્વીકારાઈ, ગિજુભાઈએ કાનૂની વકીલાત છોડી, બાળકોની વકીલાત શરૂ કરી. અને એ રીતે બાળકોની સર્વાંગીણ કેળવણીને પોતાનું સમગ્ર જીવન અર્પી તદનુસાર પોતાનો સમસ્ત વિચાર—આચાર ગોઠવવાનો પ્રયત્ન કર્યો. આથી જેમ કોરા વસ્ત્રમાં પાણી પ્રસરે તેમ એમનો બાળકેળવણીનો વિચાર ગુજરાતમાં કેળવણીકારો અને સર્જકોમાં પ્રસરતો ગયો. ગુજરાતમાં આમ બાળકેળવણીને સાચી દિશા મળી. તેનાં રૂપરંગ બદલાયાં, તાડનનું સ્થાન વહાલે લીધું ને શિક્ષણમાં બાળક કેન્દ્રમાં આવ્યું. કેળવણી પામેલો આપણો સાક્ષરવર્ગ અને તે સાથે સર્જક વર્ગ પણ બાળકેળવણી અને બાલ સાહિત્યનું સાચું મહત્ત્વ સ્વીકારી, એ ક્ષેત્રે સભાનપણે ક્રિયાન્વિત થયો. એ રીતે આ ગાળામાં બાળસાહિત્યે સિદ્ધિનું એક ગણનાપાત્ર શિખર સર કર્યું.

આપણે જાણીએ છીએ કે બાળક કયારેય કથા વગર રહ્યું નથી. પણ ગિજુભાઈએ જે કામ કર્યું તેમાં એક પ્રેમાળ કેળવણીકારનો અભિગમ પણ રહ્યો હતો. ગિજુભાઈ પૂર્વે બાળસાહિત્ય તો હતું જ, બાળભોગ્ય સાહિત્ય પણ હતું, પણ એમાં બધે બાળક કેન્દ્રમાં નહોતું. જો કે તે હોવું જોઈએ તેવું અનુભવાતું હતું ખરું. ગિજુભાઈ અને તેમના સમયમાં અન્ય સંસ્થાઓ અને વ્યકિતઓ પાસેથી જે સાહિત્ય મળ્યું તે ગુજરાતી બાળસાહિત્યમાં સીમાચિહ્નરૂપ હતુ. 'દક્ષિણામૂર્તિ', 'ગાંડીવ', 'બાલજીવન' અને 'બાલવિનોદ' કાર્યાલય

નિમિત્તે ગિજુભાઈ, તારાબહેન, નટવરલાલ માળવી, ઈશ્વરલાલ વીમાવાળા, હરિપ્રસાદ વ્યાસ, રમણલાલ ના. શાહ, નાગરદાસ ઈ. પટેલ વગેરે સર્જકોએ બાળકો માટેની સાચી રસ–પ્રીતિ તથા સૂઝથી બાળકોને લક્ષમાં રાખીને પથ્ય અને પ્રસન્નકર સાહિત્ય આપ્યું. ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૪૦ ના ગાળાના આ બાળસાહિત્યમાં જીવન અને સમાજના વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ગુલીવરની મુસાફરી કે વિજ્ઞાનકથાઓ અને પિનાચિયોની વાત રૂપાંતર રૂપે આ તબકકામાં મળે છે.

આ બે દાયકાઓએ જે જાતભાતના વિષય રસ સ્વરૂપનું ખેડાણ કર્યું છે, તેની પરંપરા પછીના દાયકાઓમાં આજ સુધી રહી છે. તેમાં થોડા થોડા સમયે ઉમેરા જરૂર થયા છે. અને તેમાંય બદલાતી સામાજિક રાષ્ટ્રીય સ્થિતિ, મુદ્રણકલાની વધુ પ્રગતિ અને બાળસાહિત્યને મળતી વધુ પ્રચાર પ્રસારની તકોને લીધે તેમાં નવા વિષયો, એ વિષયો પ્રત્યેના નવા અભિગમો ઉમેરાયા છે. અને તેથી કથાપ્રવાહ સમય જતાં પુષ્ટ પણ થતો રહ્યો છે. અલબત, પાંચમો દાયકો, ભારતની રાજકીય સામાજિક હાલકડોલક અનેપરિવર્તનની સ્થિતિનો હોવાથી, એ દાયકો નવું ઓછું આપે છે. અલબત મિયાં ફુસકી જેવું જોરદાર પાત્ર આ દાયકામાં જીવરામ જોશી પાસેથી મળે છે. પણ પછી તો સ્વતંત્ર ભારત સરકાર તેને અનેક સવલતો આપે છે. માતાપિતાની જાગૃતિ વધે છે, બાળસાહિત્યને વેચાણનું મોટું ફલક સાંપડે છે ને પરિણામે એટલું વિપુલ બાળસાહિત્ય સાંપડે છે કે તેની ગુણવત્તાની બાબત ફરિયાદો થવા લાગે છે.

ત્રીજા–ચોથા દાયકામાં કેટલું નહોતું તેવું ઘણું બધું છેલ્લા બે–ત્રણ દાયકામાં મળ્યું છે, જેમ કે, કથામાળાઓ, ડિટેકટીવ કથાઓ, દરિયાઈ અવકાશી સાહસને કેન્દ્રમાં રાખી લખાયેલી વૈજ્ઞાનિક કથાઓ, પર્યાવરણ વિષયક વાતો, વિકસેલી મુદ્રણકળા અને ચિત્રકલાનો લાભ લઈ તૈયાર થયેલા ચિત્રસભર કથાસંગ્રહો કે ચિત્રકથાવલિઓ વળી બદલાયેલી સામાજિક સ્થિતિ અને માનસશાસ્ત્રના અભ્યાસને કારણે મળેલી સૂઝના પરિણામે કેટલીક સુંદર વાસ્તવનિષ્ઠ કથાઓ, વીર બાળકોની કે અપંગની પ્રતિભાને બિરદાવતી કથાઓ કે બાલમાનસની સંકુલતાને વ્યકત કરતી કથાઓ છેલ્લા બે–ત્રણ દાયકાની નીપજ છે. એનું કારણ સ્પષ્ટછે કે આગલી પેઢીને જે મળ્યું હોય તેનો સીધો લાભ

પછીની પેઢીને મળે. આગલી પેઢીને જે મેળવવા શ્રમ ઊઠાવવો પડે તે પછીની પેઢીને વગર શ્રમે મળે, આગલા દાયકાના વિષયો કથાસ્ત્રોતો તો હાજર હતાં જ, તેમની સૂઝ–સમજનો લાભ તો હતો જ, ઉપરાંત વિકસેલી સામાજિક સ્થિતિનો અને તજજન્ય સવલતોનો લાભ ઉમેરાયો, તેથી ઘણી બધી વસ્તુઓ તેને સુલભ થઈ.

પણ આ લાભ સાથે એક વિષમય તત્ત્વ તેમાં પ્રવેશ્યું જેણે સમગ્ર બાળસાહિત્યના સત્વને વિકૃત વિષમય બનાવ્યું અને તે બાળસાહિત્યમાં પ્રવેશેલી વેપારીવૃત્તિ, પરિણામે બાળસાહિત્ય મળ્યું વિપુલ પ્રમાણમાં પણ ગુણવત્તામાં તો ઉતરતું જ. આ સંદર્ભે શ્રી યશવંત શુકેલે જે કહ્યું છે તે જોઈએઃ

"બાળભોગ્ય સાહિત્ય રચનારાઓ અને પ્રસિદ્ધ કરનારાઓ પોતાની જવાબદારી સમજતા હોય એવો મારો અનુભવ નથી. આજે તો રસ્તાનો જનાર પણ જરાક સહેલું ને લાડકું કે પટામણું કશુંક લખે ને એને ચિત્રનું પીઠબળ મળે કે એ બાળસાહિત્ય બની જાય છે. ઉછીની લીધેલી, વાસી થયેલી, ચોરાયેલી, વેશપલટો કરીને આવેલી, અધકચરી વાનગીઓનો તો કંઈ પાર જ નથી. કીર્તિ કે કમાણીને કાજે બેજવાબદાર મોટેરાંઓ બાળકોનાં ચિતનો શિકાર ખેલી રહ્યા છે, એવી જ લાગણી આપણું બાળસાહિત્ય જોતાં મને થાય છે."[२]

આ વાતને જરા જુદી રીતે જોઈએ તો બાળસાહિત્યના રૂપરંગ આકર્ષક પમાડે તેવા ઘડવા પાછળ તેનું વેચાણ વધે તે હેતુ રહ્યો છે. વેચાણ ખૂબ વધે તે આનંદની વાત કહેવાય. પણ દુઃખદ વાત એ થઈ કે તે જેટલું બાહ્ય રીતે સમૃદ્ધ બન્યું તેટલું આંતરિક રીતે ન બન્યું. બાળકને જે કંઈ આપવું તે ઉત્તમ ને સાચું જ એવો દૃષ્ટિકોણ તેનાં લખાણોમાં સતત ન સચવાયો, આથી બાળસાહિત્યમાં ભરતી આવી. સાથે તેમાં કચરો ઘણો આવ્યો. એટલે જે બે સમયે ભરતી આવી તેનું તારણ કાઢીએ તો મોટો તફાવત નજરે પડે છે. ત્રીજા ચોથા દાયકાનું સાહિત્ય 'જૂનું એટલું સોનું' કહેવતને જાણે કે ચરિતાર્થ કરે છે. એ વખતનું બાળસાહિત્ય આજના જેવું બાહ્ય રીતે રૂપકડું નહોતું. પણ તે અંતઃસત્વથી એટલું તો સમૃદ્ધ છે કે હજી પણ તે તેનું સ્થાન ટકાવી શકયું છે અને કાળના સપાટા સામે ભવિષ્યમાં પણ ટકી રહેશે.

આપણે સમગ્રતયા જુદા જુદા તબકકે અને જુદા જુદા વિષયે પ્રવાહમાં કેવું ને કેટલું કામ થયું છે તેનું ય જરા વિહંગાવલોકન કરી લઈએ તો તે ઉચિત ગણાશે.

ઈ.સ. ૧૯૨૧ થી ઈ. ૧૯૯૦ સુધીના વિશાળ સમયગાળા દરમ્યાન સામાજિકી ઐતિહાસિક નવલો તો મળી છે. પણ તેના કરતાં પાત્રપ્રધાન લાંબી કથાઓ ઘણીબધી મળી છે, જેનેઆપણે બાલ નવલસદૃશ કથાઓ કહી શકીએ, કારણ કેઆ લાંબી કથાઓ કયારેક તો એક નહીં પણ અનેક ભાગોમાં વિસ્તરી હોય છે. આવી પાત્રપ્રધાન કૃતિઓનો પ્રારંભ પણ 'ગાંડીવ' થી થયેલો ગણી શકાય.

'ગાંડીવ' ના 'બકોર પટેલ' અનેક રીતે ગજુરાતી બાળવાર્તા સાહિત્યમાં એકડાનું સ્થાન ધરાવે છે. પ્રાણીઓની મૂળાકૃતિ ધરાવતી આ પાત્રોની સૃષ્ટિએરોજબરોજના જીવનપ્રસગોના આધારે નિર્દોષ હાસ્યની લહેરો બાળજગતમાં ફેલાવી છે. આવી પાત્રપ્રધાન લાંબી કૃતિઓનીયે એક લાંબી વણજાર ત્યારથી ચાલતી આવી છે અને ચાલે છે. જીવરાશ જોશી પાંચમા દાયકામાં મિયા ફુસકી, છેલ છબો, છકોમકો જેવાની પાત્રપ્રધાન લાંબીકથાઓની સમૃદ્ધ ખેપ લાવે છે. પછી આ પરંપરામાં હર્ષદ પટેલ, 'બોધો', નવલકાંત ભાવસાર 'વિનું', 'બાબુ', 'નાનુ', 'કીકી' વગેરે જયમલ્લ પરમાર 'શેખચલ્લી' અનંત વ્યાસ 'ભૂદો મહારાજ' નામે લાંબી કથાઓ આપે છે. આ ઉપરાંત ઘણા સર્જકો બાળસાહિત્ય આપે છે.

જયારે કેટલાક સનાતન સ્ત્રોત એવા છે જયાંથી આપણને સતત અનેક કથાઓ મળતી રહી છે. એ સ્ત્રોતની વાત આપણે આગળ જોઈ છે. વળી એ પણ સાચું છે કે આજના ટી.વી. યુગના બાળકનેપણ એ ઈતિહાસ પુરાણની કથા, ઈસપની કથા કે હિતોપદેશ પંચતંત્રની કથાઓ ગમવાની જ, કારણ કે બાળક માટે તો એ નવું જ છે ને બાળકને સર્વક્ષેત્રમાં રસાનંદ સાંપડતો જ હોય છે. તેનું કુતૂહલ અમાપ હોય છે. પરિણામે અખૂટ ખજાના જેવા આપણા આ કથાસ્ત્રોતનો હરહંમેશ ઉપયોગ થતો જ રહેવાનો. આ ક્ષેત્રે પ્રારંભથી જ કાર્ય થયેલું છે. અને આજ સુધીમાં એટલું વિપુલ સર્જન થયેલું છે કે તેનો હિસાબ આપવાનું યે મુશ્કેલ પડે! આ સંદર્ભે રામાયણ મહાભારત, ભાગવત, સંસ્કૃતની કેટલીક પ્રશિષ્ટ કૃતિઓને સરળ રીતે બાલભોગ્ય બને એ રીતે રજૂ કરવાના પ્રયત્નો થયા

છે. તેમાંની કેટલીક કથાઓને તારવીને અલગ રીતે પણ રજૂ કરવાના પ્રયત્નો થયા છે. તેમાંની પંચતંત્રની હિતોપદેશની કે ઈસપની મોટા ભાગની કથાઓ જે રજૂઆત ફેરે મળતી રહી છે તેમાં કયારેક બોધને પ્રાધાન્ય મળ્યું હોય છે તો કયારેક કથાતત્ત્વને, કયારેક એમાં સ્થિતસ્ય સમર્થનમની જેમ માત્ર સીધું કથન જ હોય એવું પણ બન્યું છે. ''વેતાળ પચ્ચીસી'' 'સિંહાસન બત્રીસી' આદિની કથાઓમાં પણ આવું બનતું રહ્યું છે. આવી કથાઓનો વિપુલ જથ્થો ગુજરાતીમાં બાળવાર્તા ક્ષેત્રે સાંપડયો છે.

આ ઉપરાંત બાળસાહિત્યના સર્જનમાં હંમેશા તત્કાલીન પરિસ્થિતિ અથવા વાતાવરણનો પ્રભાવ પણ પડે જ છે. ઈચ્છીએ કે ન ઈચ્છીએ, બાળકો વર્તમાનનું જ ફૂલ છે, અને એને વર્તમાન પરિસ્થિતિની વચ્ચે જ ખીલવાનું અને ફલદાયી થવાનું છે. તેથી વર્તમાનની ન તો ઉપેક્ષા થઈ શકે અથવા વર્તમાનનો જરાય દ્રોહ ન થઈ શકે. જેઓ વર્તમાન સામે આંખ આડા કાન કરીને બાળસાહિત્યમાં ઝુકાવે છે તેઓ ભાગ્યે જ અસરકારક રહે છે. ઈતિહાસની કે ભૂતકાળની વાત પણ વર્તમાન સાથે બાળકોના સાંપ્રત જીવનના સંદર્ભ સાથે સંકળાય નહીં તો તે નિરર્થક છે. વંધ્ય બની જાય છે. સદ્‌ભાગ્યે બાળવાર્તા સાહિત્યના પ્રવાહમાં સમયની સાથે સાથે વર્તમાન જીવનના નવા નવા સંદર્ભો સાથે બાળસાહિત્ય જોડાતું રહ્યું છે. આ રીતે જોઈએ તો બાળસાહિત્યના વિષયવસ્તુમાં પણ વર્તમાન જીવન અને પરિસ્થિતિના સંચારો જોવા મળે છે. બાળસાહિત્યના કેટલાક ઉત્તમ વિષયોમાં એક વિષય તો બાળક પોતે જ છે. એ બાળકની જાતજાતની લીલાઓને બાળસાહિત્ય વિવિધ સ્વરૂપોમાં રજૂ કરતું રહ્યું છે. હમણાં હમણાં કેટલાંક સાહસિક કે પરાક્રમી બાળકોની વાતો પણ સમાજ સમક્ષ આવતી રહી છે. ઉત્તમ પ્રકારે સાહસ કરનાર પ્રાણના ભોગે પણ કોઈની રક્ષા કરનાર બાળકોનું કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ વર્ષ અભિવાદન થાય છે. આ અભિવાદનને અનુલક્ષીને કેટલીક સરસ બાળવાર્તાઓ લોકો સમાન આવતી રહી છે. આપણે ત્યાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા બાળકોની રસપ્રદ કથાઓ શ્રી કનૈયાલાલ જોશી દ્વારા 'શિશુ અભિવાદન ગ્રંથાવલી' પ્રાપ્ત થઈ છે.

બાળકોનો સૌથી પ્રિય રસ તો છે હાસ્ય. 'મૂરખો' થી શરૂ થયેલા આ હાસ્યરસના પ્રવાહને બકોર પટેલ, મિયાં ફુસકી, ફતુભા, શેખચલ્લી, સોટી–પોઠી, બીરબલ,

વિદ્યાચતુર, ભીખો, મેનામાસી, આદિ સ્થૂલસૂક્ષ્મ રીતે પોષતા રહ્યા છે. આપણી મોટા ભાગની પાત્રપ્રધાન લાંબી કથાઓ આ રસપ્રવાહ વહેતો રાખવા જ જાણે સર્જાઈ હોય તેમ લાગે છે. પાત્રગત ખાસિયતો ઉપરાંત પરિસ્થિતિગત હાસ્ય અને કયારેક ભાષાકીય રમતો કરીને પણ બાળકને હાસ્ય મનોરંજન પુરું પાડવામાં આવ્યું છે.

બાળકોને પ્રાણી સંગ્રહાલયો, સરકસો વગેરે જોવાનું પણ ગમે છે. આપણે ત્યાં પ્રાણી જીવનની કથાઓમાં આ ક્ષેત્રો પણ જે પ્રકારે જેટલાં સામેલ થવા જોઈએ તે થતાં નથી. સદભાગ્યે વિજયગુપ્ત મૌર્ય જેવા લેખકો પ્રાણીકથા માટે આ નવા ક્ષેત્રોને પણ બાળકથાસાહિત્યમાં અજમાવતા રહ્યાં છે. આ સંદર્ભમાં એમની પાસેથી 'સરકસ ડોકટરનાં રોમાંચક સાહસો' કૃતિ મળી છે જે પ્રાણીઓની જ કથા છે ને છતાં વિશિષ્ટ છે.

આ ઉપરાંત પરીકથાઓ અને વાસ્તવનિષ્ઠ કથાઓ પણ આપણને ઠીક ઠીક પ્રમાણમાં મળી છે. કલ્પના વગર તો બાળક જીવી જ કેમ શકે ? આપણી વાસ્તવિકતા ભલે જુદી હોય, બાળકને મન તો કલ્પના પણ એક પ્રકારની વાસ્તવિકતા જ છે ! આથી ચમત્કારપૂર્ણ કલ્પનાકથા કે પરીકથા તેને ગમે એ સ્વાભાવિક છે. પરી જેમ બધું જ કરી શકે તેમ બાળકની કલ્પના પણ ઘણું બધું કરી શકે છે.

આપણને મળેલી અનેક પરીકથાઓ કે ચમત્કારપ્રધાન કલ્પનાકથાઓમાં ઘણીબધી એવી કથાઘટક રૂપ સામગ્રી મળે છે જે આપણી ભાષાની ઉપરાંત દેશવિદેશની, અન્ય ભાષાઓની બાલસૃષ્ટિમાં પણ જોવા મળે છે. આવું કથાઘટકોનું વસ્તુ નિરૂપણગત સામ્ય ધ્યાનાર્હ છે. સામાન્યતઃ મોટા ભાગની કથાઓમાં સાહસિક હિંમતબાજ પ્રામાણિક નાયકોને અશકય અને અઘરાં કાર્યો સોપાય છે. નાયક તો કાર્ય કરવા નીકળે છે ત્યારે તેને કોઈ માનવેતર મદદ મળે છે અને મુશ્કેલીઓ પડે કે ત્યાં તેનો કોઈ ગેબી મદદથી છુટકારો થાય છે ને અંતે તે પોતાનું ધ્યેય પૂર્ણ કરી, કોઈ સુંદર સ્ત્રીને પરણે છે. આ દરમ્યાન કેટલાંક જાણીતાં કથાઘટકોનો વિનિયોગ પણ જુદી જુદી કથાઓમાં થતો હોય છે. પંખીઓનું બોલવું, લાકડાનું પણ બોલવું, કબૂતરોમાંથી સ્ત્રી બનવું, ઈંડાંમાંથી છોકરા નીકળવાં, વીંટી પહેરવાથી અદૃશ્ય થઈ જવું, પાવડી પહેરતાં ઉડવું. આવાં આવાં અનેક કથાઘટકોનો વારંવાર વિનિયોગ કલ્પનાકથાઓમાં થાય છે. અને એ રીતે અદ્‌ભુત સૃષ્ટિ

ખડી થાય છે. આપણી આ મોટા ભાગની કથાઓમાં આ બધાં તત્ત્વોનો મસાલો મળે છે. સર્વશ્રી ર.પી.સોની, દુર્ગેશ શુકલ, 'સુહાસી, જયવતીકાજી, રવીન્દ્ર ઠાકોર અને અન્ય અનેક સર્જકોએ અનેક ચમત્કારપૂર્ણ કથાઓ, પરીકથાવલિઓ અથવા કલ્પનાકથાઓ આપી છે.

આ ઉપરાંત એક નજર કરીએ તો બાળસાહિત્યના ઉદ્‌ભવ વિકાસ સાથે જ બાલભોગ્યતાનો પ્રશ્ન સતત છણાતો રહ્યો છે. આ બાલભોગ્યતા વિષયવસ્તુ, સ્વરૂપ પ્રકાર, ભાષારીતિ આ સર્વમાં જોવાની રહે છે. બાળવાર્તાસાહિત્યનો લેખક બાળકોને જીવન પ્રત્યે જગત પ્રત્યે પ્રેમ વધે એ માટે તો પ્રયત્નશીલ હોય છે જ પણ એ સાહિત્યકલા અને ભાષા પ્રત્યે પણ એનો પ્રેમ કેળવે અને વધારે એ માટે પણ પ્રયત્નશીલ હોય છે. બાળકોને માત્ર કથા કથારસ જ પહોંચાડવાનો નથી. એને જીવંત ભાષા પણ પહોંચાડવાની છે. અને તેથી જાગૃત બાળસાહિત્ય સર્જકો બાળકથાની કહેણીના સંદર્ભે સારી સભાનતા બતાવતા જાય છે. તેઓ બાળભોગ્ય ભાષા માટે સતત સજાગતા રાખે છે. શબ્દભંડોળ, રૂઢિપ્રયોગો, કહેવતો, વાકયના વિવિધ વિન્યાસો, અને શબ્દ સંગીત કે નાદસૌંદર્ય આ બધાની ચિંતા તેઓ કરતા હોય છે. સારી બાળકથા તો બાળગીત જેટલી જ ઘૂંટાયેલી હોવી જોઈએ. જેમ બાળગીતમાં શબ્દલયની સુંદરતા હોય છે તેવી જ બાળકથામાં શબ્દલય ગદ્યલયની સુંદર પ્રતીતિ થવી જોઈએ. કદાચ બાળકો માટેની ભાષા સવિશેષ માવજત માંગી લે છે. આજના બાળવાર્તા લેખકો આ બાબતે સજાગ છે. ગિજુભાઈથી અનેક સર્જકોએ આ ક્ષેત્રે સજાગતા દાખવી જ છે. ઉમિયાશંકરે વર્ણકથા આપી જ હતી. તો આજે ઈશ્વર પરમાર, અનિલ જોશી, રક્ષા દવે કે લાભશંકરઠાકર વગેરેના પ્રયત્નો ઉલ્લેખનીય છે.

આમ સમય જતા બાળસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ થયો બાળસાહિત્યની વિભાવના સ્પષ્ટ થતી ગઈ, ને સમયાંતરે ઘણા બધાં સર્જકો બાળવાર્તા ક્ષેત્રે આવે છે. તેમાં જીવરામ જોશી અગ્રગણ્ય છે. તેમનું વ્યકિતત્વ અને બાળવાર્તા સર્જન પરત્વે એક વિહંગાવલોકન કરીએ.

અમરેલી જિલ્લાનાં નાનાં એવા ગરણી (પાનસડા) માં જન્મ, ત્યાંથી અભ્યાસ માટે અમદાવાદ આવે છે. સર્જક શ્રી રા.વિ. પાઠકને ઘેર રસોઈ બનાવવા માટે રહે છે. વાંચનનો ખૂબ જ શોખ હતો. ત્યાં ધર્માનંદ કોસંબીનું જીવનચરિત્ર વાંચે છે ને તેમાંથી ક્રાંતિકારી બનીને રાષ્ટ્રને આઝાદ કરવાની પ્રેરણા લઈને કાશી તરફ પ્રયાણ કરે છે. કાશી જઈને વિદ્યાપીઠમાં અભ્યાસ શરૂ કરી દે છે. ત્યાં ઈ.સ. ૧૯૩૦ માં મહાત્મા ગાંધી કાશીમાં આવે છે ને ત્યાર પછી તેઓ દાંડીકૂચનો પ્રારંભ કરે છે તે જ દિવસે જીવરામ જોશી કાશીમાં મીઠાનો સત્યાગ્રહ કરે છે. દેશદાઝ તોતેમનામાં પહેલેથી જ હતી. તેથી ભારતને આઝાદી અપાવવા તેઓ ક્રાંતિકારી બને છે અને અંગ્રેજોને હંફાવે છે.

અંગ્રેજોને હંફાવવા તેઓ પોતાની પાસે રિવોલ્વર રાખે છે. તેની બાતમી અંગ્રેજ પોલિસને મળે છે. તેની સાથે ઝપાઝપી થાય છે, ને જીવરામ જોશી ભાગી જાય છે. તેના સાથીદાર સત્યાનંદને પોલિસ પકડે છે ને ફાંસી આપી દે છે. જીવરામ જોશી કાશી મૂકીને બિહારમાં ચાલ્યાજાય છે. ત્યાં પણ જીવરામ જોશીને રહેવા માટે સલામતી નહોતી તેથી બિહાર છોડીને ગુજરાત આવે છે. સીધા જ ભાવનગર આવે છે. ત્યાં ગિજુભાઈ બધેકાની સંસ્થા 'દક્ષિણામૂર્તિ' આવે છે. ત્યાં જીવરામ જોશીના મોટાભાઈ શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેણે ગિજુભાઈને કહ્યું કે આ જીવરામને કયાંક ગોઠવી દઈએ. તે નોકરીમાંગોઠવે તે પહેલા જ ગિજુભાઈ બધેકાના જમાઈ જીવરામ જોશીના મિત્ર હતા તેણે જીવરામ જોશીને ખાડિયા વ્યાયામશાળાની સામે આવેલી સ્કૂલમાં જીવરામ જોશીને શિક્ષક તરીકે ગોઠવી દીધાં. આમ જીવરામ જોશી ક્રાંતિકારી મટીને શિક્ષક બની ગયા. અને બાળશિક્ષક તરીકે કામ કરતાં કરતાં જ તેમણેબાળસાહિત્ય સર્જન કરવાનો પણ પાકો નિર્ણય કરે છે.

વચ્ચેના સમયગાળામાં તેઓ બિહારથી હિમાલયની પદયાત્રાએ પણ નીકળે છે. લગભગ ઉત્તર ભારતનો પ્રદેશ તેઓએ પગપાળા ફરેલો છે. હિમાલય અનેત્યાંથી છેક તિબેટ સુધીનો પ્રવાસ તેઓ કરે છે. આ રીતે તેમણે કરેલ હિમાલયની પદયાત્રામાં જે અનુભવો તેમને થાય છે તે વિષયક એક પુસ્તક પણ તેઓએ લખ્યું છે. તે તરફ વાચકોનું ભાગ્યેજ ધ્યાન ગયું છે. તે પુસ્તકનું નામ 'ભૂતનાં ભડકાં અને અઘોરી' છે. આ પુસ્તક

પૂરસેપુરું આધ્યાત્મિક શકિતના આલેખનથી ભરેલું છે. જીવરામ જોશી ધર્મમાં પાખંડ, ગુરુડમ, ધતિંગ, ચમત્કાર, પરચા વગેરેના પ્રખર વિરોધી હતા. તેથી તેણે આ પુસ્તક લખ્યું છે. ધૂતારાઓ ગુરુમહાત્માઓ બનીને લોકોને છેતરે છે. તેવું પણ તેઓ માનતા હતા અને આ વાત તેમનાં બાળસાહિત્યમાં પણ પ્રગટ થાય છે.

આપણને એક પ્રશ્ન થાય કે પોતાના જીવનના આવા અવનવાં પાસા ધરાવનાર જીવરામ જોશી બાળસાહિત્યમાં કઈ રીતે આવે છે ? તો તેઓ સૌ પ્રથમ વાર્તા જયારે તેઓ કાશીમાં રહેતા હતા. ત્યાં 'આજ' નામનું હિન્દી વર્તમાનપત્ર પ્રગટ થતું હતું. તેમાં હિન્દી ભાષામાં તેની વાર્તા પ્રગટ થાય છે. તેઓ જણાવે છે કે મને બાળકો અત્યંત પ્રિય છે. મને તેમના નિર્દોષ ચહેરામાંઈશ્વરના દર્શન થાય છે. એટલે જ મેં બાળસાહિત્યના ક્ષેત્રમાં ખેડાણ કરવાનું નકકી કરી લીધું. (રૂબરૂ મુલાકાત, અમદાવાદ તા. ૪–૧–૨૦૦૪) કાશીમાં તેઓ હાસ્યપ્રસંગોવાળી વાર્તા લખતા હતા. અને તે વાર્તાઓ ત્યાંના લોકો વાંચીને વખાણતા હતા. તેથીતેઓને પ્રેરણા મળતી હતી. અને આ રીતે જીવરામ જોશીમાંથી એક સમર્થ બાળવાર્તાકારનો ઉદય થાય છે.

જીવરામ જોશી જયારે કાશીમાં અભ્યાસ કરતા હતા. તે સમયે ગાંધીજી કાશીમાં આવે છે. સાથે શ્રી ઈન્દ્રવદન ઠાકોર (ગુજરાત સમાચાર અમદાવાદના પૂર્વ માલિક) પણ હોય છે. તે જીવરામ જોશીને મળે છે ને બહુ રાજી થાય છે ને કહે છે કે અમદાવાદ આવ તો મારું કંઈ કામકાજ હોય તો ગુજરાત સમાચારમાં મને મળજે. ત્યારબાદ જીવરામ જોશી કાશી છોડીને અમદાવાદ આવે છે ને ઈન્દ્રવદન ઠાકોરને મળે છે તેણેકહ્યું કે તમો બાળવાર્તા લખો હું ગુજરાત સમાચારમાં છાપીશ આ રીતે જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓ વડે ગુજરાતનાં બાળકોમાં છવાઈ જાય છે. ગુજરાત પણ આવે છે ત્યારે તેઓએ ભાવનગર નજીક સોનગઢમાં રહીને થોડા સમય માટે હિન્દીના અનુવાદક તરીકે પણ કાર્ય કર્યું.તેમજ તે સમયે વડોદરાથી 'બાલમિત્ર' નામનું માસિક પ્રગટ થતું હતું તેના સંચાલક શ્રી મોતીભાઈ અમીને એમનો રસ જોઈને એમને બાળસાહિત્યના પુસ્તકોની યાદી બનાવવાનું કહ્યું. તેમણે ચાર–પાંચ હજાર પુસ્તકો જોઈ વાંચીને તેમાંથી બાળસાહિત્યનાં પુસ્તકો

અલગ કરીને તેની યાદી બનાવી આપી. ત્યારથી જીવરામ જોશીને બાળસાહિત્યમાં વિશેષ રસ જાગે છે.

અમૃતલાલ શેઠ 'જન્મભૂમિ' શરૂ કરે છે તેમાં પણ બાળકો માટે વાર્તાઓ લખી. ૧૯૪૦માં 'બાળમિત્ર' માટે લખે છે. 'ગુજરાત સમાચાર' બાળકો માટેની વાર્તાનું 'બાલતરંગ' નામનું એક પાનું શરૂ કરે છે એ પાનાને કારણે ગુજરાત સમાચારની નકલોના વેચાણમાં પણ વધારો થાય છે.આ રીતે ગુજરાતમાં પહેલીવાર કોઈ દૈનિકપત્રમાં બાળકો માટેનું પાનું શરૂ કરવાનો યશ શ્રી જીવરામ જોશીને જાય છે. ઈ.સ. ૧૯૫૨માં ગુજરાત સમાચાર 'ઝગમગ' નામનું સાપ્તાહિક જીવરામ જોશી દ્વારા શરૂ કરાવે છે. એ બાળકો માટેનું ગુજરાતનું જ નહીં પણ ભારતનું પ્રથમ બાળસાપ્તાહિક છે. આજે કલ્પના પણ ન થઈ શકે, પણ એહકીકત છે કે એક જમાનામાં 'ગુજરાત સમાચાર' કરતા પણ 'ઝગમગ' નો ફેલાવો ત્રણ ગણા કરતા પણ વધારે હતો. તે ઉપરાંત 'રસરંજન' (ઈ.સ. ૧૯૫૮) 'રસવિનોદ' (૧૯૬૮) તેમજ 'ચમક' અને'છુક છુક' વગેરે બાળસામયિકો પ્રસિદ્ધ કર્યા છે. એ રીતે બાળસાહિત્ય સંપાદન તેમજ પ્રકાશન ક્ષેત્રે પણ શ્રી જીવરામ જોશીનું પ્રદાન ખાસ્સું છે.

તેઓએ પોતાની વાર્તાઓમાં પાત્રાલેખન ખૂબ જ સહજ અને સ્વાભાવિક રીતે કર્યું છે.એટલે તેમનાં પાત્રો જીવંત લાગે છે. બાળકોને એ અજાણ્યાં લાગતાં નથી. જીવરામ જોશીના બાળસાહિત્યની વિશેષતા એ છે કે બાળકો સમજી શકે, તેવી ભાષામાં એમણે બાળસાહિત્યનું સર્જન કર્યું છે. તેમની વાર્તામાં હાસ્ય જ નહીં પણ ચતુરાઈ અને સ્ફૂર્તિ પણ જોવાં મળે છે. બાળસાહિત્ય સર્જન પર જીવન જીવવું જયાં અશકય માનવામાં આવે છે, ત્યાં જીવરામ જોશીએ તેના પર જીવન જીવી બતાવ્યું છે. બાળસાહિત્યનું વેચાણ થતું નથી એ વાતને તેઓએ ખોટી પાડી છે. તેમનાં પાત્રો બાળક જે રીતે સંસાર ને જુએ છે તેમજ મનુષ્યની બડાઈ મારવાની વૃત્તિ કે ડરપોક હોવાની જે લાક્ષણિકતાઓ છે તે જીવરામ જોશીએ બરાબર નીરખી છે.આવાં તે કંઈ પાત્રો હોય ? એવો પ્રશ્ન ત્યારે ઘણાને ઉઠતો હતો. ચાર્લ્સ ડિકન્સની પણ આવી જ હાલત હતી, આવા જ પાત્રો સફળ બને છે.

જીવરામ જોશીએ ઘણી બધી પાત્ર પ્રધાન વાર્તાઓ આપી છે. 'અડુકિયો દડુકિયો' એ બે પાત્રો બન્ને ભાઈઓ હોય છે, તેઓ નીડર અને સાહસિક હતા. અને ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી તેઓ ડરવાને બદલે લડતા હતા અનેબહાર નીકળતા હતા. બીજી એક પાત્ર જોડી છે 'છકો મકો' છકો દુબળો પાતળો તો મકો જાડો જાણે કે મદનિયાંજેવો હોય છે. આવાં પાત્રો વાળી વાર્તા વાંચતી વખતે બાળકોનેખૂબ જ મજા પડે છે.

'છેલ છબો' બે કિશોર પાત્રોને કેન્દ્રમાં રાખીને લખાયેલી લાંબી પરાક્રમકથા છે. આ બે પાત્રો અનેક સ્થળોએ જઈને જાતજાતનાં પરાક્રમો કરે છે. છેલ નામનું પાત્ર ખૂબ જ બળ ઘરાવનાર પાત્ર છે. તેણે પ્રાણાયામની વિદ્યા મેળવી હતી. શ્વાસ રોકે અને મૂઠીઓ વાળે એટલે તેના શરીરમાં અપારબળ આવી જતું.

'વાહ રંગલા કથાશ્રેણી' માં રંગલા નામનું પાત્ર મુખ્ય છે. તે રંગુજીરાજાના દરબારની શોભા છે. પ્રધાનપણ છે. રંગલી પણ છે. રંગલો ખૂબ જ ચતુર છે. કોઈપણ સમસ્યાને હલ કરી દે છે.

જીવરામ જોશીના સૌથી વધારે પ્રખ્યાત પાત્ર જોડી છે 'મિયાં ફુસકી અને તભા ભટ' હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતીક રૂપે આ બે પાત્રો છે. મિયાં ફુસકીના પરાક્રમ, તેની ચતુરાઈ, હાજરજવાબી પણું, વગેરે લાજવાબ છે. આ પાત્રોની અંદર સંપૂર્ણપણે માનવ સ્વભાવનું ઝીણું ઝીણું આલેખન થયું છે. આથી અહીં બનતી ઘટનાઓ બહુ સહજ લાગે છે. જીવરામ જોશીએ તે ઉપરાંત 'રઘુ સરદાર' 'ગુલુ સરદાર' 'માનસેન સાહસી' જેવા અનેકપાત્રો આપ્યા છે જે ગુજરાતી ભાષાનાં બાળકોના માનસપટ પર અવિસ્મરણીય છે.

તેઓની વાર્તામાં ભાષા પણ સરળ રીતે વ્યકત થાય છે. વાકયો એકદમ ટૂંકા અને વાતચીતની શૈલીમાં આવે છે. બાળકોને તુરંત સમજાય જાય તેવા શબ્દોનું પ્રયોજન તેમની વાર્તાઓમાં થયું છે. બાળવાર્તાઓમાં પશુ પંખીઓ વગેરે પાત્રો પણ વાતચીતની શૈલીમાં ભાષા બોલે છે. અને તેથી બાળકોને વિશેષ આનંદ મળે છ. તે ઉપરાંત યથાસમયે સરસ મજાનાં જોડકથાંનો પણ ઉપયોગ કરે છે. ને પોતાની બાળવાર્તાઓમાં ગેયતત્ત્વ પણ વધારે છે. તથા પોતાની ભાષા દ્વારા અલગ અલગ વસ્તુઓનો પરિચય પણ બાળકોને કરાવતા જાય છે. જેના દ્વારા બાળકોની ઓળખવાની શકિત તથા નિરીક્ષણની શકિતનો

પણ વિકાસ થાય છે. સાથે સાથે તેની વાર્તાઓમાં ભૌગોલિક વર્ણનો પણ કરે છે. જેમાં આબુ પર્વતનું વર્ણન પણ હોય, ભાદર નદીનું વર્ણન પણ આવે ને હિમાલયનું વર્ણન પણ આવે. ઈતિહાસની વાત પોતાની વાર્તામાં વણી લઈને ઈતિહાસથી પણ પરિચિત કરાવવાનો તેમનો હેતુ હોય તેવું પણ તેમની બાળવાર્તાઓમાં જણાય છે. પૌરાણિક વિષય લઈને 'વીર હનુમાન' જેવી સરસ વાર્તા તેઓ આપે છે. તેમાં હનુમાન ચરિત્ર સરસ છે. સાથે સાથે બાળકોને વ્યાયામ, નિયમિતતા જેવા સદ્‌ગુણોનો પરિચય પણ તેઓ કરાવે છે.

જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં તર્કપૂતતાનો ઉપયોગ ખૂબ જ કરે છે. અને તેનાં પાત્રો દ્વારા જોરદાર તર્ક પણ મૂકે છે. તેના પાત્રો ખૂબ જ બુદ્ધિશાળી છે, તે ગજબના તર્કો દ્વારા પોતાનો માર્ગ કરી લે છે. તેમની આ બાળવાર્તાઓમાં તર્કપૂતતા રહેલી છે. તે દ્વારા બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય, તર્કશકિત વધે અને પોતાની નિર્ણયશકિતથી નિર્ણય કરી શકે તેવો ઉમદા હેતુ તેઓનો રહ્યો હોય એવું સ્પષ્ટ જણાય છે. સમાજમાં ચાલતા પાખંડ, દંભ, કપટ, અંગે પણ પોતાની બાળવાર્તા દ્વારા બાળકોને તે સચેત કરે છે. તે પોતાની વાર્તા દ્વારા બાળકોને એ પણ સંદેશો આપે છે કે ચમત્કારમાં માનવું નહીં. લોકોને મૂર્ખ બનાવવા પરચા, ધતિંગ વગેરે ચાલતા હોય છે. તેમાં સત્ય નથી હોતું પણ હાથચાલાકી કે છેતરપીંડી હોય છે.

બાળકોને સૌથી વધારે આનંદ અને વિસ્મય અતિવાસ્તવિક તત્ત્વો (ફેન્ટસી) માં મળે છે. તેઓ પોતાની બાળવાર્તાઓમાં ખૂબ સરસ રીતે ફેન્ટસીનું પ્રયોજન કરે છે. અને બાળકો તે વાર્તાઓ વાંચે કે સાંભળે ત્યારે તેમાં રસતરબોળ થઈ જાય છે. આ રીતે જીવરામ જોશીએ પોતાની બાળવાર્તાઓમાં વિવિધ તત્ત્વોનો સુમેળ સાધીને બાળકોને ઉત્તમ બાળવાર્તાઓ બાળકોને આપે છે.

ગુજરાતી ભાષાનાં બાળકો પાસે સમસ્યાઓ અને કોયડાઓ રજૂ કરી તેના ઉકેલ માટે બાળકોને વિચારતાં કરવાનું કામ જીવરામ જોશીએ કર્યું છે. 'પ્રેરક પ્રસંગો' અને 'પ્રેરક કથાઓ' લખીને બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં જીવરામ જોશીએ બહુ મોટો ફાળો આપ્યો છે. તેમનાં અમર પાત્રો હંમેશા જીવંત લાગે છે અને બાળકોને કયારેય અજાણ્યાં નથી લાગ્યાં. બાળકો સમજી શકે તેવી ભાષામાં તેમણે સર્જન કર્યું છે.

જીવરામ જોશીની બાળવાર્તાઓ વાંચીને ગુજરાતની ત્રણ ત્રણ પેઢીઓ મોટી થઈ છે અને એ સમયમાં જે બાળકોએ તેમની વાર્તા વાંચી હશે તે અત્યારે દાદા બની ચૂકયા હશે. તા. ૨૮–૫–૦૭ ના 'દિવ્યભાસ્કર' (રાજકોટઆવૃત્તિ) માં શ્રી કાંતિ ભટ્ટનો લેખ હતો. તેમા તેઓ પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ વાળા ગોપાલભાઈ પટેલનો ઈન્ટરવ્યુ લે છે તેમાં કાંતિભટ્ટ ગોપાલભાઈને પૂછે છે કે તમારો વાંચનનો શોખ કઈ રીતે વઘ્યો ? તમે વાંચેલું પ્રથમ પુસ્તક કયું ? તેનો ઉત્તર આપતા તેઓ જણાવે છે કે ઉપલેટામાં એક આનો આપીને પ્રથમ પુસ્તક જીવરામ જોશીનું 'મિયાં ફૂસકી' વાચ્યું હતું. આવા તો ઘણા બધાં પ્રતિષ્ઠિત લોકો મળે છે.

જીવરામ જોશીએ તેનાં પાત્રોને વાસ્તવિક જીવનમાં કયાંક ને કયાંક જોયા છે અને તે ઉપરથી પ્રેરણા લઈને બાળવાર્તાઓમાંઉતારવાનો પ્રયાસ કર્યો છે.

તેઓની એક વિશેષતા એ છે કે તેણે આટલા વિપુલ પ્રમાણમાં બાળસાહિત્ય સર્જન કર્યું પણ એક પણ વાર્તા તેમણે અગાઉથી લખી નથી. 'બાલતરંગ' હોય 'ઝગમગ' હોય કે અન્ય સામયિક હોય તેણે તુરંત જ વાર્તાઓ લખી છે જેમ જેમ જરૂરિયાત હોય તે રીતે બાળવાર્તાઓનું સર્જન કર્યું છે. બીજી વાત કે તેમના સમગ્ર સાહિત્યમાં તેમનાં પાત્રો કાલ્પનિક નહીં પણ વાસ્તવિક છે તેમણે કયાંક ને કયાંક આ બધાં પાત્રોને સમાજમાં જોયા છે અને તેમાંથી પ્રેરાઈને તેમણે આવાં પાત્રો બાળસાહિત્યમાં લીધા છે. તેમની જ વાર્તાઓ તેઓ પુનઃ વાંચે છે અને તેમાં વખતોવખત સુધારો વધારો કરીને બાળકોને શ્રેષ્ઠતમ બાળવાર્તાઓ આપવાનો પ્રયાસ તેઓ કરે છે. તેઓ ગુજરાત, ભારતનાં જે જે પ્રદેશોમાં ફર્યા છે તે પ્રદેશોને પણ બાળવાર્તાઓમાં વણી લે છે. એમના જેટલી બાલપ્રીતિ અને બાલજીવન વિશેની અભિજ્ઞતા ઘણા ઓછા બાળલેખકોમાં હશે.

ખરેખર બાળસાહિત્ય કેવું હોવું જોઈએ ? તેના જવાબમાં જીવરામ જોશી જણાવે છે કે "વિશ્વમાંવાસ્તવિકતા ઝડપથી બદલાય છે. આથી આ પૂર્વેની સાહિત્ય સામગ્રી ઉત્તમ હોવા છતાં આજનાં બાળક માટે એ પર્યાપ્ત ગણી શકાય નહીં. જે સર્જક પોતાની કલ્પના વડે બાળકના અનુભવને પૂર્ણ બનાવે છે અને બાળક સુધી એ લઈ જઈ શકે છે, તે સર્જક ખરેખરું બાળસાહિત્ય સર્જે છે." (રૂબરૂ મુલાકાત અમદાવાદ)

અને એક પ્રશ્ન એ પણ ઊઠે છે કે બાળવાર્તાનું પ્રયોજન શું ? તો તે પ્રશ્નનો ઉત્તર ગિજુભાઈ બધેકા સરસ રીતે આપે છે કે : "એક વાત તો લગભગ નકકી થઈ ગયા જેવી છે. તે એ છે કે વાર્તાનું મુખ્ય પ્રયોજન આનંદ છે, શુદ્ધ, સ્વાભાવિક, તંદુરસ્ત અને પ્રેરક આનંદ છે. બાળકો વાર્તાના આનંદને સહજ શકિતથી પકડી શકે છે"[3]

બાળવાર્તાઓ થકી આવનારી પેઢીઓમાં સંસ્કાર, નીતિમત્તા વગેરેની અસર થાય છે અને તેના દ્વારા રાષ્ટ્રનું ઘડતર થતું હોય છે માટે દુનિયામાં એવું એકપણ ગામડું નહીં હોય જયાં રોજ સાંજે કે રાત્રે નાનાં બાળકોને વાર્તા કે બાળગીત સાંભળવા નહીં મળતા હોય. બાળકોની કેળવણી અને સંસ્કારસિંચન અંગે ગ્રીકના પ્રખ્યાત ફિલોસોફર સોક્રેટીસનું નિવેદન નોંધવા જેવું છે. તે કહે છે કે : "અરે એથેન્સના નગરબંધુઓ, પૈસા એકઠા કરવા ખાતર તમે આટલું બધું કષ્ટ શા માટે વેઠો છો ? જેમના માટે આખરે બધું જ ધન છોડીને એક દિવસ ચાલ્યાં જવાનું છે તે બાળકોની તમે દરકાર કેમ નથી કરતા ?" – સોક્રેટીસ

આ સાથે બાળકનું મહત્ત્વ તેના જીવનમાં બાળસાહિત્યનું મહત્ત્વ કેટલું બધું છે તે સિદ્ધ થાય છે. ગુજરાતી બાળસાહિત્ય ઘણી બધી યાત્રા કરી ચૂકયું છે. તેની ગુણવત્તા અંગે પણ ફરિયાદો ઊઠે છે. ફરિયાદમાં વજુદ પણ છે. ગ્જિુભાઈને જે ખુંચ્યું તેના ઉપાય રૂપે તેમણે શકય તેટલું પોતાના જીવનમાં કર્યું. બાદમાં આવી ફરિયાદો કરનારા કેટલાઓએ સક્રિય રીતે તેમાંની ઉણપો દૂર કરવાના પ્રયત્નો કર્યા ? આપણે ત્યાં ઉચ્ચ કક્ષાની સર્જકપ્રતિભા ધરાવનારા લેખકોમાંથી માત્ર ગણ્યાગાંઠયા જ લેખકોએ (જેમ કે મેઘાણી, ધૂમકેતુ, જયભિખ્ખુ ને પન્નાલાલ ને છેલ્લે લા.ઠા.જેવાઓએ) કંઈક અર્પણ કર્યું. બાકી બાલહિત જેને હૈયેવસ્યું હોય અને તે સાથે ઉચ્ચ સર્જકપ્રતિભા ધરાવતા હોય તેવા બાળસાહિત્ય સર્જકો કેટલા ? શા માટે ગુજરાતી ભાષામાં પ્રતિભાશાળી મૌલિક બાળસાહિત્ય ઓછું છે તેવી ફરિયાદ થાય છે ? એટલે કે કયા સંજોગો ઊભા થયા જેમણે ઉત્તમ બાળસાહિત્ય અને બાળસાહિત્યકારોનો દુકાળ સર્જ્યો ? આવા અનેક પ્રશ્નોના ઉત્તર સાંપ્રત સમયના એક બાળસાહિત્યસર્જકની શ્રી યશવંત મહેતાની કેફિયતમાંથી કેવો મળે છે તે જોઈએ. તેઓ કહે છે :

"આ બધા આકરા પ્રશ્નોના ઉત્તરોની ખોજ કરવાની મથામણનો નિષ્કર્ષ તો ઉલટાનો એવો જડે કે આવતી કાલે તો જેટલા આજે તેટલાયઅને તેવાય બાળસાહિત્યકારો કદાચ નહીં હોય ! કારણ કે ગુજરાતીમાં અને ગુજરાતમાં બાળસાહિત્યનેપોષક એવા વાતાવરણનો જ અભાવ છે. આપણે ત્યાં બાળસાહિત્યનેહંમેશા ગૌણ કે નગણ્ય ગણવામાં આવ્યું છે. આપણી સાહિત્યિક સંસ્થાઓ કવિતા નવલકથાની વાતો કરવામાંથી કદી ઊંચી આવતી નથી. આપણાં ઘણાં ખરાંસાહિત્યિક સામયિકોએ બાળસાહિત્યમાં કશુંક ઉત્તમોત્તમ થાય તેને પણ બિરદાવવાનું ટાળ્યું છે. આપણા મૂર્ધન્ય ગણાતા વિદ્વાનો પોતાના બાળપણમાં જે દલપતરામ અને ગિજુભાઈને વાંચતા હતા અગર પાઠયપુસ્તકો રચવાને બહાને મૂળશંકર ભટ્ટ કે નાનાભાઈ ભટ્ટને વાંચતા હતા તે પછી છેલ્લા ચાલીશ પચાસ વર્ષોમાં બાળસાહિત્યમાં જે કશું કામ થયું હોય તે પ્રત્યે ધૃતરાષ્ટ્રભાવ સેવે છે. બાળસાહિત્ય માટેનાં પારિતોષિકો અન્યનાં કરતાં અરધાં છે. બાળસાહિત્યનાં પુસ્તકો માટેના પુરસ્કારો (રોયલ્ટીઝ) પણ ઓછા છે. બાલસામયિકો (જે બચ્યાં છે તે) મુફલિસ પુરસ્કારો આપે છે. આવી હાલતમાં પણ જેઓ બાળકો પ્રત્યેના ઉચ્ચ પ્રેમભાવથી બાળસાહિત્યનું કામ કરી રહ્યા છે એ સૌ અભિનંદનના અધિકારી છે."[૪]

ગુજરાતી બાળવાર્તાઓ ભારત અનેવિશ્વમાં સ્થાન લે તે માટે શું જરૂરી છે તેના જવાબમાંશ્રી રતિલાલ નાયક જે કેટલીક પાયાની બાબતો તરફ ધ્યાન દોરે છે. તે જોઈએ. તે કહે છે કે "મૂળભૂત વાત એ તો ખરી કે આપણને એવી મહત્ત્વમ સર્જકપ્રતિભા જ નથી મળી.પણ એવી સર્જકપ્રતિભા હોય તોય તેને અવરોધનારાં બીજાં પણ બળો તો હશે ને ? આવાં અવરોધબળો મને આટલાં લાગ્યાં છે :

ગુજરાતી બાળસાહિત્યને માંડ દોઢસો વર્ષ થયાં છે. એ વાત યાદ રાખીએ તો પણ આપણા બાળવાર્તા સર્જકોએ જે અભ્યાસ અને પુરુષાર્થ દેખાડવો જોઈએ એ બતાવ્યો નથી. ઓછા આયાસે અને મોટે ભાગે અનુકરણ રૂપે જ જાણે એમણે લખ્યું છે. બીજી બાજુવિવેચકોએ ગુજરાતી બાળસાહિત્ય પ્રત્યે ભારે ઉદાસીનતા દાખવી છે. એમણે બાળસાહિત્યની સમીક્ષા તો કરવી જોઈતી હતી જ. 'ગ્રંથ' જેવાં સામયિકો થોડું ઘણું આ દિશામાં કામ કર્યું તો એનું થોડુંક તો સારું ફળ મળ્યું જ છે. ત્રીજી બાજુ આપણા પ્રકાશકોએ

પણ બાળસાહિત્યને ઓરમાયું બાળક જ ગણ્યું છે. એમણે ખૂબ નબળું છાપ્યું છે અને લેખકોનું ભારે શોષણ કર્યું છે.

અને વાંક ગુજરાતી પ્રજાનો પણ નાનો સૂનો નથી. એણે બાળવાર્તાકારને જેવો ઝીલવો જોઈએ, જેવો આવકારવો જોઈએ એવું કશું જ કર્યું નથી. બાળસાહિત્યનાં પુસ્તકોની આવી ઓછી ખરીદી એ બીજાં રાજયોની સરખામણીએ ગુજરાતમાં નહીંવત્ છે. એટલે પણ સારું બાળસાહિત્ય પ્રગટતું નથી.

આમાં કયાંય રાજય કે સરકારની ફરજ ખરી ? આપણે જોઈએ છીએ કે પુસ્તક મેળાઓના રશિયાનાં વાર્તાપુસ્તકો ધૂમ ખપે છે. જયારે આપણાં પંસ્તકો મોંઘી કિંમત પડીને મોટે ભાગે પડી રહે છે. રાજય સરકારે આ અંગે ગંભીરપણે વિચારવું જોઈએ અને બાળસાહિત્ય માટે છૂટથી સહાય આપવી જોઈએ.

સંસ્કાર સંપન્ન જાગ્રત પ્રજા ધારશે તો ભારત કે વિશ્વના સ્તરે ઊંચે ઊઠે એવો સર્જક જરૂર આપી શકશે. આપણે પ્રાર્થીએ કે ગુજરાતી પ્રજામાં આવી અનેક પ્રબળ આકાંક્ષા ઉદ્ભવે!" (પ્રશ્નોતરીના સંદર્ભે આપેલ ઉત્તરમાંથી)

આપણે અહીં બાળકથાસર્જકની દૃષ્ટિએ આ પરિસ્થિતિ જોઈ તો હવે બાળકથાના વિવેચકની દૃષ્ટિએ આ પરિસ્થિતિ કેવી છે તે જોઈએ, જેથી આખું ચિત્ર એકદમ સ્પષ્ટ થાય. બાળસાહિત્યના એક આલોચક શ્રી યશવંત દોશીએ આ પરિસ્થિતિની બહુ સરસ છણાવટ કરતાં કહ્યું છે :

"બાળસાહિત્ય જાણે વિવેચનનો વિષય જ નથી એવું સામાન્યપણે માની લેવામાં આવ્યું હોય એવું જણાય છે. આ પરિસ્થિતિથી બે પ્રકારે નુકસાન થયું છે. એક તો સારી વિવેચનાત્મક સમીક્ષાઓનો લાભ બાળસાહિત્યના લેખકોને મળ્યો નથી, .... બીજું નુકસાન એ થયું છે કે બાળસાહિત્ય વિશેની સ્દ્ધિાંત ચર્ચાનેઅભાવે એને લગતા કોઈ સિદ્ધાંતો સ્થપાયા નથી. આવા સિદ્ધાંતો કંઈ સોએ સો ટકા સ્વીકાર્ય સિદ્ધાંતો નથી હોતા અને એમાં અનેક મતભેદ રહે છે તે તો સ્વીકારીએ જ છીએ. પણ ચર્ચાસ્પદ સિદ્ધાંતોય એક વાર ઘડાય તો તે પછી જ એની ચર્ચાને અવકાશ મળે.

ગુજરાતી બાળસાહિત્ય વિશે વ્યવસ્થિત વિવેચન કરવાનો યશ પણ બાળસાહિત્યના સર્જક સ્વ. ગિજુભાઈને ફાળે જાય છે... ગિજુભાઈએ બાળસાહિત્યને મુખ્યત્વે બાળશિક્ષણની દૃષ્ટિએ જોયું.... ખરી ખોટ રહી સાહિત્યની દૃષ્ટિએ બાળસાહિત્યના સિદ્ધાંતો ઘડવાની, વિચારવાની, ચર્ચવાની એ ખોટના પરિણામે આજે પ્રગટ થઈ રહેલા થોકબંધ બાળસાહિત્યમાં દેખાય છે. સાહિત્યની દૃષ્ટિએ આ વસ્તુ તપાસવા જેવી છે એ જાણે કોઈ સ્વીકારતું જ નથી."[૫]

ઈ.સ. ૧૯૫૮માં શ્રી મધુસૂદન પારેખે કહ્યું હતું કે : "બાળકોના સાહિત્યનો પ્રશ્ન આજે કદી ન હતો તેવો મહત્ત્વનો બની રહેલો હોવા છતાં એ પ્રશ્ન તરફ વિવેચકો, કેળવણીકારો, સાહિત્યકારો તરફથી એક પ્રકારની ઉપેક્ષા નહીં ઉદાસીનતાની વૃત્તિ દેખાય છે."[૬]

પણ મારી દૃષ્ટિએ આજના સમયે આ વાત સંપૂર્ણ સાચી ન ગણી શકાય. ઉદાસીનતાની વૃત્તિ ઘટતી જાય છે.

આમ આવાં અનેક કારણો જવાબદાર છતાંગુજરાતી બાળવાર્તા સાહિત્ય રાંક કે નગણ્ય તો નથી જ. આપણે જોયું તેમ, વિપુલ બાળવાર્તા સાહિત્ય સર્જાયું છે. અલબત, બાળ માનસને સંપૂર્ણ વ્યકત કરતું, બાળકની અપેક્ષાઓને, તેની સૂક્ષ્મ જરૂરિયાતોને સંતોષતું અને કલાકીય રીતે પણ ઉચ્ચતમ નીવડે તેવું સાહિત્ય ઝાઝું મળ્યું નથી, અને મૌલિકતાની દૃષ્ટિએ તો આ ક્ષેત્રે પ્રમાણમાં સત્ત્વશીલ બાળકથાસાહિત્ય ઓછું જ છે. અલબત, નવમા દાયકામાં કંઈક આશાસ્પદ અને ઉત્સાહજનક સ્થિતિ આ બાબતે રહી છે.

આ જગતને બાળકની અચરજભરી આંખે જોઈ બાળકના કૌતુકભર્યા કાને જગતની વાતો સાંભળી, બાળકની વહાલભરી વાણીથી તે વ્યકત થાય તેવું, તેના મનોજગતનો વાસ્તવજગત સાથેનો સુમેળ બનાવતું બાળવાર્તા સાહિત્ય હજી ગુજરાતીમાં અલ્પ પ્રમાણમાં છે એ હકીકત છે.

ગુજરાત બાળસાહિત્યમાં અલગ અલગ સમયમાં જુદી જુદી પરિસ્થિતિઓ વચ્ચે પણ જીવરામ જોશી અડિખમ ઊભા રહ્યાં છે ને બાળકોમાં ભગવાનના દર્શન કરીને પચાસ કરતા વધારે વર્ષ સુધી બાળવાર્તાઓ આપે છે. લગભગ પાંચસો કરતા વધારે વાર્તાસંગ્રહો

ગુજરાતી બાળકોને ભેટ આપે છે. જીવરામ જોશીએ પોતાની બાળવાર્તાઓમાં બાળકોનો હાસ્યરસ અને તેની જિજ્ઞાસાવૃત્તિ જાળવી રાખ્યા છે. તેઓ તેમની વાર્તાઓ દ્વારા હાસ્યની સાથે સાથે બોધ પણ મળે તેવું પીરસે છે. સાથોસાથ તેની બુદ્ધિને પોષણ મળે તે પણ તેઓની વાર્તા દ્વારા મળે છે. તેઓએ ઘણાંબધાં અવિસ્મરણીય પાત્રો પણ આપ્યાં છે. તેમની પાસેથી પાત્રપ્રધાન કથાઓ, હાસ્ય અને રહસ્યગર્ભિત સાહસરસની કથાઓ અને ઘટનાપ્રધાન અથવા ઘટનાપ્રચુર કથાઓ સવિશેષ મળે છે. ઘટના હોય કે વર્ણન સરળતા એ તેમની કૃતિઓનો લાક્ષણિક ગુણ છે. તેઓ મોટે ભાગે મૌલિક બાળવાર્તાઓ આપે છે. તેમણે રૂપાંતરો કે અનુવાદો કર્યાનું જણાતું નથી. તેમણે વિશિષ્ટ પ્રકારનાં પાત્રો પર નિર્ભર એવી અનેક મૌલિક કથાઓ આપી છે. મિયાં ફુસકી, છકો મકો, છેલ છબો જેવા બાળકોના કાયમના મિત્ર બની જાય તેવાં પાત્રોએ તેમણે બાળકોને આપેલી સ્મરણીય રમણીય ભેટ છે. તેમણે અડુકિયો દડુકિયો નિમિત્તે હાસ્યરસ તો માનસેન સાહસીના નિમિત્તે સાહસરસ પીરસ્યો છે. 'ચંદારાણી' જેવી કલ્પનાકથા, 'પાવન રેણુ' 'વીર હનુમાન' જેવી પૌરાણિક કથા અને 'બિંબિસાર' જેવી ઐતિહાસિક કથાઓ તેમણે આપી છે. 'રાણી ચતુરા' ના નિમિત્તે કેટલીક સુંદર ચાતુરી કથાઓ પણ તેમની પાસેથી મળી છે. 'ચું ચુંની ચતુરાઈ' એ સરસ પ્રાણીકથા છે. તેમણે બાલભોગ્ય રીતે લોકકથાઓ પણ આપી છે. આ ઉપરાંત કેટલીક શિકારકથાઓ પણ તેમનું નોંધપાત્ર પ્રદાન બની રહે છે. આમ, પાત્રપ્રધાન અનેક કથાઓ નિમિત્તે રસ અને વિષયનું વૈવિધ્ય તેમની પાસેથી મળ્યું છે. એમ કહી શકાય કે પાત્ર પ્રધાન લાંબી કથાઓ પર તેમની ફાવટ સારી જણાય છે.

તે ઉપરાંત તેમનું નોંધપાત્ર પ્રદાન 'બાળસાહિત્ય સર્વસંગ્રહ' પુરવણીનું છે. ગિજુભાઈ બધેકાએ ઈ.૧૯૩૨ સુધીની બાળસાહિત્યની એક માહિતીસભર સૂચિ બનાવી હતી. શ્રી જીવરામ જોશીએ એ સૂચિનું કામ આગળ ધપાવ્યું અને ઈ.સ. ૧૯૩૬ સુધીની સૂચિ તૈયાર કરી ઈ.સ. ૧૯૩૬ માં ગિજુભાઈની સૂચિની પુરવણીરૂપે તે કામ પ્રકાશિત કર્યું.

આ રીતે જીવરામ જોશી દ્વારા આપણને ઘણું બધું સાહિત્ય મળે છે. તેનાં પાત્રો આજે પણ બાળમાનસમાં વસેલાં છે. જીવરામ જોશીએ તેમની વાર્તા દ્વારા બાળકોમાં

કુતૂહલતા, ચતુરાઈ, આનંદ, સાહસ, વગેરે ગુણોનો વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે. તેઓ પોતે ભારતમાં ખૂબ જ ફરેલાં છે તેથી તેના સ્વાનુભવનો લાભ તે બાળકોને આપે છે. અને તેની વાર્તાઓને સચોટ બનાવે છે, તેમજ બાળવાર્તાઓનાં દૃશ્યો હુબહુ કંડારવામાં આવ્યાં હોય તેમ લાગે છે.

વિશ્વનું સૌથી લોકપ્રિય ગણાતું કાર્ટુન પાત્ર મિકી માઉસ ૭૫ વર્ષનું થયું. આ પાત્રના સર્જક વોલ્ટ ડિઝની (મૂળનામ વોલ્ટર એલિયાસ ડિઝની) ને ખૂબ જ ખ્યાતિ મળી. તેણે મિકી માઉસ ઉપરાંત મિની માઉસ, ડોનાલ્ડ ડક, ડેઈઝી ડક, ગુફી, પ્લુટો, ચીપ, અનેડેલ વગેરે પાત્રો આપ્યાં છે. પણ તેનાં કરતાં વધારે પાત્રો અને વધારે પ્રસિદ્ધ પાત્રો ગુજરાતી બાળસાહિત્યમાં જીવરામ જોશીએ આપ્યાં છે. પણ બન્ને વચ્ચે ફર્ક એટલો કે વોલ્ટ ડિઝનીને અપૂર્વ ખ્યાતિ અને અઢળક સંપતિ મળી જયારે જીવરામ જોશીને સર્જનના પ્રમાણમાં પૂરતી કદરદાની કે પૂરું આર્થિક વળતર મળ્યું નથી. છતાં જીવરામ જોશીએ અડીખમ યોદ્ધાની માફક વિપુલ સંખ્યામાં ગુજરાતી બાળ સાહિત્ય સર્જયું છે.

બાળસાહિત્યનાં સર્જનને તેમણે પોતાનું ધર્મકાર્ય માન્યું હોઈ તેમણે જે રીતે બાળકોને આનંદ મળે તેવું જ સાહિત્ય આપવામાં પોતાનું કર્તવ્ય લેખ્યું છે. આથી જ કદાચ હાસ્યરસ, સાહસરસ, અને ચાતુરીભરી વાર્તાઓ તેમણે થોકેથોક આપી છે.

બાળવાર્તાના લેખક તરીકે શ્રી જીવરામ જોશી અને બાળવાર્તાઓનાં પાત્રો તરીકે તેમનાં જે પાત્રોને જે લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ મળી છે, તે ભાગ્યે જ બીજા બાળવાર્તાસર્જકોને મળી છે. અને તેથી જ તો પાત્રની દૃષ્ટિએ અને બાળવાર્તાની દૃષ્ટિએ આપણા ગુજરાતી બાળવાર્તા સર્જકોમાં શ્રી જીવરામ જોશીને અગ્રિમ સ્થાન આપવું જ રહ્યું.

# કેટલાંક નિરીક્ષણો અને તારણો

(૧) જીવરામ જોશીની બાળવાર્તાઓમાં ઈશ્વરના નામે થતા ચમત્કાર, ઢોંગ, પાખંડ, ધતિંગ વગેરે ખોટું છે અને લોકોને મૂર્ખ બનાવવા માટે હોય છે. તે તેની બાળવાર્તાઓમાં સ્પષ્ટદેખાય છે.

(૨) જીવરામ જોશી પોતાની એક બાળવાર્તામાં કબીરનો દોહો પણ મૂકે છે કે :
''પાની પર ચલ શકે, ઉડ શકે આસમાન
ફીર ભી મત માનો ભગવાન
આ રીતે તે ચમત્કારના વિરોધી હતા.

(૩) તે વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે ને તેની 'અડુકિયો દડુકિયો ચાંદનગરમાં' નામની બાળવાર્તામાં એક ડોશીમાં સંવાદ બોલે છે કે : 'બે વસ્તુઓ મેળવવાથી નવું જ કંઈક બને છે. એક એવો વીજળીનો ગોળો બનાવવાનો કે એનું અજવાળું સૂરજના જેવું હોય. આ રીતે તેની બાળાવર્તામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પ્રગટ થાય છે ને બાળકોને પણ તે તરફ પ્રેરે છે.

(૪) પોતે તેમની બાળવાર્તાઓમાં વર્ણનમાં જે તે પ્રદેશ, શહેર, વિસ્તારનું આબેહૂબ વર્ણન કરે છે. કયાં પ્રદેશની શી વિશેષતા છે. કયા શહેરનું શું વખણાય છે. તેનો ઉલ્લેખ પોતાની બાળવાર્તાઓમાં કહે છે. દા.ત. રાજાશાહી વખતમાં હિંગોળગઢ ગામે રાજાની ઘોડાર હતી. સિદ્ધપુર પ્રાચીન નગરી છે લોકો ત્યાં માતૃતર્પણ કરાવવા જાય છે વિગેરે.

(૫) જીવરામ જોશી પોતાની બાળવાર્તાઓમાં કટાક્ષ પણ જોરદાર કરે છે. 'તુણિયો સરદાર' નામની બાળવાર્તામાં તેઓ લખે છે કે : 'જુઠાઓના ટોળામાં સાચો માણસ ટિપાઈ જાય. ગપોડિયનોના ટોળામાં ભલો માણસ મૂરખો બની જાય. લૂંટે એનો માલ અને ખાય એના રોટલા, અહીં સાચાખોટાનો કોઈ ભાવ જ નથી.

(૬) તેઓ પોતાની બાળવાર્તાઓમાં તહેવારોનું મહત્ત્વ અને તેની તૈયારીનું માર્ગદર્શન આપે છે. નૂતનવર્ષ અંગે 'અડુકિયો દડુકિયો' બાળવાર્તામાં તેઓ લખે છે કે : 'નવા

વરસના આશિષ લેવા સૌ પહેલાં માબાપને પગે લાગવું જોઈએ. તે પછી આડોશી પાડોશી, ભાઈબંધો વગેરેને હેતથી નવા વરસના અભિનંદન આપવા જોઈએ. આ રીતે પોતાની વાર્તા દ્વારા શિષ્ટાચાર પણ બાળકોને શિખવે છે.

(૭) 'છકો અને મકો' જીવરામ જોશીના અદ્‌ભુત પાત્રો છે. તેનું નાટ્ય રૂપાંતર પણ થયું છે. આજથી ૨૧ વર્ષ પહેલા આઈ.એન.ટી.એ. મુંબઈમાં આ નાટક ભજવેલું. ત્યારે તેની રજતજયંતી સુધીના બધા શો આગવા વેચાણમાં એડવાન્સ બુકિંગ હાઉસફૂલ ભજવાયા હતા. એક પણ શોની છૂટક ટિકિટ વેચાઈ નહોતી. તે એક વિક્રમ છે.

(૮) જીવરામ જોશીએ 'ઝગમગ' નામનું બાળસાપ્તાહિક સૌ પ્રથમ શરૂ કરેલું. જે એશિયાનું સૌ પ્રથમ બાળસાપ્તાહિક હતું. તેનો યશ જીવરામ જોશીને મળે છે.

(૯) જીવરામ જોશીના મતે વિશ્વમાં વાસ્તવિકતા ઝડપથી બદલાય છે. આથી આ પૂર્વેની સાહિત્ય સામગ્રી ઉત્તમ હોવા છતાં આજનાં બાળક માટે એ પર્યાપ્ત ગણી શકાય નહીં. તેમના મતે જે સર્જક પોતાની કલ્પના વડે બાળકના અનુભવને પૂર્ણ બનાવે છે અને બાળક સુધી એ લઈ જઈ શકે છે, તે સર્જક ખરેખરું બાળસાહિત્ય સર્જે છે.

(૧૦) બાળસાહિત્યનું મહત્ત્વ કેટલું બધું છે એ વાત સોક્રેટીસ તેના પુસ્તકમાં નોંધે છે કે : "અરે એપેન્સના નગરબંધુઓ, પૈસા એકઠા કરવા ખાતર તમે આટલું બધું કષ્ટ શા માટે વેઠો છો ? જેમના માટે આખરે બધું જ ધન છોડીને એક દિવસ ચાલ્યા જવાનું છે તે બાળકોની તમે દરકાર કેમ નથી કરતા ?

(૧૧) શ્રી ગિજુભાઈ બધેકા પણ તેમના પુસ્તક 'વાર્તાનું શાસ્ત્ર' માં લખે છે કે : 'એક વાત તો લગભગ નકકી થઈ ગયા જેવી છે તે એ છે કે વાર્તાનું મુખ્ય પ્રયોજન આનંદ છે, શુદ્ધ, સ્વાભાવિક, તંદુરસ્ત અને પ્રેરક આનંદ છે. બાળકો વાર્તાના આનંદને સહજ શકિતથી પકડી શકે છે.

(૧૨) જીવરામ જોશીએ ગુજરાતી બાળસાહિત્યમાં મૌલિક કહી શકાય તેવી સર્વપ્રથમ ચિત્રવાર્તા આપી હતી. જે ખૂબ જ લોકપ્રિય થઈ હતી. ત્યારબાદ ગુજરાતી બાળસામયિકોમાં ચિત્રવાર્તાનું એક વિશિષ્ટ સ્થાન થઈ ગયું છે.

(૧૩) જીવરામ જોશીનું મોટા ભાગનું સાહિત્ય મૌલિક છે. તેમણે રૂપાંતરો કે અનુવાદો કર્યા હોય તેવું જણાતું નથી. અથવા તેમની ભાષામાં કહીએ તો તેમને એ 'ફાવતું પણ નથી' તેમણે વિશિષ્ટ પ્રકારનાં પાત્રો પર નિર્ભર એવી અનેક મૌલિક બાળવાર્તાઓ આપી છે.

(૧૪) માત્ર બાળસાહિત્યમાં જ આટલું બધું સર્જન શા માટે ? આ પ્રશ્ન મેં જયારે (રૂબરૂ મુલાકાત અમદાવાદ) પૂછયો ત્યારે તેઓએ જણાવેલ કે : 'મને બાળકો અત્યંત પ્રિય છે. મને તેમના નિર્દોષ ચહેરામાં ઈશ્વરનાં દર્શન થાય છે. એટલે જ મેં બાળસાહિત્યના ક્ષેત્રમાં ખેડાણ કરવાનું નકકી કરી લીધું.

(૧૫) જીવરામ જોશી બાળસાહિત્યકાર તરીકે તો પ્રસિદ્ધ છે જ પણ તે એક નીડર ક્રાંતિકારી પણ હતા. દેશને આઝાદ કરવાની ઝંખના હતી. આધ્યાત્મિક રીતે પણ ખૂબ જ સારા સાધક હતા. તે બાબતે લોકોને ભાગ્યે જ ખ્યાલ છે.

(૧૬) જીવરામ જોશીએ બાળકો માટેના ૫૦૦ થી વધારે પુસ્તકો લખ્યાં છે. મિયાં ફુસકી, તભાભટ, છકો મકો, છેલ છબો, રંગલો, માનસેન સાહસી, ગપ્પીદાસ, બિંબિસાર જેવા તેમના પાત્રો અમર બની ગયા છે. લાખ્ખો બાળકોની જિંદગીમાં જાણે ભાઈબંધની જેમ એ પાત્રો જીવ્યાં છે.

(૧૭) અન્ય લેખકનાં પાત્રોના સંદર્ભે વાત કરીએ તો બકોર પટેલ નામનું પાત્ર પહેલા આવ્યું. મિયાં ફુસકીનું પાત્ર ત્યારબાદ આ બન્ને બાળખ્યાત પાત્રો છે, પણ બે વચ્ચે કેટલોક ભેદ છે. બકોર પટેલમાં દેહ માનવનો છે, મુખાકૃતિ પ્રાણીની છે. ને નામકરણ મુખાકૃતિ સાથે સંબંધ ધરાવે છે. અહીં મિયાં ફુસકી અને તેમના પૂરક જેવા સહનાયક રૂપે આવતા તભા ભટ માનવ જ છે. બકોર પટેલની કથાસૃષ્ટિમાં પ્રાણી સ્વભાવને પણ સાંકળી લેવામાં આવ્યો છે. જયારે અહીં જીવરામ જોશીએ સંપૂર્ણ પણે માનવસ્વભાવનું ઝીણું ઝીણું આલેખન કર્યું છે.

(૧૮) ગુજરાતી બાળસાહિત્યમાં જીવરામ જોશીનું કાર્ય સાતત્ય, વિપુલતા અને મૌલિકતાની દૃષ્ટિએ સૌનું ધ્યાન ખેંચે તેવું છે. તેમણે સૌથી વિશેષ પ્રદાન હાસ્યરસમાં કર્યું છે. આ ઉપરાંત સાહસરસની, ચાતુરીની અને કેટલીક સુંદર બોધ આપતી કથાઓ તેમણે આપી છે. તેમણે અનેક પાત્રપ્રધાન હાસ્ય અને સાહસકથાઓ આપી ગુજરાતી બાળસાહિત્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પાંચો દાયકો જીવરામ જોશીનું પાત્ર 'મિયાં ફુસકી' નો હતો એમ કહીએ તો ખોટું નથી.

(૧૯) નાનાં નાંના વાકયોમાં, વાતચીતિયા શૈલીમાં જ કથાનક રજૂ કરવું એ જીવરામ જોશીની ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા છે. તેમની બાળવાર્તાઓમાં સંવાદાત્મકતા રજૂઆતમાં જ માનવસ્વભાવની કેટલીક વિચિત્રતા ને સંકુલતા વિશદતાથી રજૂ થાય છે.

(૨૦) જેમ 'ગાંડીવ' સાપ્તાહિક નિમિત્તે શ્રી હરિપ્રસાદ વ્યાસ પાસેથી 'બકોર પટેલ' નામનું પાત્ર મળ્યું તેમ 'ઝગમગ' સાપ્તાહિક નિમિત્તે શ્રી જીવરામ જોશી પાસેથી 'મિયાં ફુસકી' નામનું પાત્ર મળે છે. બાળમાનસમાં રમતું કરેલું આ કાલ્પનિક પાત્ર તેમનું આગવું સર્જન છે. મિયાં ફુસકી એક લાક્ષણિક હાસ્યપ્રધાન પાત્ર છે.

(૨૧) અલગ અલગ વૈવિધ્ય ધરાવતા ઘણાં બધાં પાત્રો તેમણે આપ્યાં છે. તે બધાં પાત્રોને લેખકે વાસ્તવિક જીવનમાં કયાંક ને કયાંક જોયા છે. અને તે ઉપરથી પ્રેરણા લઈને તેમને બાળવાર્તાઓમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છ.

(૨૨) બાળકો માટે પણ અલગ સાપ્તાહિકી હોઈ શકે એ જીવરામ જોશીએ સાબિતી કરી દીધું. આજે કદાચ કલ્પના ન થઈ શકે પરંતુ એ હકીકત છે કે એક જમાનામાં 'ગુજરાત સમાચાર' દૈનિક કરતા પણ 'ઝગમગ' (બાળસાપ્તાહિક) નો ફેલાવો ત્રણ ગણા કરતા પણ વધારે હતો.

(૨૩) જીવરામ જોશી લખે છે કે શબ્દ, વાકય, ફકરો, વિષય અને શૈલી આ પાંચેય બાળભોગ્ય હોવા જોઈએ.

(૨૪) ત્રીજા ધોરણથી સાતમા ધોરણ સુધીનાં બાળકોનું માનસ તેમનું લક્ષ્ય છે.

(૨૫) જીવરામ જોશીએ આટલા વિપુલ પ્રમાણમાં બાળવાર્તાઓનું સર્જન કર્યું છે, પણ એક પણ બાળવાર્તા તેમણે અગાઉથી લખી નથી. જેમ જેમ બાળસાપ્તાહિકોને જરૂર હોય તેમ તેમ તેમણે બાળવાર્તાઓ લખી છે.

## પાદટીપ


૧. ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૧મું સંમેલન, હેવાલ 'ગુજરાતી બાલસાહિત્ય વિવેચન વિચાર' વલ્લભદાસ અકકડ, પૃ.૨૨૮

૨. ગુજરાતી સાહિત્યપરિષદ, ૨૧મું સંમેલન, હેવાલ, પૃ.૨૨૫

૩. 'વાર્તાનું શાસ્ત્ર' લે. ગિજુભાઈ બધેકા

૪. ગુજરાતી બાળકથાસાહિત્ય, ભાગ–૨, લે. શ્રદ્ધા ત્રિવેદી, પાના–૨૬૬

૫. ગુજરાતી બાળકથાસાહિત્ય, ભાગ–૧, લે. શ્રદ્ધા ત્રિવેદી, પાના ૨૬૭, ૨૬૮

૬. ગુજરાત સાહિત્ય સભા, કાર્યવાહી, સને ૧૯૫૮, પાના ૧૧૪.


☆☆☆

# સંદર્ભ ગ્રંથ સૂચિ

# સંદર્ભ ગ્રંથ સૂચિ

(૧) ગુજરાતી બાલકથાસાહિત્ય : ખંડ ૧, ૨ લેખિકા ડૉ. શ્રદ્ધા ત્રિવેદી,
પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૧૯૯૩, પ્રકાશક : ડૉ. શ્રદ્ધા અશ્વિન ત્રિવેદી
૧૦૩૮, વાઘેશ્વરીની પોળ, રાયપુર, અમદાવાદ—૩૮૦ ૦૦૧.

(૨) બાળસાહિત્ય : સ્વરૂપ અને સર્જન લે. રતિલાલ સાં.નાયક
પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૦૪ પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ—૩૮૦ ૦૦૧.

(૩) વાર્તાનું શાસ્ત્ર, લે. ગિજુભાઈ બધેકા પુનઃમુદ્રણ:૨૦૦૧
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, પાંજરાપોળ પાસે પોલિટેકનિક,
અમદાવાદ—૩૮૦ ૦૧૫.

(૪) બાળસાહિત્ય સંગોષ્ઠિ, સંપાદક : કુમારપાળ દેસાઈ
પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૮૫ પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ—૩૮૦૦૯.

(૫) બાલ કથા લેખિકા ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર—૧૯૯૧
પ્રકાશક : ડૉ. શ્રદ્ધા અશ્વિન ત્રિવેદી, ૧૦૩૮, વાઘેશ્વરીની પોળ, રાયપુર,
અમદાવાદ—૩૮૦૦૦૧.

(૬) બાળસાહિત્ય : વિચાર અને વિમર્શ લે.ઈશ્વર પરમાર
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪, પ્રકાશક : ઈશ્વર પરમાર 'મોરપીચ્છ' સિદ્ધનાથ સામે,
દ્વારકા—૩૬૧૩૫૫.

(૭) મિયાં ફુસકી (૧૯ પુસ્તક) લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ સપ્ટેમ્બર—૨૦૦૧
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ
સ્ટ્રીટ, મુંબઈ—૪૦૦૦૦૨

(૮) છેલ–છબો (૫ પુસ્તક) લે. જીવરામ જોશી,
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય મંદિર,
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨

(૯) છકો–મકો (૫ પુસ્તક) લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણઃ૨૦૦૧
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૦) અડુકિયો દડુકિયો (૫ પુસ્તક) લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણઃ૨૦૦૨
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૧) લોકકથા વાર્તાવલિ (૭ પુસ્તક) લે. જીરવામ જોશી, પુનઃમુદ્રણ સપ્ટેમ્બર, ૧૯૯૧
પ્રકાશક : ધનજીભાઈ પી. શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૨) વાહ રંગલા શ્રેણી (૫ પુસ્તક) લે. જીવરામ જોશી,
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૩) નવનંદ (ભાગ ૧,૨) લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ : સપ્ટે.૧૯૯૩
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૪) બિંબિસાર (ભાગ ૧,૨) લે. જીવરામ જોશી પ્રથમ આવૃત્તિઃ૧૯૯૨
પ્રકાશક : ધનજીભાઈ પી. શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૫) ગુલુ સરદાર (ભાગ ૧,૨) લે. જીરવામ જોશી, પ્રથમ આવૃત્તિઃમે, ૧૯૯૨
પ્રકાશક : ધનજીભાઈ પી. શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૬) જીવતું રતન (ભાગ ૧,૨) લે. જીવરામ જોશી પ્રથમ આવૃત્તિઃ૧૯૯૧
પ્રકાશક : ધનજીભાઈ પી. શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૭) જીવનચરિત્ર વાર્તાવલિ (૫ પુસ્તકો) લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણ, ઓકટો.૯૯ પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૮) ચરિત્ર વાર્તાવલિ (૫ પુસ્તક) લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિઃ૧૯૯૧
પ્રકાશક : ધનજીભાઈ પી. શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૧૯) રા'નવઘણ લે. જીવરામ જોશી પ્રથમ પુનઃમુદ્રણઃ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૦) લાલરતન લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ, નવેમ્બર–૧૯૯૪
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૧) માટલી ભટ, લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણ–૧૯૯૨
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૨) ટીડો સાંઢ, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણઃ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૩) રાજ કરે તે રાણી, લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણઃ૧૯૯૨
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૪) બુદ્ધિની પોથી લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણઃ૧૯૯૨
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૫) આકાશી ફૂલ લે. જીવરામ જોશી, પુનઃમુદ્રણઃ૧૯૯૨
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૬) કાલા ચકકર લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિઃ૧૯૯૩
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૭) કરારલ કોતર લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિઃ૧૯૯૩
પ્રકાશ : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેટ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨

(૨૮) અમ્બુ, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણ ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૨૯) મધરાતની લુંટ, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણઃ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૦) માથાનું દાન, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણઃ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૧) અબુ, લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિઃ૧૯૯૩
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૨) અમીર ગુલામ, લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ:નવેમ્બર ૧૯૯૪
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૩) મોરલીનો મણિ, લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ:૧૯૯૭
પ્રકાશક : લેખા એચ. શાહ, રિલાયેબલ પબ્લિકેશન, ૬૦૧, સુમેરુ એપાર્ટમેન્ટ,
ભાગ્યોદય કો.ઓ. બેન્કની સામે, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.

(૩૪) અલીબાબા ગુમ, લે. જીવરામ જોશી, પ્રથમ આવૃત્તિ:નવેમ્બર ૧૯૯૪
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૫) બગદાદનો ઘોઘો ઘાંચી, લે. જીવરામ જોશી પ્રથમ આવૃત્તિ નવેમબર–૧૯૯૪
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૬) ભેદી બોલ, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણઃ ઓકટોબર, ૧૯૯૯
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૭) પાવન રેણુ, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણ ૧૯૯૬
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

(૩૮) વીર હનુમાન, લે. જીવરામ જોશી, પ્રથમ પુનઃમુદ્રણઃ૨૦૦૫
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય ભંડાર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૨

## સામયિકોની સંદર્ભસૂચિ

(૩૯) ગુજરાતનું બાળસાહિત્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ ૯મું, ૧૦મું અધિવેશન નડિયાદ.

(૪૦) ગુજરાતી બાળસાહિત્ય : વિવેચન–વિચાર, ગુજરાત દીપોત્સવી અંક સંવત–૨૦૧૮

(૪૧) બાળસાહિત્યઃ અવલોકન સમાલોચક, માર્ચ ૧૯૧૪

(૪૨) બાળસાહિત્યની જરૂર, સાહિત્ય ડિસેમ્બર ૧૯૨૬

(૪૩) ગુજરાતી બાળસાહિત્યમાં ડોકિયું. ગ્રથ ૧૯, નવેમ્બર ૧૯૮૨

(૪૪) છેલ્લાં બે વર્ષનું સરવૈયું, પરબ–૪૦, ફેબ્રુઆરી, માર્ચ ૧૯૯૯

(૪૫) બાળસાહિત્યમાં હાસ્ય, પરબ–૨૬, ૧૯૮૫

(૪૬) અર્વાચીન અમેરિકન બાળસાહિત્ય, બુદ્ધિપ્રકાશ ૧૨૬, ડિસેમ્બર–૧૯૭૯

(૪૭) બાળસાહિત્યની ભાષા પરબ–૨૬, ૧૯૮૫.

(૪૮) ગુજરાતી બાળસાહિત્યની અપેક્ષાઓ અને શકયતાઓ. પરબ–૨૬, ૧૯૮૫.

(૪૯) બાળકો અને વાચન સામગ્રી પ્રત્યાયન ગ્રંથ–૫, નવે.જાન્યુઆરી ૧૯૭૯–૮૦.

(૫૦) આપણાં બાળસાહિત્યનાંવહેણો, નવચેતન, વર્ષ ૨૧, મે–૧૯૪૨.

(૫૧) બાળસાહિત્યની પશ્ચાદ્ ભૂમિકા, ગ્રંથ–૫, ઓકટોબર–૧૯૬૮

## અખબાર સૂચિ

(૧) ગુજરાત સમાચાર, રવિ પૂર્તિ, તા. ૧૩–૭–૨૦૦૩

(૨) સમભાવ, બુધવાર, તા. ૨–૫–૨૦૦૧

(૩) સમકાલીન, રવિવાર, તા. ૬–૪–૧૯૯૭

(૪) વિવિધા, તા. ૧૯–૧૨–૨૦૦૩

☆☆☆

# પરિશિષ્ટ

# જીવરામ જોષી સાથેની રૂબરૂ મુલાકાત

◆ *જન્મ :*

અમરેલી જીલ્લાનું ચારણો જેના માલિક હતા તે ગરણી નામનું નાનકડું ગામ. તે વખતે તાબે જેતપુર કહેવાતું.

◆ *બાળપણ :*

દોઢસો બસો માણસની વસ્તી ધરાવતા ગામમાં નિશાળ ન હતી એટલે પાનસડા ગામની તાલુકા શાળામાં ભણવા જતા હતા. બાળપણમાં પિતાજીનું અવસાન થતાં બે ધોરણ સુધી અભ્યાસ કરીને ગરણી ગામ છોડી પોતાના મોટાભાઈ દીનુભાઈ પાસે અમદાવાદ આવ્યા. અમદાવાદમાં ચાર ધોરણ સુધી નવી ગુજરાતી શાળામાં ભણ્યા ત્યારબાદ પાંચમાથી અંગ્રેજી માધ્યમની પ્રોપ્રાઈટરી સ્કૂલમાં ભણ્યા. લગભગ છઠ્ઠું ધોરણ પુરું કરી સંસ્કૃત ભણવા પગે ચાલીને ઘરમાં કોઈને કહ્યા વગર કાશી (બનારસ) પહોંચી ગયા.

◆ *કિશોરાવસ્થા :*

કિશોરાવસ્થા કાશી (બનારસ)માં વિતી. કાશી પહોંચી ત્યાંના ગુજરાતી સમાજ સંચાલિત સ્કૂલમાં એડમિશન મેળવ્યું. ત્યારબાદ કાશી વિદ્યાપીઠમાં વધુ અભ્યાસ કર્યો. તે વખતે ગાંધીજીએ નમક સત્યાગ્રહ શરૂ કર્યો હતો તેમાં જોડાયા. નમક સત્યાગ્રહની પહેલી ટુકડીમાં તેમનું નામ હતું. ત્યારબાદ અનેક સત્યાગ્રહોમાં જોડાયા. ત્યારબાદ રિવોલ્યુશનરી (ક્રાંતિકારી) બની ગયા. એમના એક સાથી સત્યાનંદને ફાંસીની સજા થઈ હતી. એમના ઉપર પણ વોરંટ નીકળ્યું હતું. તે સમયે તેઓ આર્યસમાજ સાથે પણ સંકળાયા હતા. કાશી વિદ્યાપીઠના પ્રાધ્યાપક બાબુ શ્રી પ્રકાશના કહેવાથી અને અંગ્રેજ પોલિસનું દબાણ વધતાં કાશી છોડી ગુજરાત પાછા આવ્યા.

◆ *માતા–પિતાનું નામ :*

પિતાનું નામ : ભવાનીશંકર દયારામ જોષી

માતાનું નામ : સંતોકબેન ભવાનીશંકર જોષી

- *દાદા–દાદીનું નામ :*

દાદાનું નામ : દયારામ કડવા જોષી

- *બાળઉછેરનું વાતાવરણ :*

ગામમાં ગારગોરમાટીવાળું પોતાનું મકાન હતું. એમના પિતા જુનાગઢ જઈ સંસ્કૃત ભણ્યા હતા. રામાયણ અને ભાગવતની કથા કહેતા જયોતિષ પણ જોતા. વૈદક ભણ્યા હતા. વૈદ્ય પણ હતા. પિતાનું અવસાન થતાં ઘરની આર્થિક સ્થિતિ સારી ન રહી. પિતાના મોટાભાઈ ઈશ્વરભા સાથે રોજ સવારે ભિક્ષાન્દેહી કરવા જતાં. છતાં ભણવાનું છોડયું ન હતું. ત્યારબાદ માની રજા લઈ અમદાવાદ મોટાભાઈ પાસે રહેવા આવ્યા. અમદાવાદ આવવા જસદણ સુધી ચાલતા ગયા ત્યાંથી ટ્રેનમાં બોટાદ આવ્યા અને પછી બીજી ટ્રેનમાં અમદાવાદ આવ્યા. અમદાવાદ થોડો સમય મોટાભાઈ પાસે રહ્યા. પછી જાણીતા લેખક રામનારાયણ પાઠકના ઘરે રહ્યા. તેમની રસોઈ બનાવતા અને પરચુરણ કામ કરતાં. બાળપણમાં સ્કૂલમાં પહેલે નંબરે પાસ થતા. નવી ગુજરાતી શાળામાંથી તેમણે હસ્તલિખિત સામયિક પણ બહાર પાડેલું.

- *પ્રાથમિક અભ્યાસ :*

બે ધોરણ સુધી પાનસડા ગામની તાલુકા શાળામાં અભ્યાસ કર્યો. ત્રીજુ અને ચોથું ધોરણ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત નવી ગુજરાતી શાળામાં અભ્યાસ કર્યો. પાંચમું અંગ્રેજી અને છઠ્ઠું પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલમાં ભણ્યા. ત્યારબાદ કાશી વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો.

- *વ્યવસાયિક કારકિર્દી :*

શ્રી મોતીભાઈ અમીન ના કહેવાથી બાળસાહિત્ય સર્વ સંગ્રહ કોષ તૈયાર કર્યો. કાશીથી ગુજરાત આવ્યા બાદ શરૂઆતના થોડા વર્ષ શિક્ષણ ક્ષેત્રે સંકળાયા હતા. ત્યારપછી ગુજરાત સમાચારમાં બાલતરંગ નામનુ બાળકોનું એક પાનુ શરૂ કર્યું. એની સફળતાથી પ્રેરાઈને એશીયાનું સર્વપ્રથમ બાળસાપ્તાહિક 'ઝગઝગ' શરુ કર્યું. શ્રી જીવરામ જોષીના તંત્રી પદે શરૂ થયેલ 'ઝગમગ'નું વેચાણ એ જમાનામાં ગુજરાત સમાચારના વેચાણ કરતા ડબલ કરતાં પણ વધારે હતું. 'ઝગમગ' તરફથી એમના લખાયેલા પુસ્તકો

પ્રગટ થતા. તેનું વેચાણ પણ ૨૫ હજાર નકલ કરતાં પણ વધું હતું. જે વિક્રમ સર્જક વાત હતી. ત્યારબાદ રસરંજન, રસવિનોદ છુક છુક વગેરે સામયિકોનું પણ તેમણે પ્રકાશન કર્યું. આ વર્ષો દરમિયાન તેમણે લખેલા મિયાંફુસકી તભાભટ, અડુકિયો–દડુકિયો, છકો–મકો, છેલછબો, રાણી ચતુરા–વીર વિક્રમ વગેરેનાં અનેક પુસ્તકો બહાર પાડયાં.

◆ *લગ્ન અને લગ્નજીવન :*

લગ્ન ભાડલા (જસદણ) ના વતની કાંતાબેન સાથે થયું. લગ્નજીવન સુખમય પસાર કરું છું.

◆ *સંતાનો :*

૧ દીકરો (ભાર્ગવ જોશી, બહેન સોમપ્રભા જોશી)

◆ *નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ :*

છેલ્લા ૨૦ વિસેક વર્ષથી નિવૃત્ત જીવન ગાળે છે. છેલ્લા પંદરેક વર્ષથી લખવાનું બંધ છે.

◆ *જીવનની યાદગાર સુખદ ઘટના અને દુઃખદ ઘટના :*

હિમાલયથી તિબેટ જવા નીકળ્યા, અલ્મોડા, સાધુઓના જુથ વગેરે સાથે મેળ બેસતો નથી. ભગવા કપડા પહેરવાના અને હિમાલય દર્શન કર્યું તે.

◆ *તમારાં સંતાનોમાં સાહિત્યિક પ્રીતિ :*

ભાર્ગશ જોશી "સૌરાષ્ટ્ર સમાચાર" ભાવનગરમાં કોલમ લખે છે. ગૃહશોભા, ફિલ્મ મેગેઝીન નું એડીટી કર્યું. સ્ક્રીપ્ટ રાઈટર પહેલી ૧૯૮૨ થી લખ્યું છે.

◆ *જીવન પરત્વેનો આપનો દષ્ટિકોણ :*

સાદુ જીવન અને સારી કક્ષાનું એક ધ્યેય હતું. સાધુઓમાં અનેક પ્રકારો / પ્રવાહો હતા તેથી તેની સાથે મેળ ન બેસ્યો.

◆ *સાહિત્ય ક્ષેત્ર તરફ કઈ રીતે અભિરૂચિ થઈ ?*

'લાહોરપત્ર', 'અમૃતસર પત્ર', વગેરેમાં રસ લીધો. સંસ્કૃત અભ્યાસ, કાશીમાં વિદ્યાર્થી તરીકે અને ત્યાગી તરીકે રહેવું પડયું અને કાશીમાંથી રાષ્ટ્રીયતાના ગુણોનો વિકાસ થયો. સંસ્કૃતમાં રસ પણ કાશીની બહાર, પંજાબ, પગડી પ્રદેશમાં સંસ્કૃત

અભ્યાસથી વંચિત રહ્યો ત્યાંના પ્રદેશોમાં પહાડી તથા હિન્દી ભાષાઓનો વ્યવહાર હતો. ક્રાંતિકારી વિચારો આવ્યા તેથી અભ્યાસ પડતો મૂકી આંદોલનમાં જોડાયા. બિહારમાં પણ રહ્યા. કાશીમાં ક્રાંતિકારી સભ્ય તરીકે ધરપકડના પ્રયત્ન કર્યા.

એ વખતે વાર્તાસંગ્રહ ન હતા. એ વખતે મુંબઈના કોઈ વહોરાજીએ વાર્તાઓનું મેગેઝીન બહાર પાડયું હતું તેમાં લખ્યું છે કે જીવરામ જોશી એ બાળકો માટેની પ્રથમ વાર્તા લખી છે.

♦ *બાળવાર્તાઓ તરફ ક્યારથી લગાવ થયો ?*

બાળસાહિત્યમાં રસ પહેલેથી જ હતો. વિદ્યાપીઠના સંપર્કમાં હતો. ઘણાબધા માણસોનો સંપર્ક થયો. મધ્યમસ્થિતિની પ્રવૃત્તિઓમાં જોડાતો હતો.

મિંયા ફુસકી – કાશીમાં એક મંદિરની પાસે હરિચંદ્ર હાઈસ્કૂલની પાછળ રહેતો હતો. ત્યાં એક ઘોડાનો તબેલો હતો એમાં બે ત્રણ ઘોડાવાળા હતા. તેમાં એક મુસ્લિમ ભાઈ એકો ફેરવતો હતો (તેનું નમ અબુ મિંયા) હતું. તેની સાથે સંર્પક થયો હતો. તેનો આકાર મિંયા ફુસકી જેવો હતો, હસમુખો હતો. તેના લક્ષણો મિંયા ફુસકીમાં લીધા.

♦ *સર્જન માટે પ્રેરણાતત્ત્વ કયું ?*

કાશીમાં 'અજ' નામનું છાપું નીકળ્યું હતું તેના તંત્રી કાશી વિદ્યાપીઠમાં પ્રોફેસર હતા. તેને હું કઈને કઈ લખીને આપતો હતો. તે 'અજ'માં છાપતા હતા. પછી 'હિન્દી હાસ્ય વિનોદ' સરળતાથી કલ્પી શકતો હતો. અને નાના મોટા બનાવોને હાસ્યવાર્તા બનાવીને લખતો અને લોકોને તેમાંથી હાસ્ય ખૂબ જ મળતું હતું. ત્યાંથી જ સર્જન માટેની પ્રેરણા મળી.

વાર્તાઓ સાંભળતો, વાંચતો તેમાંથી પ્રેરણા લઈને પછી મૌલિક વાર્તાઓ લખવાની શરૂ કરી. કાશીમાં 'હાસ્યાવિનોદ' સાપ્તાહિક શરૂ કર્યું હતું.

♦ *અતિપ્રિય બાળવાર્તા સંગ્રહ કયો ?*

બધા જ પાત્રો ગમતા હતા.

♦ *સૌથી પ્રથમ કઈ બાળવાર્તા લખાઈ ?*

નવી ગુજરાતી શાળા રાયપુર ચકલા પાસે સુતારની વાડી છે ત્યાં ભણતો હતો.. વિદ્યાપીઠ પણ જતો. સૌથી પ્રથમ 'મિંયા ફુસકી' બાળ વાર્તાસંગ્રહ લખ્યો. લોકોમાંથી જ વિષય વસ્તુ મળતી હતી.

♦ *સાહિત્યિક શિક્ષણ માટે કોનું કોનું માર્ગદર્શન મળ્યું ?*

ગુજરાત વિદ્યાપીઠના સંપર્ક નીચે નવી ગુજરાતી શાળા ત્યાંથી હસ્તલિખિત બહાર પાડયું. ત્યાંથી જ માર્ગદર્શન મળ્યું.

♦ *સર્જન સાથો સાથ અન્ય સાહિત્ય પ્રકારમાં લખ્યું છે ?*

આધ્યાત્મિક લખાણમાં 'ભૂતનાં ભડાકા', 'અઘોરી' છે. 'મારી સફર' નામની ક્રમશઃ જીવનકથા 'કુમાર'માં પ્રસિદ્ધ થઈ છે. અને 'કુમાર' ચંદ્રક મળ્યો.

♦ *બાળવાર્તાઓ સિવાય અન્ય વધારે ગમતું સાહિત્ય કયું ?*

આધ્યાત્મિક સાહિત્ય, સંસ્કૃત શ્લોક, રામાયણ, મહાભારત વગેરે સાહિત્ય ગમે છે.

♦ આપના વાર્તાસંગ્રહો ઉપર જુદા જુદા વિવેચનો થયા છે ? જો થયા હોય તો તેની માહિતી આપશો ?

શ્રદ્ધા ત્રિવેદી નો પીએચ.ડી. નો નિબંધ છે. તે સિવાય, ભારત સરકારનો ભાષા સંશોધન વિભાગ પુના એ મિંયા – ફુસકીની અમુક વાર્તા સંશોધન માટે લીધી છે.

♦ *બાળવાર્તા સાહિત્ય સ્વરૂપને ટકાવવા સર્જક સાહિત્યિક સંસ્થાઓએ આપની દૃષ્ટિએ શું કરવું જોઈએ ?*

અત્યારનાં સાહિત્યકારોએ પોતાની વાર્તામાં વિજ્ઞાન અને ટેકનોલોજીને ઉમેરવા જોઈએ. મેં 'ચાંદાની સફર' વાર્તા લખી છે તેમાં એક બાળકને વૃદ્ધ ચંદ્ર ઉપર જાય છે.

♦ આપની વાર્તા કે વાર્તા સંગ્રહને મેળા પારિતોષિક, ઈનામો કે એવોર્ડ વિશે માહિતી આપશો ?

વર્ષો પહેલા 'નવનંદ' વાર્તાપુસ્તકને ગુજરાત સરકારે પારિતોષિક આપેલ.

◆ ***વાર્તા સંગ્રહ સિવાય અન્ય કોઈ સાહિત્ય સ્વરૂપ આપે અજમાવ્યું છે ?***

જો 'હા' તો કયું ?

જો 'ના' તો શા માટે ?

'ઝગમગ'માં બાળકાવ્યો લખ્યાં છે. ચાર કે છ લીટીવાળી ગેય તત્ત્વ વાળા ગીત શુભેચ્છા'માં આવતા.

◆ ***સાહિત્ય ક્ષેત્રે આપનું કોઈ અધૂરું સ્વપ્ન ......***

બાળકોનું એક ડેઈલી શરૂ કરવું એ એક અધૂરું સ્વપ્ન છે.

◆ ***સાહિત્યિક સર્જન પ્રવૃત્તિમાં પરિવારજનોનો ફાળો અને સહયોગ.***

પત્નીએ ખૂબજ સહકાર આપ્યો. દિવસ રાત કામ કર્યું ત્યારે તેણે કોઈ ફરિયાદ નથી કરી. પુત્રએ પણ મુંબઈ નોકરી મૂકીને અમદાવાદમાં બાળસાહિત્ય પ્રવૃત્તિ કરે છે.

◆ ***સર્જન માટે અત્યંત મહત્ત્વનું પરિબળ કયું ?***

સર્જન માટે અત્યંત મહત્ત્વનું પરિબળ 'જરૂરિયાત' ઝગમગમાં જયારે જરૂર પડી ત્યારે લખ્યું છે.

એક પણ વાર્તા અગાઉ લખીને પછી છાપી છે તેવું નથી.

◆ ***બાળવાર્તા સ્વરૂપ આપની દૃષ્ટિએ :***

બાળકોને ગમે, વાંચવાનું ગમે, એવી ભાષા હોવી જોઈએ. રજુઆત એવી હોવી જોઈએ. બાળકોને રસ પડે તેવી હોવી જોઈએ.

◆ ***તમારી વાર્તાઓનું નાટ્ય, ટી.વી. સીરીયલ કે ફિલ્માંકન થયેલ છે ?***

'મિંયા – ફુસકી' ની ફિલ્મ બની, ટીવી સીરીયલ બની એના નાટકો બન્યા પુસ્તકો છે. ઈન્ટરનેટ ઉપર (rediff.com)છે.

બધા પાત્રો પર નાટય થયા છે.

છકો – મકો ની ટી.વી. સિરીયલ બની છે.

◆ આકાશવાણી, દુરદર્શન વિવિધ ચેનલોમાં આપના પ્રસારિત થયેલા કાર્યક્રમોને વિગતો.

આકાશવાણીમાં ઈન્ટરવ્યુ પ્રસારિત થયા છે.

મિયાં ફૂસકી, છકો મકો દુરદર્શન પર પ્રસારિત થયેલ છે.

'અડુકિયો–દડુકિયો' દુર દર્શન ઉપર અત્યારે બનાવી રહ્યા છે. ભારતના તમામ દૂરદર્શનમાં બાળકો માટેની પ્રથમ ડેઈલી સિરિયલ છે.

♦ *કઈ વાર્તાઓનું ટી.વી. કે અન્ય ચેનલો દ્વારા દશ્ય કરણ થયું છે ?*

મિયા ફુસકી, અડુકિયો–દડુકીયો, રંગાળો વગેરે નાટકો ટી.વી. ઉપર આવી ગયા છે.

♦ આજના સાહિત્યિક મુખપત્રો, સામાયિકો, સાહિત્યિક સંસ્થાઓ વિશે તમારો અભિપ્રાય આપશો.

આ બધા બાળસાહિત્ય વિશે એમને પોતાને ખાસ રસ હોતો નથી. એ લોકોએ બાળકો માટેના સાહિત્ય માટે કંઈક કરવું જોઈએ.

♦ *આજના ઉગતા યુવાસર્જકો માટે આપનો સંદેશ :*

બાળકો સમજી શકે એવી ભાષામાં લખો. વિષય બાળકોને ગમે, તેમાં લાગણીશીલતા હોય તે બાળકો અનુભવી શકે તેવી હોવી જોઈએ. બાળકો વાર્તા વાંચીને વિસ્મય પામે આનંદ પામે તેવું સર્જન કરવું. જોઈએ બાળકોને હાસ્ય ખૂબ જ ગમે છે. પણ એના વિશે ખૂબ જ ઓછું લખાય છે.

❋❋❋